

# આગમની ઓળખ

સંકલક-સંપાદક

પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

ગુણ-કીર્તિ, યશમૂર્તિ દીક્ષા અર્ધશતાબ્દી વર્ષ-ગ્રંથ-૨૬

પ્રવચન પ્રભાવક ગ્રંથમાળા - ૬૩

# આગમની ઓળખ

**❋ સંકલક-સંપાદક ❋**

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાના
શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજ

ગુણ-કીર્તિ, યશમૂર્તિ દીક્ષા અર્ધશતાબ્દી વર્ષ - ગ્રંથ-૨૬
પ્રવચન પ્રભાવક ગ્રંથમાળા - ૬૩

પુસ્તકનું નામ : આગમની ઓળખ
સંકલક-સંપાદક : પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા
નકલ : ૨૦૦૦
સાહિત્ય સેવા : ૧૦૦/-

ISBN-978-93-84300-33-3

: પ્રકાશક - સંપર્કસ્થાન - પ્રાપ્તિસ્થાન :

*સન્માર્ગ પ્રકાશન*
જૈન આરાધના ભવન, પાછીયાની પોળ,
રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૯૨૭૮૯
Email : sanmargprakasshan@gmail.com

# પૂ.આ.શ્રી.વિજયગુણયશસૂરીશ્વરજી મહારાજાને

## સમર્પણમ્

'પિતાશ્રી મળો તો આવા જ મળો !' એમ પરમાત્માને કરાતી પ્રાર્થનામાં જરૂર માગી શકાય - એવા પિતાશ્રી રૂપે મારા શિરછત્ર બનનારા સુશ્રાવક **'શ્રી ગગલભાઈ સ્વરૂપચંદ વોહેરા'** માંથી **'પૂજ્ય આચાર્યશ્રી વિજયગુણયશસૂરીશ્વરજી મહારાજા'** તરીકેના મારા સર્વાધિક સન્નિકટ સ્વજન, સંસારમાંય સંયમલક્ષી અને સંયમમાંય સુવિહિત જ્ઞાન-ક્રિયામાર્ગના સંરક્ષણપક્ષી વર્ધમાન તપોનિધિ, ગુરુગચ્છવિશ્વાસધામ, અપ્રતિમ ગુરુસેવા-સુશ્રૂષા-વેયાવચ્ચકારક, ગુરુપ્રદત્ત મુમુક્ષુ અને મુનિમંડળના અદ્વિતીય સંસ્કારદાતા, તપ-ત્યાગ-તિતિક્ષા અને તાત્ત્વિકતાની ચતુર્દિક્ - પ્રતિમા, આયોજનમૂર્તિ, વાત્સલ્યમયી માતા અને અનુશાસનમય પિતા, કરુણામય કલ્યાણમિત્ર અને પ્રેરણામય પાઠક, માંગલ્યમય મુનિતા અને સાર્વત્રિક પ્રભાવમય સૂરિતાના સુંદર સંગમ, ગુરુઆજ્ઞાને નિર્વિકલ્પ 'તહત્તિ' કરવા દ્વારા ગુરુનો બોધ અંતરના આદર્શ પર અંકિત કરનારા અને અવિરત અલકનંદાની જેમ અખંડ પ્રવાહે વહેતા ગુરુપ્રસાદથી જીવનભર પ્રસન્નતાનો પમરાટ અનુભવી જીવનના સમાપનની શુભવેળાએ ચતુર્વિધ શ્રીસંઘની સાક્ષીમાં સહજ સમાધિને પામી સદ્ગતિના સ્વામી બની શિવગતિની વાટે સંચરનારા ભવતારક ગુરુદેવ

**પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા !**

આપના મેરુ જેવડાં પગલામાં મારા મણિ જેવડાં નાનકડાં પગલાં દબાવી દબાવીને ચાલતાં ચાલતાં, પરમગુરુદેવે દીધેલાં 'સંયમરત્ન'ની સંપ્રાપ્તિની ક્ષણને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે કૃપાદેહે સદૈવ મારી સાથે ને મારા માથે મારી સ્મૃતિમાં અને મારી સંવેદનામાં વસતા આપશ્રીના કરકમળમાં આ શ્રુતપુષ્પનું અર્પણ કરી કૃતાર્થ બનું છું. આપનો બાળ :

**વિજયકીર્તિયશસૂરિ**

# પ્રકાશકીય

હજારોના તારણહાર, જિનવાણીના જાદુગર, જૈનશાસન શિરતાજ, દીક્ષાયુગપ્રવર્તક, તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સંયમસ્વીકાર ક્ષણને આગામી વિ.સં.૨૦૭૩ના પોષસુદ ૧૩ મંગળવાર તા. ૧૦-૧-૨૦૧૭ના **૧૦૪ વર્ષ પૂરાં** થવા સાથે તેઓશ્રીમદ્‌ના સુવિશાળ સંખ્યક શિષ્ય-પ્રશિષ્યાદિ વર્ગમાં તેઓશ્રીના શિષ્યત્વ અને પ્રશિષ્યત્વને પામવાનું સૌભાગ્ય ધરાવતા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા અને પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના સંયમ-સ્વીકારની પુનિત-ક્ષણને વિક્રમ સંવત ૨૦૭૩ના પોષ સુદ - ૧૪ બુધવાર તા. ૧૧-૧-૨૦૧૭ના પુણ્યદિને **૫૦ વર્ષ પૂર્ણ** થઈ રહ્યાં છે.

આજના દોડધામવાળા જીવનમાં માણસ ૫૦ વર્ષ પૂરાં કરે તો ય ઉપલબ્ધિ મનાય છે, ત્યારે સંયમસ્વીકારને ૫૦ - ૫૦ - વર્ષ પૂર્ણ થવાની ઘટના ધર્માત્માઓની રોમરાજીને વિકસ્વર કરે તેવી છે. **ઉપકારી પૂ.આચાર્ય ભગવંતોની જુગલજોડીએ ૨૪-૨૪ વર્ષનો સ્વર્ણિમકાળ શાસન શિરતાજ, તપાગચ્છાધિરાજ પોતાના પરમ ગુરુદેવેશની સેવા-શુશ્રૂષા અને કૃપાસંપાદનમાં વીતાવ્યો, એ જ ફળવિપાકરૂપે ત્યારપછીના એટલા જ સમયગાળામાં ભારત અને વિશ્વના જૈનસંઘો અને પુણ્યાત્માઓ કલ્પી પણ ન શકે તેટલાં શાસન આરાધના, પ્રભાવના અને સુરક્ષાનાં અગણિત કાર્યો કર્યાં - કરાવ્યાં છે. આ કાર્યોની સૂચી પણ પાનાંઓનાં પાનાં ભરાય તેટલી લાંબી થાય.**

જૈનશાસનનો કોઈપણ વિભાગ એવો નથી કે જેમાં પૂજ્યશ્રી ઝળક્યા ન હોય. પોતાના પુણ્ય અને પ્રતિભાથી પ્રત્યેક ક્ષેત્રો લાભાન્વિત બનેલાં છે. કંઈ-કેટલાયની હૃદયભૂમિ પર બનેલા દેવાલયમાં શ્રદ્ધાની વેદિકા ઉપર પૂ.આચાર્યશ્રીજી આધ્યાત્મિક દેવતારૂપે ચિર-પ્રતિષ્ઠિત થયેલા છે.

પૂજ્યપાદ તપાગચ્છાધિરાજશ્રીજીના ૧૦૪મા સંયમસ્વીકાર વર્ષ ક્ષણે તથા ઉભય સૂરિરાજના દીક્ષા - સ્વીકારના અર્ધશતાબ્દી - સુવર્ણ વર્ષ - અવસરે દેવ-ગુરુ અને સંઘભક્તિનાં અવનવાં અનુષ્ઠાનો યોજી તેઓશ્રીના અઢળક સુકૃતોની અનુમોદના કરી નિજ જીવનને પણ અધ્યાત્મ - માર્ગમાં ઊર્ધ્વગામી પ્રેરણા આપવા માટે ઉપકૃત ગુરુભક્તો જ્યારે પ્રયાસરત બન્યા છે, ત્યારે કલિકાલમાં જૈનશાસનના પ્રવર બે આધારપૈકી એક: પિસ્તાળિસે આગમગ્રંથોનો અલ્પ પરિચય આપતા **'આગમની ઓળખ'** પુસ્તકનું સન્માર્ગ પાક્ષિકના આધારે પ્રણયન થયું છે. સૌ કોઈ એને વાચી, વિચારી, પ્રચારી એના આદર્શમાં મુક્તિમાર્ગ નિરખી, એના પર યથાશક્તિ ગમન કરી શાશ્વતસુખને પામો એ જ શુભાભિલાષા.

-સન્માર્ગ પ્રકાશન

વિ.સં. ૨૦૭૩
કાર્તક સુદ ૧૧, ઉભય પૂજ્યોનો ગણિપદ દિવસ



## વર્ધમાન તપોનિધિ, ગુરુગચ્છવિશ્વાસધામ પૂજ્યપાદ આચાર્યદેવ
## શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજા

જાજ્વલ્યમાન જિનભક્તિ અને ગૌરવવંતી ગુરુ-ગચ્છભક્તિના તાત્કાલીક ફળરૂપે સહજ મન:પ્રસન્નતા અને ગૌરવવંતી સમાધિસિદ્ધિને સાધનારા એક વિરલ-વિશિષ્ટ વ્યક્તિત્વનું નામ છે, વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રીમદ્ વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા!

ગુજરાતના વાયવ્ય ખૂણે, બનાસકાંઠાના ભૂષણ સમા શ્રી **ભોરોલતીર્થ**ના આંગણે મા-**સેજીબેન** અને પિતા - **સ્વરૂપચંદ**ના દ્વિતીય સુપુત્રરૂપે જન્મેલા **'ગગલદાસ'** ને પિતાની છત્રછાયા કેટલાક મહિનાની અને માતાની છત્રછાયા કેટલાક વર્ષોની જ મળી. જન્મ જન્માંતરનાં સુકૃતો એવાં જાગ્યાં કે ધીંગાધણી **શ્રી નેમિનાથ** દાદાની મન ભરીને ભક્તિ કરી આત્માને પુષ્ટ કર્યો.

ધંધાર્થે રાજનગર - અમદાવાદ આવ્યા અને ઉપાશ્રયે-ઉપાશ્રયે ફરીને સદ્ગુરુરૂપે સંઘસ્થવિર પૂ.આ.શ્રી. વિજય **સિદ્ધિસૂરીશ્વરજી** (બાપજી) મહારાજાને શિરસાવંદ્ય કર્યા. વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.શ્રી. વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના પ્રવચન-શ્રવણે ઊંડી સમજ, દૃઢ શ્રદ્ધા

અને વૈરાગ્યની મજબૂત ભૂમિકા પામી આધ્યાત્મિક ઉડાનનો મંગલ આરંભ કર્યો.

પરોપકારાદિ ગુણો એવા આત્મસાત્ કર્યા કે સંસારમાં ય જે સિદ્ધિ પોતાને સાંપડી તે નિકટ સ્વજનોને ય મેળવી આપી. વિવેક એટલો હતો કે સાથોસાથ ધર્મસંસ્કારોનો રંગ ચોલમજીઠ લગાડી આપતા, જેથી સાંસારિક સિદ્ધિઓ એ સ્વજનોને ભરખી ન ખાય.

મુક્ત ગગનમાં વિહરવા તલસતું પંખી કર્મયોગે સંસારવાસમાં બંધાયું પણ એનું લક્ષ્ય અને એનો પ્રયત્ન તો મુક્તિનો જ હતો. ગગલદાસ **જીવીબેન** જોડે લગ્નગ્રંથીથી બંધાયા પણ સામાન્ય જનમાં દેખાતી આછકલાઈ, અવિવેક, મર્યાદા-ભંગ આદિ અનિષ્ટો એમનાથી યોજનો દૂર રહ્યાં. સાંસારિક જીવનમાં, અર્થ-કામની બાબતે મોટા આંચકા અનુભવવા જેવા પ્રસંગો આવવા છતાં, એ સ્થિતપ્રજ્ઞ સમાન બની રહ્યા અને એ અરસામાં ય પોતાનાથી 'તીર્થયાત્રા' થઈ એનો તાત્ત્વિક આનંદ માણતા રહ્યા.

અવ્વલ કોટિનો વૈરાગ્ય પામી, એને ખીલવવા વિશિષ્ટ કક્ષાનો ત્યાગ અને ઉત્તમોત્તમ તપધર્મનું આસેવન કરી તેમણે સમસ્ત સ્વજનોને પોતાની દીક્ષા માટે સંમત કરવાના ભરચક પ્રયાસો કર્યા.

નિજ એકમેવ પુત્ર **કાંતિકુમારને** જન્મતાં જ સંસારની હેયતા, મોક્ષની પરમસુંદરતા અને એ માટે સંયમની આદેયતા તેમણે સમજાવી હતી. સ્કૂલના શિક્ષણ દરમ્યાન અને મિત્રવર્તુળના સહવાસે એનામાં એક પણ વર્તમાન દૂષણ પેસી ન જાય તે માટેની તેમની કાળજી તેમને એક 'ઉત્તમપિતા' પૂરવાર કરી ગઈ.

સ્વજનો સંમત ન થતાં, ધર્મપત્ની જીવીબેનની આજીવિકાદિની પૂરી વ્યવસ્થા ગોઠવીને તેમનો મોન-સંમતિથી ગગલભાઈ પુત્ર કાંતિકુમાર સાથે, સ્વજન પરિવારને જણાવ્યા વિના જ ઘરેથી નિકળીને મહારાષ્ટ્રના મુરબાડ ગામે સંઘસમક્ષ ગુરુદેવ પૂ.આ.શ્રી. વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના વરદહસ્તે દીક્ષિત બન્યા. પુત્રરત્ન એમના શિષ્યરત્ન થયા.

દીક્ષા બાદ સ્વજનોને સંમત કર્યા. સ્વજનોએ ઉલ્લાસભેર વડીદીક્ષામાં ભાગ લીધો. પ્રથમ વર્ષે જ ઘોર શ્રેણીતપ કર્યો. શરૂના વર્ષોમાં જ એમના પ્રખર વૈરાગ્ય, ત્યાગ, તપ અને વિશિષ્ટતર કક્ષાના અધ્યાપક ગુણને લક્ષમાં લઈ પૂજ્ય. ગુરુદેવશ્રીએ એમને સમુદાયસ્થ બાળમુનિઓ અને મુમુક્ષુઓનું ઘડતર કરવાનું મહાન કાર્ય સોંપ્યું, એમણે પણ અપ્રતિમ ભોગ આપી રફમાંથી ચળકતા હીરા પેદા કરી ગુરુદેવના કરકમળમાં પાછા ધર્યા.

પાંચ-પાંચ વર્ષીતપ, અનેક સિદ્ધિ-શ્રેણી તપ, વર્ધમાન તપની સવાસોથી વધુ ઓળીઓ, વિશસ્થાનકતપ, તપાવલીમાંના મોટા ભાગના તપો, ત્રણે ઉપધાન, નવાણું યાત્રા આદિ વિશિષ્ટ અભિગ્રહોથી એમણે આરાધ્યા હતા.

ગુરુસેવા અને ગચ્છની ભક્તિમાં એમણે જાત અને જીવન ઘસી નાંખ્યાં હતાં. દિવસે એમની પાસે જઈએ તો હાથમાં પ્રવચન-પુસ્તક જોવા મળતું અને રાત્રે જઈએ તો જપમાળાની સરગમ બજતી સંભળાય. પોતાના પંડ પ્રત્યે અતિ સખ્ત અને પારકાની પ્રકૃતિ જોઈ વાત્સલ્ય અને અનુશાસનની જુગલબંધી રચી સુમધુર વૈરાગ્ય-નાદ પેદા કરવો એમના માટે રમત વાત હતી. દેવ ને ગુરુદેવની અખંડ સેવા, સતત સુશ્રૂષા અને નિ:સ્વાર્થ વેયાવચ્ચ આદિ ગુણો એવા શિખરને સ્પર્શ્યા કે એમાંથી દેવ-ગુરુ-કૃપાનો ધોધ વરસ્યો. ગામડાના 'ગગલદાસ' જૈનશાસનના મહત્ત્વપૂર્ણ ગણિ-પંન્યાસ-ઊપાધ્યાય અને છેવટે રાજાસમા 'સૂરિપદે' આરૂઢ થઈ અગણિત આત્માઓ પર ભાવોપકાર કરનાર બન્યા.

કંઈ કેટલીયે અંજનશલાકા-પ્રતિષ્ઠાઓ, શતોપરિ દીક્ષાનાં દાન, જૈન શાસનના ગગનાંગણને ગજવતા મહોત્સવો, કોટિબંધ ધર્મદ્રવ્યની ઉછામણીઓ, પદ પદ પર લાખોનું ગુરુપૂજન થવા દ્વારા દેવદ્રવ્યની અભિવૃદ્ધિ, સેંકડો પુસ્તકોનાં પ્રકાશન, લાખો શ્લોક પ્રમાણ આગમાદિ સાહિત્યનું તાડપત્ર પર લેખન કરાવવા દ્વારા હજાર-દોઢ હજાર વર્ષ સુધીની જૈનશાસનની સુરક્ષિતતાનું આયોજન, નિજ ગીતાર્થમૂર્ધન્ય ગુરુદેવશ્રીના પ્રવચન સાહિત્ય અંત્રે એમનાય ગુરુવરશ્રીના શ્રીમુખે પ્રકાશિત થયેલી 'એના સંસ્કૃત અનુવાદ કરી ભંડારોમાં સ્થાપન કરવાં, જેથી તે ભવિષ્યના સંઘો માટે શાસ્ત્રની ગરજ સારશે' એવી અભિલાષાને

સાકાર કરવા માટે આદરેલા સફળ પ્રયાસ, પૂર્વભારતના શિરમોર સમેતશિખર તલેટી તીર્થના નિર્માણના પ્રારંભિક મંગલાચરણ-નિશ્રાદાતા, ગામે ગામે ગૃહમંદિરોનો ઘંટારવ, આવા કેટલાય માનસ્તંભો તેઓશ્રીના વિશિષ્ટ ગુણ અને પુણ્યમય યશસામ્રાજ્યના ગુણાનુવાદ કરી રહ્યા છે.

શાસન, સંઘ, સમુદાયાદિના હિતકાર્યોમાં સતત ઉપયોગવંતા સૂરિજી જ્યારે પોતાનો અંતિમકાળ નિકટ આવ્યો ત્યારે કાળના ધર્મને જાણી ગયા. અંતસમયે પણ ષટ્જીવકાયની જયણા ચિંતવી અને ચતુર્વિધ શ્રીસંઘ તેમજ નિજ શિષ્ય-પટ્ટધર સૂરિવરના શ્રીમુખે **'અરિહંતે સરણં પવજ્જામિ'** નો મહાનાદ સાંભળી, તે સૂરમાં સૂર પરોવી, પરમસહજભાવે, પરમસમાધિ સાધી પરલોકની વાટે અને પરમલોકની પ્રાપ્તિ કાજે ચાલી ગયા.

૪૨ વર્ષ જેટલા સાંસારિક જીવન અને એટલા જ વર્ષોના સંયમ પર્યાયમાં મહાનતમ જીવનાદર્શ આપી પરમોપકાર કરનારા આ મહાપુરુષના શ્રીચરણે તેઓશ્રીનાં દીક્ષા-પ્રાપ્તિ ક્ષણની અર્ધશતાબ્દીના પુણ્ય-અવસરે ભાવભરી વંદના.



## અદ્‌ભુત સમતાનિધિ, પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્

## વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજા

જૈન વિશ્વમાં જેઓશ્રી આજે 'પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રીમદ્ વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજાના' નામે સુવિખ્યાત છે, તેઓનું વિશિષ્ટ આરાધના સભર, પ્રભાવનાથી મઘમઘતું અને શાસનસુરક્ષાના સેંકડો પ્રસંગોથી જાજ્વલ્યમાન જીવન-કવન બે-ચાર પાનાંની ચોકાઠમાં બાંધવું એ સામાન્ય કામ નથી.

એ મહાપુરુષને પિતા અને ગુરુરૂપે **ગગલદાસ** અને પૂ.આ.શ્રી. વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજા મળી ગયા, જેમણે એમનામાં જમાનાસુલભ કુસંસ્કારો આવવા ન દીધા અને વૈરાગ્ય-પ્રાયોગ્ય પ્રાય: તમામ સુસંસ્કારોનું આધાન કર્યું. એના કારણે માતા - **જીવીબેનની** મમતાના રેશમી તાંતણામાં બંધાયા વિના તેઓ પિતાના પંથે પા-પા પગલી આગળ વધી મુરબાડમાં તેઓશ્રીની સાથે જ પ્રવ્રજ્યા પામી તેઓશ્રીના શિષ્ય બન્યા.

જેઓશ્રીના શ્રીચરણે તેમણે પોતાની જીવનનૌકાનું સુકાન સોંપ્યું હતું,

તે સુગૃહીત નામધેય તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી. વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજે તેમનું હીર પારખી લીધું હતું અને ભવિષ્યના શાસન-સંઘ-સમુદાયને રોશન કરનાર મહાતેજસ્વી નક્ષત્રસમા તેમના સંયમજીવનને વિશિષ્ટ આકાર આપવાનો મહાઉપકાર એ મહાપુરુષ કર્યો.

એના પરિણામે નાના પર્યાયમાં જ એમનો બોધ પારગામી બન્યો, જિનવચનની શ્રદ્ધા અને સમર્પણ સંગીન બન્યાં તો શાસન કાજે સર્વસ્વના ભોગે મરી ફીટવાની અતિ દુર્લભ એવી ખુમારીનાં ય એમનામાં વાવેતર થયાં.

પિતા-ગુરુદેવ દ્વારા કડકમાં કડક સંયમપાલન અને વિશિષ્ટ તપ-ત્યાગ સાથે તેમનું સંસ્કરણ કાર્ય થયું તો દાદા-ગુરુદેવશ્રીજીદ્વારા આગમદિ શાસ્ત્રોનો પરમાર્થ પીરસી એમની પ્રજ્ઞાને પ્રાતિભ બનાવવાનું પરાર્થકરણ કર્યુ.

'પૂ. મુનિરાજ શ્રી **કીર્તિયશવિજયજી** મહારાજ'માંથી 'પૂ.આ.શ્રી. વિજય **કીર્તિયશસૂરીશ્વરજી** મહારાજ' સુધીની પર્યાય-વિકાસયાત્રાના માઈલસ્ટોનરૂપે કેટલાં કીર્તિમાન રચાયાં, તેની નોંધ કરતાંય પાનાંનાં પાનાં ભરાય તેમ છે. મુનિશ્રીના પર્યાયમાં તેઓ શાસ્ત્રાધ્યયનમાં ખોવાઈ ગયા. શાસ્ત્રનો પરમાર્થ ગુરુકૃપાથી જ મળે-આ રહસ્ય જાણતાં જ તેઓ પરમગીતાર્થ તપાગચ્છાધિરાજશ્રીજીની સેવા-શુશ્રૂષાના કાર્યમાં જી-જાનથી જોડાઈ ગયા. માત્ર દસેક વર્ષના પર્યાયમાં જ તેઓએ માત્ર ગુરુસેવા-વેયાવચ્ચનો લાભ મળે અને ગુરુદેવ દ્વારા વધુ ને વધુ શાસનસેવા સંભવ બને, આ જ એક ધ્યેયથી શરીરચિકિત્સાની ત્રણેય શાખાઓનું સંગીન જ્ઞાન પ્રાપ્ત કર્યું. એ જ્ઞાનમાં એટલી કુશળતા મેળવી કે મોટા મોટા ચિકિત્સકો પણ તેમની સાથે ચર્ચા-વિમર્શ કર્યા બાદ જ ગુરુદેવશ્રીને દવા આપતા. ગચ્છવાસી પૂજ્યોને તેમના જ્ઞાનનો ઘણો લાભ થયો પૂ. ગુરુદેવશ્રીની અંતિમ નિર્યામણાનો મહા-લાભ પણ તેઓશ્રી મેળવવા સોભાગી નીવડ્યા.

એમણે સુઘડ અક્ષરે સેંકડો શાસ્ત્રો લીપીબદ્ધ કર્યાં, પૂજ્ય.ગુરુદેવને મોતીયો આવતાં એક એક ઈંચ જેવડા મોટા અક્ષરોમાં અભ્યાસ-વાચનના

ગ્રંથો લખી આપ્યા. વર્ષીતપ, ૫૦૦ આયંબિલ (દવા વગર) અને વર્ધમાન તપની અનેક ઓળીઓ ત્યાગપૂર્વક કરવા સાથે તેઓ સતત અધ્યયન-અધ્યાપનમાં રત રહેતા. ૫ થી ૭ વાચનાઓ પણ આપતા. અનેક પ્રાચીન હસ્તલિખિત પ્રતોના આધારે સંશોધન કરીને ગ્રંથો પ્રકાશન યોગ્ય બનાવતા.

પૂજ્ય ગુરુદેવના અનેક પ્રવચન-પુસ્તકોનું પણ એમણે સક્ષમ સંપાદન-પ્રકાશન કર્યું-કરાવ્યું. સૌ પ્રથમવાર રંગીન મુખપૃષ્ઠો સાથે ૧૦૮ પ્રવચન-પુસ્તકો તૈયાર કરી તેની હજારો નકલો પ્રકાશિત કરાવવા દ્વારા પૂ.ગુરુદેવના પ્રવચનોનો પ્રસાર-પ્રચાર કર્યો.

અધ્યયનની અનેક શાખાઓના તેઓશ્રી નિષ્ણાત બન્યા. જપયોગને આત્મસાત્ કર્યો. શિલ્પ-વાસ્તુના મર્મવેદી બન્યા. સેંકડો જિનમંદિરો અને ગૃહમંદિરોનાં નિર્માણ-પ્રતિષ્ઠા કાર્ય તેઓશ્રીની નિશ્રામાં સંપન્ન થયાં. તેઓના માર્ગદર્શનમાં જે જિનબિંબ પરિકર કે શિલ્પ બને તે બેનમૂન બની રહે-એવાં કળાત્મક બન્યાં. શિલ્પી, મૂર્તિકાર કે કારીગર એમની પાસે નિત નવું શીખતા રહે-તેવી સ્વાભાવિક પ્રતિભાના તેઓ સ્વામી છે. ભોરોલતીર્થ, સ્મૃતિમંદિર-સાબરમતી, મુંબઈ-લાલબાગ, અમદાવાદ-જગવલ્લભ ને વસંતકુંજ, સમેતશિખર તલેટી તીર્થ અને જીરાવલા તીર્થ... આ દરેકના ઉત્થાન, પુનરુદ્ધાર અને વિશ્વપ્રસિદ્ધ વિશિષ્ટતાઓનાં સર્જનમાં તેઓશ્રીનાં બહુઆયામીય જ્ઞાન, અનુભવ, પુણ્ય અને પ્રતિભાનો પરચો જોવા મળે છે.

૩૫૦ થી વધુ ગ્રંથોના સંપાદન, આલેખન અને પ્રકાશનાદિથી તેઓશ્રી ભાવોપકારક બન્યા છે. જૈન શાસનને અક્ષુણ્ણ રાખવા માટે પ્રાચીન તાડપત્રીય શ્રુતલેખન પદ્ધતિનો પુનરુદ્ધાર કરવા દ્વારા તેમણે એક વિશિષ્ટતર સત્કાર્ય કર્યું છે.

સેંકડો પુણ્યાત્માઓ તેઓશ્રીના વરદહસ્તે રજોહરણને પામી મહાત્મા બન્યા છે અને તેઓશ્રી પણ ૫૦ જેટલા શિષ્ય-પ્રશિષ્યો-પ્રપ્રશિષ્યો તથા આશ્રિત મુનિવરોનું સફળ યોગક્ષેમ કરી રહ્યા છે.

'પ્રવચન-પ્રદાન દ્વારા સમષ્ટિનો ઉદ્ધાર' તેઓશ્રીનું મુખ્ય વ્રત છે. બુલંદ

અવાજ, ૫૦૦૦ માણસ પણ વિના માઈકે સાંભળી સમજી શકે તેવો અવાજ, શાસ્ત્રાનુસારી નિરૂપણ, શ્રોતાને બોલતો કરી સભાને જાગતી અને જીવતી રાખવાની કળા, સભામાંથી ઉઠેલા પ્રશ્નોના જડબાતોડ નહિ પણ હૃદયંગમ સમાધાનો તત્ક્ષણ પીરસી વિરોધીને ય વશ અને શાસન-સમર્પિત બનાવતી કરુણામયી પ્રસ્તુતિ... આવી અઢળક વિશેષતાઓ તેઓશ્રીના પ્રવચનમાં ઝળકી આવે છે. વાચના-પ્રદાનમાં આ બધા ગુણો ઉડીને આંખે વળગે છે.

વ્યક્તિગત ધોરણે અત્યંત આરાધનામય એવા તેઓશ્રીના પગલે-પગલે શાસન પ્રભાવક પ્રસંગોની હારમાળા સર્જાય છે. તો વળી પૂજ્ય ગુરુદેવશ્રીજી દ્વારા હુકમના પત્તાંરૂપે શાસનસુરક્ષાના અવસરે કરાયેલો તેઓશ્રીનો સદુપયોગ એવો તો કારગત નીવડ્યો હતો કે ત્યારબાદ શાસન-સંઘ-સમુદાયમાં જ્યારે પણ સિદ્ધાંત-સુરક્ષા માટે પડકાર ફેંકવાનો અવસર આવે ત્યારે કોઈની હાકલ પડે કે ન પડે, એક મરજીવાની જેમ તેઓશ્રી પૂરી તાકાતથી શાસન સુરક્ષાના કાર્યમાં સક્રિય રહેતા આવ્યા છે.

સ્મૃતિમંદિરનો ૨૭ દિવસીય મહોત્સવ, ગંધાર શતાબ્દી મહોત્સવ જેવા ટોચને સ્પર્શેલા મહોત્સવોના આયોજનના માર્ગદર્શક તેઓશ્રી હતા.

દિવસના ૨૪ કલાકમાં આહાર અને નિદ્રાનો બહુ જ મર્યાદિત સમય બાદ કરતા બાકીનો સમય તેઓ શાસન-સંઘ-સમુદાય કાજે સમર્પિત કરીને સતત કાર્યરત રહે છે. એ કાર્યમગ્નતા જ તેમની અવ્વલ સ્વસ્થતાનું રહસ્ય છે. ગ્રંથોના સંપાદન, પ્રવચનોનું શુદ્ધિકરણ, સંઘોને માર્ગદર્શન, મહાત્માઓને અધ્યયન, સેંકડો મહાત્મા-પુણ્યાત્માઓને આલોચના-પ્રદાન, શાસનના વિશિષ્ટ કાર્યોનાં આયોજન, ચતુર્વિધ શ્રીસંઘનું શ્રેષ્ઠ યોગક્ષેમ, ઉગ્ર વિહારચર્યા, વિરોધીમાં વિરોધી પ્રત્યે ય વાત્સલ્યભરી કરુણાદૃષ્ટિ, સતત કર્મસ્થિતિનું ચિંતન, જિનાજ્ઞા અને મૈત્ર્યાદિથી અંત:કરણનું ભાવન આદિ અઢળક ગુણરાશિથી ભર્યું ભર્યું જીવન જીવી એના ફળરૂપે સુંદર સમતા અને સમાધિના ઝુલે પ્રતિપળ ઝુલતા આ મહાપુરુષના શ્રીચરણે તેઓશ્રીની દીક્ષાઅર્ધશતાબ્દીના અવસરે કોટિ કોટિ વંદના!

# અનુક્રમણિકા


| લેખાંક | આગમનામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | આચારાંગ સૂત્ર-૧ | ૫ |
| ૨ | આચારાંગ સૂત્ર - ૨ | ૯ |
| ૩ | સૂત્રકૃતાંગ સૂત્ર - ૧ | ૧૩ |
| ૪ | સૂત્રકૃતાંગ સૂત્ર - ૨ | ૧૭ |
| ૫ | સ્થાનાંગસૂત્ર- ૧ | ૨૨ |
| ૬ | સ્થાનાંગસૂત્ર- ૨ | ૨૬ |
| ૭ | સમવાયાંગસૂત્ર | ૩૦ |
| ૮ | ભગવતી સૂત્ર - ૧ | ૩૩ |
| ૯ | ભગવતી સૂત્ર - ૨ | ૩૬ |
| ૧૦ | ભગવતી સૂત્ર - ૩ | ૪૦ |
| ૧૧ | ભગવતી સૂત્ર - ૪ | ૪૪ |
| ૧૨ | જ્ઞાતાધર્મકથા સૂત્ર - ૧ | ૪૬ |
| ૧૩ | જ્ઞાતાધર્મકથા સૂત્ર - ૨ | ૪૯ |
| ૧૪ | જ્ઞાતાધર્મકથા સૂત્ર - ૩ | ૫૨ |
| ૧૫ | ઉપાસકદશાંગ સૂત્ર - ૧ | ૫૬ |
| ૧૬ | ઉપાસકદશાંગ સૂત્ર - ૨ | ૫૯ |
| ૧૭ | અન્તકૃદ્દશાંગ સૂત્ર - ૧ | ૬૩ |
| ૧૮ | અન્તકૃદ્દશાંગ સૂત્ર - ૨ | ૬૬ |
| ૧૯ | અનુત્તરોપપાતિક સૂત્ર | ૭૦ |
| ૨૦ | પ્રશ્નવ્યાકરણ સૂત્ર - ૧ | ૭૩ |
| ૨૧ | પ્રશ્નવ્યાકરણ સૂત્ર - ૨ | ૭૬ |
| ૨૨ | વિપાક સૂત્ર | ૮૧ |
| ૨૩ | ઔપપાતિક સૂત્ર | ૮૫ |
| ૨૪ | રાજપ્રશ્નીય સૂત્ર | ૮૯ |
| ૨૫ | જીવાજીવાભિગમ સૂત્ર | ૯૩ |
| ૨૬ | પ્રજ્ઞાપના સૂત્ર | ૯૬ |
| ૨૭ | સૂર્યપ્રજ્ઞપ્તિ-ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર | ૧૦૦ |
| ૨૮ | જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | ૧૦૪ |

| લેખાંક | આગમનામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૯ | નિરયાવલિકા આદિ પાંચ સૂત્ર | ૧૦૬ |
| ૩૦ | ચતુઃશરણ પ્રકીર્ણક સૂત્ર | ૧૦૯ |
| ૩૧ | આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર | ૧૧૨ |
| ૩૨ | મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર | ૧૧૬ |
| ૩૩ | ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક સૂત્ર | ૧૧૯ |
| ૩૪ | તંદુલવૈચારિક પ્રકીર્ણક સૂત્ર | ૧૨૩ |
| ૩૫ | સંસ્તારક પ્રકીર્ણક સૂત્ર | ૧૨૭ |
| ૩૬ | ગણિવિદ્યા પ્રકીર્ણક સૂત્ર | ૧૩૭ |
| ૩૭ | ચંદ્રવેધ્યક પ્રકીર્ણક સૂત્ર | ૧૩૫ |
| ૩૮ | દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક સૂત્ર | ૧૩૮ |
| ૩૯ | ગચ્છાચાર પ્રકીર્ણક સૂત્ર | ૧૪૧ |
| ૪૦ | મરણસમાધિ પ્રકીર્ણક સૂત્ર | ૧૪૫ |
| ૪૧ | છેદસૂત્ર ભૂમિકા | ૧૪૯ |
| ૪૨ | નિશીથ સૂત્ર | ૧૫૩ |
| ૪૩ | દશાશ્રુતસ્કંધ સૂત્ર | ૧૫૭ |
| ૪૪ | બૃહત્કલ્પ સૂત્ર | ૧૬૦ |
| ૪૫ | વ્યવહાર સૂત્ર | ૧૬૩ |
| ૪૬ | મહાનિશીથ સૂત્ર | ૧૬૭ |
| ૪૭ | જીતકલ્પ સૂત્ર | ૧૭૧ |
| ૪૮ | આવશ્યક સૂત્ર | ૧૭૫ |
| ૪૯ | દશવૈકાલિક સૂત્ર | ૧૭૯ |
| ૫૦ | ઉત્તરાધ્યયન સૂત્ર - ૧ | ૧૮૩ |
| ૫૧ | ઉત્તરાધ્યયન સૂત્ર - ૨ | ૧૮૭ |
| ૫૨ | ઉત્તરાધ્યયન સૂત્ર - ૩ | ૧૯૦ |
| ૫૩ | ઉત્તરાધ્યયન સૂત્ર - ૪ | ૧૯૩ |
| ૫૪ | ઉત્તરાધ્યયન સૂત્ર - ૫ | ૧૯૬ |
| ૫૫ | ઓધનિર્યુક્તિ સૂત્ર | ૧૯૯ |
| ૫૬ | પિંડનિર્યુક્તિ સૂત્ર | ૨૦૩ |
| ૫૭ | નંદી સૂત્ર | ૨૦૭ |
| ૫૮ | અનુયોગદ્વાર સૂત્ર | ૨૧૧ |

# ઉરબોલ

જૈન શાસનનું બંધારણ છે આગમ ! તીર્થંકર પ્રભુ અર્થથી પ્રરૂપે અને એના આધારે ગણધર ભગવંતો એને સૂત્રમાં ગૂંથે. પછી પછીના મહાપુરુષો એ જ સૂત્રોનો પ્રભુએ કહેલો અર્થવિસ્તાર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણી અને ટીકા (વૃત્તિ) ગ્રંથોના માધ્યમે કરી ભવ્યાત્માઓને ભવ તરવાનું અવ્વલ આલંબન આપે. પ્રકરણ ગ્રંથાદિમાં આ જ પંચાંગી આગમના વિધ-વિધ પદાર્થો વિધ-વિધ શૈલીમાં પીરસાય છે.

આ અવસર્પિણીમાં, એમાંય પ્રભુશ્રી મહાવીરસ્વામીના શાસનમાં ખૂબ જ ઝડપભેર આગમવારસાને હાનિ પહોંચી. દરિયા જેટલું શ્રુત અનેક કારણે નાશ પામ્યું. બિંદુ જેટલું રહ્યું પણ એ બિંદુ પણ આપણા માટે દરિયા સમાન અને એનો આધાર લે તેના માટે ભવ દરિયો પાર કરાવવા સુસમર્થ છે.

વર્તમાન પરંપરા પાસે ઉપલબ્ધ આગમ ખજાનો મુખ્યત્વે ૪૫ આગમના રૂપ-સ્વરૂપમાં વિદ્યમાન છે. જેમ રાજ્ય શાસનના સંચાલન માટે એના બંધારણનો આધાર લેવો અને તે માટે એ બંધારણનો સાંગોપાંગ અભ્યાસ કરવો અનિવાર્ય હોય છે તેમ ધર્મશાસન-જિનશાસનના બંધારણરૂપ આ પિસ્તાળિસે આગમોનો અભ્યાસપૂર્વક આધાર લેવો અનિવાર્ય છે. એ માટેના અધિકારી આચાર્ય ભગવંતાદિ શ્રમણ ભગવંતો છે. કેટલાક આગમોનો અધિકાર શ્રમણી ભગવતીઓને પણ અપાયો છે. આવશ્યકાદિ કેટલાક આગમો જ સંસારી શ્રાવક-શ્રાવિકા માટે સૂત્રથી અને અર્થથી ભણવા વિહિત કરેલાં છે. આ અધિકાર પ્રદાન પાછળ પણ જ્ઞાનીઓની કરુણા રહેલી છે. યોગ્યતા મુજબ અને ભૂમિકા મુજબ જ અભ્યાસાદિ લાભદાયક બને; બાકી તો તારક વસ્તુ પણ અયોગ્યને મારક બની શકે.

'આગમની ઓળખ' પુસ્તકમાં વર્તમાન પિસ્તાળિસે આગમોનો અલ્પમાત્ર પરિચય આપ્યો છે; જેનો ઉદ્દેશ આપણા આત્મોદ્ધારના એકમાત્ર આધારરૂપ આ આગમો પ્રત્યે અંતરમાં આદર પ્રગટે, તેની દ્રવ્ય-ભાવ ભક્તિ થાય, આગમ લેખનાદિ દ્વારા આગમ સંરક્ષણાદિનાં સુંદર કાર્ય થાય અને આગમપ્રજ્ઞ તેમજ આગમધર મહર્ષિઓ અને મુનિવરોની પણ યત્કિંચિત્ સેવા-શુશ્રૂષાદિ થાય. કારણ કે આપ્ત પુરુષોના અંતરવચનરૂપ આગમવાણી જ આપણ સહુને કાળઝાળ સંસાર દાવાનળથી ઊગારી શાશ્વત સુખના હિમઘરરૂપ મુક્તિમહેલમાં પહોંચાડી શકે.

સન્માર્ગ પાક્ષિકના માધ્યમે ક્રમિક રજૂ થયેલી આ લેખશ્રેણીના સંકલન-સંપાદનમાં મારા શિષ્યરત્ન મુનિશ્રી વિનયયશવિજયજી મહારાજના શિષ્યરત્ન વિદ્વાન મુનિશ્રી વિવેકયશવિજયજી મહારાજે ખૂબ જહેમત ઉઠાવી અનેક ગ્રંથો-પુસ્તકોના આધારે સામગ્રીનું ચયન અને સંયોજન કર્યું છે, તે અનુમોદનીય છે.

સૌ કોઈ ''આગમની ઓળખ'' પામી એના અધ્યયનાદિ માટે સંસારનો ત્યાગ કરી યોગ્યતા કેળવી યોગોદ્વહન વહી ગુર્વાજ્ઞાથી તે તે આગમો અભ્યસ્ત કરી એના ફળરૂપે આગમવ્યવહારી બની અક્ષયપદને પામો એ જ શુભાભિલાષા.

વિ.સં. ૨૦૭૩
પોષ સુદ ૪
સોમવાર
તા. ૨-૧-૨૦૧૭
સમેતશિખરતલેટી તીર્થ

જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ
પૂ.આ.શ્રી વિજય **રામચંદ્રસૂરીશ્વરજી**
મહારાજાના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ
પૂ.આ.શ્રી વિજય **ગુણશસૂરીશ્વરજી** મહારાજાનો વિનેય
**- વિજય કીર્તિયશસૂરિ**

# ...આભાર...

*સન્માર્ગ પ્રકાશન દ્વારા*

**પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી**
મહારાજા દ્વારા સંકલિત-સંપાદિત

# 'આગમની ઓળખ'

**પુસ્તકના પ્રકાશનમાં મહત્ત્વપૂર્ણ સહયોગ આપતા**

તપાગચ્છાધિરાજ પૂ.આ.શ્રી. વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સામ્રાજ્યવર્તિની માતૃહૃદયા પૂ.સા.**શ્રી. ત્રિલોચનાશ્રીજી** મહારાજનાં શિષ્યરત્નાઓ...

- ※ પૂ.સા.**શ્રી. હિતપૂર્ણાશ્રીજી** મહારાજના સંયમ-જીવનની અનુમોદનાર્થે...
- ※ પૂ.સા.**શ્રી યશોવર્ધનાશ્રીજી** મહારાજના ૧૦૦ મી વર્ધમાનતપ ઓળીની અનુમોદનાર્થે...
- ※ પૂ.સા.**શ્રી નયપૂર્ણાશ્રીજી** મહારાજની સમેતશિખર તીર્થે સમાધિ સિદ્ધિની અનુમોદનાર્થે...

**ગુણ-કીર્તિ યશ-મૂર્તિ દીક્ષા સ્વીકાર**

**અર્ધશતાબ્દી અવસરે**

જામનગર વર્તમાનમાં મુંબઈ - વાલકેશ્વર નિવાસી

**શાહ ધીરજલાલ પોપટલાલ પરિવાર**

ભરતભાઈ-હેતલબેન • વિમલભાઈ-રેશમાબેન
રશ્મીબેન-સમીરભાઈ • પૂર્ણિમાબેન-વિનીતભાઈ
પ્રાચી-સાહિલભાઈ
શ્રેયલ - ધ્વનિ - રિષિત - દેવાંશી - શૈતલ

**આપે કરેલી શ્રુત-ભક્તિની અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આપ ઉત્તરોત્તર ઉત્તમ કક્ષાની શ્રુતભક્તિ કરતા રહો એવી શુભેચ્છા પાઠવીએ છીએ.**

***સન્માર્ગ પ્રકાશન***

# આગમની ઓળખ

*'आप्तवचनं आगमः' આગમ એટલે આપ્ત પુરુષનું વચન. રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપી દોષોને જીતનાર હોય તે આપ્ત. આ ત્રણેય દોષોને સાદિ અનંત ભાંગે જીતેલા છે તેવા અરિહંત પરમાત્માઓ આપ્તપુરુષોની શ્રેણીમાં સૌથી શિરમોર સ્થાને આવે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરનારા તે અરિહંત પરમાત્માનું વચન આપ્તવચનરૂપ હોવાથી આગમ કહેવાય છે. તે રીતે તે જ અરિહંત પરમાત્માના ત્રિકાલાબાધિત વચનો જે જે ગ્રંથોમાં ગૂંથવામાં આવ્યાં છે તે સર્વ ગ્રંથોને પણ આગમ તરીકે ઓળખવામાં આવે છે. આ આગમગ્રંથો દુઃખમુક્તિનો અને સુખપ્રાપ્તિનો સાચો માર્ગ બતાવે છે. સંસારમાં રખડાવનાર રાગ-દ્વેષને જીતવાનો, મિથ્યાત્વથી બચીને સમ્યક્ત્વ પામવાનો, અવિરતિનાં પાપોને તોડીને વિરતિમય નિષ્પાપ જીવન જીવવાનો, કષાયોની આગને શમાવીને સમત્વના શિખરે પહોંચવાનો માર્ગ બતાવે છે. આગળ વધીને કહીએ તો આત્માને મહાત્મા બની પરમાત્મદશા પામવાનો માર્ગ પણ આગમગ્રંથો જ બતાવે છે.*

*૧૪૪૪ ગ્રંથરત્નોના રચયિતા સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ* **શ્રી હરિભદ્રસૂરિજી** *મહારાજાએ આગમનું મહિમાગાન કરતાં* **સંબોધ પ્રકરણમાં** *કહ્યું કે,*

**कहं अम्हारिसा जीवा, दुसमादोसदूसिया ।**
**हा अणाहा कहं हुंता, जइ न हुंति जिणागमो ।।**

***અર્થ : જો પ્રભુવચનને બતાવનાર આગમગ્રંથો ન હોત તો દુઃષમ કાળના દોષથી દૂષિત એવા અમારા જેવા જીવોનું શું થાત ?***

પૂજ્ય મહામહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજાએ પણ આગમશાસ્ત્રોની ઉપકારકતાનું બ્યાન આપતાં **જ્ઞાનસારમાં** કહ્યું છે કે,

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ।।**

*અર્થ : આગમ શાસ્ત્રની આરાધના કરનારે સાક્ષાત્ વીતરાગની આરાધના કરી છે અને વીતરાગની આરાધના કરનારને નિશ્ચે સર્વસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.*

'**आगमचक्खू साहू**' અને '**साधवः शास्त्रचक्षुषः**' સાધુની આંખ આગમ-શાસ્ત્ર છે. **અધ્યાત્મસાર** નામના મહાનગ્રંથમાં તે જ મહાપુરુષે આત્માની અનુભૂતિનો માર્ગ બતાવતાં '**निश्चित्यागमतत्त्वम्**' - એમ કહીને આગમના સહારે આત્મતત્ત્વનો નિર્ણય કરવાનું કહ્યું છે. જ્યાં સુધી આત્મતત્ત્વનો નિર્ણય આગમગ્રંથોના સહારે થતો નથી ત્યાં સુધી સાધનાનો પ્રારંભ જ થતો નથી.

આગમ ગ્રંથોનો મહિમા દર્શાવતાં પંડિત શ્રી **વીરવિજયજી** મહારાજાએ શ્રી **પિસ્તાલીસ આગમની પૂજા**માં કહ્યું છે કે,

**'આથમતે કેવલ રવિ, મંદિર દીપક જ્યોત,**
**પંચમ આરે પ્રાણીને, આગમનો ઉદ્યોત'**

*અર્થ : કેવળજ્ઞાનરૂપી સૂર્ય જ્યારે આ પાંચમા આરામાં આથમી ગયો છે. ત્યારે ગૃહમંદિરમાં આગમદીપકનો ઉદ્યોત જ ઉપકારક થવાનો છે.*

**'જિનવર જિનઆગમ એક રૂપે, સેવંતા ન પડો ભવકૂપે'**

જિનેશ્વર પરમાત્માના વચન રૂપ આગમ એ સાક્ષાત્ જિનવર સ્વરૂપ છે, જિનાગમની પૂજાથી જિનવરની પૂજાનો લાભ મળે છે. જેમ જિનવર પૂજાથી ભવભ્રમણનો અંત આવે છે, તે જ રીતે જિનાગમના સેવનથી પણ ભવભ્રમણનો અંત આવે છે.

સાક્ષાત્ તીર્થંકર પરમાત્માએ આ મહિમાવંત આગમ ગ્રંથોને અર્થથી ઉપદેશેલાં છે અને તેની સૂત્ર રચના પરમાત્માના સ્વહસ્તે દીક્ષિત થયેલા ગણધર ભગવંતો, પ્રત્યેક બુદ્ધ, શ્રુતકેવળી ભગવંતો અને દશપૂર્વી શ્રુતધર મહાત્માઓ કરે છે. આ વાતને **વીશસ્થાનકપૂજામાં** પૂજ્ય આ. **શ્રી વિજય લક્ષ્મીસૂરીશ્વરજી** મહારાજા લખે છે કે,

**'ગણધર પ્રત્યેક બુદ્ધે ગુંથ્યું, શ્રુત કેવળી દશપૂર્વીજી;'**
**'અર્થથી અરિહંતજીએ પ્રકાશ્યું, સૂત્રથી ગણધર રચિયું જી.'**

ચરમતીર્થપતિ મહાવીર પરમાત્માના શાસનની અપેક્ષાએ વિચારીએ તો આગમ-રચનાનો કાળ આજથી લગભગ ૨૫૬૯ વર્ષ પૂર્વેનો છે. વૈશાખ સુદ-૧૧ના શુભ દિવસે તીર્થ સ્થાપનાની મંગલ ક્ષણે **भयवं किं तत्तं?** ની પ્રશ્ન

ત્રિપદી દ્વારા **उप्पनेइ** વા, **विगमेइ वा** અને **धुवेइ वा** ની ત્રિપદીને પામીને ગણધર ભગવંતોએ સૌ પ્રથમ દ્વાદશાંગીની રચના કરી. ત્યારે અને ત્યાર પછીના કાળમાં અનેક આગમ ગ્રંથોની રચના થઈ. અવસર્પિણી કાળના પ્રભાવે અને જીવોના બુદ્ધિબળનો ક્રમશઃ ક્ષય થતાં વર્તમાનમાં માત્ર ૪૫ આગમ વિદ્યમાન છે. આ વાત **પંડિત વીરવિજયજી** મહારાજાએ **પીસ્તાલીસ આગમની પૂજા**માં કરી છે.

**'આગે આગમ બહુ હતાં, અર્થવિહિત જગદીશ,**
**કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પિસ્તાલીશ.'**

આગમનું સ્વરૂપ, આગમનો મહિમા, આગમના રચયિતા, આગમ રચનાનો કાળ અને આગમની વર્તમાન સંખ્યાનો સંક્ષેપમાં વિચાર કરીને હવે કલિયુગમાં આધારભૂત અને અનંત અર્થોથી ભર્યા ભર્યા ૪૫ આગમના નામસ્મરણથી આદ્ય મંગળ કરીએ.

**'સાંભળ સખરા ! અંગ અગ્યાર, મન શુદ્ધે ઉપાંગ જ બાર, દશ પયન્નસાર,**
**છેદ ગ્રંથ વળી ષટ્ વિચાર, મૂલ સૂત્ર બોલ્યા જિન ચાર, નંદી અનુયોગ દ્વાર,**
**પણયાલીસ જિન આગમ નામ, શ્રી જિન અર્થે ભાખ્યા જામ, ગણધર ગૂંથે તામ,**
**શ્રી વિજયસેનસૂરીંદ વખાણે, જે ભવિકા નિજ ચિત્તમાં જાણે, તસ ઘર લક્ષ્મી આણે.'**

❄ **૧૧ અંગ :** ૧-આચારાંગ, ૨-સૂત્રકૃતાંગ, ૩-સ્થાનાંગ, ૪-સમવાયાંગ, ૫-ભગવતી, ૬-જ્ઞાતાધર્મકથા, ૭-ઉપાસકદશાંગ, ૮-અંતકૃત-દશાંગ, ૯-અનુત્તરોપપાતિક, ૧૦-પ્રશ્ન વ્યાકરણ, ૧૧-વિપાકસૂત્ર.

❄ **૧૨ ઉપાંગ :** ૧-ઔપપાતિક, ૨-રાજપ્રશ્નીય, ૩-જીવાભિગમ, ૪-પ્રજ્ઞાપના, ૫-સૂર્યપ્રજ્ઞપ્તિ, ૬-ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૭-જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૮-નિરયાવલિકા, ૯-કલ્પાવતંસિકા, ૧૦-પુષ્પિકા, ૧૧-પુષ્પચૂલિકા, ૧૨-વૃષ્ણિદશા.

❄ **૧૦ પયન્ના :** ૧-ચતુઃશરણ, ૨-આતુર પ્રત્યાખ્યાન, ૩-મહાપચ્ચક્-ખાણ, ૪-ભક્તપરિજ્ઞા, ૫-તંદુલવૈચારિક, ૬-સંસ્તારક, ૭-ગણિ-વિદ્યા, ૮-ગચ્છાચાર અથવા ચંદ્રવેધ્યક, ૯-દેવેન્દ્રસ્તવ, ૧૦-મરણ સમાધિ અથવા વીરસ્તવ.

❄ **૬ છેદ :** ૧-નિશીથ, ૨-દશાશ્રુત સ્કંધ, ૩-બૃહત્કલ્પ, ૪-વ્યવહાર, ૫-મહાનિશીથ, ૬-પંચકલ્પ (જીતકલ્પ)

❄ **૪ મૂળ :** ૧-આવશ્યક સૂત્ર, ૨-દશવૈકાલિક, ૩-ઉત્તરાધ્યયન, ૪-પિંડનિર્યુક્તિ-(ઓઘનિર્યુક્તિ)

❄ **બે ચૂલિકાસૂત્ર :** ૧- નંદીસૂત્ર ૨- અનુયોગદ્વાર સૂત્ર

## ૧

# આચારાંગ સૂત્ર-૧

**आगमेनानुमानेन, योगाभ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लभते तत्त्वमुत्तमम् ।।**

***અર્થ : આગમવચન, તેને સમજવામાં સહાયક અનુમાન અને તે બેના સહારે કરેલા યોગાભ્યાસના રસથી જે આત્મા પોતાની પ્રજ્ઞાને ઘડે છે, તે ઉત્તમ આત્મતત્ત્વને પામે છે.***

**યોગદષ્ટિ સમુચ્ચય** ગ્રંથના આ શ્લોકમાં ભગવાન શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ મહામતિ **પતંજલિના** શબ્દો ટાંકીને પણ આત્મ સ્વરૂપની સાધનામાં આગમની પ્રધાનતા દર્શાવી છે. તે આગમ ગ્રંથો અર્થથી શાશ્વત હોય છે. જ્યારે તેની સૂત્રથી રચના તે તે કાળના તીર્થંકર પરમાત્માના શ્રીમુખે સાંભળેલા ઉપદેશ વચનોને ગૂંથીને ગણધર ભગવંતો કરતા હોય છે. વર્તમાનકાળમાં ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવે અર્થથી ઉપદેશેલાં અને ગણધર ભગવંતોએ સૂત્રથી ગૂંથેલાં આગમગ્રંથોમાં ૪૫ આગમ ઉપલબ્ધ છે. જેમાં સૌ પ્રથમ શ્રી આચારાંગ સૂત્ર છે.

નિર્યુક્તિકાર ચૌદ પૂર્વધર **શ્રી ભદ્રબાહુ સ્વામી**એ 'अंगाणं किं सारो ? आयारो !' આ શબ્દોમાં આચારાંગ સૂત્રને દ્વાદશાંગીનો સાર કહ્યો છે. સંપૂર્ણ દ્વાદશાંગી ચાર અનુયોગમાં વહેંચાયેલી છે. ૧-દ્રવ્યાનુયોગ, ૨-ગણિતાનુયોગ, ૩-કથાનુયોગ અને ૪-ચરણકરણાનુયોગ. નિશ્ચયનયની

અપેક્ષાએ આત્મદ્રવ્યની મુખ્યતા હોવાથી દ્રવ્યાનુયોગ પ્રધાન છે અને બાકીના અનુયોગ સાધનભૂત છે, છતાં વ્યવહારનયની અપેક્ષાએ વિચારીએ તો ચારેય અનુયોગમાં ચરણકરણાનુયોગ સાધ્ય છે. બાકીના ત્રણે અનુયોગ સાધન છે. આ અપેક્ષાએ સૌથી વધુ મહત્તા પ્રાપ્ત ચરણકરણાનુયોગમાં સમાવેશ પામેલા અનેક આગમગ્રંથોમાં આચારાંગ સૂત્રને પ્રથમ સ્થાને મૂકવામાં આવ્યું છે.

પંડિત **શ્રી વીરવિજયજી મહારાજા ૪૫ આગમની પૂજામાં** કહે છે કે,

**કાળ સદા જે અરિહા થાવે, કેવળનાણ ઉપાવે રે,**
**આચારાંગ પ્રથમ ઉપદેશે, નાથની ભજના શેષે રે...**

*અર્થ :કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા દરેક અરિહંત પરમાત્માઓ સૌ પ્રથમ આચાર ધર્મનો ઉપદેશ આપે છે. પ્રત્યેક ગણધર ભગવંતો પણ તે ઉપદેશને ઝીલીને સૌ પ્રથમ આચારાંગ સૂત્રની રચના કરે છે. બાકીના આગમની રચનામાં ભજના (વિકલ્પ) છે.*

આ આચારાંગ સૂત્ર પોતાની ભાષાશૈલીથી એક આગવું વ્યક્તિત્વ ધરાવે છે. સંપૂર્ણ રચના દેવભાષા અને આર્યભાષાના બિરુદોને વરેલી પ્રાકૃત ભાષામાં છે. શબ્દોનું સૌષ્ઠવ, ગદ્ય-પદ્ય ઉભયાત્મક સૂત્ર ગૂંથણી અને અર્થ ગાંભીર્ય વગેરે અનેક સાહિત્યિક ગુણોથી પ્રસ્તુત આગમ સમૃદ્ધ છે.

જ્ઞાનનાં પાયા ઉપર ઊભી થતી આત્મપરિણતિ અને આચાર સૌષ્ઠવથી રચાતી નિષ્પાપ જીવનશૈલી : આ બંનેનો સમન્વય અહીં કરવામાં આવ્યો છે. સંયમીઓએ જે આચારોનું પાલન જીવનભર કરવાનું છે તેનું આમાં વર્ણન છે. જ્યાં સુધી શ્રીદશવૈકાલિક સૂત્રની રચના થઈ નહોતી ત્યાં સુધી નવદીક્ષિતોને સૌ પ્રથમ આચારાંગ સૂત્રના શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો અભ્યાસ કરાવવામાં આવતો હતો.

નિર્યુક્તિકાર ભગવંત **શ્રી ભદ્રબાહુ સ્વામીજી**એ આ આગમના અર્થસભર દશ નામો બતાવ્યાં છે.

**आचारो आचालो आगालो आगरो य आसासो ।**

**आयरिसो अंगं तिय आइण्णा आजाइ आमोक्खा ।।**

ચૂર્ણિકાર તથા વૃત્તિકારમહર્ષિના શબ્દોમાં આ આગમ :

૧-જ્ઞાનાદિ આચારોનું પ્રતિપાદન કરતું હોવાથી **આચાર**,

૨-ક્રોધાદિ કષાયો અને કર્મબંધનોને ચલાયમાન કરતું હોવાથી **આચાલ**,

૩-સમત્વની ભૂમિકા પ્રાપ્ત કરાવતું હોવાથી **આગાલ**,

૪-ગુણરત્નોની ખાણ હોવાથી **આકર**,

૫-ભવથી ત્રસ્ત જીવોને આશ્વાસન આપતું હોવાથી **આશ્વાસ**,

૬-કર્તવ્ય અને અકર્તવ્યનું સ્પષ્ટ દર્શન કરાવતું હોવાથી **આદર્શ**,

૭-આત્મસ્વરૂપ વ્યક્ત કરનાર તે **અંગ**,

૮-સર્વ તીર્થંકરો, સિદ્ધો, સૂરિવરો અને મુનિવરોએ આચરેલા માર્ગને ઉપદેશતું **આચીર્ણ**,

૯-જ્ઞાનાદિને જન્મ આપનારું **આજાતિ** અને

૧૦-ભવથી મુક્ત થવાનો ઉપાય હોવાથી **આમોક્ષ** તરીકે ઓળખાય છે.

૧૮૦૦૦ પદ પ્રમાણ મૂળ આચારાંગ સૂત્ર આજે માત્ર ૨૫૫૪ શ્લોક પ્રમાણ જ ઉપલબ્ધ છે. જેના ઉપર ચૌદ પૂર્વધર પૂ. **શ્રી ભદ્રબાહુ સ્વામી**એ ૩૪૬ શ્લોક પ્રમાણ નિર્યુક્તિ, પૂ. આ. **શ્રી જિનદાસગણિ**એ ૮૩૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ તથા વિ.સં. ૯૩૩માં પૂ.આ.**શ્રી શીલાંકાચાર્યજી** મહારાજાએ ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ બૃહદ્‌વૃત્તિની રચના કરેલ છે. તે પછીના કાળમાં પણ અન્ય અનેક ટીકાદિ સાહિત્યની રચના થયેલ છે. જેમાં ખરતરગચ્છના આચાર્ય **શ્રી જિનહંસસૂરિ**એ વિ.સં. ૧૫૭૩માં ૯૫૦૦ શ્લોક પ્રમાણ પ્રદીપિકા (દીપિકા) ટીકા રચેલ છે. જે સરળ ભાષામાં હોવાથી બાળજીવોને પણ ઉપકારક છે. આજે આ આગમ સંબંધી

૪૦૫૨૯ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

પ્રસ્તુત આગમ બે શ્રુતસ્કંધમાં વહેંચાયેલું છે. પહેલા શ્રુતસ્કંધનું નામ **આચાર** છે. બ્રહ્મચર્યના નામે પણ જે ઓળખાય છે. બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે ચરવું, ફરવું. એટલે કે, આત્મામાં રમવું એ બ્રહ્મચર્ય. તે જ રીતે બ્રહ્મ એટલે સંયમ અને ચર્ય એટલે આચરણ. જેના નવ અધ્યયન અને ચુમ્માલીસ (૪૪) ઉદ્દેશા છે. બીજા શ્રુતસ્કંધનું નામ **આચારાગ્ર** છે. જેમાં ચાર ચૂલિકામાં વહેંચાયેલા સોળ અધ્યયનો છે, એક પણ ઉદ્દેશા નથી.

પ્રથમ શ્રુતસ્કંધના નવ અને દ્વિતીય શ્રુતસ્કંધના સોળ અધ્યયનના વિષયનો પરિચય હવે પછીના લેખમાં વાચશું.

## ૨

# આચારાંગ સૂત્ર-૨

આચારાંગ સૂત્ર, આ નામ જ તેના વિષયને સ્પષ્ટ જણાવે છે. સંયમજીવનનો સ્વીકાર કરનાર શ્રમણે જ્ઞાનાચારાદિ પાંચ આચાર કઈ રીતે પાળવા એ આ આગમનો વિષય છે. આચારાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધનું નામ આચાર છે. જેનાં નવ અધ્યયનોમાં મુખ્યત્વે શ્રમણ જીવનનો નિશ્ચયના લક્ષ્યપૂર્વકનો ઉત્સર્ગ માર્ગ નિર્દેશાયો છે.

**૧. શસ્ત્રપરિજ્ઞા :** શસ્ત્ર એટલે હિંસાનું સાધન. પરિજ્ઞા એટલે બોધ અને તેને અનુકૂળ આચરણ. હિંસાનાં સાધનોનો બોધ. ૧૭૭ સૂત્રમાં જીવ -હિંસા થાય તેવી શસ્ત્ર તુલ્ય પ્રવૃત્તિની ઓળખ આપી તેનાં કટુ પરિણામો બતાવ્યાં છે અને હિંસક પ્રવૃત્તિના ત્યાગનો ઉપદેશ વણાયેલો છે.

**૨. લોકવિજય :** ૧૮૬ સૂત્રો દ્વારા સ્વજનની આસક્તિ સંસારનું કારણ છે, તેનો ત્યાગ મુક્તિનું કારણ છે. સાધનામાં શિથિલતા કર્મબંધનું કારણ છે, અપ્રમત્તભાવ કર્મનિર્જરાનું કારણ છે, ગૃહસ્થોનો પરિચય અણગારને રાગનું કારણ છે; જ્યારે પરિચયનો ત્યાગ એ વિરક્તિનું કારણ છે. એવું સમજાવી સંયમીઓને જાગૃતિનો સંદેશ આપ્યો છે.

**૩. શીતોષ્ણીય :** અહીં ૮૭ સૂત્રોમાં શીત એટલે અનુકૂળ અને ઉષ્ણ એટલે પ્રતિકૂળ. બંને પ્રકારના પરીષહોમાં ક્રમશ: રતિ અને અરતિનો ત્યાગ કરવાનો ઉપદેશ ગૂંથાયો છે.

**૪. સમ્યક્ત્વ :** વિશ્વનાં તમામ તત્ત્વોનો શ્રદ્ધાપૂર્વક યથાર્થ સ્વીકાર કરનાર સાધક જ કષાયોને જીતી શકે છે, સંયમ સાધી શકે છે. ૫૩ સૂત્રમાં આ વાત અહીં પૂરવાર કરી છે.

**૫. લોકસાર :** આ અધ્યયનનું બીજું નામ 'આવંતી' છે. લોકમાં સારભૂત ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે અને સંયમનો સાર મોક્ષ છે. ૧૪૦ સૂત્ર દ્વારા આ જ વાત વિસ્તારથી વર્ણવાયેલી છે.

**૬. ધૂત :** ધૂત એટલે ત્યાગ. પદાર્થ ઉપર લાગેલાં મેલને ઝાટકીને દૂર કરવો. ૧૧૩ સૂત્રમાં ગૂંથાયેલા આ અધ્યયનમાં તપ અને સંયમની સાધના દ્વારા આત્મા ઉપર લાગેલાં આઠ પ્રકારનાં કર્મોને દૂર કરવાની વાત છે. તે માટે પૂર્વ ભૂમિકા રૂપ પૂર્વગ્રહ ધૂનન, સ્વજન ધૂનન, ઉપકરણ ધૂનન, શરીરધૂનન વગેરે વાત કરેલ છે.

**૭. મહાપરિજ્ઞા :** ટીકાકારશ્રી શીલાંકાચાર્યજીએ કહ્યું છે કે સાત ઉદ્દેશાવાળા આ અધ્યયનમાં રાગાદિથી બચવાનો ઉપદેશ છે. અનેક વિદ્યા-મંત્રો ગૂંથાયેલા હોવાથી પૂર્વાચાર્યોએ આ અધ્યયન લુપ્ત કરેલું છે, તેવી કિંવદંતી છે.

**૮. વિમોક્ષ :** ૧૩૦ સૂત્ર અને ૨૫ ગાથા પ્રમાણ આ અધ્યયન આઠ ઉદ્દેશામાં વિભક્ત છે. જેમાં શ્રમણને કલ્પ્ય-અકલ્પ્ય, સાંભોગિક-અસાંભોગિક વ્યવહારની સ્પષ્ટતા કરવામાં આવી છે. વેદોદયના કારણે થતી અધૃતિમાં સ્થિર રહેવાના માર્ગો બતાવતાં ત્રણ પ્રકારના મરણની વાત કરેલ છે.

**૯. ઉપધાન શ્રુત :** ભગવાન શ્રી મહાવીરસ્વામીની વિહાર ચર્યા, વિહાર સ્થાનો અને સહન કરેલા પરીષહો-ઉપસર્ગોનું વર્ણન ચાર ઉદ્દેશાની ૭૦ ગાથામાં કરવામાં આવ્યું છે. દરેક પરિસ્થિતિમાં પ્રભુએ રાખેલી પરાકાષ્ટાની સમાધિ, સહનશીલતા અને શૂરવીરતાનાં અહીં દર્શન થાય છે.

આચારાગ્ર નામના બીજા શ્રુતસ્કંધમાં ચાર ચૂલા અને ૧૬ અધ્યયનો છે.

અધ્યયનનાં નામ અને વિષય સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧. **પિંડૈષણા :** પિંડ એટલે આહાર. એષણા એટલે ગ્રહણ કરવાની વિધિ. સાધુએ ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ.

૨. **શય્યા :** સાધુને રહેવાની વસતિ અંગેની મર્યાદા

૩. **ઈર્યા :** વિહાર સંબંધી મર્યાદા,

૪. **ભાષા :** બોલવા વિષેનો વિવેક,

૫. **વસ્ત્ર :** સંયમજીવનમાં ઉપયોગી વસ્ત્રોની વિધિ,

૬. **પાત્રૈષણા :** ભિક્ષામાં ઉપયોગી પાત્ર ગ્રહણ કરવાની વિધિ

૭. **અવગ્રહ પ્રતિમા :** ઉપકરણની મર્યાદા તથા વસતિનો અવગ્રહ.

૮.થી ૧૪ આ સાત અધ્યયનમાં ઊભા રહેવાનું **સ્થાન**-૧, **સ્વાધ્યાય સ્થળ**-૨, **સ્થંડીલભૂમિ**-૩, **શબ્દ**-૪, **રૂપ**-૫, **પરક્રિયા**-૬ અને **અન્યોન્ય ક્રિયા**-૭ એમ સાત વિષયો વર્ણવાયા છે.

૧૫. **ભાવના :** શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના જીવનચરિત્રની સાથોસાથ પાંચ પાંચ ભાવનાઓથી ભાવિત પાંચ મહાવ્રતોનો નિર્દેશ છે.

૧૬. **વિમુક્તિ :** દોષો અને આસક્તિઓનો નિર્ભયપણે ત્યાગ કરવાનો ઉપદેશ આપી આ અધ્યયન અને આ બીજા શ્રુતસ્કંધની સાથે આચારાંગ સૂત્ર પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ આગમના છઠા-ધૂત અધ્યયન ઉપર જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ ૨૩૬ પ્રવચનો કરેલાં છે. જે આચારાંગસૂત્રનાં પ્રવચનો ભાગ ૧ થી ૧૪ રૂપે સન્માર્ગ પ્રકાશન દ્વારા પ્રકાશિત થયેલ છે.

# આચારાંગસૂત્રની વાણીના અંશો

❄ **जाए सद्धाए णिक्खंतो, तमेव अणुपालिया ।**

જે શ્રદ્ધાથી દીક્ષાનો સ્વીકાર કર્યો છે તે જ શ્રદ્ધાથી તેનું પાલન કરે.

❄ **खणं जाणाहि पंडिए ।**

હે પંડિત ! હે આત્મતત્ત્વને જાણનાર ! ધર્મ આરાધનાની આ ક્ષણને જાણ ! આ ક્ષણનો ઉપયોગ ધર્મ આરાધનામાં કરી લે !

❄ **सुत्ता अमुणी, मुणिणो सया जागरंति ।**

જે સુતેલા છે તે અમુનિ (અજ્ઞાની) છે. મુનિઓ તો સદાય જાગતા (જ્ઞાની) હોય છે.

❄ **धीरो मुहुत्तमवि णो पमायए ।**

ધીરપુરુષો મુહૂર્ત માત્ર પણ પ્રમાદ કરતા નથી.

❄ **तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइअं ।**

તે જ સાચું અને શંકા વગરનું કે જે જિનેશ્વરોએ કહ્યું છે.

❄ **जुद्धारिहं खलु दुल्लहं ।**

કર્મ સામે યુદ્ધ કરવા જરૂરી એવું આ શરીર બહુ દુર્લભ છે.

❄ **गुरु से कामा ।**

કામભોગો ત્યજવા અતિકઠિન છે.

❄ **आसं च छंदं च विगिंच धीरे ।**

હે ધીર ! આશાને અને ભોગોની ઈચ્છાને છોડી દે.

❄ **सम्मत्तदंसी ण करेइ पावं ।**

સમ્યક્ત્વદર્શી જીવ પાપ કરતો નથી.

❄ **जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा ।**

જે આશ્રવનાં સ્થાન છે તે નિર્જરાનાં સ્થાન છે. જે નિર્જરાનાં સ્થાન છે. તે આશ્રવનાં સ્થાન છે.

❄ **जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।**

જે એકને (આત્માને) જાણે છે, તે સર્વને જાણે છે; જે સર્વને જાણે છે, તે એકને (આત્માને) જાણે છે.

❄ **सव्वओ पमत्तस्स भयं, सव्वओ अप्पमत्तस्स णत्थि भयं ।**

પ્રમાદીને બધે જ ભય હોય છે, અપ્રમાદીને ક્યાંય ભય નથી.

૩

# સૂત્રકૃતાંગ સૂત્ર-૧

પ્રભુવચન, મોહવિષને ઉતારવા માટે મંત્રતુલ્ય છે. મોહના અનેક પ્રકાર છે. શબ્દાદિ વિષયો હોય કે ક્રોધાદિ કષાયો હોય, મિથ્યાત્વ હોય કે અવિરતિ હોય, પ્રમાદ હોય કે અશુભયોગ હોય : આ બધા મોહનાં જ ચહેરામહોરા છે. દરેક પ્રકારના મોહવિષને ઉતારનાર જો કોઈ હોય તો એક માત્ર પ્રભુવચન છે.

પ્રભુના આ સાક્ષાત્ વચનોનો નિર્દેશ આગમગ્રંથો કરે છે. પૂર્વકાળમાં તે આગમગ્રંથો ચોર્યાસી (૮૪) હતા. તેમાંથી માત્ર ૪૫ આગમ આજે ઉપલબ્ધ છે. તેમાં શ્રી આચારાંગ સૂત્રની અલ્પ ઓળખ મેળવ્યા પછી હવે શ્રી સૂત્રકૃતાંગ સૂત્રનો કાંઈક પરિચય મેળવીએ.

શ્રી **સૂત્રકૃતાંગ સૂત્ર** દ્વિતીય અંગ સૂત્ર છે. પંચમ ગણધર **શ્રી સુધર્માસ્વામીજી મહારાજા** સ્વયં આ આગમના રચયિતા છે. રચનાકાળે તેનું પ્રમાણ ૩૬૦૦૦ પદનું હતું. વર્તમાનમાં આ આગમ માત્ર ૨૧૦૦ શ્લોક પ્રમાણ વિદ્યમાન છે. બાકીનો મોટો ભાગ આજે નાશ પામ્યો છે. દરેક આગમગ્રંથોના જે મહત્તમ ભાગો નાશ પામ્યા તેમાં અનેક પરિબળો નિમિત્ત બન્યાં છે. તે અંગે પ્રાસંગિક થોડી વાત કરી આગળ વધશું.

પૂર્વના કાળમાં આગમગ્રંથો ગણિપિટક તરીકે ઓળખાતા. ગણિ એટલે આચાર્ય. પિટક એટલે પેટી. આચાર્યોની શ્રુતપેટી. સંપૂર્ણ દ્વાદશાંગી આચાર્ય ભગવંતોના અધિકારમાં રહેતી. ગણધર ભગવંતોથી

લઈને ક્રમશઃ આ દ્વાદશાંગી ગુરુમુખે સુયોગ્ય શિષ્યોને પ્રાપ્ત થતી. સૂત્રથી અને અર્થથી આગમગ્રંથો મુખપાઠ કરવામાં આવતા. તેનું પુનરાવર્તન થતું. યથાતથ તેની ધારણા થતી. તેની અનુપ્રેક્ષામાં સાધનાકાળ પસાર કરવામાં આવતો.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ લગભગ ૧૦૦૦ વર્ષ સુધી આ પરંપરા અવિચ્છિન્ન રહી. તે પછી ક્રમશઃ સ્મૃતિની દુર્બળતા, દુર્ભિક્ષ વગેરે કુદરતી આફતો, રાજકીય વિષમ પરિસ્થિતિ અને સાંપ્રદાયિક સંઘર્ષો આદિના કારણે આગમના જ્ઞાનનો મહદ્અંશે નાશ થયો. જાણે એક સિંધુ સુકાઈ બિંદુ શેષ રહ્યું.

આ વિષમ પરિસ્થિતિ જોઈને મહાન શ્રુતપારગામી **શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે** વલભીપુરમાં વાચના કરી. જેમાં ૫૦૦ સૂરિવરો, અનેક વિદ્વાન શ્રમણોનું સંમિલન કરવામાં આવ્યું. ભાવી જીવોના હિતને આંખ સામે રાખી તત્કાલીન ઉપલબ્ધ સર્વ આગમોને તાડપત્રો ઉપર લખી-લખાવી પુસ્તકારુઢ કરવામાં આવ્યાં. વર્તમાનમાં ઉપલબ્ધ આગમગ્રંથોનું બંધારણ પણ આ જ વાચનાને આધારે સુનિશ્ચિત થયું.

પ્રથમાંગ શ્રી આચારાંગ સૂત્રમાં મુખ્યતાએ આચારોની નિર્મળતાને પ્રધાનતા આપેલ છે, જ્યારે શ્રી સૂયગડાંગ સૂત્રમાં વિચારોની શુદ્ધિ અને માર્ગસ્થતાને પ્રધાનતા અપાયેલ છે. સાધનાની સફળતા આચારોની નિર્મળતા ઉપર નિર્ભર છે, જ્યારે આચારોની નિર્મળતા વિચારોની શુદ્ધિ અને માર્ગસ્થતા ઉપર જ નિર્ભર છે. તેથી કહેવાયું છે કે- સદ્આચાર અને સદ્વિચારનો સુંદર સમન્વય એ મોક્ષસાધનાનું મુખ્ય અંગ છે. આચારાંગ સૂત્ર પછી સૂયગડાંગ સૂત્ર મૂકવામાં આ મુખ્ય હેતુ છે.

એ જ રીતે શ્રી આચારાંગ સૂત્રમાં મુખ્યત્વે આત્મતત્ત્વને કેન્દ્રિત કરીને બધી વાત કરવામાં આવી છે, જ્યારે શ્રી સૂયગડાંગ સૂત્રમાં મુખ્યત્વે આત્માને વળગેલ બંધનોને-કર્મો અને કર્મોનાં કારણોને કેન્દ્રિત કરીને બધી વાત કરવામાં આવી છે.

પ્રસ્તુત શ્રી સૂયગડાંગ સૂત્ર ઉપર ચૌદપૂર્વધર પૂ.આ.**શ્રી ભદ્રબાહુસ્વામી** મહારાજાએ ૨૦૫ ગાથા પ્રમાણ નિર્યુક્તિ અને પૂ.આ.**શ્રી શીલાંકાચાર્યજી** મહારાજાએ ૧૨૮૫૦ શ્લોક પ્રમાણ બૃહદ્વૃત્તિની રચના કરેલ છે. આ જ આગમની ૯૯૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ પણ ઉપલબ્ધ છે. તેનાં કર્તા તરીકે પૂ. **શ્રી જિનદાસગણિ**મહત્તરની ધારણા કરવામાં આવે છે. તે ઉપરાંત પૂ.આ.**શ્રી. ભુવનસોમસૂરિ** મ.ના શિષ્ય ઉપાધ્યાય**શ્રી સાધુરંગ** મહારાજે વિ.સં. ૧૫૯૯માં અને પૂ.આ.શ્રી **હેમવિમલસૂરિ**ના શિષ્ય **પૂ. હર્ષકુલગણિ**એ વિ.સં. ૧૫૮૩માં સંસ્કૃત ટીકાઓની રચના કરેલ છે. આજે આ આગમ સંબંધી ૪૧૭૫૦ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

નિર્યુક્તિકાર પૂ.આ.શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ આ આગમનાં અર્થ-સભર ત્રણ નામ આપ્યાં છે.

**૧-સૂતકૃત :** પ્રભુવીરના શ્રીમુખે સૂત-ઉત્પન્ન થયેલાં વચનોને સાંભળીને કૃત-કરાયેલું આ આગમ,

**૨-સૂત્રકૃત :** સૂત્રાત્મક શૈલીએ તત્ત્વોનો બોધ કરાવતુ આ આગમ,

**૩-સૂચાકૃતઃ** સ્વદર્શન અને પરદર્શનની સૂચના કરાયેલી છે જેમાં, એવું આ આગમ છે.

આ ત્રણેય અર્થમાં ઊંડાણથી વિચારીએ તો પહેલાં બે નામ અન્ય આગમોને પણ લાગુ પડે તેવાં છે; જ્યારે ત્રીજું નામ આ આગમ માટે વધુ નજીકનો પરિચય આપનાર બને છે.

*આ આગમમાં મુખ્યતાએ પરિગ્રહ-૧, હિંસા-૨, મમત્વ-૩ અને* મિથ્યામતોની માન્યતા-મિથ્યાત્વ-૪ એમ કુલ ચાર પ્રકારનાં બંધનોની વાત કરીને એનો વિસ્તાર કરતાં આજથી ૨૫૦૦ વર્ષ પ્રાચીનકાળમાં આચારભિન્નતા અને તત્ત્વભિન્નતાના કારણે સર્જાયેલા વિવિધ મતોનો પરિચય જોવા મળે છે. તે મતોમાં રહેલી એક-એક મિથ્યાવાતોનો ઉલ્લેખ કરીને સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ એવા પ્રભુ મહાવીરે સ્વયં તેનું ખંડન કર્યું છે, પ્રતિપક્ષી સત્ય સિદ્ધાંતોનું સ્થાપન પણ કર્યું છે. મિથ્યામતો અને તેની

માન્યતાનો પૂર્વ પરિચય આપ્યા બાદ જ તેનું ખંડન કરેલ છે. જે કારણે આ આગમ મહત્ત્વપૂર્ણ સ્થાન પામેલું છે. મોક્ષમાર્ગની સાધના કરવા ઇચ્છતા જીવોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને શુદ્ધિનું કારણ પણ બને છે.

ટીકાકાર મહર્ષિએ આ આગમને આ આગમમાં મિથ્યામતનિરસન અને સત્યતત્ત્વોનું પ્રકાશન હોવાથી દ્રવ્યાનુયોગની કોટિમાં મૂક્યું છે, જ્યારે ચૂર્ણિકાર મહર્ષિએ આ આગમમાં આચાર વિષયક સૂત્રોની પ્રચુરતા હોવાથી ચરણકરણાનુયોગની કોટિમાં મૂક્યું છે.

આ આગમ ઉપર થયેલા પ્રવચનો સન્માર્ગ પ્રકાશન દ્વારા 'આગમજાણો' 'આતમ જાગો' અને 'બંધન જાણો, બંધન તોડો' ના નામે પ્રકાશિત થયેલા છે. જે ત્રણ ભાગને શ્રીસૂયગડાંગ સૂત્રના સથવારે નામે પણ ઓળખવામાં આવે છે.

પ્રસ્તુત આગમના બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં સોળ અધ્યયન અને બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે. તે તમામ અધ્યયનોનાં નામ અને તેના વિષયનો સંક્ષિપ્ત પરિચય હવે પછીના લેખમાં જોઈશું.

૪

## સૂત્રકૃતાંગ સૂત્ર-૨

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધનું નામ 'ગાથા-ષોડશક' છે. જે પદ્યશૈલીમાં ૧૬ અધ્યયનાત્મક છે. બીજા શ્રુતસ્કંધનાં ૭ અધ્યયન છે, જેનું સ્વતંત્ર કોઈ નામ નથી. ૨૩ અધ્યયનોનાં નામ અને વિષય ક્રમશ: નીચે મુજબ છે.

**૧. સમય :** ૪ ઉદ્દેશા અને ૮૮ શ્લોક પ્રમાણ આ અધ્યયનમાં આત્માને જાગવાનો, બંધનને ઓળખવાનો અને બંધનોને તોડવાનો ઉપદેશ આપ્યો છે. તેમાં પરિગ્રહ, હિંસા, સ્વજન મમતા અને મિથ્યામતોની ઓળખ આપીને તે બધાં બંધનો અને મતોથી બચવાનું કહેવામાં આવ્યું છે.

**૨. વૈતાલીય :** વૈતાલિક છંદમાં રચાયેલા ત્રણ ઉદ્દેશા અને ૭૬ શ્લોક પ્રમાણ આ અધ્યયનમાં શ્રી ઋષભદેવ પરમાત્માએ અષ્ટાપદ ગિરિરાજ ઉપર ૯૮ પુત્રોને આપેલો વૈરાગ્યસભર ઉપદેશ ગૂંથવામાં આવ્યો છે.

**૩. ઉપસર્ગપરિજ્ઞા :** વિરક્ત આત્મા સંયમજીવનનો પ્રારંભ કરે ત્યારે તેની સામે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગ ઉપસ્થિત થાય. તે ઉપસર્ગોને સમતાપૂર્વક સહન કરી જીતવાની વાત ૪ ઉદ્દેશા અને ૮૨ શ્લોક દ્વારા કરેલ છે.

**૪. સ્ત્રીપરિજ્ઞા :** દરેક પરીષહમાં સ્ત્રીપરીષહ જીતવો અતિકઠિન છે, તે પરીષહ જીતવાથી થતા લાભો અને હારવાથી થતાં નુકશાનોનું

ઊંડાણથી વર્ણન છે. જેમાં ૨ ઉદ્દેશા અને ૫૨ શ્લોક છે.

**૫. નરક વિભક્તિ :** નરકની બેહાલી અને પરવશતાનું વર્ણન કર્યા બાદ નરક પ્રાપ્તિનાં મુખ્ય બે કારણો બતાવ્યાં છે. ૧. ઉપસર્ગભીરુતા ૨. સ્ત્રીપરવશતા. ૨ ઉદ્દેશા અને ૫૨ શ્લોકમાં આ વાત વણાયેલી છે.

**૬. મહાવીર સ્તુતિ :** ૨૯ શ્લોક દ્વારા અનેક ઉપમાઓ આપીને ભગવાન મહાવીરની સ્તવના કરાયેલી છે. ગુણવૈભવથી સમૃદ્ધ પ્રભુની મહાનતાનું અહીં શબ્દે-શબ્દે દર્શન થાય છે.

**૭. કુશીલ-પરિભાષિત :** જે પણ જીવો ષડ્જીવનિકાયની હિંસામાં કોઈ પણ રીતે પ્રવૃત્ત થાય છે, તે જીવો શિથિલ-આચારી છે. આવા શિથિલાચારીની અવદશાનું માત્ર ૩૦ શ્લોકમાંય મજાનું બ્યાન આપ્યું છે.

**૮. વીર્ય :** વીર્ય એટલે બળ. ૧. કર્મવીર્ય, જે પ્રમત્તજીવોને હોય છે. ૨. અકર્મવીર્ય જે અપ્રમત્તજીવોને હોય છે. કર્મવીર્યથી દૂર રહેવાનો અને અકર્મવીર્ય પ્રગટાવવાનો ઉપદેશ આપતા આ અધ્યયનમાં ૨૭ શ્લોક છે.

**૯. ધર્મ :** ધર્મની વ્યાખ્યા શું ?, ધર્મપ્રાપ્તિના ઉપાય કયા ? અને સાધુજીવનમાં દોષયુક્ત પ્રવૃત્તિઓ કઈ ? વગેરે પ્રશ્નોનાં ૩૬ શ્લોક દ્વારા સમાધાન આપ્યાં છે.

**૧૦. સમાધિ :** સમાધિના ત્રણ મુખ્ય અર્થ છે; સમાધાન, સંતોષ અને અવિરોધ. જે સાધુ અહીં જણાવ્યા મુજબની સમાધાનશૈલી, સંતોષવૃત્તિ અને અવિરોધ પ્રવૃત્તિ રાખે છે, તે જ સાચી સમાધિ પામી શકે છે. અહીં ૨૪ શ્લોક છે.

**૧૧. માર્ગ :** આજ સુધીના ભૂતકાળમાં જેટલા આત્માઓ સંસારસાગરને તર્યા છે, વર્તમાનમાં જે આત્માઓ તરે છે અને ભવિષ્યમાં જે આત્માઓ સંસાર સાગર તરવાના છે, આ સર્વ જીવો જે માર્ગનું આલંબન લે છે તે રત્નત્રયીનો માર્ગ અહીં ૩૮ શ્લોક દ્વારા બતાવ્યો છે.

**૧૨. સમવસરણ :** સમવસરણનો અહીં જણાવેલ અર્થ છે વાદસ્થાન.

જ્યાં અનેક દર્શનકારો એકઠા થઈ વાદ દ્વારા તત્ત્વનિર્ણય કરે તે સમવસરણ! આ અધ્યયનમાં ચાર મિથ્યાદર્શનોની વાત કરી સત્યવાદની સ્થાપના કરેલ છે. જેમાં ૨૨ શ્લોક છે.

**૧૩. યથાતથ્ય :** સાધક શિષ્યના ગુણ-દોષોનું વર્ણન અને સાધનામાં બાધક એવાં મદ-સ્થાનોની વાતો ૨૩ શ્લોક દ્વારા અહીં કરાયેલી છે.

**૧૪. ગ્રંથ :** સંસારનો ત્યાગ કરનાર મુનિએ ગુરુકુલવાસમાં શા માટે રહેવું જોઈએ, ગુરુકુલવાસના લાભ કેટલા ? તેમાં ન રહેનારને નુકશાન કેટલાં અને સાધના કેવી કરવી ? વગેરે વાતો ૨૭ શ્લોકમાં કરેલી છે.

**૧૫. યમકીય :** યમક અલંકારવાળા ૨૫ શ્લોકમાં ઘાતીકર્મનો નાશ કરનારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને ભાવનામાર્ગનું આલંબન લેનારા કર્મક્ષય કરીને મોક્ષે જાય છે, તે વાત આ અધ્યયનમાં કરેલ છે.

**૧૬. ગાથા :** ગાથા એટલે પ્રશંસા. પૂર્વનાં પંદર અધ્યયનમાં કહેવાયેલી વાતોને જીવનમાં જીવનારા મુનિઓની અહીં પ્રશંસા કરાયેલી છે. અંતમાં 'ભગવાનશ્રી મહાવીર પરમાત્માએ જે કહ્યું તે જ મેં તમને કહ્યું છે. તેથી તે વાતો તે પ્રમાણે જ છે' તેમ તમે માનો-આવું શ્રી સુધર્માસ્વામીજી મહારાજાએ કહ્યું છે. આમાં ગદ્યમય ૬ સૂત્રો છે.

### શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધનાં સાત અધ્યયન છે.

**૧. પુંડરીક :** ગદ્યમય ૭૨ સૂત્રોમાં કમળોમાં પુંડરીક કમળ જેમ શ્રેષ્ઠ છે તેમ સમકિતીમાં ક્ષાયિક સમકિતી, ચારિત્રીમાં યથાખ્યાત ચારિત્રી, અધ્યાત્મીમાં અનાશંસી, ધ્યાતાઓમાં શુક્લધ્યાની આત્માઓ શ્રેષ્ઠ છે.

**૨. ક્રિયાસ્થાન :** ૬૮ સૂત્રો દ્વારા ક્રિયાના ૧૩ સ્થાન બતાવ્યાં છે. એમાનાં ૧૨ સ્થાનો કર્મ બંધનનાં કારણ છે. જ્યારે છેલ્લુ તેરમું સ્થાન કર્મનિર્જરાનું સ્થાન છે.

**૩. આહાર-પરિજ્ઞા :** ૨૯ સૂત્રો દ્વારા જીવોનું ઉત્પત્તિસ્થાન યોનિ, જીવવા માટે ઉપયોગી આહાર વગેરે બાબતોની વાત અહીં વિસ્તારથી કરેલ છે.

**૪. પ્રત્યાખ્યાન ક્રિયા :** અપ્રત્યાખ્યાન-અપચ્ચક્ખાણ કર્મબંધનું અને પ્રત્યાખ્યાન-પચ્ચક્ખાણ કર્મનિર્જરાનું કારણ છે. અહીં ૧૮ પાપસ્થાનકનાં પ્રત્યાખ્યાનથી થતા લાભોનું વર્ણન ૧૧ સૂત્રોમાં કરાયું છે.

**૫. આચાર શ્રુત :** ૩૩ ગાથા દ્વારા અનાચાર ત્યાગનો ઉપદેશ આપતાં એકાંતવાદ અને અનેકાંતવાદનો તફાવત સ્પષ્ટ કર્યો છે.

**૬. આર્દ્રકીય :** અનાર્યદેશના રાજકુમાર આર્દ્રકુમાર મુનિએ તત્કાલીન પાંચ મિથ્યાવાદીઓ સાથે વાદ કર્યો, તેમને નિરુત્તર કર્યા અને પ્રભુવીર પાસે પહોંચ્યા' આ વાત ૫૫ ગાથા દ્વારા રોચક-શૈલીમાં કહેવાયેલી છે. 'મુનિ અદ્દચરિત મનરંગે, જોઈ લીજે બીજે અંગે.' પંક્તિ દ્વારા પૂ. મહોપાધ્યાયજી મહારાજે આ અધ્યયનની સાક્ષી ૩૫૦ ગાથાના સ્તવનમાં આપેલી છે.

**૭. નાલંદીય :** ૪૧ સૂત્રો દ્વારા રાજગૃહીમહાનગરીના નાલંદાપાડા (ઉપનગર)માં ગણધર શ્રી ગૌતમસ્વામીજી મહારાજા અને પ્રભુ પાર્શ્વની પરંપરામાં થયેલા ઉદક શ્રમણ વચ્ચે થયેલા પ્રશ્નોત્તર દ્વારા શ્રાવકજીવનનું વર્ણન છે.

એકાંતવાદનું ખંડન કરીને અનેકાંતવાદની સિદ્ધિ કરાવવા દ્વારા આ આગમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને શુદ્ધિ માટે પરમ ઉપકારક બને છે.

## સૂત્રકૃતાંગ સૂત્રની વાણીના અંશો

❊ **बुज्जिज्ज तिउट्टिज्जा बंधणं परिजाणिया ।**
જાગ, બંધનને દરેક રીતે જાણીને તોડી નાંખ.

❊ **एयं खु णाणिण सारं , जं ण हिंसइ कंचणं ।**
જ્ઞાની હોવાનો સાર એ છે કે, જે કોઈની પણ હિંસા ન કરે.

❊ **संबुज्झह किण्ण बुज्झइ, संबोही खलु पेच्च दुल्लहा ।**
બોધ પ્રાપ્ત કરો, શા માટે બોધ પ્રાપ્ત કરતા નથી. ખરેખર આત્મબોધ બહુ દુર્લભ છે.

❊ **आमोक्खाए परिव्वएज्जासि ।**
હે આત્મા ! મોક્ષ પ્રાપ્તિ સુધી તું પ્રયત્ન કરતો જા !

❊ **तितिक्खं परमं णच्चा ।**
તિતિક્ષા - સહન કરવાની ભાવના એ મોક્ષનું પરમ કારણ છે.

❊ **जेहिं काले परक्कंतं, ण पच्छा परितप्पए ।**
યોગ્ય કાળે પ્રયત્ન કરનાર પાછળથી પસ્તાતો નથી.

❊ **दुल्लभाओ तहच्चाओ, जे धम्मट्ठं वियागरे ।**
ધર્મતત્ત્વનો ઉપદેશ આપનારા આત્માઓની પ્રાપ્તિ દુર્લભ છે.

## ૫

# સ્થાનાંગ સૂત્ર-૧

ભારતીય આર્યદર્શનોનાં મૂળ ત્રણ સ્રોત છે. ૧-વેદ. ૨-ત્રિપિટક, અને ૩-આગમ.

૧. જૈનદર્શનના શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ પ્રભુ શ્રી ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીએ શ્રાવકાચારને વર્ણવતા વેદો બનાવ્યા હતા. કાલાંતરે સ્વાર્થપ્રચૂર બ્રાહ્મણોએ એના સ્થાને એમની અર્થ-કામની લાલસાને પોષે એવા નવા વેદોની રચના કરી. વૈદિકોએ કરેલી વ્યાખ્યા મુજબ પૂર્વકાલીન ઋષિઓની વાણીનો જે સંગ્રહ તે વેદ કહેવાય છે. તેની રચના સંસ્કૃતભાષામાં થયેલ છે. વેદના મુખ્ય ચાર અંગ છે. ૧-ઋગ્વેદ, ૨-યજુર્વેદ, ૩ સામવેદ, ૪-અથર્વવેદ. આ ચાર વેદના આધારે વર્તમાનમાં વૈદિક ધર્મ ચાલે છે. તેઓના સંપૂર્ણ સાહિત્યની રચના મહદ્અંશે વેદ આધારિત છે. જેમાં કર્મકાંડ અને જ્ઞાનકાંડ બંનેની પ્રમુખતા રાખવામાં આવી છે. વેદો પછી સ્મૃતિ, પુરાણો અને ઉપનિષદો પણ રચાયેલાં છે. જેમાં વેદવિહિત ઘણી બાબતોથી ઉપર ઉઠીને ઉદારપણે અન્ય અન્ય સૌમ્ય માન્યતાઓને પણ સ્થાન-માન અપાયું છે.

૨. તથાગત બુદ્ધનાં પ્રવચનો-વાણીનું સંકલન એટલે ત્રિપિટક. જેમાં આધ્યાત્મિક, સામાજિક અને નૈતિક ઉપદેશો અપાયેલા છે. બૌદ્ધપરંપરાના આચારો, વિચારો અને વિશ્વાસનું કેન્દ્ર ત્રિપિટકો છે. ત્રણ પિટક એટલે ત્રિપિટક. પિટક એટલે પેટી અગર પટારો.

૧. સુત્તપિટકમાં તથાગત બુદ્ધના મૂળ સિદ્ધાંતોનું વિશ્લેષણ છે. ૨. વિનયપિટકમાં બૌદ્ધભિક્ષુઓની દિનચર્યા અને અનુશાસન સંબંધી વાતો છે અને ૩. અભિધમ્મપિટકમાં દાર્શનિક તત્ત્વોનું વિવેચન છે. ત્રિપિટક તત્કાલીન અને તત્સ્થાનિક લોકભાષા પાલીમાં લખાયેલાં છે.

૩. દરેક તીર્થંકરોના કાળમાં તેમના મુખેથી ત્રિપદીને ગ્રહણ કરીને ગણધરો બાર અંગ આગમની અને અન્ય શ્રુતધરો અન્ય અન્ય આગમોની સંરચના કરતા હોય છે. વર્તમાનમાં ઉપલબ્ધ આગમો એ ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની વાણીના સંગ્રહરૂપ દ્વાદશાંગી આદિ આગમ છે. જૈનધર્મના આચારો, વિચારો અને વિશ્વાસનું કેન્દ્ર આગમ છે. વૈદિક પરંપરામાં જન્મ પામીને ૧૪ વિદ્યા, વેદોમાં પારગામી બન્યા પછી પણ પ્રભુવીરના પાવન મુખેથી ત્રિપદી પામ્યા બાદ એના આધારે દ્વાદશાંગીની રચના કરનાર શ્રી ઈન્દ્રભૂતિ વગેરે અગ્યાર ગણધર ભગવંતો છે. આગમની મહત્તાનું મૂળ સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગ પરમાત્મા મહાવીરનાં વચનો છે. જે વચનોને ગૂંથીને ગણધર ભગવંતોએ દ્વાદશાંગી રૂપ આગમોની રચના કરી છે. જેમાં આચારધર્મ તરીકે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ બતાવ્યા છે. વિચારધર્મ તરીકે અનેકાન્તવાદ, સ્યાદ્‌વાદની સ્થાપના કરેલ છે. આ દ્વાદશાંગીસ્વરૂપ આગમગ્રંથો તત્કાલીન અર્ધમાગધી ભાષામાં રચાયેલા છે.

જેમાં દ્વાદશાંગીના દૃષ્ટિવાદમાં આવતાં ચૌદપૂર્વો સંસ્કૃતભાષામાં રચાયેલાં છે. બાર અંગોમાં બારમું અંગ વિચ્છેદ પામ્યું છે. હાલમાં અગ્યાર જ અંગ આગમો મળે છે. દ્વાદશાંગી ઉપરાંત બારઉપાંગ, છ છેદસૂત્ર, ચાર મૂળ સૂત્રો, દશપયન્ના અને ૧-નંદિસૂત્ર અને ૨-અનુયોગ દ્વાર આ રીતે વર્તમાનમાં ૪૫ આગમો ગણાય છે. દ્વાદશાંગી સિવાયના આગમોની રચના ગણધર, ૧૪ પૂર્વી, ૧૦ પૂર્વી આત્માઓ કરતા હોય છે. પૂર્વે આવાં ૮૪ આગમો ગણાતાં હતાં.

ભારતીય દર્શનોના આ ત્રણ મૂળ સ્રોતમાં ‘આગમ’ સાહિત્ય પૂર્ણતા અને નિર્દોષતાની અપેક્ષાએ શિરમોર સ્થાન ધરાવે છે. તે જ રીતે

આત્મસ્વરૂપને પ્રાપ્ત કરાવી ભવમુક્તિ અપાવવાની પરિપૂર્ણ ક્ષમતા પણ એક માત્ર 'આગમ' સાહિત્ય જ ધરાવે છે. આ વાત કોઈ પણ મધ્યસ્થ ચિંતકને સ્વીકારવી પડે તેમ છે.

પ્રસ્તુત આગમશ્રેણિનું તૃતીય અંગ આગમ શ્રી સ્થાનાંગ સૂત્ર છે.

એકથી દશ સુધીના અંકસ્થાનોમાં સમાવેશ પામતાં જૈનશાસન માન્ય અનેક પદાર્થોનો સંગ્રહ શ્રી સ્થાનાંગસૂત્રમાં કરવામાં આવ્યો છે. જીવાદિ પદાર્થોને જ્યાં સ્થાન આપવામાં આવ્યું છે તે શ્રી સ્થાનાંગ સૂત્ર, આવી પણ વ્યાખ્યા કરવામાં આવે છે. આ આગમ એક મહાન અર્થકોષરૂપ છે. અપેક્ષાએ કહી શકાય કે બીજા બધાં આગમ ગ્રંથોમાં આ જ આગમના વિષયોનો વિસ્તાર છે.

યોગગ્રંથોમાં આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે અધ્યાત્મનું અદકેરું મહત્ત્વ બતાવ્યું છે. અધ્યાત્મ પ્રગટાવવા માટે પદાર્થોનો યથાર્થ બોધ અને શાસ્ત્રના આધારે તે પદાર્થોનું સદ્ચિંતન અનિવાર્ય છે. આ મહાન આગમ તે સદ્ચિંતનમાં ઉપયોગી એવા અઢળક તત્ત્વોને દર્શાવે છે. શ્રી વ્યવહાર સૂત્ર નામનાં છેદગ્રંથમાં કહ્યું છે કે -

**'xxx जहण्णेणं ठाण-समवायधरे कप्पइ आयरियत्ताए जाव**
**गणावच्छेइयत्ताए उद्दिसित्तए ।'**

આચાર્યપદ, ઉપાધ્યાયપદ, પ્રવર્તક-સ્થવિર-ગણાવચ્છેદક પ્રદાનની યોગ્યતા બતાવતાં છેદસૂત્રકાર મહર્ષિએ આઠ વર્ષનો દીક્ષા પર્યાય હોય, આચારમાં, સંયમમાં, પ્રવચનમાં, ધર્મોપદેશમાં, અનુગ્રહ કરવામાં જે કુશળ હોય, જેમનું ચારિત્ર અખંડ, અભિન્ન અને નિર્દોષ હોય, આચારમાર્ગ જેમનો અસંક્લિષ્ટ હોય વગેરે વાતો બતાવ્યા પછી અંતમાં કહ્યું છે કે,

'જે ઘણાં આગમોના જ્ઞાતા હોય અને જઘન્યથી જે સ્થાનાંગ સૂત્ર તથા સમવાયાંગ સૂત્રના જ્ઞાતા હોય તેમને આચાર્યપદથી લઈને ગણાવચ્છેદક પદ આપવું કલ્પે છે - ઉચિત છે.'

આ વાત પ્રસ્તુત ઠાણાંગસૂત્ર આગમની મહત્તા સમજવામાં અતિ ઉપયોગી છે.

દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ અને ચરણકરણાનુયોગ એમ ચારેય અનુયોગના પદાર્થોને અહીં મુખ્યત્વે, ગણિતાનુયોગની શૈલીમાં ગૂંથીને તત્ત્વજિજ્ઞાસુ જીવો ઉપર મહત્તમ ઉપકાર કર્યો છે. પ્રાયઃ ગદ્યશૈલીનો ઉપયોગ અહીં કરવામાં આવ્યો છે.

આ સ્થાનાંગસૂત્રના ૭૨૦૦૦ પદો છે. વર્તમાનમાં ૭૮૩ સૂત્રો ઉપલબ્ધ છે. જે ૩૭૦૦ શ્લોક પ્રમાણ છે. આ આગમ એક શ્રુતસ્કંધ સ્વરૂપ છે. તેનાં દશ અધ્યયનો અને એકવીશ ઉદેશા છે. શ્રુતસ્કંધ અને અધ્યયનોનાં કોઈ વિશિષ્ટ નામો અપાયાં નથી.

શ્રી સ્થાનાંગ સૂત્ર ઉપર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ ઉપલબ્ધ નથી. નવાંગીવૃત્તિકાર પૂ.આ.**શ્રી અભયદેવસૂરિજી** મહારાજાએ વિ.સં. ૧૧૨૦માં રચેલી ૧૪૨૫૦ શ્લોક પ્રમાણવૃત્તિ આજે ઉપલબ્ધ છે. તે ઉપરાંત વિ.સં. ૧૬૫૭માં પૂ.**શ્રી કુશલવર્ધનગણિના** શિષ્ય પૂ. **શ્રી નગર્ષિગણિ**એ દીપિકાની રચના કરી છે. ત્યારબાદ વિ.સં. ૧૭૦૫માં પૂ. **શ્રીસમયસુંદરગણિ**ના શિષ્ય **પૂ. મુનિહર્ષનન્દ**ને તથા પૂ. **મુનિ સુમતિકલ્લોલે** પૂ.આ.શ્રી અભયદેવસૂરિકૃત વૃત્તિમાં રહેલી ઉદ્ધૃત ગાથાઓ ઉપર વૃત્તિ રચી છે.

પ્રસ્તુત આગમનાં દશ અધ્યયનોનો પરિચય તથા શ્રી સ્થાનાંગસૂત્રની વાણીના અંશો હવે પછીના લેખમાં જોઈશું.

## ૬

# સ્થાનાંગ સૂત્ર-૨

શ્રી સ્થાનાંગ સૂત્ર એક વિશિષ્ટ આગમ છે. જે દશ અધ્યયનના એક જ શ્રુતસ્કંધરૂપ છે. આ આગમનાં મૂળ સૂત્રો ૭૮૩ છે. જેમાં દ્રવ્યાનુયોગ વિષયક ૪૨૬ સૂત્ર, ચરણકરણાનુયોગ વિષયક ૨૧૪ સૂત્ર, ગણિતાનુયોગ વિષયક ૧૦૯ સૂત્ર અને ધર્મકથાનુયોગ વિષયક ૫૧ સૂત્ર છે. આ પ્રમાણે કુલ ૮૦૦ સૂત્ર થાય છે. ૧૭ સૂત્રો બે-બે અનુયોગમાં સમાવેશ પામતા હોવાથી મૂળસૂત્ર કરતાં આ સંખ્યા વધારે છે.

**આ આગમનાં દશ અધ્યયનોનાં નામ અને વિષય નીચે પ્રમાણે છે.**

**(૧) એકસ્થાન :** આ અધ્યયન સંગ્રહનયથી ગૂંથાયેલું છે. દ્રવ્યત્વ જાતિની અપેક્ષાએ આત્મા એક જ છે. ક્ષેત્રની દૃષ્ટિએ જંબૂદ્વીપ એક જ છે. કાળની અપેક્ષાએ વર્તમાન સમય એક જ હોય છે અને ભાવની અપેક્ષાએ શબ્દ એક જ છે. આવા એક સંખ્યાવાળા અનેક પદાર્થોનું વર્ણન કરાયેલું છે.

**(૨) બેસ્થાન :** જીવ-અજીવ, ત્રસ-સ્થાવર, સયોનિક-અયોનિક, ધર્મ-અધર્મ, બન્ધ-મોક્ષ વગેરે દ્વિસંખ્યક પદાર્થોની સંયોજના કરાયેલી છે. જ્ઞાન અને ક્રિયા એમ ઉભયાત્મક સાધના છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારનાં પ્રમાણ છે. આ વાત કરવા દ્વારા પ્રભુ વીર પરમાત્માએ સ્વસિદ્ધાંત સ્થાપીને એકાંત જ્ઞાનવાદી, ક્રિયાવાદી, પ્રત્યક્ષવાદી અને પરોક્ષવાદી જેવા મિથ્યામતોનું નિરસન કર્યું છે.

**(૩) ત્રણસ્થાન :** આ અધ્યયનના ચાર ઉદ્દેશામાં અનેકત્રિકનું નિરૂપણ છે. સુખ-દુઃખ અને તટસ્થ અનુભૂતિવાળા ત્રિવિધ મનુષ્યો, તુંબડાનાં-લાકડાનાં અને માટીનાં એમ ત્રિવિધ શ્રમણનાં પાત્રો, ૧-લજ્જા નિવારણ, ૨-જુગુપ્સા નિવારણ અને ૩-પરીષહ નિવારણ એમ સાધુને વસ્ત્ર ધારણ કરવાનાં ત્રિવિધ કારણો. આવી અનેક ત્રણ-ત્રણ બાબતોનું આ અધ્યયનમાં નિરૂપણ કરાયું છે.

**(૪) ચારસ્થાન :** આ અધ્યયનમાં ચાર ઉદ્દેશા છે. જેમાં માનવનો સ્વભાવ ચાર પ્રકારનો બતાવ્યો છે. તે બતાવવાં ચાર પ્રકારના વૃક્ષનું દૃષ્ટાંત આપ્યું છે. ૧-મૂળથી વાંકુ અને ઉપરથી સીધું. મનથી વક્ર અને વ્યવહારથી સરળ માણસ. ૨-મૂળથી વાંકું અને ઉપરથી પણ વાંકું. મનથી વક્ર અને વ્યવહારથી પણ વક્ર માણસ. ૩-મૂળથી સીધું અને ઉપરથી વાંકુ. મનથી સરળ અને પ્રસંગે વ્યવહારથી વક્ર. ૪-મૂળથી સીધું અને ઉપરથી સીધું. મનથી સરળ અને વ્યવહારથી પણ સરળ. આ દૃષ્ટાંત સાધક આત્માને આત્મપરીક્ષણ માટે બહુ ઉપયોગી છે. આવી રસાળ અને જ્ઞાનવર્ધક બાબતોથી ભરપૂર આ અધ્યયન સૌથી વધુ વિસ્તૃત છે.

**(૫) પાંચસ્થાન :** ત્રણ ઉદ્દેશોમાં પાંચ સંખ્યક અનેક વાતો કરી છે. જેમાં શુદ્ધિકારક પાંચ પદાર્થોનું વર્ણન બહુ રોચક છે. ૧-માટી - જેનાથી વાસણ આદિ, ૨-પાણી-જેનાથી વસ્ત્રાદિ, ૩-અગ્નિ-જેનાથી સુવર્ણાદિ ધાતુ, ૪-મંત્ર-જેનાથી વાયુમંડળ, ૫-બ્રહ્મચર્ય-જેનાથી આત્મા શુદ્ધ કરી શકાય છે. આત્મ સાધનામાં ઉપકારક ભદ્ર વગેરે પાંચ પ્રતિમા, પાંચ પ્રકારની આજીવિકા, પાંચ પ્રકારની નદીઓ વગેરે વાતો અહીં કરી છે.

**(૬) છસ્થાન :** ૬ પ્રકારનાં જીવાદિ દ્રવ્યો, પાંચ ઈન્દ્રિયો અને મનથી ઉત્પન્ન થનારાં ૬ પ્રકારનાં સુખ-દુઃખ, સાધુને આહાર ગ્રહણ કરવા અને ગ્રહણ ન કરવાનાં ૬ કારણો; જેવા ષટ્સ્થાનીય પદાર્થોની વાત કરેલ છે. વધુમાં ગણને ધારણ કરવા યોગ્ય આચાર્યના છ ગુણો બતાવ્યા છે. ૧-શ્રદ્ધાવાન, ૨-સત્યવાદી, ૩-મેધાવી, ૪-બહુશ્રુત (ગીતાર્થ), ૫-પ્રવચનાદિ શક્તિ સંપન્ન, ૬-કલહ રહિત.

**(૭) સાતસ્થાન :** સાત પ્રકારના ભય, યુગની આદિમાં થયેલા સાત કુલકર, સાત પ્રકારના જીવો, લોકસ્થિતિ, સંસ્થાન, નય, આસન, સમુદ્ઘાત, પ્રવચન નિહ્નવ, નક્ષત્ર વગેરે સાત સાત પ્રકારના અનેક વિષયો દર્શાવ્યાં છે.

**(૮) આઠસ્થાન :** એકાકી વિહાર માટે આઠ પ્રકારની યોગ્યતા અનિવાર્ય છે. માયાના આઠ પરિણામ અને ત્યાગનો ઉપદેશ, આલોચના માટે આઠ પ્રકારે શલ્ય રહિત થવું આવશ્યક છે. ગણિ-આચાર્યની આઠ પ્રકારની સંપદા, પ્રાયશ્ચિત્તનાં આઠ સ્થાન, આયુર્વેદનાં આઠ અંગો વગેરે આઠ આઠ પ્રકારની અનેક વાતો કરી છે.

**(૯) નવસ્થાન :** ભગવાન મહાવીરના શાસનને પામેલા તત્કાલીન જે ૯ આત્માઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું, તેઓનાં નામ, રોગોત્પત્તિનાં નવ કારણો, પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક વગેરેની ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ વાતો પણ જણાવેલ છે.

**(૧૦) દશસ્થાન :** સૌથી વધુ વિષયોને વર્ણવનારું આ અધ્યયન છે. દશવિધ વૈયાવચ્ચ, ક્રોધોત્પત્તિનાં દશ કારણ, સમાધિનાં દશ સ્થાન, દશ અચ્છેરાનું વર્ણન, દાનના દશભેદ, ભગવાન મહાવીર સ્વામીને છદ્મસ્થ કાળની અંતિમ રાત્રિએ આવેલાં દશ સ્વપ્નો વગેરેનું વર્ણન અહીં કરાયેલ છે.

વિશ્વના દરેક પદાર્થોમાં જૈનશાસન શું માને છે ? સર્વજ્ઞ વીતરાગે તે પદાર્થો કેવા જોયા છે અને તેને તેઓ કેવા વર્ણવે છે ? તે જાણવા આ આગમ અતિ મહત્ત્વનું છે.

# સ્થાનાંગસૂત્રની વાણીના અંશો

❊ **तिण्हं दुप्पडियारं समणाउसो ! तं जहा - अम्मापिउणो, भट्टिस्स, धम्मायरियस्स ।**

હે આયુષ્યમાન્ શ્રમણો ! ત્રણનો વળતો ઉપકાર કરવો શક્ય નથી ૧-માતા-પિતા, ૨-સ્વામી, ૩-ધર્માચાર્ય. ધર્મરહિત થાય ત્યારે તેઓને સર્વજ્ઞ જિનેશ્વરનો ધર્મ પમાડવો, આ એક જ તેમના ઋણથી મુક્તિનો માર્ગ છે.

❊ **से णं भंते दुक्खे केण कडे ? जीवेणं कडे पमाएणं ।**
**से णं भंते दुक्खे कहं वेइज्जति ? अप्पमाएणं ।**

હે ભગવંત ! દુઃખ કોના વડે ઉત્પન્ન કરાયું છે. હે આયુષ્યમાન્! જીવો દ્વારા, પોતાના પ્રમાદથી જ દુઃખ ઉત્પન્ન કરાયું છે. હે ભગવંત ! દુઃખનો ક્ષય કઈ રીતે કરી શકાય ? અપ્રમાદભાવથી દુઃખને દૂર કરી શકાય.

❊ **तओ ठाणाहिं देवे पीहेज्जा तं जहा - माणुस्सगं भवं, आरिए खेत्ते, जम्मं सुकुलपच्चायातिं ।**

દેવલોકમાં રહેલા દેવો ત્રણ સ્થાનની ઈચ્છા રાખે છે. ૧-મનુષ્યનો ભવ, ૨-આર્ય ક્ષેત્રમાં જન્મ, ૩-સુકુળની પ્રાપ્તિ.

❊ **पंचविधे जीवस्स णिज्जाणमग्गे पण्णत्ते,**
**तं जहा-पाएहिं, ऊरुहिं, उरेण, सिरेणं, सव्वंगेहिं ।**

જીવને શરીરમાંથી નીકળવાના પાંચ માર્ગ છે : ૧-પગ, ૨-જંઘા, ૩-હૃદય, ૪-મસ્તક, ૫-સર્વાંગ.

પગથી નીકળે તે નરકગામી, જંઘાથી નીકળે તેને તિર્યંચગતિ, હૃદયથી નીકળે તેને મનુષ્યગતિ, મસ્તકથી નીકળે તો દેવગતિ અને સર્વાંગથી નીકળે તો મોક્ષગતિ પામે છે.

## ૭

# સમવાયાંગ સૂત્ર

શ્રી સમવાયાંગ સૂત્ર ચોથું અંગ આગમ છે. જે અર્ધમાગધી પ્રાકૃત ભાષામાં ગદ્યશૈલીથી ગુંથાયેલું છે. નમુત્થુણં સૂત્રના મહત્તમ પદો દ્વારા ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની સ્તવના કરીને આ સમવાયાંગ સૂત્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગમના ભાવોને કહેનારા પ્રભુવીરની સ્તવના; એ આ આગમની એક વિશેષતા છે.

આ પૂર્વેના ત્રીજા શ્રી સ્થાનાંગ સૂત્રમાં માત્ર એકથી દશ સંખ્યક પદાર્થોનું જ વર્ણન હતું, જ્યારે પ્રસ્તુત આગમમાં તો એકથી સો (૧૦૦) સંખ્યક અનેક પદાર્થો વર્ણવાયા છે. ત્યારબાદ ક્રમશઃ પચાશ-પચાશનો ગાળો છોડીને ૧૫૦, ૨૦૦ એમ ૫૦૦ સુધીના પદાર્થો, ૧૦૦-૧૦૦નો ગાળો છોડીને ૬૦૦ થી ૧૦૦૦ સંખ્યક પદાર્થો, ૧૦૦૦નો ગાળો છોડીને ૧૦૦૦ થી ૧૦૦૦૦ સુધીના પદાર્થોની વાતો કરી છે. ત્યાર પછી પણ લાખ-બે લાખ-ત્રણ લાખ એમ દશ લાખ, કરોડ, એક કોડાકોડી સાગરોપમ વગેરે સંખ્યાના પદાર્થોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રારંભિક ૧૩૫ સૂત્રોમાં ઉપરોક્ત શૈલીએ નિરૂપણ કર્યા બાદ દ્વાદશાંગીનો પરિચય, દેવો અને નારકોના આવાસો, ત્રેસઠ શલાકા પુરુષો, ભરત-ઐરાવતના ભૂત-ભવિષ્યના તીર્થંકર આત્માઓ વગેરે અનેક પદાર્થોનું નિરૂપણ છે. સમવાયનો અર્થ સમુદાય-સમુહ એવો થાય છે. એકથી લઈને કોડાકોડીની સંખ્યામાં રહેલા પ્રચુર પદાર્થોનો અહીં સમવતાર કરાયેલો હોવાથી આ આગમનું નામ 'સમવાય' છે.

આ આગમમાં દાર્શનિક કોઈ ગહન વિષય નથી, અધ્યાત્મ સંબંધી ગંભીર કોઈ વિવેચન નથી. જે પણ વિષય નિરૂપણ છે તે એકદમ સુગમ અને રસાળ છે. દ્રવ્યની દૃષ્ટિએ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ આદિનું વર્ણન છે. ક્ષેત્રની દૃષ્ટિએ લોક-અલોક, સિદ્ધશિલા વગેરે, કાળની દૃષ્ટિએ સમય, આવલિકા, મુહૂર્ત્તથી લઈ ઉત્સર્પિણી, અવસર્પિણી, પુદ્ગલ પરાવર્ત સુધી ચારે ગતિના જીવોની કાળ સ્થિતિનું અને ભાવની દૃષ્ટિએ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય રૂપ જીવોના ભાવ, વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ અજીવોના ભાવનું વર્ણન છે.

વિષયોનું વર્ણન જોતાં ચોક્કસ કહી શકાય કે, અહીં વસ્તુસંગતિના ક્રમને બદલે ભેદસંગતિના ક્રમને સ્વીકારવામાં આવ્યો છે. તે-તે સંખ્યક પદાર્થોનું ક્રમશઃ સ્મરણ, પુનરાવર્તન કરવાની સરળતા રહે તે ઉદ્દેશથી આ શૈલીનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેવું જણાય છે.

પ્રસ્તુત આગમના ઉત્તરાર્ધમાં સર્વ આગમોનાં નામ, તે-તે આગમોનું યથાર્થ પ્રમાણ અને તેમાં કહેવાયેલા પદાર્થોનો પરિચય આપેલો હોવાથી આ આગમ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મુખ્યત્વે બે આગમમાં દ્વાદશાંગીનું વર્ણન ઉપલબ્ધ છે. ૧-સમવાયાંગ સૂત્ર અને ૨-નંદીસૂત્ર. શ્રી નંદીસૂત્ર કરતાં શ્રી સમવાયાંગ સૂત્રમાં આગમ વર્ણન ઘણું વિસ્તૃત છે. શ્રી નંદીસૂત્ર કરતાં શ્રી સમવાયાંગ સૂત્ર રચનાકાળની અપેક્ષાએ પ્રાચીન છે. કર્તાની અપેક્ષાએ પણ પ્રસ્તુત આગમ સાક્ષાત્ ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજીની રચના છે. જ્યારે નંદીસૂત્ર સ્થવિર શ્રી દેવવાચક ભગવંતની રચના છે, જે પશ્ચાત્કાલીન છે.

પ્રસ્તુત આગમના મૂળ ૧,૪૪,૦૦૦ પદો હતાં. વર્તમાનમાં માત્ર ૧૬૬૭ શ્લોક પ્રમાણ ઉપલબ્ધ છે. આ આગમ ઉપર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિની રચના થયેલી જણાતી નથી. પૂ.આ.શ્રી. અભયદેવસૂરિ મહારાજાએ વિ.સં. ૧૧૨૦માં અણહિલપુર પાટણમાં ૩૫૭૫ શ્લોક પ્રમાણ વૃત્તિની રચના કરેલી છે. તે પૂર્વે કે પશ્ચાત્ આ આગમ ઉપર કોઈ સાહિત્યની રચના થઈ હોય તો તે જાણવામાં આવ્યું નથી. સંપૂર્ણ ૫૨૪૨ શ્લોક પ્રમાણ સાહિત્ય આજે ઉપલબ્ધ છે. આ આગમ એક શ્રુતસ્કંધાત્મક અને એક અધ્યયનાત્મક છે.

'સાગરને ભર્યો ગાગરમાં' આ પંક્તિ આ આગમમાં યથાર્થ પૂરવાર થઈ છે.

## સમવાયાંગ સૂત્રની વાણીના અંશો

❈ **जीवेणं पसत्थज्झवसाणजुत्ते भविए सम्मदिट्ठी तित्थकरनामसहिआओ णामस्स णियमा एगूणतीसं उत्तरपगडीओ णिबंधिता वेमाणिएसु देवेसु देवत्ताए उववज्जइ ।**

પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત એવો સમ્યગ્દૃષ્ટિ જીવ તીર્થંકરનામકર્મથી સહિત નામકર્મની ૨૯ પ્રકૃત્તિઓને બાંધીને નિયમથી વૈમાનિક દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે

❈ **एगमेगेणं मंडले सूरिए सट्ठिए सट्ठिए मुहुत्तेहिं संघाएइ ।**

સૂર્યને એક મંડળ (એકવાર ભ્રમણ) પૂરું કરતાં ૬૦ મુહૂર્ત થાય છે. અર્થાત્ ૪૮ કલાકે સૂર્ય મેરુની ચારે બાજુ ફરતા એક વર્તુળ પૂરું કરે છે.

❈ **सोहम्मीसाणेसु दोसु कप्पेसु सट्ठिं विमाणावाससयसहस्सा पण्णत्ता ।**

સૌધર્મ અન ઈશાન બંને દેવલોકમાં મળીને ૬૦ લાખ વિમાનો રહેલાં છે. (૩૨+૨૮)

❈ **दुवालसंगे णं गणिपिडगे ण कयाति ण आसी, ण कयाति णत्थि, ण कयाति ण भविस्सइ । भुविं च भवति य, भविस्सति य ।**

આ દ્વાદશાંગી ગણિપિટક ભૂતકાળમાં ન હતી, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં નહિ હોય એવું ક્યારેય હોતું નથી. તે ભૂતકાળમાં પણ હતી, વર્તમાનમાં પણ છે, અને ભવિષ્યમાં પણ રહેવાની છે.

❈ **कतविहे णं भंते ! ओही पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते - भवपच्चइए य खओवसमिए य ।**

ભગવંત ! અવધિજ્ઞાન કેટલા પ્રકારનું છે ? ગૌતમ ! અવધિજ્ઞાન બે પ્રકારનું છે. ૧-ભવપ્રત્યય. જે દેવો અને નારકીઓને હોય છે. ૨-ક્ષાયોપશમિક. જે મનુષ્યો અને તિર્યંચોને ક્ષયોપશમ થાય તો ઉત્પન્ન થતું હોય છે.

❈ **सिद्धिगती णं भंते ! केवइयं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासे ।**

હે ભગવંત ! મોક્ષ પ્રાપ્તિમાં કેટલું આંતરું પડે છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૬ મહિનાનું આંતરું પડે છે. અર્થાત્ વધુમાં વધુ ૬ મહિનામાં તો અવશ્ય એક જીવ મોક્ષે જાય.

## ૮

# શ્રીભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્ર-૧

**अंगेसु जा सुवण्णा, सुवण्णपूइया पइपयं भगवई ।**
**भवगईण निहंती, संतसरण्णा सुयमई ।।**

બારે અંગોમાં જે સારા (સુવિસ્તૃત) વર્ણ (અક્ષરો) વાળી છે, જે પદે પદે સુવર્ણ મુદ્રાઓથી પુજાયેલી છે, જે સંસાર (ભવ)ના ભ્રમણને હણનારી છે, જે સાધુ ભગવંતો માટે શરણ્ય છે, જે શ્રુતથી સમૃદ્ધ છે; તે છે શ્રી ભગવતી સૂત્ર.

જૈનશાસન એટલે જિનેશ્વરનું પ્રવચન. તે પ્રવચનોને ગણધર ભગવંતોએ દ્વાદશાંગી રૂપે ગૂંથ્યાં છે. દ્વાદશાંગી એટલે એક એક કરતાં બમણું બમણું પ્રમાણ ધરાવતાં બાર અંગ આગમો. તેમાં બારમા અંગ આગમનું નામ દૃષ્ટિવાદ. આ દૃષ્ટિવાદમાં ચૌદ પૂર્વનો સમાવેશ હોવાથી તે સૌથી વિસ્તૃત આગમ હતું. જે કાળે દૃષ્ટિવાદ-ચૌદપૂર્વ વિદ્યમાન હતાં ત્યારે પણ તેના વિષયોનો બહોળો વ્યાપ અને અર્થગાંભીર્ય આદિના કારણે તેનું અધ્યયન કરનારા શ્રમણો અલ્પ સંખ્યામાં હતાં. પ્રભુ વીરના નિર્વાણ બાદ હજાર વર્ષમાં બુદ્ધિ-મેધાની અલ્પતાના કારણે દૃષ્ટિવાદ ક્રમશઃ સંપૂર્ણતયા વિચ્છિન્ન થયું.

તે પછીના કાળમાં માત્ર અગ્યાર અંગનું અધ્યયન-અધ્યાપન ગુરુ પરંપરાક્રમે ચાલતું રહ્યું. તેથી આજે વિદ્યમાન આગમ ગ્રંથો તથા ચરિત્રગ્રંથોમાં અગ્યાર અંગના પાઠી મહાપુરુષોનો ઉલ્લેખ વિપુલ પ્રમાણમાં

ઉપલબ્ધ થાય છે. આચારાંગ આદિ તે અગ્યાર અંગ આગમો વિસ્તૃત કદ ધરાવતાં હોવા છતાં આજે ઘણાં અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

તે અંગ આગમોમાં ભગવતી શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ પાંચમું અંગ આગમ છે. જેનું પ્રાકૃત નામ 'વિયાહ પણ્ણત્તિ' છે. વર્તમાનમાં તે સૌથી મોટું પ્રમાણ ધરાવે છે. અનંત લબ્ધિ નિધાન, શાસન શિરતાજ ગણધર ભગવંત શ્રી ગૌતમ મહારાજા આદિ એ પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોનો તથા ચરમ તીર્થપતિ જ્ઞાતનંદન શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ સ્વમુખે આપેલા ૩૬૦૦૦ ઉત્તરોનો સંગ્રહ આ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આગમમાં કરવામાં આવ્યો છે. તેથી આજે પણ તેનો અમાપ મહિમા ગવાય છે. ભૂતકાળમાં શ્રી પેથડશા મંત્રી જેવા શ્રીમંત શ્રાવકોએ ૩૬૦૦૦ સુવર્ણ મુદ્રા દ્વારા આગમ પૂજન કરવા પૂર્વક શ્રી ભગવતીજી સૂત્રનું ગુરુમુખે શ્રવણ કર્યાનાં પ્રસંગો પણ નોંધાયા છે. આવા અતિશયવંત મહિમાનાં કારણે 'ભગવતી વિયાહ પણ્ણત્તી' એમ વિશેષ રૂપે 'ભગવતી' શબ્દનો પ્રયોગ થતો હતો. આજે તે 'ભગવતી' વિશેષણ જ 'ભગવતી સૂત્ર' એવાં નામ રૂપે પ્રચલિત બન્યું છે.

પ્રભુવીરના અદકેરા શિષ્યત્વને પામેલા શ્રી ગૌતમસ્વામી મહારાજાએ સ્વતઃ ચાર જ્ઞાનના ધણી હોવા છતાં, સંપૂર્ણ દ્વાદશાંગીના રચયિતા હોવા છતાં સમવસરણમાં પ્રભુની દેશના સાંભળવા આવેલા અને ભવિષ્યમાં થનારા આપણા જેવા ભવ્યાત્માઓનાં હિતને લક્ષમાં રાખીને 'ભયવં' સંબોધન દ્વારા પ્રભુને જે જે પ્રશ્નો પૂછ્યાં તે દરેક પ્રશ્નો આ ભગવતીજી સૂત્રમાં ગૂંથવામાં આવ્યા છે. અનંત કરુણાનિધાન પ્રભુ વીરે શ્રી ગૌતમસ્વામી મહારાજાને ઉદ્દેશીને 'ગોયમ !' સંબોધન દ્વારા તેના જે ઉત્તરો આપ્યાં તે દરેક ઉત્તરો આ આગમમાં મહત્ત્વપૂર્ણ સ્થાન-માન પામ્યા છે.

પ્રશ્નોત્તર શૈલીના આ ભગવતીજી સૂત્રમાં ગણધર ભગવંત શ્રી ગૌતમ મહારાજા મુખ્ય પ્રશ્નકર્તા છે. તે ઉપરાંત પ્રસંગોપાત્ત ગણધર શ્રી અગ્નિભૂતિજી, ગણધર શ્રી વાયુભૂતિજી, રોહ નામક અણગાર, માકંદિક પુત્ર અણગાર અને પ્રભુ પાર્શ્વનાથના તીર્થની આલંબને સંયમી બનેલા

ચતુર્યામી શ્રમણોએ પણ પ્રભુને પ્રશ્નો પૂછ્યાં છે. જે દરેકના ઉત્તરો પ્રભુએ બહુ સરળ અને રસાળ શબ્દોમાં આપ્યા છે. સમવસરણમાં દેશના સાંભળવા આવેલા શ્રાવક-શ્રાવિકા સંઘમાં રહેલા પુણ્યાત્માઓએ પણ પ્રભુને પ્રશ્ન પૂછી સમાધાન મેળવ્યાં છે.

આ આગમનાં રચયિતા પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી મહારાજા છે. જ્ઞાન-રત્નાકર સ્વરૂપ આ આગમમાં વિવિધતા સભર અનેક વિષયો વર્ણવાયા છે. માત્ર જૈનદર્શનના નહિ પરંતુ દાર્શનિક જગતના પ્રાયઃ બધા મૂળભૂત તત્ત્વોનું વર્ણન આમાં કરવામાં આવ્યું છે. વર્તમાન વિશ્વની દરેક જ્ઞાન શાખાઓ અહીં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વણાયેલી છે. આગળ વધીને કહીએ તો ભૂગોળ, ખગોળ, આ લોક-પરલોક, સ્વર્ગ, નરક, જીવવિચાર, રસાયણશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, સ્વપ્ન-શાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, ગણિત-શાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, મનોવિજ્ઞાન, પદાર્થ-વિજ્ઞાન, અધ્યાત્મવિજ્ઞાન, ઇતિહાસ વગેરે અનેક વિષયો આ આગમમાં જોવા મળે છે.

શ્રીભગવતીસૂત્ર સર્વાનુયોગમય છે, છતાં એની દ્રવ્યાનુયોગ પ્રધાનતા નકારી શકાય તેમ નથી.

આ આગમમાં એક જ શ્રુતસ્કંધ છે. તેનાં અધ્યયનોને શતક શબ્દથી વિભાજિત કરવામાં આવ્યા છે. અહીં શતક શબ્દનો સો સંખ્યા સાથે કોઈ સંબંધ જણાતો નથી. માત્ર અધ્યયન શબ્દના અર્થમાં વપરાયો હોય તેવું જણાય છે. ૪૧ શતકો છે. અવાંતર શતકો ૧૩૮ છે. ૧૯૨૩ સંપૂર્ણ ઉદ્દેશા છે.

પ્રસ્તુત શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આગમમાં ગૂંથાયેલી પ્રભુની વાણીમાં સમગ્ર જીવનનુ પરિવર્તન કરવાનું અને આત્માને પાવન કરવાનું અતૂટ સામર્થ્ય ભરેલું છે. તેનો કાંઈક પરિચય આવતા લેખમાં જોઈશું.

## ૯

# શ્રીભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિસૂત્ર-૨

પંચમાંગ શ્રી ભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ આગમના ટીકાકાર નવાંગી વૃત્તિકાર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા છે. આ મહાપુરુષ મૂળ માલવદેશની ધારાનગરીના હતા. પિતાનું નામ મહીધર અને માતાનું નામ ધનદેવી હતું. પોતાનું સંસારી નામ અભયકુમાર હતું. વિક્રમની અગ્યારમી સદીમાં આ મહાપુરુષનો જન્મ થયો હતો. વૈરાગ્ય પામી તત્કાલીન ચાંદ્રકુળની પરંપરામાં થયેલા પૂ. આ.શ્રી. વર્ધમાનસૂરિના શિષ્ય પૂ.આ.શ્રી. જિનેશ્વરસૂરિના શિષ્ય બન્યા હતા.

આ મહાપુરુષના કાળમાં જૈન સાધુ સંસ્થામાં ઘણી શિથિલતા પ્રવેશી ચૂકી હતી. શિથિલ થયેલા શ્રમણો ચૈત્યવાસી તરીકે ઓળખાતા. જૈન સમાજ ઉપર વર્ચસ્વ ધરાવતા, જૈનશાસનને પારાવાર નુકશાન પહોંચાડતા. નવાંગી ટીકાકાર મહર્ષિ તથા તેઓશ્રીના ગુરુવર્ગે આ વિષમ પરિસ્થિતિનો સામનો કરીને શાસનને અવિચ્છિન્ન રાખ્યું હતું.

બીજી બાજુ, તે કાળમાં દુકાળની ગર્તામાં વિશાળ શ્રુતનો વિનાશ થયો. મૂળ આગમો અને તેની વૃત્તિઓ પણ વિચ્છેદ પામવાં લાગી. શાસનની આ વિકટ પરિસ્થિતિમાં એકવાર શાસન-દેવીએ એક રાત્રિએ ધર્મધ્યાનમાં સાવધાન અને મગ્ન રહેલા પૂ.આ.શ્રી. અભયદેવસૂરિ મ.ને નમસ્કાર કરીને કહ્યું કે, ‘હે મુનિવર ! આ પૂર્વે શાસનમાં પૂ.આ.શ્રી. શીલાંગકોટિસૂરિ થયા. જેમણે અગ્યાર-અગ્યાર અંગ ઉપર વિવરણ

બનાવ્યું હતું. હમણાં તેમાંથી નવ અંગનું વિવરણ વ્યુચ્છિન્ન થયું છે અને માત્ર બે અંગનું વિવરણ શેષ રહ્યું છે તો આપ પૂજ્ય સંઘના અનુગ્રહ માટે તે નવ અંગની વૃત્તિની રચના કરો !'

દેવીને ઉદ્દેશીને સૂરિ ભગવંતે કહ્યું કે, 'અલ્પમતિ એવા મારી આ વૃત્તિ રચનાની ક્ષમતા નથી. આ રચનામાં ક્યાંક ઉત્સૂત્ર વચનો લખાય તો મહાપાપ લાગે. ઉત્સૂત્ર વચનોનું ફળ યાવત્ અનંત સંસાર છે-એવું સિદ્ધાંતમાં બતાવેલું છે. તમારી વાત પણ સાચી છે. છતાં મારી આ મૂંઝવણ તમો પણ સમજી શકો છો.'

દેવીએ કહ્યું, 'આપ ચિંતા ન કરો ! આપને આ કાર્યમાં ક્યાંય પણ સંદિગ્ધ અવસ્થા ઊભી થાય તો મને યાદ કરજો. હું તારક તીર્થંકર શ્રી સીમંધર પરમાત્માને પૂછીને સમાધાન મેળવી આપીશ.' આ વાતને ઝીલીને પૂ. આચાર્ય મહારાજે નવ-નવ અંગ આગમ ઉપર વિસ્તૃત ટીકા રચવાનું મહત્તમ કાર્ય કર્યું. જેમાં આચારાંગ અને સૂત્રકૃતાંગ સિવાય ક્રમશ ૧-સ્થાનાંગ, ૨-સમવાયાંગ, ૩-ભગવતી, ૪-જ્ઞાતાધર્મકથા, ૫-ઉપાસકદશાંગ, ૬-અંતકૃદ્દશાંગ, ૭-અનુત્તરોપપાતિકદશાંગ, ૮-પ્રશ્ન વ્યાકરણ, ૯-વિપાક સૂત્ર એમ નવ આગમો હતાં.

શ્રી ઔપપાતિક સૂત્ર અને શ્રી પ્રજ્ઞાપના સૂત્રના તૃતીય પદની સંગ્રહણી ગાથા-૧૩૩ પણ તેઓશ્રીની રચેલ છે.

સમર્થ શાસ્ત્રકાર શિરોમણિ પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરિજી મહારાજાના પંચાશક સૂત્ર ઉપર વૃત્તિ, સ્વગુરુ પૂ.આ.શ્રી. જિનેશ્વરસૂરિએ રચેલા શ્રી ષટ્સ્થાનક ભાષ્ય ઉપર વૃત્તિ તથા આરાધનાકુલક નામના ગ્રંથની રચના પણ કરેલ છે.

સ્વરચિત નવ આગમની વૃત્તિઓનું શુદ્ધિકરણ તેઓશ્રીએ નિવૃત્તિકુળના પૂ.આ.શ્રી. દ્રોણાચાર્યજી પાસે કરાવ્યું હતું.

આ મહાપુરુષે અતિશય મહિમાવંત શ્રી 'જયતિહુયણ' સ્તોત્રની રચના કરી છે. જેની સ્તવના દ્વારા વર્તમાનકાળમાં વિદ્યમાન શ્રી સ્થંભન તીર્થ

(ખંભાત)ના શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ભૂમિમાંથી પ્રગટ થઈ છે.

નવ નવ અંગ આગમના મૂળસૂત્ર અને તેનાં યથાર્થ અર્થોને આપણાં સુધી પહોંચાડીને આ મહાપુરુષે અનેરો ઉપકાર કર્યો છે. વર્તમાનકાલીન સાધકો પણ આ વાત હૈયાથી સ્વીકારે છે કે જો આ મહાપુરુષ થયા ન હોત તો આજે આપણને આ આગમો ન મળ્યાં હોત અને કદાચ્ મૂળ આગમ મળ્યાં પણ હોત તો તે વાંચવા અને સમજવા માટે આપણે છતી આંખે આંધળા બની રહેત.

તર્ક પંચાનન નવાંગી વૃત્તિકાર આ મહર્ષિએ પ્રસ્તુત શ્રી ભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અંગ આગમની ટીકા વિ.સં. ૧૧૨૮માં અણહિલપુર પાટણમાં રચેલી છે. જે ૧૮૬૧૬ શ્લોક પ્રમાણ છે. તે ઉપરાંત ૩૧૧૪ શ્લોક પ્રમાણ ચૂર્ણિ પણ ઉપલબ્ધ છે. વર્તમાનકાળમાં અભ્યાસનું ધોરણ ઠીક ઠીક વધ્યું છે. સંપાદન-સંશોધનની દિશામાં પણ વિશેષ પ્રયત્ન જોવા મળે છે, છતાં આ ચૂર્ણિ હજુ વિશિષ્ટ શુદ્ધિ-સંપાદનની રાહ જોઈ રહી છે.

આ આગમનું મૂળ ૧૫૭૫૧ શ્લોક પ્રમાણ છે. આજે મૂળ, વૃત્તિ આદિ મળી કુલ ૫૭૪૪૨ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

આ બૃહદ્‌વૃત્તિમાં આ આગમને જયકુંજર હાથીની ઉપમા આપી છે. જેમ જયકુંજર હાથી રૂપ, બળ, લક્ષણ આદિ સર્વ ગુણોથી બીજા હાથીઓમાં શ્રેષ્ઠ છે, તેમ ભગવતીજી સૂત્ર શબ્દ માધુર્ય અને અર્થ ગાંભીર્યની સાથો સાથ યથાર્થતા અને ઉપકારકતાના કારણે અનેરો મહિમા ધરાવે છે.

ઐદંયુગીન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. શ્રી. વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ ભગવતીસૂત્ર ઉપર વિશદ પ્રવચનો કરેલાં છે, એમાંના કેટલાક પુસ્તકાકારે છપાયેલાં પણ છે. એમાંનો એક આખો ભાગ જયકુંજર હાથીના વર્ણનમાં રોકાયેલો છે.

નમસ્કાર મહામંત્રના પાંચ પદોથી મંગલ કરીને આ આગમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બ્રાહ્મી લિપિ તથા શ્રુતદેવતાને પણ નમસ્કાર કરવામાં

આવ્યો છે. મંગલાચરણ કરીને ભૂમિકા સ્વરૂપે ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીરે સ્વતઃ પોતાના શ્રમણ જીવનના ચૌદ-ચૌદ ચાતુર્માસ જ્યાં પસાર કર્યાં તે રાજગૃહી નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે. તે નગરીને પાવન કરનારા પરમાત્મા મહાવીરનું વર્ણન, દેવોએ રચેલા ભવ્ય સમવસરણનું વર્ણન, સમવસરણમાં ઉપસ્થિત નગરજનો આદિ બાર પર્ષદાનું વર્ણન અને અંતે પ્રથમ ગણધર શ્રી ગૌતમ મહારાજાનું વર્ણન રસાળ શબ્દોમાં તાદૃશ કર્યું છે. ત્યારબાદ 'ભંતે' અને 'ગોયમા'ના સંબોધનવાળી પ્રશ્નોત્તરીની રમઝટ આનંદદાયી છે.

**૪૧ શતકમાં વહેચાયેલી પ્રશ્નોત્તરીના અંશો હવે પછીના લેખમાં.**

(૧૦)

## શ્રીભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર-૩

શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામના આ આગમમાં સંસ્કૃતિના ઉચ્ચત્તમ આચારો છે. આ આગમમાં આર્યભૂમિ ભારતનો સત્ય ઇતિહાસ છે, આ આગમમાં વર્તમાન વિજ્ઞાનના મૂળ બીજો ગૂંથાયેલા છે. તે ઉપરાંત અધ્યાત્મ દિશાનો વિચાર કરીએ તો આત્મવાદ, કર્મવાદ, ક્રિયાવાદ અને મોક્ષવાદનું વર્ણન પણ આ આગમમાં ભારોભાર કરવામાં આવ્યું છે.

આ આગમના ૪૧ શતકોનું એક અવલોકન મનને આનંદિત અને હૈયાને શ્રદ્ધાથી અવનત કરે છે. 'ગમતાંનો કરીએ ગુલાલ, ગૂંજે ન ભરીએ' ના ન્યાયે શ્રી ભગવતીજીના તે ભાવોને ક્રમશઃ જોઈએ.

પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશામાં પૃથ્વીકાયાદિ સ્થાવર જીવો અને બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોની સ્થિતિ, આહાર વગેરે વાતો કરેલી છે. બીજા ઉદ્દેશામાં जीवेणं भंते ! सयं कडं दुक्खं वेदेति ? પ્રશ્ન દ્વારા જીવ પોતાના કરેલા કર્મના ઉદયે દુઃખ ભોગવે છે' આ કર્મ સિદ્ધાંત બતાવ્યો છે. નવમા ઉદ્દેશામાં પાર્શ્વાપત્યીય કાલાસ્યવેષિ પુત્ર અણગારના જીવનની સાથોસાથ શ્રમણ નિર્ગ્રંથોના અલ્પ પરિગ્રહતા, અલ્પ ઇચ્છા, અમૂર્છા, અનાસક્તિ, અપ્રતિબદ્ધતા, ક્રોધ-માન-માયા અને લોભની રહિતતા આદિ ગુણોનું વર્ણન છે. સામાયિક એ જ આત્મા છે અને આત્મા એ જ સાચું સામાયિક છે' આ વાત પણ આ જ ઉદ્દેશામાં સ્પષ્ટ કરી છે.

શતક બીજાના પહેલા ઉદ્દેશામાં શ્રી સ્કન્દક પરિવ્રાજકની શંકાઓ,

પ્રથમ ગણધર શ્રી ગૌતમ મહારાજા સાથે તેમનો મેળાપ, હૈયાની સરળતા સાથેની તેમની તત્ત્વ જિજ્ઞાસા, પ્રભુ વીરના સમવસરણમાં આગમન અને પ્રભુએ કરેલું તેઓની શંકાઓનું સમાધાન. આ વાતો વર્ણવાયેલી છે. આ જ શતકના દશમા ઉદ્દેશામાં જીવાસ્તિકાયાદિ પાંચે અસ્તિકાયનું સ્વરૂપ બતાવેલું છે.

ત્રીજા શતકમાં શ્રી અગ્નિભૂતિ અને શ્રી વાયુભૂતિ ગણધર દ્વારા પૂછાયેલા પ્રશ્નો છે. અહીં તામલી તાપસનું સંપૂર્ણ જીવન પણ છે. ચોથા શતકમાં છ લેશ્યા, પાંચમા શતકમાં સૂર્ય આધારિત રાત-દિવસની ઘટમાનતા અને બાળમુનિ અઈમુત્તાના જીવનનાં મુખ્ય પાસા છે. સંસારી જીવોને બંધાતા આઠ કર્મોનો વિસ્તાર છઠ્ઠા શતકમાં છે, તો સાતમા શતકમાં અન્ય તીર્થિક કાલોદયીએ કરેલી પંચાસ્તિકાયની ચર્ચા છે. આઠમા શતકમાં રાગ-દ્વેષથી મુક્ત પરમાત્મા વીરે અન્ય તીર્થિકોના મિથ્યાવાદોનું નિરાકરણ કરી સત્યવાદોનું સ્થાપન કરેલ છે. જંબૂદ્વીપનું વર્ણન, ગાંગેયઋષિનો પ્રશ્નોત્તર અને જમાલિ અણગારની વાત નવમાં શતકમાં છે.

દશમા શતકથી લઈને શતક વીશ સુધીમાં ક્રમશઃ જીવ અને કર્મનો સંબંધ, શિવરાજર્ષિનું જીવન, સુદર્શન શ્રેષ્ઠીની સાધના, શંખ નામના શ્રમણોપાસકની કથા, શ્રાવિકા જયંતીના પ્રશ્નો, સાત નરકનું વિસ્તૃત વર્ણન, રાજર્ષિ ઉદાયનનું ચરિત્ર, **दो वि तुल्ला एगट्ठा अविसेसमणाणत्ता भविस्सामो XXX** શબ્દોમાં પરમાત્મા મહાવીર સ્વામીએ શ્રી ગૌતમ સ્વામીને આપેલું આશ્વાસન, અંબડ પરિવ્રાજક, ગોશાલકનું જીવન, શ્રમણ જીવનનો મહિમા, શક્રેન્દ્રના પ્રશ્નો, કૂણિક રાજાના ઉદાયી અને ભૂતાનન્દ નામના ગજરાજોની ભાવી ગતિનું વર્ણન, કાર્તિક શેઠની શકેન્દ્ર તરીકેની ઉત્પત્તિ, દેવોની લેશ્યા વગેરે અનેક પદાર્થો વર્ણવાયા છે.

ત્યાર બાદ અંતિમ ૨૦થી ૪૧ સુધીના શતકમાં આ આગમ બહુ ઝડપથી આગળ વધ્યું છે. નાના કદને ધરાવતા અંતિમ શતકોમાં મુખ્યતાએ નીચેના પદાર્થો બહુ રોચક શૈલીમાં આલેખાયા છે.

૧-વનસ્પતિનાં મૂળ, કંદ, સ્કન્ધ, છાલ, શાખા, પ્રવાલ (કૂણાં પાન), પાંદડા, ફૂલ, ફળ અને બીજ.

૨-૨૪ દંડકમાં વહેંચાયેલા જીવોને ઉપપાત આદિ ૨૦ દ્વારોથી બચવા કર્મથી મુક્ત થવું તે માર્ગ છે,

૩-આત્માનાં શુદ્ધ સ્વરૂપને પ્રગટ થવામાં બાધક તત્ત્વો.

૪-કર્મ સિદ્ધાંતનું અતિ સૂક્ષ્મતાથી નિરૂપણ.

૫-ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી મતોની મિથ્યા માન્યતાઓ.

૬-જીવોના ઉપપાત (જન્મ) અને ઉદ્‌વર્તન (મરણ).

૭-એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોમાં કર્મબંધના કારણો, ગતિ-આગતિ

૮-આત્મા, પુણ્ય, પાપ, પરલોક, મોક્ષ વગેરે સંબંધી શંકાઓના સમાધાન.

આ આગમની પૂર્ણાહૂતિ કરતાં ગ્રંથકાર મહર્ષિ શ્રી સંઘની સ્તુતિ કરે છે.

**तव नियम-विणयवेलो, जयति सया नाणविमलविपुलजलो ।**
**हेउसयविउलवेगो, संघसमुद्दो गुणविसालो ।।**

*અર્થ : તપ, નિયમ અને વિનય રૂપી વેલાઓ જેમાં છે, જ્ઞાનરૂપી જેમાં નિર્મળ અને વિપુલ જળ છે, સેંકડો હેતુઓનો જેમાં વેગ છે તથા ગુણોથી જે વિશાળ છે, એવો શ્રીસંઘરૂપી સમુદ્ર જય પામે છે.*

## ૧૧

## શ્રીભગવતી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર-૪

આગમ ગ્રંથોના અભ્યાસ માટે ભારોભાર યોગ્યતા જરૂરી છે. તે યોગ્યતાને પ્રગટાવનારી તપ સાધનાને યોગોદ્વહન કહેવાય છે. જ્ઞાનાચારના આઠ આચારમાં જે ઉપધાનના નામે ઓળખાય છે.

પ્રત્યેક આગમના યોગોદ્વહનમાં શ્રી ભગવતી સૂત્રના યોગોદ્વહન અતિવિશિષ્ટ ગણાય છે. સૌથી મોટા તે યોગોદ્વહન અખંડ છ મહિના સુધી કરવાના હોય છે. જેમાં દિવસ ગણતરી અને ઉદ્દેશ આદિની વાતો મૂળ આગમના ઉપસંહારમાં કરવામાં આવી છે. વર્તમાનકાલીન શાસ્ત્રસાપેક્ષ પ્રણાલિકા મુજબ જઘન્યથી એક શિષ્ય ધરાવનાર સાધુ ભગવંતને ક્રમશ: યોગોદ્‌વહન કરતાં કરતાં શ્રી ભગવતીજીસૂત્રના મહાયોગ જ્યારે કરાવવામાં આવે છે, ત્યારે એની અનુજ્ઞારૂપે ગણિપદ અપાય છે. આ છમાસિક યોગ ગુર્વાજ્ઞાપ્રાપ્ત પદસ્થ ભગવંતની નિશ્રામાં જ થઈ શકે અને પછી પદ પણ તેઓ જ આપી શકે છે. જેમાં શ્રી ભગવતી સૂત્ર ભણવાનો અને ભણાવવાનો અધિકાર આપવામાં આવે છે.

આ આગમના દરેક સૂત્રના અર્થનું અમીપાન અતિસુખદ છે, છતાં '**अमृत का घूंट भी सही**' ન્યાયે અમુક સૂત્રના અર્થનો રસાસ્વાદ આપણે કરીએ.

❇ સંયમની અધિકાંશ નિર્દોષ આરાધના કરનાર સાધુભગવંત જઘન્યથી સૌધર્મ દેવલોકમાં અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

* ભૂખ-તરસ, ઠંડી-ગરમી, ડાંસ-મચ્છર વગેરે ઉપસર્ગોને અનિચ્છાએ સહન કરનારા અને અનિચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરનારા જીવો વાણવ્યંતર નામના દેવલોકમાં જાય છે.

* હિંસા કરવાથી, અસત્યભાષણ કરવાથી અને શ્રમણ ભગવંતોને નિષ્કારણ અનેષણીય દ્રવ્ય વહોરાવવાથી જીવો અલ્પ આયુષ્ય કર્મ બાંધે છે. જ્યારે હિંસા અને અસત્યના ત્યાગથી તથા સાધુ ભગવંતોને એષણીય દ્રવ્ય વહોરાવવાથી જીવ દીર્ઘાયુષ્ય બાંધે છે.

* સમગ્ર વિશ્વનો આધાર કયો ? આ પ્રશ્નના ઉત્તરમાં પરમાત્મા કહે છે કે, આકાશના આધારે વાયુ, વાયુના આધારે સમુદ્ર, સમુદ્રના આધારે પૃથ્વી અને પૃથ્વીના આધારે સમસ્ત ત્રસ અને સ્થાવર જીવો રહેલા છે. લોકનો આવો આધાર-આધેય ભાવ છે.

* તિર્ચ્છા લોકની મધ્યમાં રહેલા જંબૂદ્વીપમાં પૂર્વ-પશ્ચિમ સમુદ્રને પામનારી કુલ ચૌદ લાખ છપ્પન હજાર નદીઓ છે.

* જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી સળંગ આઠ સમય સુધી આત્માઓ મોક્ષે જતાં હોય છે. તે પછી અવશ્ય આંતરું પડે છે.

* જઘન્યથી એક સમયનું અને ઉત્કૃષ્ટથી છ મહિનાનું આંતરુ પડ્યા પછી કોઈક આત્મા અવશ્ય મોક્ષે જાય છે.

* શિષ્યગણને સૂત્ર અને અર્થની વાચના આપવામાં ખેદ નહિ પામનારા અને સંયમ પાલનમાં સહાય કરનારા આચાર્ય અને ઉપાધ્યાય એક-બે કે ત્રણ ભવમાં અવશ્ય મુક્તિને પ્રાપ્ત કરે છે.

* પરમાત્મા મહાવીરદેવના પૂર્વાવસ્થાના પિતા ઋષભદત્ત બ્રાહ્મણ અને માતા દેવાનંદા બ્રાહ્મણકુંડ ગામમાં રહેનારાં હતાં. જે શ્રમણોપાસક હતાં, જીવ-અજીવ-પુણ્ય-પાપ આદિને સ્વીકારનારાં હતાં અને આત્મલક્ષી જીવન જીવનારાં હતાં અર્થાત્ તેઓ ધર્મથી શ્રી પાર્શ્વનાથ પરમાત્માના શાસનના શ્રાવક-શ્રાવિકા હતાં.

વિશ્વની દરેક જ્ઞાનશાખાનો બોધ આપતા આ આગમને વધુ જાણવા સંયમ જીવન, યોગ્યતા અને યોગોદ્વહન આવશ્યક છે.

## ભગવતી સૂત્રની વાણીના અંશો

❄ **सवणे णाणे य विण्णाणे पच्चक्खाणे य संजमे ।**

**अणण्हये तवे चेव, वोदाणे अकिरिया सिद्धी ।।**

શ્રમણ ભગવંતોની સેવા કરનાર જીવને ધર્મ શ્રવણ રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તે શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન, તેનાથી સંયમ, સંયમથી અનાશ્રવપણું, તેનાથી તપ, તપથી કર્મનાશ, કર્મનાશથી અક્રિયા અને અક્રિયાથી સિદ્ધિ-મોક્ષ પ્રાપ્ત થાય છે.

❄ **XXX अहासुत्तं रियं रीयमाणस्स इरियावाहिया किरिया कज्जति । उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जति, से णं उस्सुत्तमेव रियति ।**

❖ ❖ ❖

સૂત્ર (આગમ શાસ્ત્ર)ને અનુસરીને પ્રવૃત્તિ કરનાર સાધુને ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને ઉત્સૂત્ર (સૂત્ર-આગમ શાસ્ત્રથી વિપરીત) પ્રવૃત્તિ કરનાર સાધુને સાંપરાયિક ક્રિયા થાય છે. તેનાથી તે ફરી ફરી ઉત્સૂત્રમાંજ પ્રવર્તે છે.

❄ **XXX कालोदाई ! तत्थ णं जे से पुरिसे अगणिकायं उज्जालेति से णं पुरिसे महाकम्मतराए चेव जाव महावेदणतराए चेव । तत्थ णं जे से पुरिसे अगणिकायं निव्वावेति से णं पुरिसे अप्पकम्मतराए चेव जाव अप्पवेयणतराए चेव ।**

કાલોદયી નામક અન્યતીર્થિકે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે, જે આત્મા અગ્નિકાયને પ્રગટાવે છે તે આત્મા મહાકર્મને બાંધે છે, મહાવેદનાને ભોગવે છે. જે આત્મા તે અગ્નિકાયને બુઝાવે છે તે અલ્પકર્મને બાંધે છે. યાવત્ અલ્પવેદનાને ભોગવે છે.

❄ **एए णं भंते ! बावीसं परीसहा कतिसु कम्मपगडीसु समोयरंति ? गोयमा ! चउसु कम्मपयडीसु समोयरंति, तं जहा नाणवरणिजे, वेयणिज्जे, मोहणिज्जे, अंतराइए ।**

ભગવંત ! બાવીશ પરીષહોનો સમાવેશ કઈ કર્મપ્રકૃત્તિઓમાં થાય છે ? ગોતમ ! ચાર કર્મપ્રકૃતિમાં સમાવેશ થાય છે. તે આ પ્રમાણે **૧-જ્ઞાનાવરણીય, ૨-વેદનીય, ૩-મોહનીય, ૪-અંતરાય.**

## ૧૨

# જ્ઞાતાધર્મકથા સૂત્ર-૧

છઠ્ઠા અંગ આગમનું નામ શ્રીજ્ઞાતાધર્મકથા છે. ૧-જ્ઞાત અને ૨-ધર્મ-કથા એમ બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધનાં ૧૯ અધ્યયનમાં ૧૯ કથાઓ છે. બીજા શ્રુતસ્કંધના ૧૦ વર્ગમાં ૨૦૬ કથાઓ છે.

બાળજીવોને પણ ઉપકારક એવા કથાનુયોગને આ આગમ વર્ણવે છે. સૂત્રશૈલી ગદ્ય છે. પૂર્વકાળમાં આ આગમમાં સાડા ત્રણ કરોડ કથાઓ હતી, તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. વર્તમાનમાં માત્ર ૨૨૫ કથાઓ ઉપલબ્ધ છે. સૂત્ર પરિમાણ ૫૫૦૦ શ્લોક પ્રમાણ છે. નવાંગી વૃત્તિકાર પૂ.આ.શ્રી અભયદેવસૂરિ મહારાજા રચિત વૃત્તિ ૩૮૦૦ શ્લોક પ્રમાણ છે. જેની રચના વિ.સં. ૧૧૨૦માં વિજયાદશમીએ પાટણ મુકામે થયેલી છે. વર્તમાનમાં આ આગમનું ૯૨૦૦ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

પ્રસ્તુત આગમમાં ધીર અને વીરકક્ષાના અનેક સાધકોનું જીવન વર્ણન છે. સંસારત્યાગી શ્રમણ વર્ગ અને સંસારત્યાગની ભાવનાવાળો શ્રાવક વર્ગ, બંનેને મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગી માર્ગદર્શન અહીં આપવામાં આવ્યું છે. પ્રથમ શ્રુતસ્કંધમાં અમુક કથાઓ ઐતિહાસિક વાસ્તવિકતાને ધરાવે છે, તો અમુક દૃષ્ટાંતો પદાર્થને સમજાવનારા રૂપક સ્વરૂપ છે. વિષય વિસ્તારને જાણવા માટે આ અધ્યયનો સાધુ-શ્રાવકોએ પોત-પોતાના અધિકાર મુજબ વાંચવાં, સાંભળવાં જરૂરી છે. એક-એક અધ્યયનનો ઉપનય અતિ સુંદર છે. જો ગંભીરતાથી મનન કરવામાં આવે

તો સાધક જીવોનું પતન, ઉત્થાન અને મહાન અભ્યુદય કયા કયા નિમિત્તે થાય છે, તેનું સાચું માર્ગદર્શન મળે છે. અહીં તો માત્ર સંક્ષેપમાં જોઈશું.

**૧-ઉત્ક્ષિપ્ત અધ્યયન :** સૌથી મોટું આ અધ્યયન છે. પરમાત્મા મહાવીરના શિષ્ય મેઘકુમાર મુનિનું જીવન હૃદયંગમ શૈલીમાં અહીં વર્ણવાયેલું છે. હાથી તરીકેના પૂર્વભવમાં તેમણે સસલા ઉપર કરુણા કરી. તે કરુણાએ પરમાત્માનો ભેટો કરાવ્યો. સંયમી બની આત્મકલ્યાણ કર્યું. હૈયામાં જન્મેલી કરુણાનાં આ મીઠાં ફળો અહીં જોવા મળે છે.

**૨-સંઘાડ અધ્યયન :** સંયમી શ્રમણોએ શરીરને આહાર ક્યારે અને કયા ભાવે આપવાનો 'તે સમજાવવા માટે ધન્ના શેઠ અને ખૂની વિજય ચોરનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પોતાના જ પુત્રના ખૂનીને ખાવાનું આપવાનો ભાવ શેઠને ન જ હોય, છતાં લાચારીવશ આપે તો આનંદ ન હોય. તે જ રીતે સાધુ શરીરથી મુક્ત થવાની ભાવનામાં જ હોય, શરીરને ભોજન આપવાની લેશ પણ ઈચ્છા ન હોય, છતાં જ્ઞાનાદિ આરાધના માટે ન છૂટકે આહાર આપે તો આનંદ ન જ હોય. આ વાત વિસ્તારથી અહીં સમજાવી છે.

**૩-અંડ અધ્યયન :** સાર્થવાહના બે પુત્રો ૧-જિનદત્ત અને ૨-સાગરદત્ત. તેઓને મોરનાં બે ઈંડા મળ્યાં. એકને પૂરેપૂરી શ્રદ્ધા હતી, મને મોર મળશે જ. બીજાને શંકા હતી, મોર મળશે કે નહિ ? શ્રદ્ધા યુક્ત જિનદત્તને મોર મળ્યો, તે મોર દ્વારા ઘણું કમાયો. શંકિત સાગરદત્તને વારંવાર ઈંડુ હલાવવાથી મોર ન મળ્યો. છેલ્લે દુઃખી થયો. આ દૃષ્ટાંત દ્વારા ગ્રંથકાર સંયમીઓને બોધપાઠ આપે છે. સંયમના ફળ પ્રત્યે શંકિત થશો, તો આ ભવમાં નિંદાપાત્ર બનશો અને પરલોકમાં દુર્ગતિ પામશો. નિઃશંકપણે સંયમની આરાધના કરશો તો આ ભવમાં વંદનીય બનશો અને પરલોકમાં મોક્ષ મેળવશો.

**૪-કૂર્મ અધ્યયન :** અહીં બે કાચબાની વાત છે. તે બંને એકવાર સરોવરમાંથી બહાર આવ્યા. લુચ્ચું શિયાળ તેમને મારીને પોતાનું પેટ

ભરવા ત્યાં આવ્યું. સમયસર બંનેએ પોતાના અંગોપાંગ સંકોચી દીધાં. શિયાળને સફળતા ન મળી. છુપાઈને રાહ જોવા લાગ્યું. એક કાચબાએ ધીરજ ગુમાવી. હાથ-પગ બહાર કાઢ્યા. તકસાધુ શિયાળે તરાપ મારી તેને ઊંધો કરી ફાડી ખાધો. બીજાએ ધીરજ ધરી. શરીર ગોપવી રાખ્યું તો બચી ગયો. આ રૂપક દ્વારા ગ્રંથકારે સાધકને ઉદ્દેશીને ઈન્દ્રિય નિગ્રહનો ઉપદેશ આપ્યો છે.

**૫-શૈલક અધ્યયન :** શૈલક રાજર્ષિની કથા. શૈલક રાજવી સંયમી બન્યા. કર્મોદયે રોગાધીન થવાથી પુત્ર રાજવીની રાજધાનીમાં આવ્યા. પથ્યપાલન અને ચિકિત્સાથી રોગ શાંત થયો, પરંતુ કારણિક સેવેલી પથ્યાદિની અનુકૂળતામાં આસક્તિ ઊભી થઈ. પ્રમાદાચરણ છોડવાની હવે તૈયારી નથી. શિષ્ય પંથક મુનિ અવિરત સેવા કરે છે. ગુરુ ફરી નિરતિચાર સંયમી બને એ જ ભાવના તેમનાં હૈયામાં છે. ચોમાસી ક્ષમાપનાના નિમિત્તે ગુરુનું કર્મ તૂટ્યું. જાગ્રત બન્યા. પ્રમાદ છોડ્યો અને પ્રશ્ચાત્તાપ પ્રગટ્યો. શ્રી સિદ્ધગિરિનું શરણું લઈ મોક્ષ સાધી લીધો. આ કથાના ઉપનયમાં કહ્યું કે, 'પ્રમાદી સાધુ સંસારનો અને અપ્રમત્ત સાધુ મોક્ષનો મુસાફર છે.'

**૬-તુંબ અધ્યયન :** તુંબ એટલે તુંબડું નામનું ફળ વિશેષ. માટીથી લેપાયેલું તુંબડું પાણીમાં ડૂબે છે, માટી ધોવાય તેમ પાણીની ઉપર આવે છે. તે જ રીતે કર્મમળથી ભારે બનેલો આત્મા યાવત્ નિગોદ સુધી ડૂબે છે અને કર્મથી રહિત થતા તે લોકાગ્ર એવા મોક્ષને પામે છે. નાની વસ્તુ પણ તત્ત્વ સમજવામાં સહાયક છે. આ વાત અહીં નોંધવા જેવી છે.

१३

## જ્ઞાતાધર્મકથા સૂત્ર-૨

ગત લેખમાં આ આગમનાં પ્રથમ શ્રુતસ્કંધના છ અધ્યયનની વિચારણા કરી હતી. હવે આગળ વિચારીએ.

**૭-રોહિણી અધ્યયન :** આ અધ્યયનમાં સંસારનો ત્યાગ કરનારા ત્યાગી શ્રમણ ભગવંતોના સ્વરૂપને બતાવવાનો પ્રયાસ કરાયો છે. સંસાર ત્યાગી આત્માઓ મુખ્યતાએ ચાર પ્રકારના છે. જેમાં મહાવ્રતોની વિરાધના કરનાર અને મહાવ્રતોનો ઉપયોગ માત્ર જીવન નિર્વાહ માટે કરનાર સાધુઓ અનુક્રમે ઉજ્ઝિકા અને ભક્ષિકા કક્ષાના છે. તારનારા નિમિત્તને પામીને પણ તેઓ સંસારમાં ડૂબે છે. ત્રીજા નંબરે જે આત્માઓ મહાવ્રતોનું નિરતિચાર પાલન કરનારા છે, તે રક્ષિકા સમાન છે, વહેલી તકે તેઓ સંસારથી મુક્ત થાય છે. ચોથા નંબરે રોહિણી કક્ષાના સાધુઓ નિરતિચાર પાલનની સાથોસાથ તે મહાવ્રતોનું અનેક આત્માને દાન કરે છે. જેના પરિણામે આ વિશ્વમાં પૂજાપાત્ર બને છે, અને પરલોકમાં તીર્થંકર બની મોક્ષ પામે છે.

**૮-મલ્લી અધ્યયન :** ઓગણીસમા તીર્થપતિ શ્રી મલ્લિનાથ પરમાત્માએ મહાબલ રાજાના ભવમાં માયાપૂર્વક તપ કર્યો. પોતાની સાથે જ સંસારનો ત્યાગ કરી સંયમ સ્વીકારનારા છ મિત્ર સાધકોથી અધિક તપ કરવાના ભાવથી માયા કરી. તેઓને અંધારામાં રાખી અધિક તપ કર્યો. તે તપથી તીર્થંકર ચોક્કસ બન્યા, પણ કરેલી માયાના પરિણામે અવતાર

સ્ત્રીનો મલ્યો. તેમનું સંપૂર્ણ જીવન અહીં દર્શાવ્યું છે. આ અધ્યયન માયા પૂર્વક ધર્મ કરવાની ના પાડે છે.

**૯-માકન્દી અધ્યયન :** સાધના માર્ગમાં મનોજય અનિવાર્ય છે, આ વાત અહીં કથયિતવ્ય છે. માકન્દી સાર્થવાહના બે પુત્રો જિનપાલિત અને જિનરક્ષિત. તેઓ ધન કમાવવા દરિયાઈ માર્ગે નીકળ્યા. દરિયાની આંધિ-તોફાનમાં અટવાયા. ડુબતા તો બચ્યા, પણ દુષ્ટ દેવીના હાથમાં સપડાયા. જિનરક્ષિત મનને કાબુમાં ન રાખી શકયો. દેવીના મોહમાં અટવાયો તો દેવીના હાથે હણાયો. જિનપાલિતે મનને કાઠું કર્યું. ન લોભાયો, ન લલચાયો. પરિણામે સમુદ્રનો પાર પામી ઘરે પહોચ્યો.

**૧૦-ચન્દ્ર અધ્યયન :** વદ એકમના ચન્દ્રની જેમ ગુણોનો હ્રાસ જીવનમાં અમાસ સર્જે છે અને સુદ એકમના ચન્દ્રની જેમ ગુણોની વૃદ્ધિ જીવનમાં પૂનમ ખીલવે છે. અર્થાત્ ગુણોમાં અંશ માત્રનો હ્રાસ ન થાય અને સતત વૃદ્ધિ થતી રહે તેની કાળજી લેવી જોઈએ. અહીં ચન્દ્રના રૂપક દ્વારા શ્રમણ ભગવંતોને આ ઉપદેશ છે.

**૧૧-દાવદ્રવ અધ્યયન :** આ અધ્યયન અત્યંત સંક્ષેપમાં છે. દાવદ્રવ એટલે વૃક્ષ વિશેષ. દરિયાના પહાડી પવનને સાંખી શકે તો તે ટકે છે, નહિંતર મૂળ સહિત નાશ પામે છે. તે જ રીતે જે સાધુ આક્રોશ પરીષહને સહન કરે છે તે આરાધક બને છે. આક્રોશ પરીષહને સહન ન કરી શકનાર વિરાધક બને છે.

**૧૨-ઉદકજ્ઞાત અધ્યયન :** જગતના કોઈ પદાર્થ સારા નથી, નરસા પણ નથી. એક ને એક પાણી જો ખાળમાં વહેતું હોય તો ગંદું લેખાય છે. શુદ્ધિકરણ દ્વારા તે જ પાણી પીવા યોગ્ય બને છે. પાણી તો એ જ છે, માત્ર પર્યાય બદલાય છે. તત્ત્વદષ્ટિથી જોનારો સમ્યગ્દષ્ટિ આત્મા કોઈપણ પદાર્થમાં તે શુભ-સારો હોવા છતાં તેમાં રાગ અને અશુભ-ખરાબ હોવા છતાં તેના ઉપર દ્વેષ પામતો નથી. જિતશત્રુ રાજવી અને સુબુદ્ધિ અમાત્યના દૃષ્ટાંતનો આ ઉપનય છે.

**૧૩-દર્દુરજ્ઞાત અધ્યયન :** દેડકાના દૃષ્ટાંત દ્વારા મુખ્ય ત્રણ વાત કરી છે. ૧-પ્રભુ મહાવીરની દેશના સાંભળવાથી નંદ મણિયાર ધર્મ પામ્યો. ૨-પોતે બનાવેલા વાવડી-બગીચાની ગાઢ આસક્તિથી તે દેડકાના ભવમાં ગયો. ૩-જાતિસ્મરણ જ્ઞાનથી દેડકાના ભવમાં કરેલી આરાધનાથી તે દેવભવ પામ્યો. કરેલી વિરાધનાનાં પરિણામ ભોગવવાં જ પડે છે, તો કરેલી આરાધના પણ સારા ફળ આપે જ છે. આ વાત અહીં અનાયાસે સમજાય છે.

**૧૪-તેતલિપુત્ર અધ્યયન :** તેતલિપુત્ર અને પોટ્ટિલા. બંને પતિ અને પત્ની. પતિ તરફથી એક તરફી અપ્રીતિ સર્જાઈ. પોટ્ટિલાએ સાધ્વીજી ભગવંતને મનમેળનો ઉપાય પૂછ્યો. 'તું ભીંત ભૂલી, આ અમારું કામ નહિ.' સાધ્વીજી ભગવંતે સંયમ-જીવનની મર્યાદાનુસાર સ્પષ્ટ નિષેધ કરી દીધો. ધર્મ સમજાવી સન્માર્ગે વાળી. 'સંસારાર્થી સંસાર-પોષણની વાત પૂછે તો ત્યાગી શ્રમણ-શ્રમણી-ઓ કાન પણ ન ધરે' આ અધ્યયનની આ હિતશિક્ષા વર્તમાનમાં વીસરાતી જાય છે. જે ખાસ યાદ રાખવા જેવી છે.

**૧૫-નંદીફલ અધ્યયન :** નંદીફળ એટલે જંગલમાં થતાં ઝેરિલાં વૃક્ષ. જેનાં ફળ રૂપ-રસ-ગંધ-સ્પર્શથી અતિ મનોજ્ઞ હોય છે. ભોક્તા એકવાર તો આહ્લાદ અનુભવે, પણ ક્ષણભરની એ મજાના છેડે મોત બંધાયેલું છે. સંસાર અટવીમાં ઈન્દ્રિયોના વિષયો તેવા જ છે. ક્ષણિક સુખને ભોગવવા જતાં પાછળ છુપાયેલી દુર્ગતિ ભૂલાવી ન જોઈએ, એ જ અહીં સમજવાનું છે.

૧૪

## જ્ઞાતાધર્મકથા સૂત્ર-૩

**૧૬-દ્રૌપદી અધ્યયન : થયેલી નાની ભૂલને છુપાવવા માટે મનુષ્ય ઘણીવાર નિંદનીય અને ક્રૂરકર્મ કરે છે, જેના પરિણામે જન્મ-જન્માંતરમાં દારૂણ વિપાક ભોગવે છે.** આ વાતની તથ્યતા દ્રૌપદીના દૃષ્ટાંતમાં જોવા મળે છે. સતી દ્રૌપદીનું કથાનક આબાલજન પ્રસિદ્ધ છે. પૂર્વભવમાં તે નાગશ્રી હતી. એકવાર કડવી અને ઝેરી તુંબડીનું શાક ધર્મરુચિ અણગારને વહોરાવી દીધું. મહાત્મા તે આહારથી કાળધર્મ પામ્યા, મુનિઘાતના પાપે તે દુર્ગતિમાં ગઈ. સુકુમાલિકાના ભવમાં દીક્ષા લીધી પણ ભોગ-સુખની લાલસાથી નિયાણું કર્યું. પરિણામે પાંચ પતિની પત્ની સતી દ્રૌપદી થઈ. અંતે સંયમ સાધી સ્વર્ગ પામી. આ અધ્યયનમાં શબ્દોની સરળતા અને રસાળતાએ કથાને ભાવોત્પાદક બનાવી છે.

**૧૭-આકીર્ણજ્ઞાત અધ્યયન :** આકીર્ણ એટલે ઉત્તમ જાતિનો અશ્વ. જંગલમાં સ્વતંત્ર ફરતા જે ઘોડા સ્વાદિષ્ટ ખાદ્ય સામગ્રીમાં લોભાયા, તે પકડાયા, બંધાયા, પરતંત્ર બન્યા, વધ-બંધન આદિ દુઃખ પામ્યા. ન લોભાયા તે સ્વતંત્ર રહી શકયા. આ દૃષ્ટાંતથી સ્વાધીનતા અને પરાધીનતાનું યથાર્થ સ્વરૂપ અહીં ઉજાગર થયું છે. **વિષયાધીન એ પરાધીન અને વિષયોથી બચનાર એ સ્વાધીન.** ખરેખર, એકને એક બે જેવી આ વાત છે.

**૧૮-સુષિમા અધ્યયન :** ચિલાતી-પુત્રની કથા. જેમાં કરુણરસની પ્રધાનતા છે. કઠણ કાળજાને પણ એકવાર તો કંપાવી દે. સમજવાનું તો એ છે કે, **સાધનામાં સહાયક શરીરને આહાર જરૂર આપવાનો, પણ માત્ર ભાડાપેઠે. જો શરીરની કે જરૂરી આહારની આસક્તિ થઈ તો મોક્ષ નહિ મળે.**

**૧૯-પુંડરીક અધ્યયન :** સાધનામાંથી પતન અને સંસારથી ઉત્થાન, આ બે વાત દર્શાવતી આ કથા છે. મહાવિદેહ ક્ષેત્રની પુંડરીકિણી નગરી. રાજા મહાપદ્મના બે રાજપુત્ર. પુંડરિક અને કંડરીક. વૈરાગ્ય પૂર્વક દીક્ષિત બનેલા મુનિ કંડરીકનું રસનેન્દ્રિયની આસક્તિના કારણે સાધનામાંથી પતન થયું. પરિણામે ૩૩ સાગરોપમના આયુષ્ય સાથે સાતમી નરકે ગયાં. જ્યારે વિરક્તિપૂર્વક રાજા પુંડરીક સંયમ પાળી સર્વાર્થસિદ્ધ વિમાનમાં એકાવતારી થયા. કહેવાય છે કે, **વ્રણ, વહ્નિ અને વૈરી ક્યારેય ઉપેક્ષણીય નથી. સાધના જીવનમાં પ્રમાદ એ જ વ્રણ, વહ્નિ અને વૈરી છે.** 'નાનો પ્રમાદ પણ યાવત્ સંયમ ચુકાવે, તેથી 'સતત અપ્રમત્ત રહો' આ જ પ્રભુનો સંદેશ છે.

આ અધ્યયનની સાથે પહેલો શ્રુતસ્કંધ પૂરો થાય છે. બીજા શ્રુતસ્કંધમાં દશ વર્ગ છે.

સંયમજીવન સ્વીકાર્યા પછી જે આત્મા મહાવ્રતોનું યથાવત્ પાલન કરતો નથી, પ્રમાદને પરવશ શિથિલ બને છે તે મોક્ષ અથવા વૈમાનિક દેવલોક પ્રાપ્ત કરી શકતો નથી, પરંતુ સંયમ જીવનમાં કરેલા કાયક્લેશાદિ બાહ્ય તપોના પ્રભાવે ભવનવાસી, વ્યંતર કે જ્યોતિષ્ક દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. આ વાત બીજા શ્રુતસ્કંધમાં એક સરખી જોવા મળે છે.

જેમાં ભવનપતિના ૨૦, વ્યંતરનિકાયના ૧૬, વાણવ્યંતરનિકાયના ૧૬, સૂર્ય-ચંદ્રના ૧-૧ અને પહેલા અને બીજા દેવલોકના ૧-૧. એમ વર્તમાનકાલીન ૫૬ ઇન્દ્રોની ૨૦૬ ઇન્દ્રાણીના પૂર્વભવની કથા છે. (ત્રીજા થી બારમા વૈમાનિક દેવલોકના કુલ ૮ ઇન્દ્રો છે, એમ કુલ ૬૪ ઇન્દ્રોની ગણત્રી હોય છે.)

પૂર્વના માનવભવમાં તે દરેક ઇન્દ્રાણીઓએ પુરુષદાનીય પ્રભુ

પાર્શ્વનાથના શાસનમાં દીક્ષા લીધી હતી. પ્રમાદવશ આચાર-પાલનમાં ક્રમશ: અતિશિથિલ બની અંત સમય સુધી તેમણે પોતાના તે શિથિલ આચારોની આલોચના કર્યા વિના કાળ કરવાથી નિમ્ન કક્ષાની દેવગતિમાં ઇન્દ્રાણીનો ભવ પામ્યાં. વ્યક્તિભેદે ભિન્ન એવા દશે વર્ગનો એક જ સાર છે કે **સંયમી સાધુ-સાધ્વીએ શિથિલતાને હજારો યોજન દૂર રાખવી.** આ આગમ કથાનુયોગને વર્ણવતા અનેક ગ્રંથોનો મૂળ સ્રોત છે. જેની સારભૂત વાતો અહીં કરવામાં આવી.

## જ્ઞાતાધર્મકથાની વાણીના અંશો

❈ **एएणं देवाणुप्पिया ! दूरइक्कमणिज्जा, णो खलु सक्का सुबलिएणावि देवेण वा दाणवेण वा णिवारित्तए णण्णत्थ अप्पणो कम्मक्खएणं ।**

હે દેવાનુપ્રિય ! ઘડપણ અને મૃત્યુને કોઈ નિવારી શકતું નથી, બળવાન દેવ હોય કે દાનવ હોય, એક માત્ર પૂર્વમાં બાંધેલા કર્મોનો ક્ષય થાય તો જ તે બેથી બચી શકાય છે.

❈ **जाव माणुस्सए कामभोगे णो पुणरवि आसाइ, से णं जाव वीइवइस्सइ ।**

દીક્ષિત થયા પછી જે મનુષ્ય સંબંધી કામભોગોની ઇચ્છા ફરી કરતા નથી તે સંસાર સમુદ્રનો પાર પામે છે

❈ **पओग - वीससापरिणया वियणं सामी ! पोग्गला पण्णत्ता ।**

મનુષ્યના પ્રયત્નથી અને સ્વાભાવિક પણે પુદ્ગલોના પર્યાયમાં ફેરફાર થાય છે.

❈ **तए णं से णंदे मणियारसेट्ठी अन्नया कयाई असाहुदंसणेण य अपज्जुवासणाए य अणणुसासणाए य असुस्सूसणाए य सम्मत्तपज्जवेहिं परिहायमाणेहिं परिहायमाणेहिं मिच्छत्तपज्जवेहिं परिवड्ढमाणेहिं परिवड्ढमाणेहिं मिच्छतं विप्पडिवन्ने जाए यावि होत्था ।**

તે પછી નંદમણિયાર શ્રેષ્ઠી સાધુ ભગવંતોનાં દર્શન ન થવાથી, તેમની ઉપાસના ન કરવાથી, ઉપદેશ ન સાંભળવાથી, જિનવાણી સાંભળવાની ઇચ્છા ન થવાથી ક્રમશ: સમ્યક્ત્વથી દૂર થઈને મિથ્યાત્વને પામ્યો.

❊ **फासेसु य भद्दगपावएसु कायविसयं उवगतेसु,**
**तुट्ठेण व रुट्ठेण व समणेण सया णं होयव्वं ।।**
**सद्देसु य..., रुवेसु य... गंधेसु य..., रसेसु य... ।**

સાધુ ભગવંતોએ કાન, આંખ, નાક, જીભ અને ચામડીના શુભ અથવા અશુભ શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શ રૂપ વિષયોમાં ક્યારેય રાગ અને દ્વેષ ન કરવો જોઈએ.

❊ **एवामेव समणाउसो जाव पव्वइए समाणे पुणरवि माणुस्सए कामभोगे आसाएइ जाव अणुपरियट्टिस्सइ, जहा व से कंडरीए राया ।**

હે શ્રમણો ! આ પ્રમાણે જે સાધુસાધ્વીજી ભગવંતો સંયમ સ્વીકાર્યા પછી માનવીય કામભોગોની ઇચ્છા કરે છે, તે કંડરીક મુનિની જેમ સંસારમાં પરિભ્રમણ કરે છે.

**૧૫**

# ઉપાસકદશાંગ સૂત્ર-૧

'આગમપુરુષ' આ શબ્દ આગમગ્રંથોને એક સ્વસ્થ પુરુષ સાથે સરખાવે છે. પુરુષના શરીરને જેમ ૧૨ અંગ હોય છે, તેમ પંચમગણધર શ્રી સુધર્માસ્વામી રચિત દ્વાદશાંગી પણ ૧૨ આગમથી ગૂંથાયેલી છે. શ્રીનંદીસૂત્રની ચૂર્ણિના કર્તા મહત્તર શ્રી જિનદાસગણિએ દ્વાદશાંગીમાં સમાવિષ્ટ ૧૨ આગમોને પુરુષના ૧૨ અંગ સાથે સરખાવતાં કહ્યું છે કે,

**पाययुगं जंघोरु, गातदुगद्धं, तु दो य बाहू य ।**
**गीवा सिरं च पुरिसो, बारसअंगो सुतविसिट्ठो ।।**

[શ્રી નંદીસૂત્ર - ૪૩ ચૂર્ણિ]

| | **પુરુષનું અંગ** | **તે સ્થાને આવતું આગમ** |
|---|---|---|
| ૧. | જમણો પગ | આચારાંગસૂત્ર |
| ૨. | ડાબો પગ | સૂત્રકૃતાંગ સૂત્ર |
| ૩. | જમણી જંઘા | સ્થાનાંગસૂત્ર |
| ૪. | ડાબી જંઘા | સમવાયાંગસૂત્ર |
| ૫. | જમણી સાથળ | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર |
| ૬. | ડાબી સાથળ | જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર |
| ૭. | નાભિ | ઉપાસકદશાંગ સૂત્ર |
| ૮. | વક્ષ:સ્થલ (છાતી) | અંતકૃદ્દશાંગસૂત્ર |
| ૯. | જમણી ભુજા | અનુત્તરોપપાતિકસૂત્ર |
| ૧૦. | ડાબી ભુજા | પ્રશ્નવ્યાકરણસૂત્ર |

૧૧. ગ્રીવા (ડોક) વિપાકસૂત્ર
૧૨. મસ્તક (લલાટ) દૃષ્ટિવાદ

જ્ઞાતાધર્મકથાંગ પછી શ્રીઉપાસકદશાંગ નામનું સાતમું આગમ આવે છે, જેને આગમપુરુષની નાભિના સ્થાને ગણવામાં આવ્યું છે. 'નાભિનો નાદ' માનવજીવનમાં જે મહત્ત્વ ધરાવે છે તે મહત્ત્વ સાધના જીવનમાં ઉપાસકદશાંગસૂત્રનાં વચનો ધરાવે છે.

આ આગમ ૮૧૨ શ્લોક પ્રમાણ છે. જેનાં ઉપર નવાંગી ટીકાકાર પૂ. આ.શ્રી. અભયદેવસૂરિજી મહારાજાની વૃત્તિ છે, જે ૮૦૦ શ્લોક પ્રમાણ છે. આ એક ટીકા સિવાય આ આગમ ઉપર વર્તમાનમાં નિર્યુક્તિ-ચૂર્ણિ-ભાષ્યાદિ એક પણ સાહિત્ય ઉપલબ્ધ થતું નથી. તેથી વર્તમાનમાં માત્ર ૧૬૧૨ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે. આના આધારે દસસાવયચરિયં, દશશ્રાવકચરિત્ર જેવા ગ્રંથો બનેલા છે. આ આગમ શ્રાવકોના જીવનને દર્શાવનાર હોવાથી કથાનુયોગમાં સમાવેશ પામે છે, તો અપેક્ષાએ શ્રાવકજીવનના સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતના આચારો અને અતિચારોની વાત હોવાથી ચરણકરણાનુયોગમાં પણ આ આગમ ગણાય છે. આજથી ૨૫૬૯ વર્ષ પૂર્વે રચાયેલું આ આગમ અર્ધમાગધી-પ્રાકૃતભાષામાં છે.

આ આગમમાં પરમાત્મા મહાવીરના ઉપદેશને ઝીલીને સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત સ્વીકારનારા દશ મહાશ્રાવકની કથા છે. એકમાત્ર આ આગમ એવું છે કે જેમાં સંપૂર્ણતયા શ્રાવકજીવનની જ વાતો કરવામાં આવી છે. પૂર્વના કાળમાં શ્રાવકો ઉપાસક શબ્દથી ઓળખાતા હતા. વિશેષ સ્પષ્ટતા માટે ક્વચિત્ શ્રમણોપાસક શબ્દ પણ વપરાતો. વર્તમાનમાં શ્રમણોપાસક અને શ્રાવક શબ્દ વધુ પ્રચલિત છે.

અહીં ઉપાસક શબ્દમાં उप समीपे, आस्ते तिष्ठतीत्युपासकः નજીક રહેવાવાળો' અર્થ છે. જે સાધક શ્રમણ એવા સાધુભગવંતની નજીક રહે તે શ્રમણોપાસક. આ અર્થ શ્રાવક-જીવનનાં ઘણા પાસાને સ્પષ્ટ કરે છે. શ્રમણની ઉપાસના-સેવા-ભક્તિ કરે તે શ્રાવક, શ્રમણના સાનિધ્યમાં રહે તે શ્રાવક, શ્રમણના વચનોને સાંભળે તે શ્રાવક, શ્રમણ બનાવાની ભાવનામાં રમે તે શ્રાવક, જીવનના દરેક પ્રસંગમાં શ્રમણની ઇચ્છાને જ પ્રાધાન્યતા આપે તે શ્રાવક અને શ્રમણના પારતંત્ર્યને સ્વીકારે તે શ્રાવક.

આ આગમમાં પરમાત્મા શ્રીમહાવીરના સ્વહસ્તે બારે વ્રત ઉચ્ચરનારા ૧,૪૯,૦૦૦ શ્રાવકોમાં અગ્રગ્રણ્ય દશ મહાશ્રાવકોના જીવનને દર્શાવતું

એક-એક અધ્યયન છે. તેઓનાં નામને સૂચવતા અધ્યયનનાં નામો ક્રમશઃ નીચે મુજબ છે. ૧-આનંદ, ૨-કામદેવ, ૩-ચુલનીપિતા, ૪-સુરાદેવ, ૫-ચુલ્લશતક, ૬-કુંડકૌલિક, ૭-શકટાલપુત્ર, ૮-મહાશતક, ૯-નન્દિનીપિતા, ૧૦. શાલિહીપિતા.

આ દશ અધ્યયનમાં ક્રમશઃ એક-એક શ્રાવકનું જીવન, તેઓની અઢળક સંપત્તિ, સુખ-સાહ્યબી, તેઓએ સાંભળેલી વીર વિભુની દેશના, ગ્રહણ કરેલાં વ્રતો, વ્રતપાલનમાં આવેલા ઉપસર્ગો, વિકટ પરિસ્થિતિમાં રાખેલી દ્રઢતા, વિશિષ્ટ તપ-ત્યાગ, અંત સમયે કરેલી સમાધિની સાધના વગેરે વાતોનું વિસ્તૃત વર્ણન છે, જે ઘણું રસાળ અને ભાવોત્પાદક છે. તે દશે અધ્યયનમાં કહેવાયેલી મહત્ત્વપૂર્ણ વાતો જોઈએ.

૧. દશે શ્રાવકો મહાશ્રીમંત હતા. પોતાની કરોડોની સંપત્તિના તેઓએ ત્રણ ભાગ કર્યા હતા. વેપારમાં એકભાગ, જીવનવ્યવહારમાં બીજો ભાગ અને ત્રીજો ભાગ નિધિ તરીકે રાખતા હતા. આ વ્યવસ્થાના કારણે તેઓનું જીવન નિશ્ચિંતતા પૂર્વક એકધારું ચાલતું. કર્મજન્ય પરિસ્થિતિમાં પણ સમુચિત વ્યવહાર અને સામાજિક પ્રતિષ્ઠાને આંચ ન આવતી.

૨. પરમાત્મા મહાવીરની દેશના સાંભળીને તે દરેક મહાશ્રાવકે સમ્યક્ત્વપૂર્વક બારવ્રતનો સ્વીકાર કર્યો હતો. પાંચમા પરિગ્રહ પરિમાણ અણુવ્રતના સ્વીકારમાં તેઓએ હવે પછી નવે પ્રકારના પરિગ્રહમાં વધારો ન કરવાનો નિર્ણય કર્યો હતો. જીવનભર વિદ્યમાન સંપત્તિ અને સમૃદ્ધિને ઘટાડવાનું કામ જ કર્યુ હતું. તે રીતે દરેક નિયમોમાં ક્રમશઃ સંક્ષેપ કરીને યાવત્ 'સંવાસાનુમતિશ્રાવક'ની ભૂમિકાને પ્રાપ્ત કરી હતી.

૩. આનંદ આદિ દશે મહાશ્રાવકો ચૌદ-ચૌદ વર્ષ સુધી વ્રતોનું નિરતિચાર પાલન કરીને પંદરમા વર્ષે પોતાના જ્યેષ્ઠ પુત્રને ઘર સંબંધી જવાબદારી સોંપી નિવૃત્ત થાય છે. ત્યારબાદ બધા શ્રાવકોએ શ્રાવકપણાની અગ્યાર પ્રતિમાઓનો સ્વીકાર કરી યથાર્થપણે તેનું પાલન કર્યું છે.

૪. ઘોર તપશ્ચર્યા વડે શરીર કૃશ થવાથી અંત સમયે મારણાન્તિક સંલેખના કરી ભક્તપ્રત્યાખ્યાન અણસણનો સ્વીકાર કર્યો છે. સમાધિપૂર્વકના શુભ પરિણામે તેઓને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. એક મહિનાના અણસણને પૂર્ણ કરી તે દશે મહાશ્રાવકો સમાધિ મૃત્યુને પામી પ્રથમદેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે. દેવલોકમાં ચાર પલ્યોપમના આયુષ્યને પૂર્ણ કરી મહાવિદેહમાં માનવભવ પામી સંયમ સ્વીકારી મોક્ષને પામશે.

# ૧૬

## ઉપાસકદશાંગ સૂત્ર-૨

શ્રી ઉપાસકદશાંગ સૂત્ર આગમની મહત્ત્વપૂર્ણ વાતોમાં આગળ વધીએ.

૫ - શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આનંદ વગેરે દશ મહાશ્રાવકોના જીવન જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે, સાધક જ્યારે ઊંડી સમજ અને શ્રદ્ધાપૂર્વક વૈરાગી બને છે ત્યારે તેને ભોગની દુનિયા કઠે છે, આત્માના પુરુષાર્થથી મહાત્યાગી બને છે, ત્યાગજીવનના આનંદની અનુભૂતિ કરે છે અને આત્મભાવમાં લીન તે સાધક દેહાતીત ભૂમિકાને પ્રાપ્ત કરે છે.

૬ - આ આગમમાં મહાશ્રાવક આનંદની સંપત્તિનું જે વર્ણન છે તેમાં આજે ઘણાને શંકા ઊભી થાય છે કે, 'એક વ્યક્તિને આટલી બધી સંપત્તિ હોય ખરી ? આ તો ભગવાન મહાવીરના અનુયાયી મહાશ્રીમંતો હતા, તેવું બતાવવા આ વર્ણન છે, નહિ કે આવી વાસ્તવિકતા હતી.' આવા શ્રદ્ધાભ્રષ્ટ જીવોને ઐતિહાસિક ગ્રંથોનો અભ્યાસ નહિ કરેલો હોવાથી તદ્‌કાલીન ભારતવર્ષની સમૃદ્ધિનો સાચો અંદાજ નથી. કમસેકમ વર્તમાનકાળના શ્રીમંતોની સ્થિતિને જાણનારો સુજ્ઞ પણ સમજી શકે કે આ કલિયુગમાં જો આ શ્રીમંતાઈ હોય તો તે સત્યુગમાં કેમ ન હોય ?

૭ - એક માન્યતા એ પણ છે કે 'જો મહાશ્રાવકો પણ આટલી સંપત્તિ મેળવી શકે. હજારોની સંખ્યામાં ગાયો અને ખેતરો વગેરે રાખી શકે તો આપણે પણ ધન મેળવવું જોઈએ, ગાયો અને ખેતરો રાખવા જોઈએ.' આવા અજ્ઞાની જીવોએ શાંત ચિત્તે સમજવા જેવું છે કે આ મહાશ્રાવકો

જન્મથી જૈન ન હતા, જન્મથી જ એમને વીતરાગ-સર્વજ્ઞનું શાસન મળ્યું ન હતું. એક સંસારી તરીકે લોભને આધીન તેઓ શ્રીમંત બન્યા હતા. પરંતુ જે દિવસે શ્રમણભગવાન મહાવીર પરમાત્માની દેશના સૌ પ્રથમવાર સાંભળી ત્યારે સમ્યક્ત્વપૂર્વક બારવ્રતનો સ્વીકાર કર્યો છે. તેમાં પરિગ્રહ પરિમાણ નામના પાંચમા અણુવ્રતમાં, 'વર્તમાન સંપત્તિમાં હવે પછી રાતીપાઈનો ઉમેરો નહિ કરું અને ક્રમશ: તેને ઘટાડવાનો પુરુષાર્થ કરીશ', એવો નિર્ધાર કર્યો છે. આ આગમમાં તે શ્રાવકો પાસે તેઓ ધર્મ પામ્યા ત્યારે શું હતું, માત્ર તેનું વર્ણન છે, સંપત્તિ વગેરે મેળવવાની વાત તો નથી કરી પરંતુ પાપરૂપ હોવાથી છોડવાની જ વાત કરી છે. તે તે શ્રાવકોએ ક્રમશ: સંપત્તિ છોડી પોતાના સ્વજનો અને શરીરની પણ મમતા છોડી અંતે અનશન આરાધ્યું છે.

૮ - આનંદ શ્રાવકના જીવનની એક ઘટના બહુ મહત્ત્વપૂર્ણ છે. નિર્મળવ્રત સાધના અને ઘોર તપશ્ચર્યાના બળે આનંદ શ્રાવકને અવધિજ્ઞાન પ્રગટ થયું. તે દિવસોમાં એકવાર શાસનશિરતાજ શ્રીગૌતમસ્વામી મહારાજા ભિક્ષા માટે વાણિજ્યગ્રામના કોલ્લાક સન્નિવેશમાં પધાર્યા. ત્યાં અનેક લોકોના મુખે આનંદ શ્રાવકના અનસનની વાત સાંભળી તેઓ આનંદની પૌષધશાળામાં પધાર્યા. આનંદ શ્રાવકે તપશ્ચર્યા વડે શરીરને ઘણું કૃશ કર્યુ હતું. સંથારામાંથી ઊભા થઈ ગૌતમ મહારાજાની સન્મુખ જઈ શકે તેવી પણ શારીરિક સ્થિતિ ન હતી. તેણે શ્રી ગોતમ મહારાજાને અતિનિકટ આવવાની વિનંતિ કરી. નિકટ પધારેલા પ્રથમગણધરના ચરણનો સ્પર્શ કરી પોતાના આત્માને કૃતાર્થ માનતા આનંદે પ્રશ્ન પૂછ્યો,

'ભગવંત ! શ્રાવકને અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે ?'

ગૌતમ મહારાજાએ કહ્યું, 'આનંદ ! શ્રાવકને અવધિજ્ઞાન અવશ્ય થઈ શકે.'

ત્યારે તેણે કહ્યું, 'ભગવંત ! મને અવધિજ્ઞાન થયું છે અને હું ૫૦૦ યોજન સુધી પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં તથા ઉત્તર દિશામાં ચુલ્લ હિમવંત પર્વત સુધી જોઈ શકું છું. ઊર્ધ્વ દિશામાં પ્રથમ દેવલોક અને

અધોલોકમાં પ્રથમ નરકનાં લોલુપાચ્યુત નરક સુધી જોઈ શકું છું.'

આનંદે જ્યારે અવધિજ્ઞાનના ક્ષેત્રની વાત કરી ત્યારે ગૌતમ મહારાજાએ કહ્યું, 'આનંદ ! શ્રાવકને આટલું વિશિષ્ટ અવધિજ્ઞાન થઈ ન શકે, તેથી તારે અસત્યભાષણનું પ્રાયશ્ચિત કરવું પડશે.'

આનંદે પ્રતિ પ્રશ્ન પૂછ્યો કે, 'ભગવંત ! જિન પ્રવચનમાં સત્યનું પ્રાયશ્ચિત્ત હોય ?'

ગૌતમ મહારાજાએ કહ્યું, 'આનંદ ! સત્યનું પ્રાયશ્ચિત્ત ન હોય, અસત્યનું પ્રાયશ્ચિત હોય.' ત્યારે આનંદે કહ્યું, 'સત્યનું પ્રાયશ્ચિત ન હોય તો પ્રાયશ્ચિત મારે નહીં કરવું પડે, પ્રાયશ્ચિત આપે કરવું પડશે. ભગવંત !'

ગૌતમ મહારાજા આ અંગે ભગવાન મહાવીરને પૂછવાનો નિર્ણય કરી પ્રભુ પાસે આવ્યા. પ્રભુને પૂછ્યું. 'ભગવંત ! અવધિજ્ઞાનની બાબતમાં આનંદની વાત સત્ય છે કે મારી વાત સત્ય છે ?'

ભગવાન મહાવીરે કહ્યું, 'ગૌતમ ! આનંદની વાત સત્ય છે. શ્રાવકને તેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન થઈ શકે. તેથી તારે આનંદ સમક્ષ મિચ્છા મિ દુક્કડં આપવો.'

પ્રભુની વાતનો સ્વીકાર કરી પુનઃ આનંદ સમક્ષ આવીને તે દ્વાદશાંગીના રચયિતા, ચતુર્જ્ઞાની, પ્રથમ ગણધર શ્રી ગૌતમ મહારાજાએ મિચ્છા મિ દુક્કડં આપ્યો. આ પ્રસંગમાં શ્રી ગૌતમ મહારાજાની નમ્રતા અને સરળતાની પરાકાષ્ઠા જોવા મળે છે.

૯. મંખલિપુત્ર ગોશાલકના નિયતિવાદની મિથ્યાવાતો, તેની સામે પુરુષાર્થની યુક્તિસંગત વાતો, તે દ્વારા છટ્ઠા અને સાતમા શ્રાવકોએ સર્વજ્ઞમતમાં દાખવેલી મક્કમતા, પ્રભુવીરે પોતાના શ્રમણો સમક્ષ કરેલી તેમની પ્રશંસા, શ્રમણોને આપેલી હિતશિક્ષા, આવી તો અનેક રસસભર વાતો આ આગમમાં કરવામાં આવી છે.

## ઉપાસકદશાંગ સૂત્રની વાણીના અંશો

❋ **जिणवयणे संताणं जाव भावाणं नो आलोइज्जइ जाव तवोकम्मं नो पडिवज्जिज्जइ ।**

જિનવચનમાં સદ્‌ભૂત ભાવો સંબંધી આલોચના કરવાની હોતી નથી. યાવત્ તપરૂપ પ્રાયશ્ચિત્ત પણ કરાતું નથી. અર્થાત્ સત્ય સંબંધી પ્રાયશ્ચિત્ત હોતું નથી.

❋ **अज्जो ! समणोवासगा गिहिणो गिहि-मज्झा वसंता दिव्व-माणुसति-रिक्खजोणिए उवसग्गे सम्मं सहंति जाव अहियासेंति, सक्का पुणाईं अज्जो ! समणेहिं निग्गंथेहिं दुवालसंगं गणिपिडगं अहिज्ज-माणेहिं दिव्व-माणुसतिरिक्खजोणिए सम्मं सहित्तए जाव अहियासित्तए ।**

હે આર્યો ! જો ગૃહવાસમાં રહેતા શ્રમણોપાસકો દિવ્ય, મનુષ્ય અને તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ સહે છે, યાવત્ શાંતિથી સહન કરે છે. તો હે આર્યો ! હે શ્રમણો ! દ્વાદશાંગરૂપ ગણિપિટકને ભણનારા તમારે તે ઉપસર્ગો સહન કરવા યોગ્ય છે.

## ૧૭

# અંતકૃદ્દશાંગ સૂત્ર-૧

ગત શ્રીઉપાસકદશાંગ સૂત્રમાં દશ મહાશ્રાવકોના જીવનની વાતો હતી. હવે **શ્રી અંતકૃદ્દશાંગ સૂત્ર** નામના આ આઠમા અંગ આગમમાં શ્રમણજીવન સ્વીકારનારા આત્માઓની જીવનકથા છે.

કથાનુયોગમાં સમાવેશ પામતા આ આગમમાં તે મહાપુરુષોની જીવનકથા છે, જેઓએ સંયમ અને તપશ્ચર્યાના બળે આઠ કર્મોને જીતી સંસારનો અંત કર્યો છે. કેવળજ્ઞાન પામી માત્ર અંતમુહૂર્તમાં મોક્ષને પામનારા ૯૦ આત્માઓના જીવનને વર્ણવનારા મુખ્ય આઠ વર્ગ છે. એક-એક વર્ગમાં ક્રમશ: દશ, આઠ, તેર, દશ, દશ, સોળ, તેર, દશ એમ નેવું (૯૦) અધ્યયનો છે.

મૂળ શ્લોક ૮૫૦ છે. ટીકાકારમહર્ષિ પૂ.આ.શ્રી અભયદેવસૂરિ મહારાજાનું લઘુ વિવરણ ૪૦૦ શ્લોક પ્રમાણ છે. એમ વર્તમાનમાં કુલ ૧૨૫૦ શ્લોક પ્રમાણ સાહિત્ય ઉપલબ્ધ છે.

૯૦ સાધકોમાંથી એકાવન (૫૧) સાધકો બાવીશમા તીર્થપતિ શ્રી નેમિનાથ પરમાત્માના શાસનમાં થયેલા છે. જેમાં શ્રી કૃષ્ણ વાસુદેવના દશ કાકા, પચીશ ભાઈ, આઠ પત્ની, બે પુત્ર, બે પુત્રવધૂ, ત્રણ ભત્રીજા અને એક પૌત્ર છે. બાકીના ઓગણચાલીશ (૩૯) સાધકો ચોવીશમા તીર્થપતિ શ્રીમહાવીર પરમાત્માના શાસનમાં થયેલા છે.

પ્રસ્તુત આગમના આઠ વર્ગમાં મુખ્યત્વે દરેક સાધકોનાં નામ, નગર, રાજવીનું નામ, માતા-પિતાનાં નામ, ૭૨/૬૪ કળામાં પ્રવીણતા, ભૌતિક સમૃદ્ધિ, પાણિગ્રહણ, તીર્થંકર પરમાત્માનું આગમન, ધર્મદેશનાનું શ્રવણ, વૈરાગ્યની ઉત્પત્તિ, વર્ષીદાન, ભોગજીવનનો ત્યાગ, પ્રવ્રજ્યા સ્વીકાર, શ્રુત સાધના, તપોપધાન, ભિક્ષુ પ્રતિમાનું આરાધન, અંતિમ સંલેખના, અંતકૃત્ કેવલીપણું અને મોક્ષગમન સુધીની વાતો છે.

આ આગમના એકથી પાંચ વર્ગમાં શ્રી કૃષ્ણ વાસુદેવના જીવનના અનેકવિધ પાસાઓનું વર્ણન છે.

પહેલા વર્ગમાં બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી વૈશ્રમણ દેવે બનાવેલી દ્વારિકા નગરી, કૃષ્ણ મહારાજાનો વિશાળ પરિવાર, રાજવી અન્ધકવૃષ્ણિ અને રાણી ધારિણીના ગૌતમ, સમૃદ્ધ, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેનજિત અને વિષ્ણુ નામના દશ રાજપુત્રો, પરમાત્મા નેમિનાથની દેશનાના શ્રવણથી તેમનો સંસાર ત્યાગ, સામાયિક અધ્યયનથી આચારાંગાદિ અગ્યાર અંગનો અભ્યાસ, બાર પ્રકારની ભિક્ષુ પ્રતિમાનું પાલન અને ગુણરત્ન સંવત્સર નામનો ઘોર તપ, ૧૨ વર્ષ સુધી સંયમપર્યાયનું પાલન, શત્રુંજય મહાતીર્થમાં ૧ મહિનાની અંતિમ મરણાંત સંલેખના અને તે દ્વારા કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી મોક્ષગમન વગેરે વાતો સંક્ષેપમાં કરવામાં આવી છે.

પ્રથમ વર્ગના ગૌતમ આદિ મહામુનિઓએ કરેલા શ્રી ગુણરત્ન સંવત્સર તપમાં ૪૦૭ ઉપવાસ અને ૭૩ પારણાં હોય છે. સોળ મહિનાના આ તપમાં પહેલા મહિને એક ઉપવાસના પારણે એક ઉપવાસ, બીજા મહિને બે ઉપવાસના પારણે બે ઉપવાસ. એમ વધતાં વધતાં સોળમા મહિને સોળ ઉપવાસના પારણે સોળ ઉપવાસ સળંગ કરવાથી કુલ ૪૮૦ દિવસે આ ભીષ્મ-તપ પૂરો થાય છે.

બીજા વર્ગમાં દ્વારિકા નગરીના મહારાજા વૃષ્ણિ અને મહારાણી ધારિણીના આઠ પુત્રોની વાત કરવામાં આવી છે. તે અક્ષોભ આદિ આઠે સાધકોએ ગૌતમ મુનિવરની જેમ જ આરાધના તપશ્ચર્યા કરી શત્રુંજય

મહાતીર્થ ઉપર મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.

ત્રીજા વર્ગનાં પ્રથમ અધ્યયનમાં અનીયસકુમારનું જીવન વિસ્તારથી વર્ણવાયું છે. જેઓ જિતશત્રુ રાજાની ભદ્દિલપુર નગરીના નાગ નામના ગાથાપતિની પત્ની સુલસાના પુત્ર હતા.

*પરમાત્માશ્રી મહાવીરદેવના સમયમાં શ્રેણિકમહારાજાના રથચાલક* નાગસારથી અને એની ધર્મપત્ની દૃઢસમ્યક્ત્વધારિણી સુલસાથી આ બંને અલગ જાણવા.

આ અધ્યયનમાં અનીયસકુમારનો સુકોમલ દેહ, તેનું બાલ્યાવસ્થામાં થયેલું લાલન-પાલન અને યુવાવસ્થામાં થયેલો તેમનો શાહી વિવાહોત્સવ વગેરે તત્કાલીન વ્યવહારિક જીવનની વાતો વિસ્તારથી બતાવવામાં આવી છે. ભોગ જીવનમાં ગળાડુબ બનેલા જીવો પણ નિમિત્ત પામી એકઝાટકે ભોગ જીવનનો ત્યાગ કરતા હતા. આ વાત અનીયસકુમારના જીવનમાં ચરિતાર્થ થતી જોવા મળે છે. ગૃહસ્થાશ્રમના પ્રારંભિક તબક્કામાં જ પરમાત્મા શ્રી નેમિનાથની દેશના સાંભળી તેઓએ સંસારનો ત્યાગ કર્યો. ચૌદ પૂર્વધર બની વીશ વર્ષનો સંયમપર્યાય પાળી એક મહિનાની અંતિમ સંલેખના સાથે ગરવા ગિરિરાજશ્રી શત્રુંજય તીર્થે સિદ્ધિગતિને પામ્યા.

અનંતસેન વગેરે બીજા છ શ્રેષ્ઠિ પુત્રો પણ અનીયસકુમારની જેમ આરાધના કરી સિદ્ધિગતિને પામ્યા, તે વાત પણ આ જ વર્ગના ૨ થી ૭ અધ્યયનમાં કરવામાં આવી છે. ત્યાર બાદ ત્રીજા વર્ગના આઠમા અધ્યયનમાં ગજસુકુમાલ મુનિના જીવનને વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે.

ગજસુકુમાલ, શ્રી કૃષ્ણ વાસુદેવના લઘુબંધુ હતા. રાજા વસુદેવ અને મહારાણી દેવકીના પુત્ર હતા.

પરમાત્મા શ્રી અરિષ્ટનેમિની એક જ દેશનાના શ્રવણથી વૈરાગ્ય પામ્યા. માતા-પિતા અને વડીલ-બંધુ વાસુદેવ શ્રીકૃષ્ણની અનુમતિ મેળવી સંયમ-જીવનનો સ્વીકાર કર્યો. પહેલા જ દિવસે શ્મશાનમાં આવેલા ઉપસર્ગને સમભાવે સહન કર્યો. શરીર સાથે કર્મ બાળતાં અંતકૃત કેળવી બન્યા.

## ૧૮

# અંતકૃદ્દશાંગ સૂત્ર-૨

આઠમા શ્રી અંતકૃદ્દશાંગ આગમના પહેલા ત્રણ વર્ગની વાત ગતાંકમાં કરી. ચોથાવર્ગમાં જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, સત્યનેમિ અને દૃઢનેમિ નામના દશ રાજકુમારોનું વર્ણન છે.

વર્ગ પાંચમામાં શ્રીકૃષ્ણની પદ્માવતી નામની મહારાણીની વાત કરવામાં આવી છે. અહીં પ્રસંગોપાત્ત દ્વારિકાનગરીના નાશનો પ્રસંગ હૃદયદ્રાવક શબ્દોમાં આલેખાયો છે. જેમાં દ્વારિકાનગરીના નાશ સંબંધી પ્રશ્નના ઉત્તરમાં પરમાત્મા શ્રી નેમિનાથે કૃષ્ણ મહારાજાને દ્વારિકાના નાશના ત્રણ કારણ બતાવ્યાં. ૧-સુરા, ૨-અગ્નિ, ૩-દ્વિપાયન ઋષિનો કોપ. નિશ્ચિત ભવિતવ્યતાના પરિણામે એક દિવસ દ્વારિકાનો નાશ થયો. ત્રણ ખંડના અધિપતિ શ્રીકૃષ્ણ જંગલમાં જરાકુમારના બાણથી મર્યા, પૂર્વભવમાં કરેલા નિયાણાના પરિણામે વાલુકાપ્રભા નામની ત્રીજી નરકમાં ગયા. છતાં આ ભવમાં કરેલી આરાધનાના બળે આ ભરતક્ષેત્રની આવતી ઉત્સર્પિણીમાં 'અમમ' નામના બારમા તીર્થંકર બનશે, આ વાતો વિસ્તારથી કરીને મહારાણી પદ્માવતીની દીક્ષાનો પ્રસંગ વર્ણવાયો છે. કૃષ્ણ મહારાજાની સત્યભામા, રુક્મિણી વગેરે બાકીની સાત રાણીઓ તથા શાંબકુમારની મૂલશ્રી અને મૂલદત્તા નામની બે રાણી પણ દીક્ષા લઈ મોક્ષ પામી.

છઠ્ઠા વર્ગના સોળ અધ્યયનમાં મકાઈ, કિંકમ, મુદ્‌ગરપાણિ વગેરે સોળ મહાપુરુષોનાં જીવન વર્ણવાયાં છે.

ત્રીજા મુદ્ગરપાણિ અધ્યયનમાં અર્જુન-માળીનું દૃષ્ટાંત બહુ વિસ્તારથી છે.

અર્જુનમાળી, રાજગૃહી નગરીના ગુણશીલક ઉદ્યાનનો માળી હતો. બન્ધુમતી નામની પત્ની હતી. એકવાર છ દુષ્ટ પુરુષોએ અર્જુનને બાંધી તેની નજરો સમક્ષ બન્ધુમતી સાથે અભદ્ર વ્યવહાર કર્યો. યક્ષના મંદિરમાં થતા આ અનાચારને જોઈને અર્જુન રોષાયમાન થયો, યક્ષ પ્રત્યે આક્રોશ કર્યો. યક્ષે અર્જુનના શરીરમાં પ્રવેશી બંધનો તોડ્યાં, મુદ્ગર શસ્ત્રના સહારે બન્ધુમતી સહિત તે છ પુરુષોનો વધ કર્યો. તે દિવસથી યક્ષથી અધિષ્ઠિત તે અર્જુનમાળી રોજ છ પુરુષ અને એક સ્ત્રીની હત્યા કરવા લાગ્યો. આ સિલસિલો પાંચ મહિના અને તેર દિવસ સુધી ચાલ્યો. જેમાં ૯૭૮ પુરુષો અને ૧૬૩ સ્ત્રીઓ એમ ૧૧૪૧ વ્યક્તિઓની હત્યા તેણે કરી.

એકવાર પરમાત્મા મહાવીરની દેશના સાંભળવા શેઠ સુદર્શન તે માર્ગેથી પસાર થયા. તેમને મારવા અર્જુનમાળી આવ્યો, પરંતુ સમ્યગ્દૃષ્ટિ સુદર્શનશેઠના તપ-જપ અને પુણ્યના તેજને યક્ષ સહન ન કરી શક્યો. અર્જુનના શરીરને છોડી તે યક્ષ ચાલ્યો ગયો. શેઠ સુદર્શનની પ્રેરણાથી અર્જુને પ્રભુવીરની દેશના સાંભળી. વૈરાગ્ય પ્રગટાવાથી દીક્ષિત બન્યો. પૂર્વપીડિત પ્રજાના આક્રોશને સમભાવે સહન કરી, છ મહિનાના અનશનના અંતે મોક્ષે ગયો. 'આ જૈનશાસન ઘોર પાપીને પણ તારનારું છે' આ વાત શ્રદ્ધાસભર હૈયાને અહીં અનુભવવા મળે છે.

આ જ છઠ્ઠા વર્ગના પંદરમા અધ્યયનમાં વિજય રાજા અને શ્રીદેવી રાણીના પુત્ર અતિ-મુક્ત રાજકુમારની કથા છે. બાલ્યવયમાં વિરક્ત બની, સંયમી બની, બાલ્યવયમાં કેવળજ્ઞાન પામનારા અઈમુત્તા મુનિ આજે પણ બાલદીક્ષા માટે આલંબનભૂત છે.

ઉત્તરાર્ધના સાતમા અને આઠમા વર્ગમાં અનુક્રમે મહારાજા શ્રેણિકની તેર મહારાણી અને દશ રાણીઓની સાધના વર્ણવી છે. દરેકના જીવનમાં વૈરાગ્યપ્રાપ્તિ, સંયમ-જીવનનો સ્વીકાર, અનેકવિધ તપશ્ચર્યા અને કેવલજ્ઞાન પામી મોક્ષગમન વગેરે વાતો એકસરખી છે. દરેક રાણીએ કરેલા ઘોર તપનાં નામ - રત્નાવલી તપ, કનકાવલી તપ, લઘુ

સિંહનિષ્ક્રીડિત તપ, મહાસિંહનિષ્ક્રીડિત તપ, સપ્તસપ્તમિકા-ભિક્ષુપ્રતિમા તપ, લઘુ સર્વતોભદ્રપ્રતિમા તપ, મહાસર્વતોભદ્રપ્રતિમાતપ, ભદ્રોત્તરપ્રતિમા તપ, મુક્તાવલી તપ અને વર્ધમાન તપ.

'મોક્ષ પ્રાપ્તિ માટે સંસારનો ત્યાગ, સંયમ-જીવનનો સ્વીકાર અને ઘોર તપની આરાધના અનિવાર્ય છે.' શ્રી અંતકૃત્‌દશાંગ આગમના દરેક વર્ગ અને અધ્યયનનો આ સંદેશ છે.

## અંતકૃદ્દશાસૂત્રની વાણીના અંશો

❊ **आलित्तेणं भंते ! लोए, पलित्तेणं भंते ! लोए, आलित्तपलित्तेणं भंते ! लोए जराए मरणेण य । से जहा नामए केई गाहावई आगारंसि झियायमाणंसि जे तत्थ भंडे भवई अप्पभारे मोल्लगुरुए तं गहाय आयाए एगंतं अवगम्मइ, एस मे णित्थारिए समाणे पच्छा पुरा हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ । एवामेव मम वि एगे आया भंडे इट्ठे कंते पिए मणुन्ने मणामे, एस में णित्थारिए समाणे संसारवोच्छेयकरे भविस्सइ ।**

હે ભગવંત! આ સંસાર વૃદ્ધત્વ અને મરણથી આદીપ્ત છે, પ્રદીપ્ત છે. જેમ કોઈ ગૃહસ્થ પોતાના ઘરમાં આગ લાગે ત્યારે જે વસ્તુ અલ્પભાર વાળી અને બહુમૂલ્યવાળી હોય તેને ગ્રહણ કરી ઘરમાંથી બહાર નીકળી જાય છે, એ ગૃહસ્થ વિચારે છે કે આ વસ્તુ મારા માટે, આગળ-પાછળ હિત માટે, સુખ માટે થશે, કલ્યાણ માટે થશે અને ભવિષ્યમાં ઉપયોગી થશે. એ પ્રમાણે મારે પણ એક આત્મારૂપ વસ્તુ મને ઇષ્ટ છે, કાંત છે, પ્રિય છે અને મનોજ્ઞ છે. આ મારા આત્માને સંસારથી બચાવીશ તો મારા સંસારનો અંત આવશે.

❊ **अस्सिं च णं अट्ठे णो पमाएयव्वं ।**

સંયમ પાલનમાં થોડો પણ પ્રમાદ કરવા જેવો નથી.

❊ **जाणामि अहं अम्मयाओ ! जहा जाएणं अवस्स मरियव्वं, न जाणामि अहं अम्मयाओ ! काहे वा कहिं वा कहं वा कियच्चिरेण वा ?**

હે માતા-પિતા ! હું જાણું છું કે જે જન્મ પામે છે, તેને અવશ્ય મરવું પડે છે. પરંતુ હુ જાણતો નથી કે ક્યારે, ક્યાં કઈ રીતે અને કેટલા સમય પછી મરવાનું હોય છે. (વિરક્ત અઈમુત્તા માતા-પિતાને દીક્ષા માટે સમજાવે છે.)

## ૧૯

# અનુત્તરોપપાતિકદશાંગસૂત્ર

"અનુત્તરૌપપાતિક સૂત્ર" આ દ્વાદશાંગીમાં નવમું અંગ આગમ છે. અનુત્તર, ઉપપાત અને દશા એમ ત્રણ શબ્દોથી આ નામ નિષ્પન્ન થયું છે. અનુત્તર એટલે સૌથી વિશિષ્ટ, સૌથી શ્રેષ્ઠ અને સૌથી ઊંચે આવેલાં દેવવિમાનો. ઉપપાત એટલે ઉત્પન્ન થવું, જન્મ ધારણ કરવો. દશા એટલે અવસ્થા. જે સાધક આત્મા સંયમ-તપશ્ચર્યા દ્વારા અનુત્તર વિમાનમાં જન્મગ્રહણ કરે છે તેને અનુત્તરોપપાતિક કહેવાય છે. જે સૂત્રમાં તેવા સાધકોની દશા એટલે અવસ્થાનું વર્ણન છે તે અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર.

ધર્મકથાનુયોગમાં સમાવેશ પામતા આ આગમમાં એક શ્રુતસ્કંધ અને ત્રણ વર્ગ છે. ત્રણેય વર્ગમાં ક્રમશ: દશ, તેર અને દશ એમ અધ્યયનો છે. કુલ ૩૩ અધ્યયનો છે. ગદ્યાત્મક સૂત્રોમાં ગુંથાયેલું આ આગમ ૧૯૨ શ્લોક પ્રમાણ છે. જેનાં ઉપર ૧૦૦ શ્લોક પ્રમાણ લઘુવૃત્તિ નવાંગી વૃત્તિકાર પૂ.આ.શ્રી. અભયદેવસૂરિજી મહારાજાની છે.

પ્રથમ વર્ગમાં જાલિકુમાર આદિ દશ રાજપુત્રોનું કથાનક છે. જેમાં મગધ સમ્રાટ્ શ્રેણિક મહારાજાની ધારિણી રાણીના સાત પુત્રો, ચેલણા રાણીના બે પુત્રો અને નંદા રાણીનો એક પુત્ર (અભયકુમાર) હતા. પૂર્વના પુણ્યોદયે રાજપરિવારમાં જન્મ્યા હતા, ભૌતિક સુખે ભર્યું જીવન હતું. એકદા પરમાત્મા મહાવીર દેવની દેશના સાંભળી તેઓનું મન ભોગથી વિરક્ત અને યોગમાર્ગમાં રક્ત થયું. માતા-પિતાની અનુમતિ લઈ

પરમાત્માના હસ્તે દીક્ષિત બન્યા. નિરતિચારપણે અપ્રમત્ત સંયમ આરાધના અને ગુણરત્નાદિ તપશ્ચર્યાની સાધના કરી. અંતિમ સમયે સંલેખના દ્વારા આયુષ્ય પૂર્ણ કરી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. દેવભવના અંતે મહાવિદેહમાં જન્મ પામી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

બીજા વર્ગમાં પણ દીર્ઘસેન, મહાસેન વગેરે તેર રાજકુમારોની વાત છે. તે દરેક પણ મહારાજા શ્રેણિક અને માતા ધારિણીના પુત્રો હતા. પૂર્વવત્ સંયમ સ્વીકારી એક સમાન ૧૬ વર્ષ સંયમ પર્યાય પાળી સંલેખનાના અંતે બે વિજય નામના, બે વૈજયંત નામના, બે જયંત નામના, બે અપરાજિત નામના અને પાંચ સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયા.

ત્રીજા વર્ગમાં ધન્ના અણગાર વગેરે દશમુનિવરોનો અધિકાર છે. જેના પ્રથમ અધ્યયનમાં (ધન્ના અણગાર) મુનિરાજનું જીવન વિશેષતાસભર હોવાથી વિસ્તારથી વર્ણવાયું છે. અહીં તેમની તપશ્ચર્યાનું અસાધારણ વર્ણન છે. તેમના જીવનમાં 'देहे दुःखं महाफलं', देहं पातयामि वा कार्यं साधयामि' જેવાં સૂત્રો જીવંત સ્વરૂપે જોવા મળે છે. આઠ મહિનાના સંયમપર્યાયમાં નિરંતર છઠ્ઠ તપ અને પારણામાં આયંબિલ કર્યાં છે. આયંબિલ તપમાં પણ જે આહારને કોઈ ન ઇચ્છે તેવો - સર્વથા ફેંકી દેવા જેવો આહાર ગ્રહણ કરતા હતા. ઘોર તપના અંતે શરીરમાં માત્ર હાડ અને ચામડી બચ્યાં હતાં, લોહી, માંસ આદિ તો સંપૂર્ણ સૂકાઈ ગયાં હતાં. હાડપિંજર કહી શકાય તેવી પરિસ્થિતિ હતી. છતાં ગ્લાનિ રહિત શુભધ્યાનમાં આત્માને સ્થિર રાખતા હતા.

ધન્ના અણગારની ખરી મહાનતા તો તે અવસરે પ્રગટ થયી છે, જે અવસરે મહારાજા શ્રેણિક પરમાત્મા મહાવીરપ્રભુને પ્રશ્ન પૂછે છે કે, "ભગવંત ! આપશ્રીના ચૌદ હજાર શિષ્યોમાંથી અત્યારે કયા અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરા સાધક છે ?"

સમાધાનમાં પરમાત્મા વીર કહે છે કે, "શ્રેણિક ! ઇન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં અત્યારે ધન્ના અણગાર જ મહાદુષ્કરકારક અને મહાનિર્જરા સાધક છે." ધન્ના અણગારના સૌભાગ્યની પરાકાષ્ટા તો એ

હતી કે, મહારાજા શ્રેણિક જંગલમાં રહેલા તે અણગારને ઓળખી શકે અને વંદન કરી શકે તે માટે સ્વયં પરમાત્માએ અણગારના એક-એક અવયવનું તાદૃશ વર્ણન કર્યું. શ્રમણશિરોમણિ તે મુનિરાજ એક મહિનાની અંતિમ સંલેખના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિના દેવ થયા.

શરીરની શક્તિ કરતાં આત્માની શક્તિ અનંતગણી છે, તપ એ કર્મનિર્જરાનું અનન્ય સાધન છે, ધ્યેય પ્રાપ્તિ સુધી પ્રયત્નશીલ રહેવું, ગુણવાનના ગુણોની પ્રશંસા કરવી; આવા અનેક હિતોપદેશ આ આગમમાંથી માર્ગસ્થ ક્ષયોપશમવાળા સાધકને મળી આવે છે. છતાં કેટલાક મોહમૂઢ આત્માઓ આવા આગમગ્રંથો વાંચીને પણ નિજી મિથ્યામાન્યતાઓને પુષ્ટ બનાવતા હોય છે. દા.ત. ધન્ના અણગારના જીવનને વર્ણવતાં પૂર્વે તેમના માતા ભદ્રાની વાત આવે છે. જેમણે 'વ્યાપક વેપારની જવાબદારી પણ સંભાળી' એવો ઉલ્લેખ છે. આ વચનમાં 'કારણવશ પતિની ગેરહાજરીમાં તેમને સ્વીકારવી પડી હશે, અહિં માત્ર જે ઘટના બની તેનું વર્ણન છે, તેની ઉપાદેયતા નથી બતાવી' આવી માર્ગસ્થ વિચારણાને બદલે 'સ્ત્રી પુરુષની સમોવડી હતી, વેપાર આદિ ક્ષેત્રોમાં સ્ત્રીઓનો પ્રવેશ હતો' આવું વિચારવું, બોલવું અને લખવું તે આગમવચનોનો દ્રોહ છે. દુરુપયોગ છે અને સમાજ અને સદાચારની ઉચ્ચતમ મર્યાદાઓના ભંગનું પાપ છે. ગીતાર્થ ગુરુની અનુજ્ઞા પ્રાપ્ત અધિકૃત શ્રમણ ભગવંતો જ આગમ વાંચનના અધિકારી છે' પ્રભુવીરની આ વાત સૌ સ્વીકારે; આ જ ભાવના.

## અનુત્તરૌપપાતિક સૂત્રની વાણીના અંશો

❄ अंतेवासी जाली नामं अणगारे पगइभद्दए, पगइविणीए, पगइउवसंते, पगइपयणुकोह-माण-माया-लोभे, मिउमद्दवसंपन्ने अल्लीणे भद्दए विणीए ।

પરમાત્માના શિષ્ય જાલી અણગાર, જે પ્રકૃતિથી ભદ્ર, વિનીત, ઉપશાંત હતા. અલ્પ ક્રોધ, માન, માયા અને લોભવાળા હતા, કોમળતા અને નમ્રતાથી યુક્ત હતા. ઇન્દ્રિયોને વશ કરનારા, ભદ્ર અને વિનીત હતા.

❄ इमासिं णं भंते ! इंदभूइ-पामोक्खाणं चोद्दसण्हं समणसाहस्सीणं कयरे अणगारे महादुक्करकारए चेव महाणिज्जरयराए चेव ? एवं खलु सेणिया! इमासिं इंदभूइ-पामोक्खाणं चोद्दसण्हं समणसाहस्सीणं धण्णे अणगारे महादुक्करकारए चेव महाणिज्जरयराए चेव ।

હે ભગવંત ! ઇન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં કયા અણગાર મહાદુષ્કરકારક અને મહાનિર્જરાકારક છે?

હે શ્રેણિક ! આ ઇન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર જ મહાદુષ્કરકારક અને મહાનિર્જરાકારક છે.

❄ 'धण्णे सि णं तुमं देवाणुप्पिया! सुपुण्णे सुकयत्थे, कयलक्खणे, सुलद्धे णं देवाणुप्पिया ! तव माणुस्सए जम्मजीवियफले ।'

મહારાજા શ્રેણિક પ્રશંસા કરતાં ધન્ના અણગારને કહે છે, હે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, પુણ્યશાળી છો, કૃતાર્થ છો, સુકૃતલક્ષણ છો. હે દેવાનુપ્રિય ! આપે મનુષ્ય જન્મ અને જીવન સફળ કર્યા છે.

## ૨૦

# પ્રશ્નવ્યાકરણ સૂત્ર – ૧

'પ્રશ્નવ્યાકરણ સૂત્ર' દશમું અંગ આગમ છે. પ્રશ્ન-વ્યાકરણ એટલે પ્રશ્નોનું સમાધાન. શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રીનંદીસૂત્ર અને શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં આ અંગ આગમનો પરિચય આપતાં કહેવામાં આવ્યું છે કે, નવ કરોડ એકત્રીશ લાખ અને સોળ હજાર (૯,૩૧,૧૬,૦૦૦) પદ અને ૪૫ અધ્યયનના આ અંગ આગમમાં ૧૦૮ પ્રશ્ન વિદ્યાઓ, ૧૦૮ અપ્રશ્ન વિદ્યાઓ અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન વિદ્યાઓ તેમજ નાગકુમારાદિ ભવનપતિ દેવો સાથે મુનિવરોએ કરેલી વાતચીતનું વર્ણન છે. જ્યારે વર્તમાનમાં ઉપલબ્ધ શ્રી પ્રશ્નવ્યાકરણ આગમનો વિષય તેનાથી સર્વથા ભિન્ન છે. વર્તમાનમાં માત્ર ૧૩૦૦ (શ્લોક પ્રમાણ) પદ અને એક શ્રુતસ્કંધ છે. જેમાં પ્રાચીન વિદ્યાઓ સંબંધી વિષયના સ્થાને મહત્ત્વપૂર્ણ આશ્રવ અને સંવરનો વિષય જોવામાં આવે છે. નવાંગી વૃત્તિકાર પૂ.આ.અભયદેવસૂરિ મહારાજા આ અંગની વૃત્તિમાં લખે છે કે, ''આગામી સમયમાં બિન અધિકારી કોઈ મનુષ્ય આવી ચમત્કારિક વિદ્યાઓનો દુરુપયોગ ન કરે એ દૃષ્ટિએ પૂર્વાચાર્યોએ વિષય પરિવર્તન કર્યું છે.'' પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મહારાજા પણ સ્વરચિત આ આગમની ટીકામાં એવો જ ઉલ્લેખ કરે છે. શ્રીપ્રશ્નવ્યાકરણની અનેક હસ્તલિખિત પ્રતો આજે દેશ-વિદેશના જ્ઞાનભંડારોમાં અણસ્પર્શી પડી છે. માત્ર તે દિશામાં શ્રમ અને સમયનો ભોગ અપેક્ષિત છે.

પ્રસ્તુત આગમનાં દશ અધ્યયન છે. પહેલાં પાંચ અધ્યયનમાં આશ્રવનાં

પાંચ દ્વાર અને છેલ્લાં પાંચ અધ્યયનમાં સંવરનાં પાંચ દ્વાર બતાવ્યાં છે. એક એક અધ્યયનમાં હિંસાદિ પાંચ આશ્રવસ્થાનો અને અહિંસાદિ પાંચ સંવરસ્થાનોનું સાંગોપાંગ અને સ્પષ્ટ વર્ણન છે.

પહેલા અધ્યયનમાં ૧-હિંસાનું સ્વરૂપ, ૨-હિંસાનાં ત્રીસ પર્યાયવાચી સાર્થક નામ, ૩-હિંસા કરવાનાં કારણો, ૪-હિંસાના કટુ વિપાકો અને ૫-હિંસા કરનારા જીવોનું સ્વરૂપ; એમ મુખ્ય પાંચ વાતો કરવામાં આવી છે.

''પાપકર્મનો બંધ થતો હોવાથી હિંસા એ પાપસ્વરૂપ છે, કષાયને આધીન થયેલો જીવ હિંસા કરતો હોવાના કારણે હિંસા એ ચંડ (ઉગ્ર) છે. રૌદ્ર પરિણામના કારણે જીવ હિંસક બને છે તેથી હિંસા રૌદ્ર છે.'' આ રીતે હિંસાનું સ્વરૂપ બતાવવા માટે બાવીશ (૨૨) મુદ્દાઓ મૂકવામાં આવ્યા છે. તે જ રીતે પ્રાણવધ, પ્રાણોનું ઉન્મૂલન, અવિશ્વાસ, અકૃત્ય વગેરે હિંસાનાં ત્રીસ પર્યાયવાચી નામો આપ્યાં છે. જેના દ્વારા સંસારમાં થતી હિંસાના દરેકવિધ પાસાઓ જાણવા મળે છે.

'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આદિ જીવોની હિંસા જીવો શા માટે કરે છે ?' તેનું સમાધાન આપતાં કહ્યું છે કે, ''જીવો ચામડું, ચરબી, માંસ, લોહી, મજ્જા, હૃદય આદિ શરીરનાં અવયવો મેળવવા માટે તથા ક્રોધાદિ કષાયો, શબ્દાદિ વિષયો અને અજ્ઞાનતા આદિને પરવશ બનીને તે-તે જીવોની હિંસા કરે છે.

ત્યારબાદ 'હિંસા એ જ જેના જીવનનું અવિભાજ્ય અંગ છે, એવી શક, યવન, ચીન, ગૌડ, સિંહલ, આંધ્ર, દ્રવિડ, પુલિંદ, રોમ, મહારાષ્ટ્ર આદિ ચોપ્પન (૫૪) હિંસક જાતિઓનાં નામ બતાવ્યાં છે. જેમાંથી અમુક-જાતિઓ વર્તમાનમાં પણ જોવા મળે છે.

હિંસાનાં દારૂણ ફળોને બતાવતાં સ્પષ્ટપણે લખ્યું છે કે, **પાપબુદ્ધિને ધરનારા હિંસક જીવો નરકગતિ અને તિર્યંચગતિમાં જ ઉત્પન્ન થાય છે.** જે બંને અત્યંત ભયાનક, દીર્ઘકાલીન દુઃખોથી વ્યાપ્ત અને નિરંતર વેદનાથી પરિપૂર્ણ દુર્ગતિઓ છે. અહીં પ્રસંગોપાત્ત નરકગતિનાં ક્ષેત્રકૃત્ દુઃખો,

પરમાધામી દ્વારા અપાતાં દુ:ખો અને પરસ્પર અપાતાં દુ:ખોનો જે ચિતાર ખડો કર્યો છે, ભલ-ભલાને પણ એકવાર તો ધ્રુજાવી દે તેવો છે. એમાં આસ્તિકતા અને અનુકંપાસભર હૈયું હોય તો પાપનો ડર અવશ્ય પેદા થાય, તે વાત નિ:શંક છે.

આ આગમમાં જણાવ્યું છે કે, પરમાધામી દેવો નરકગતિના જીવોને દુ:ખ આપતાં પૂર્વે તેમણે કરેલાં પાપો યાદ કરાવે છે, અને બહુલતયા જેવાં પાપ તેવાં દુ:ખો આપે છે. આ વર્ણન કર્મના અતૂટ સિદ્ધાંતને પ્રસ્થાપિત કરે છે. આગળ વધીને જ્યારે શારીરિક અને માનસિક વેદનાઓથી ત્રસ્ત નારકીના જીવો રાડો પાડીને બોલે છે કે, ''હે સ્વામિ ! હે બાપ ! હું મરી ગયો, મને મારો નહિ, શા માટે આટલા નિર્દય થયા છો, મારા ઉપર દયા કરો, એક ક્ષણ ઉભા તો રહો, શ્વાસ તો લેવા દો, મારું ગળું તો છોડો, મને બહુ તરસ લાગી છે, ટીપું પાણી તો આપો !'' આ વર્ણન વાંચીએ ત્યારે ''હસતાં રે બાંધ્યા કર્મ, રોતાં નવિ છૂટે પ્રાણીયા'' પંક્તિ આંતરમનને હચમચાવી મૂકે છે.

પહેલા અધ્યયનમાં હિંસા આશ્રવ-દ્વારની સામાન્ય વાત થઈ. આ રીતે ક્રમશ: અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ, અને પરિગ્રહ રૂપ મુખ્ય પાંચ આશ્રવોની વાત બીજાથી પાંચમાં અધ્યયનમાં કરવામાં આવી છે. 'સાકરને ઓળખવા કણ પર્યાપ્ત છે, મણની જરૂર નથી' આ ન્યાયે દરેક અધ્યયનની એકેક વાત જોઈએ.

- અસત્યવચન ભય, દુ:ખ, અપયશ અને વેરને ઉત્પન્ન કરનાર છે.
- અદત્તાદાનનું મૂળ મૂર્ચ્છા, લોભ, આસક્તિ અને અસંતોષ છે.
- શબ્દાદિ વિષયોનો ભોગવટો તે અબ્રહ્મ છે અને તે શબ્દાદિ વિષયો અબ્રહ્મની આગ માટે ઇંધણ સ્વરૂપ છે.
- વિશ્વના દરેક જીવોને એક સરખું બાંધનાર પરિગ્રહ જેવું બીજું કોઈ બંધન નથી.

## પ્રશ્નવ્યાકરણસૂત્રની વાણીના અંશો

❋ सव्वपाणा ण हीलियव्वा, ण णिंदियव्वा, ण गरहियव्वा, ण हिंसियव्वा, ण छिंदियव्वा, ण भिंदियव्वा, ण वहेयव्वा, ण भयं दुक्खं च किंचि लब्भा पावेउं ।

કોઈ પણ જીવની હીલના-ઉપેક્ષા ન કરવી, નિંદા ન કરવી, ગર્હા ન કરવી, હિંસા ન કરવી, છેદન ન કરવું, ભેદન ન કરવું, વ્યથિત ન કરવા, ભય અને દુઃખ ન આપવું.

❋ इमं च णं सव्वजगजीव - रक्खण-दयट्ठयाए पावयणं भगवया सुकहियं अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्खा पावाणविउसमणं ।

પરમાત્મા મહાવીરે આ પ્રવચન (શાસન) જગતના સર્વજીવોનું રક્ષણ કરવાં માટે કહ્યું છે. જે આત્મહિતકર, પરલોકમાં સુખકર, ભવિષ્યમાં હિતકર, શુદ્ધ, ન્યાયયુક્ત, અકુટિલ (સરળ), અનુત્તર અને સમસ્ત દુઃખ - સર્વ પાપનો નાશ કરનાર છે.

## ૨૧

# પ્રશ્નવ્યાકરણ સૂત્ર – ૨

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રના આ બીજા લેખમાં હવે છથી દશ અધ્યયનની વિચારણા કરીશું.

'સુખના અર્થી આત્માએ અહિંસાદિ પાંચ સંવરનું અણિશુદ્ધ પાલન કરવું જોઈએ' આ હિતોપદેશ આપતા અંતિમ પાંચ અધ્યયનમાં ક્રમશઃ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો માર્ગ બતાવ્યો છે. દરેકનું સ્વરૂપ, ફળો અને તે તે દરેકની પાંચ પાંચ ભાવનાઓનું પણ નિરૂપણ કર્યું છે.

હિંસાદિ પાંચ આશ્રવનો નિરોધ એટલે જ અહિંસાદિ પાંચ સંવર. જે મહાવ્રત સ્વરૂપ છે, સમસ્ત લોકનું હિત કરનારા છે, શ્રુતસમુદ્રમાં ઉપદેશેલા છે, તપ અને સંયમને સફળ કરનારા છે, નરકાદિ ગતિનો નાશ કરનારા છે, અનંતા તીર્થંકરોએ ઉપદેશેલા છે, કર્મરૂપી રજને દૂર કરનારા છે, અનેક ભવોનો અંત કરનારા છે, હજારો દુઃખોથી બચાવનારા છે, શાશ્વત સુખને આપનારા છે, કાયર પુરુષો માટે દુસ્તર છે, સત્પુરુષો દ્વારા સેવિત છે અને જે ભગવાન મહાવીરે પ્રરૂપેલા છે.

આમ, શરૂઆતમાં પાંચેયની સમષ્ટિગત વાત કર્યા પછી છઠ્ઠા અધ્યયનમાં અહિંસાનો મહિમા દર્શાવતાં કહ્યું છે કે, **જેમ ભયભીતને શરણ, તરસ્યાને પાણી, ભૂખ્યાને ભોજન, ડુબતાને જહાજ, પશુને રક્ષણ, રોગીને ઔષધ અને ભૂલ્યાને ભોમિયો જેમ સુખદાયક છે તેમ અહિંસા ત્રસ**

**અને સ્થાવર જીવોના ક્ષેમ-કુશલને કરનારી છે.** નિર્યુક્તિકાર ભગવંતે તો આગળ વધીને ત્યાં સુધી કહ્યું છે કે, બાકીના સત્ય વગેરે ચાર સંવર સ્થાનો એકમાત્ર અહિંસા વ્રતની રક્ષા માટે છે. ત્યારબાદ ઇર્યાદિ પાંચભાવનાના વર્ણન દ્વારા શ્રમણ નિર્ગ્રંથોને આ મહાવ્રતની રક્ષા કરવાનો ઉપદેશ આપ્યો છે, જેમાં જોઈ-પ્રમાર્જીને ચાલવું તે ઇર્યાસમિતિ, પ્રશસ્ત વિચારોમાં મનને સ્થિર રાખવું તે મન:સમિતિ, હિત-મિત-પ્રિય એવું તત્થ બોલવું તે વચન સમિતિ, શુદ્ધ અને નિર્દોષ આહાર આસક્તિવિના લેવો તે એષણા સમિતિ, ઉપકરણો જયણાપૂર્વક લેવાં-મૂકવાં તે આદાન-નિક્ષેપણ સમિતિ ...આવી સમિતિઓ સહાયક બને છે.

સાતમા અધ્યયનમાં ઉત્તમ સત્યવ્રતનું મહિમાગાન કર્યું છે. તેના પાલનથી આત્માને ભૌતિક અને આધ્યાત્મિક જગતમાં અનેક મીઠાં ફળ જોવા મળે છે. સત્યવ્રતી મરણાંત આપત્તિમાંથી આબાદ બચે છે, સર્વત્ર પૂજનીય-વિશ્વસનીય બને છે, નરેન્દ્રો અને દેવેન્દ્રોને પણ પૂજનીય બને છે.

અહીં મહત્ત્વપૂર્ણ ખુલાસો છે કે, **તે સત્ય પણ અસત્ય છે જે સંયમ બાધક હોય, પરપીડાકારક હોય, અહિતકર હોય. સ્વપ્રશંસા અને પરનિંદા, એ પણ અસત્ય છે. તેથી સ્વ-પર આત્મહિતકારક સત્ય જ બોલવું જોઈએ, અહીં આ જ શીખ છે.**

સત્યવ્રતને પાળવા ૧-હિતાહિત અને અવસરાદિ વિચાર્યા વગર ન બોલવું, એ અનુવિચિભાષણ ભાવના, ૨-વૈર અને અનાદરના મૂળરૂપ ક્રોધ ન કરવો, એ અક્રોધ ભાવના ૩-ભૌતિક સુખ-સામગ્રીનો લોભ ન કરવો, એ અલોભ ભાવના, ૪-ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ સંબંધી ભય ન રાખવો, એ નિર્ભયતા ભાવના, ૫-મશ્કરી સંબંધી હાસ્યનો ત્યાગ એ હાસ્યત્યાગભાવના એમ સુરક્ષારૂપ પાંચ ભાવના બતાવી છે.

'દત્તાનુજ્ઞાત' આઠમું અધ્યયન, જે પરપદાર્થોની ચોરીથી નિવૃત્તિરૂપ, અપરિમિત ઇચ્છાના નિરોધરૂપ હાથ-પગના સંયમરૂપ અને પરધનને ગ્રહણ ન કરવા રૂપ છે. આ વ્રતનું પાલન ઉત્તમ સાધુઓનો આચાર છે. જે

શ્રમણ વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી આદિના સંગ્રહમાં અને સંવિભાગમાં કુશલ હોય, આચાર્યાદિની વેયાવચ્ચમાં પ્રસન્ન હોય, હંમેશા નિર્જરાલક્ષી હોય, અપ્રીતિકારક ઘરના આહાર-પાણીનો ત્યાગી હોય અને પરનિંદા, પરદોષારોપણ, પરદ્વેષ આદિ દોષોથી જે દૂર હોય તેવો સંયમી શ્રમણ જ આ અચૌર્યવ્રતની આરાધના કરી શકે છે.

નિર્દોષ ઉપાશ્રય, નિર્દોષ સંસ્તારક, શય્યા-પરિકર્મવર્જન, અનુજ્ઞાતભોજનાદિ અને સાધર્મિક વિનય એમ આ વ્રતની રક્ષા માટે પાંચ ભાવના દર્શાવેલ છે.

પૂર્વોક્ત ત્રણ સંવર સ્થાનો તે સાધક આરાધી શકે છે જે બ્રહ્મચર્ય સંવરને સાધે છે. આ હેતુથી નવમા અધ્યયનમાં બ્રહ્મચર્યવ્રતની વાત કરવામાં આવી છે. ઉત્તમોત્તમ બત્રીશ ઉપમા બતાવ્યા પછી બ્રહ્મચર્યના પાલન માટે સ્નાન અને દંત ધાવનનો ત્યાગ, મેલધારણ, મૌનવ્રત, કેશલુંચન, ઇન્દ્રિયોનો નિગ્રહ, અલ્પ ઉપધિ, ભૂમિ શય્યા, પરગૃહપ્રવેશમાં વિવેક, પરીષહોમાં તિતિક્ષા, દ્રવ્યાદિ અભિગ્રહો, તપમાં વીર્ય અને આચાર્યાદિનો વિનય વગેરે માર્ગો બતાવ્યાં છે. ૧-સ્ત્રી આદિથી રહિત શય્યા, ૨-સ્ત્રી કથા વર્જન, ૩-સ્ત્રીરૂપદર્શનત્યાગ, ૪-પૂર્વભોગચિંતનત્યાગ, ૫-સ્નિગ્ધ સરસ ભોજન ત્યાગ, આ પાંચ ભાવના બ્રહ્મવ્રતને નિરતિચાર બનાવે છે.

અંતિમ દશમા પરિગ્રહત્યાગ અધ્યયનમાં આરંભ અને પરિગ્રહનો ત્યાગ એ દ્રવ્યથી અને કષાયો અને મૂર્છાનો ત્યાગ એ ભાવથી અપરિગ્રહ વ્રત છે. એમ કહીને મુખ્યત્વે ત્રણ વાત કરવામાં આવી છે. ૧-પરિગ્રહસંવર ધર્મ એક વૃક્ષ છે. સમ્યગ્દર્શન જેનું મૂળ છે, ચિત્તસ્થૈર્ય કંદ છે, વિનય ચતુર્દિશાની વેદિકા છે, ચારે દિશામાં ફેલાયેલો યશ એ સ્કંધ છે, પાંચે મહાવ્રત મુખ્ય શાખા છે, બાર ભાવના એ ત્વચા છે, ધ્યાન, યોગ, જ્ઞાનાદિ અંકુરા છે, ઉત્તરગુણો એ ફૂલ છે, શીલ-સદાચાર એ સૌરભ છે, અનાસ્રવ એ ફળ છે અને મોક્ષ એ ઉત્તમ બીજ છે. ૨-ભિક્ષામાં સંનિધિનો ત્યાગ અને ઉપધિમાં અધિકરણનો ત્યાગ આવશ્યક છે. ૩-પાંચે

ઇન્દ્રિયોના સંવર રૂપ પાંચ ભાવના.

વ્યવહારનયની પ્રધાનતા, ક્રિયા-માર્ગની મુખ્યતા અને આચારની નિર્મળતા દર્શાવનારું આ આગમ ચરણકરણાનુયોગનો મહાન ગ્રંથ છે.

## પ્રશ્નવ્યાકરણસૂત્રની વાણીના અંશો

❊ **णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया ।**

પંચાશ્રવ વિરમણ અને પાંચ સંવર અનુપાલન રૂપ યોગ ધૈર્યમાન્ અને બુદ્ધિમાન્ સાધુએ જીવન પર્યંત આરાધવા યોગ્ય છે.

❊ **स इसी स मुणी स संजए स एव भिक्खु जो सुद्धं चरइ बंभचेरं ।**

તે જ ઋષિ - યથાર્થ તત્ત્વનો દૃષ્ટા છે, તે જ મુનિ છે, તે જ સંયત છે, તે જ ભિક્ષુ જે બ્રહ્મચર્ય વ્રતનું શુદ્ધ આચરણ કરે છે.

❊ **अहिरण्णसुवण्णियेण समलेट्ठुकंचणेणं अपरिग्गहसंवुडेणं लोगम्मि विहरियव्वं ।**

શ્રમણ નિગ્રંથોએ આ લોકમાં હિરણ્ય-સુવર્ણનો ત્યાગ કરી, પાષાણ અને કંચનમાં સમાન વૃત્તિ ધારણ કરી નિષ્પરિગ્રહી અને સંયમી બની વિચરવું જોઈએ.

## ૨૨

# વિપાક સૂત્ર

ઉપલબ્ધ અગ્યાર અંગ આગમમાં અગ્યારમું આગમ એટલે **શ્રીવિપાકસૂત્ર.** ગણધર ભગવંતો રચિત દ્વાદશાંગીમાં બાર અંગો હોય છે. પરંતુ બારમું દૃષ્ટિવાદ વિચ્છેદ પામ્યું હોવાથી આ આગમ જ છેલ્લું ગણાય છે.

વિપાક એટલે કર્મોનો પરિપાક, કર્મોનું ફળ, સારાં-નરસાં કર્મોનું સારું નરસું ફળ અહીં બતાવવામાં આવ્યું છે. વર્તમાનમાં આ આગમ ૧૨૧૬ શ્લોક પ્રમાણ છે. નવાંગી ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરિના મહારાજાની ૯૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ છે.

હંમેશા પ્રભુવીર સાથે જ વિચરતાં શ્રી ગૌતમ મહારાજા જ્યારે ગોચરી જતા, માર્ગમાં કર્મજન્ય દુ:ખોથી વ્યાપ્ત એવા જીવોને જોઈને તેઓનું હૈયું વ્યથિત થતું. એક ક્ષણ અટકી જતા કે, કેવાં પાપ કર્યાં હશે કે આ જીવ નરકતુલ્ય વેદનાઓ ભોગવી રહ્યો છે. સમવસરણમાં આવી પ્રભુને પૂછતા, હે પ્રભુ ! આ જીવ દારૂણ વેદના શા માટે ભોગવે છે? એવું તો એણે શું કર્યું ? ત્રિકાલજ્ઞાની પરમાત્મા પણ જણાવતા કે, હે ગૌતમ ! આ જીવે ગત જન્મમાં હિંસા, અત્યાચાર, અનાચાર, માંસાહાર વગેરે ભયંકર ક્રૂર પાપ કર્મ કર્યાં છે, તેનાં વિપાકરૂપે દુ:ખ અને વેદના ભોગવી રહ્યો છે. ગુરુ શ્રી ગૌતમ અને પરમગુરુશ્રી વીરના આ સંવાદથી એક વાત સુનિશ્ચિત થાય છે કે, પાપ; ગત જન્મનાં હોય કે આ જન્મનાં, જાતે ભોગવવાં જ પડે છે. 'कृतं कर्म अवश्यमेव भोक्तव्यम्' । ત્રિકાલાબાધિત આ સિદ્ધાંત આપણા ગળે ઊતરી જાય અને

આપણે દુઃખભીરુમાંથી પાપભીરુ બનીએ, એ જ ભાવના આ આગમના શબ્દે શબ્દે ધ્વનિત થતી જોવા મળે છે.

વિપાકસૂત્રના બે શ્રુતસ્કંધ છે ૧-દુઃખવિપાક, ૨-સુખવિપાક. અશુભ ક્રિયાથી બંધાય તે પાપકર્મ, જે પરિણામે દુઃખ આપે. પોતાના પાપના ઉદયે જે જીવો દુઃખ પામ્યા છે તેવા જીવોની વાત પહેલા દુઃખવિપાક શ્રુતસ્કંધમાં કરવામાં આવી છે. શુભ ક્રિયાથી બંધાય તે પુણ્યકર્મ, જે પરિણામે ભૌતિક સુખ આપે. પોતાના પુણ્યોદયે સુખ પામેલા જીવોની વાતો બીજા સુખવિપાક શ્રુતસ્કંધમાં કરવામાં આવી છે. બંને શ્રુતસ્કંધમાં દશ-દશ અધ્યયન છે.

પહેલા શ્રુતસ્કંધના દશ અધ્યયન ક્રમશ: આ પ્રમાણે છે. ૧-મૃગાપુત્ર, ૨-ઉજ્ઝિતક, ૩-અભગ્નસેન, ૪-શકટ, ૫-બૃહસ્પતિદત્ત, ૬-નંદિવર્ધન, ૭-ઉંબરદત્ત, ૮-શૌરિકદત્ત, ૯-દેવદત્તા, ૧૦-અંજૂ. આ દશે અધ્યયનોમાં કહેવાયેલી સત્યકથાઓ વિપાકવિચય ધર્મધ્યાન કરવા માટે મજબૂત આલંબન છે. તેમાં મૃગાપુત્ર અધ્યયન વિસ્તૃત છે, તે અપેક્ષાએ બીજાં અધ્યયનો સંક્ષિપ્ત છે.

મૃગાપુત્ર, વિજય રાજવી અને મૃગારાણીનો પુત્ર હતો. જન્માંધ, મૂંગો, બહેરો, લૂલો અને અંગોપાંગથી અપૂર્ણ હતો. વાતરોગથી પીડિત હતો. હાથ, પગ વગેરે મુખ્ય અવયવો પણ ચિહ્ન માત્ર હતા. સડેલા મડદાં કરતાંય વધારે દુર્ગંધ તેના શરીરમાંથી આવી રહી હતી. શ્રીગૌતમ મહારાજા તેને જોવા આવ્યા ત્યારે તેઓને પણ નાક ઉપર વસ્ત્ર બાંધવું પડ્યું હતું. ઉત્તમ સુગંધી ભોજન આપવા છતાં અંતે તે બધું પરુ બનતું. નજરોનજર આ દૃશ્ય જોઈને શ્રી ગૌતમ મહારાજા વિચારે છે કે, 'ખરેખર મેં નરક તો નથી જોઈ પરંતુ આ મૃગાપુત્ર જાણે નરકની વેદના અનુભવતો હોય એવું જણાય છે. પૂર્વભવમાં એવાં કયાં પાપ કર્યાં હશે ? સમવસરણમાં આવી પ્રભુને પૂછ્યું. પ્રભુએ કહ્યું કે, આ મૃગાપુત્ર પૂર્વભવમાં ભારતવર્ષના શતદ્વાર નામના મહાનગરના વર્ધમાન નામના વિસ્તારમાં ઇક્કાઇ-એકાદિ નામનો રાજ નિયુક્ત અધિકારી હતો. ઉત્કૃષ્ટ

અધર્મી અને અસંતોષી એવો તે ૫૦૦ ગ્રામનો અધિપતિ હતો. પોતાના આધિપત્યમાં રહેલા ગામના લોકોને રંજાડતો, કર ગ્રહણમાં ક્રૂર બનતો, માયા કરતો, મનમાની કરતો, સામે પડનારની મારપીટ કરતો અને નિર્દય બની જીવ લેતો. આવા - રૌદ્રધ્યાનના પરિણામે તેણે ક્લિષ્ટ કર્મ બાંધ્યાં હતાં. તેનાં તે કર્મો **'अत्युग्रपुण्यपापानामिहैव लभते फलम् ।'** ના ન્યાયે ઉદયમાં આવ્યાં. મરણાંત અને અચિકિત્સ્ય એવા ૧૬ મહારોગ એક સાથે તેનાં શરીરમાં ઉત્પન્ન થયા. ઉપાયો બધા નાકામયાબ અને વેદના પારાવાર થઈ. વિષમતાભર્યું ૨૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સિંહનો ભવ કરશે. ત્યાં ક્રૂરતાભર્યું જીવન જીવી સાતમી નરક સુધી જશે. અવાંતર તિર્યંચ અને મનુષ્યના ભવો કરશે. દરેક ભવમાં ક્રૂર બનશે. હિંસક બનશે, કર્મ બાંધશે અને દુ:ખી થશે. આવો અગણિત કાળ પસાર કરી અંતે મનુષ્ય થઈ સર્વજ્ઞકથિત ધર્મ પામશે. સંસારના ત્યાગ પૂર્વક સંયમની આરાધનાથી મોક્ષને પામશે.

આ તો થઈ પહેલા જ અધ્યયનની વાત. બાકીના અધ્યયનની સમષ્ટિગત વાત પણ એ જ છે કે, 'બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ?'

સુખ વિપાક નામના બીજા શ્રુતસ્કંધમાં ૧-સુબાહુકુમાર, ૨-ભદ્રનંદી, ૩-સુજાત, ૪-વાસવ ૫-જિનદાસ, ૬. ધનપતિ, ૭-મહાબલ, ૮-ભદ્રનંદી, ૯-મહચંદ્ર, અને ૧૦-વરદત્ત આદિના ચરિત્રો દશ અધ્યયનમાં કહેવામાં આવ્યાં છે. જે સર્વેએ સુપાત્રદાનાદિ ધર્મારાધના કરી, તેનાથી બંધાયેલા પુણ્યકર્મના વિપાકરૂપે સુખ-સૌભાગ્ય પામ્યા છે, સદ્ગતિ અને મુક્તિને પામશે.

આજે મળતું ભૌતિક સુખ એ પુણ્યનો વિપાક છે, જે દિવસે પુણ્ય પરવારશે તે દિવસે શું ? આ પ્રશ્ન અહીં સહજ ઉદ્ભવે છે. માટે જ જ્ઞાની ભગવંતો પુણ્યના આધારે નહિ, પરંતુ આત્મિકગુણોના આધારે જીવવાનું જણાવે છે.

## વિપાકસૂત્રની વાણીના અંશો

❋ **अणगारे पडिलाभिए समाणे संसार परित्तीकए ।**

શ્રમણ ભગવંતોને સુપાત્રદાન કરતાં તેણે સંસાર ઘણો અલ્પ કર્યો.

❋ **सद्दहामि णं भंते ! निग्गंथं पावयणं ।**

હે પરમાત્મા ! હું નિર્ગ્રંથપ્રવચન (સર્વજ્ઞશાસન) ઉપર શ્રદ્ધા કરું છું.

❋ **बिलमिव पन्नगभूएणं अप्पाणेणं आहारमाहारेइ ।**

સર્પ જેમ બિલમાં સીધો જાય તેમ શ્રમણો રાગ વગર આહારને વાપરે.

❋ **संजमेण तवसा अप्पाणं भावमाणे विहरइ ।**

ભિક્ષા પ્રાપ્ત થતા સંયમવડે, પ્રાપ્ત ન થતા તપવડે આત્માને ભાવિત કરી સાધુ વિચરે.

૨૩

## ઔપપાતિક સૂત્ર

બાર અંગો પૈકીનાં અગ્યાર અંગ આગમોની સારભૂત વાતો કરી. બારમું દૃષ્ટિવાદ વિચ્છેદ પામેલું હોવાથી હવે બાર ઉપાંગ આગમ.

*મસ્તક આદિ શરીરનાં અંગો કહેવાય. આંગળી વગેરે ઉપાંગ કહેવાય.* તેમ આચારાંગસૂત્ર વગેરે અંગશાસ્ત્ર કહેવાય. ઔપપાતિક સૂત્ર વગેરે એનાં જ ઉપાંગ કહેવાય. આંગળી વગેરે ઉપાંગો હાથ વગેરે અંગના જ સ્વરૂપને શોભાવે તેમ આ ઉપાંગ સૂત્રો અંગશાસ્ત્રમાં કહેલા વિષયોના અર્થને વિસ્તારથી સમજાવે છે, સ્પષ્ટ બોધ કરાવે છે. 'अङ्गार्थस्पष्टबोधविधायकानि उपाङ्गानि ।'

આ ઉપાંગ સૂત્રોની રચના જોતાં જણાય છે કે માટે ભાગે ચૌદ પૂર્વધર કે દશપૂર્વધર એવા વિશિષ્ટ શ્રુતજ્ઞાની પ્રાચીન પૂર્વધર મહાપુરુષોએ એની રચના કરેલી હોવી જોઈએ. માત્ર ચોથા પ્રજ્ઞાપના ઉપાંગના રચયિતા પ્રભુ શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ પછી ૩૭૬ વર્ષે સ્વર્ગવાસી થયેલા શ્રી શ્યામાચાર્ય ભગવંત છે, એવું પ્રમાણ મળે છે.

૧૨ ઉપાંગસૂત્રોમાં શ્રી ઔપપાતિક સૂત્ર પ્રથમ છે. ૧૧૬૭ શ્લોક પ્રમાણ આ આગમ પર ૩૧૨૫ શ્લોક પ્રમાણ શ્રી અભયદેવસૂરિ મહારાજાની ટીકા છે. કુલ ૪૨૯૨ શ્લોક પ્રમાણ સાહિત્ય વર્તમાનમાં ઉપલબ્ધ છે. આ આગમની ભાષા પ્રાકૃત અને શૈલી સૂત્રાત્મક છે, કોઈ જગ્યાએ ગદ્યાત્મક પણ જોવા મળે છે.

અગ્યાર અંગ સૂત્રોમાં જ્યાં નગરી, રાજા, વનખંડ, પ્રભુ અને પ્રભુદેશના વગેરેનું વર્ણન છે ત્યાં મોટે ભાગે 'जहा उववाइए' પદથી પ્રસ્તુત ઉપાંગ જોવાની જ ભલામણ કરી છે, તેથી આ ઉપાંગની મહત્તા આપોઆપ પ્રસ્થાપિત થાય છે.

ઉપપાત શબ્દના બે અર્થ છે. ૧-દેવ-નારકાદિ જીવોનો જન્મ, ૨-મોક્ષગમન. બંને અર્થને સાંકળીને આ આગમની રચના થયેલ છે. અપેક્ષાએ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના જીવનનો એક દિવસ અને દેશનાની ઘટના, એ આ આગમનો વિષય છે.

તે દિવસની દેશના પ્રભુએ ચંપાનગરીમાં કરી, તેથી સૌ પ્રથમ ચંપાનગરીનું વર્ણન છે. તે નગરી પ્રજાથી અને તેની પ્રજા સમૃદ્ધિથી આબાદ હતી. તેના ઇશાન કોણે પૂર્ણભદ્ર ચૈત્ય હતું. જે અનેક વનખંડોથી ઘેરાયેલું હતું. તેની મધ્યમાં અશોકવૃક્ષ હતું. રમણીય એવા તે અશોકવૃક્ષ નીચે વિશાલ શિલાપટ્ટ હતો. અવનીતલને પાવન કરતા પ્રભુ ત્યાં પધાર્યા.

ચંપાનગરીનો અધિપતિ કૂણિક સમર્થ રાજવી તરીકે સર્વગુણસંપન્ન. સ્વનગરીમાં ભગવાનનું આગમન સાંભળી તેણે રાજચિહ્નો છોડી મુખશુદ્ધિપૂર્વક હાથ જોડી પ્રભુ સમક્ષ સાત-આઠ કદમ ભરી મસ્તક નમાવી 'નમુત્થુણં સૂત્ર' દ્વારા પ્રભુની સ્તવના કરી. રાજસભામાં પ્રભુની સ્તવના કર્યા બાદ સાક્ષાત્ દર્શન-વંદન-દેશના શ્રવણ માટે જબરજસ્ત તૈયારી કરી-કરાવી. ભક્તહૃદય દેવોને અને ઇંદ્રોને આશ્ચર્યમાં મૂકે તેવું અદ્ભુત સામૈયું રાજા કૂણિકે કર્યું.

ચતુરંગી સેના અને અલંકૃત પ્રજાજનો સાથે રાજા કૂણિક પ્રભુ સમક્ષ આવે તે પૂર્વે તો દેવ આલમ પ્રભુની સેવામાં ઉપસ્થિત થઈ ગઈ હતી. સૌ પ્રથમ અસુરકુમાર, પછી ક્રમશ: ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો પણ આવી પહોંચ્યા હતા. કર્ણોપકર્ણ પ્રભુનું આગમન સાંભળી બહોળું પ્રજાજન પણ તે દિશામાં આગળ વધી ચૂક્યું હતું.

આ પ્રસંગે પ્રભુવીરના ગુણ સૌંદર્યનું વર્ણન, અંતેવાસી શ્રમણોનું

વર્ણન, તેઓના સંયમ અને તપનું જે વર્ણન છે, કહી શકાય કે અનુપમ, અદ્વિતીય, અલૌકિક છે. આ વિભાગ શાંતચિત્તે વાંચવામાં આવે તો નિ:સંકોચ કહેવું પડે કે આજનું સાધુપણું માત્ર ને માત્ર બાળચેષ્ટા છે.

રાજવી કૂણિક સહ પર્ષદાએ પ્રભુને વિધિવત્ પ્રદક્ષિણા, વંદના, સ્તવના કરીને શુશ્રૂષા ભાવે દેશનાનું શ્રવણ કર્યું. શ્રોતાની ભાષામાં પરિણમતી અર્ધમાગધી ભાષામાં અને એક યોજનગામી વાણીમાં પ્રભુની દેશના હતી. જેમાં લોકાલોકનું સ્વરૂપ, ચારગતિનાં કારણો, છજીવનિકાય, સાધુ ધર્મ અને શ્રાવકધર્મનું વિગતવાર નિરૂપણ કર્યું. પ્રભુએ દેશના પૂર્ણ કરી. પર્ષદાએ પ્રભુને નમન-વંદન કરી પ્રશંસામાં કહ્યું કે, આ લોકમાં બીજો કોઈ એવો શ્રમણ કે બ્રાહ્મણ નથી જે આવો ધર્મોપદેશ કરી શકે. પર્ષદા શક્તિ અનુસાર સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ આદિ સ્વીકારીને સ્વસ્થાને ગઈ.

પછી, પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ મહારાજાએ પ્રભુને વિનયપૂર્વક ૨૧ પ્રશ્નો પૂછ્યા છે. પ્રભુએ પણ ક્રમશ: સંતોષાત્મક ઉત્તર આપ્યા. આ પ્રશ્નોત્તરમાં અંબડ પરિવ્રાજકનું જીવન મુખ્યતા ધરાવે છે. જેમાં અંબડ પરિવ્રાજકનું વર્તમાનજીવન, ૭૦૦ શિષ્યોની અંતિમ આરાધના, પ્રભુ પ્રત્યેનું આત્મસમર્પણ, સ્વીકારેલાં ૧૨ વ્રતો, અંતિમ સંલેખના, દેવભવની પ્રાપ્તિ, મહાવિદેહમાં મોક્ષગમન સુધીનું ભાવિજીવન દર્શાવેલ છે.

ગ્રંથના અંતમાં નિહ્નવો, પરિવ્રાજકો, આજીવક ઋષિઓ, અલ્પારંભી વગેરે જીવો મૃત્યુ પામી કઈ ગતિ પામે છે, તેનું સવિસ્તૃત વર્ણન છે. જેના આધારે આગમનું નામ ઔપપાતિક સૂત્ર છે. અંતે, મોક્ષે જનારા જીવોનો કેવલી સમુદ્ઘાત બતાવી ૨૨ ગાથા દ્વારા સિદ્ધાવસ્થાનું સ્વરૂપ રોચક શૈલીએ વર્ણવાયું છે.

## ઔપપાતિકસૂત્રની વાણીના અંશો

❄ **धम्ममाइक्खइ, इणमेव णिग्गंथे पावयणे सच्चे, अणुत्तरे, केवलिए, संसुद्धे पडिपुण्णे, णेयाउए, सल्लकत्तणे, सिद्धिमग्गे, मुत्तिमग्गे, णिव्वाण-मग्गे, णिज्जाणमग्गे अवितहमविसंधि, सव्वदुक्खप्पहीणमग्गे ।**

પ્રભુ મહાવીરે દર્શાવેલો આ ધર્મ નિર્ગ્રંથ પ્રવચન છે, જે સત્ય, સર્વોત્તમ, અદ્વિતીય સર્વજ્ઞોક્ત, શુદ્ધ, નિર્દોષ, પરિપૂર્ણ, ન્યાયયુક્ત, માયાદિશલ્ય રહિત, સિદ્ધિનો માર્ગ, કર્મમુક્તિનો માર્ગ, નિર્વાણનો માર્ગ, અપુનર્ગતિનો માર્ગ, વાસ્તવિક અને પૂર્વાપર અવિરોધિ અને સર્વદુ:ખના અંતનો માર્ગ છે.

❄ **चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति, णेरइयत्ताए कम्मं पकरेत्ता णेरइण उववज्जंति । तं जहा - महारंभयाए, महापरि-ग्गहयाए, पंचिंदियवहेणं, कुणिमाहारेण एवं एएणं अभिलावेणं । तिरिक्खजोणिएसु - माइल्लयाए णियडिल्लयाए, अलियव-उक्कंचणयाए, वंचणयाए । मणुस्सेसु पगइ-भद्दयाए, पगइविणीययाए, साणुक्कोसयाए, अमच्छरिययाए, देवेसुसरागसंजमेणं, संजमा-संजमेणं, अकामणिज्जराए, बालत-वोकम्मेणं ।**

જીવો ચાર કારણે નરકગતિનું આયુષ્ય બાંધે છે. ૧-મહાઆરંભ ૨-મહાપરિગ્રહ, ૩-પંચેન્દ્રિયનો વધ, ૪-માંસભક્ષણ. તિર્યંચગતિના કારણો ૧-માયા-છલ-કપટ, ૨-અસત્યવચન ૩-જૂઠી પ્રશંસા, ૪-ઠગાઈ મનુષ્યગતિના કારણો ૧-સ્વાભાવિક સરળતા, ૨-વિનીતતા, ૩-કરુણા, ૪-અમત્સરતા ઇર્ષ્યાનો અભાવ. દેવગતિના કારણો ૧-સરાગ સંયમ, ૨-દેશવિરતિ ૩- અકામ નિર્જરા, ૪-બાલતપ.

૨૪

## રાજપ્રશ્નીય સૂત્ર

શ્રીરાજપ્રશ્નીયસૂત્ર બીજું ઉપાંગ સૂત્ર છે. જે સૂત્રકૃતાંગ સૂત્ર સંબંધિત છે. શ્રીસૂત્રકૃતાંગસૂત્રના અક્રિયાવાદી પાખંડીના ભેદને આશ્રયીને અહીં રાજા પ્રદેશી અને શ્રીકેશી ગણધરનો પ્રશ્નોત્તર વર્ણવાયો છે. તેથી બીજા અંગનું ઉપાંગ માનવામાં આવ્યું છે.

૮૫ સૂત્રોમાં વર્ણવાયેલું આ આગમ ૨૧૨૦ શ્લોક પ્રમાણ છે. પૂ. આ. **શ્રી મલયગિરિજી** મહારાજાએ આ આગમ ઉપર ૩૭૦૦ શ્લોક પ્રમાણ ટીકા બનાવી છે. જે બહુ સરળ અને સ્પષ્ટ સમજાય તેવી છે. ટીકાકારશ્રી આ આગમના નામ અંગે જણાવે છે કે પ્રદેશી રાજાના પ્રશ્નોનો અધિકાર હોવાથી 'રાજપ્રશ્નીય'નામ છે.

આ આગમમાં સૂર્યાભદેવનો વર્તમાનભવ, રાજા પ્રદેશી તરીકેનો પૂર્વભવ અને હવે પછીનો રાજપુત્ર દૃઢપ્રતિજ્ઞ તરીકેનો ભવ; આ ત્રણેય ભવો વર્ણવાયાં છે.

વર્તમાન અવસર્પિણીના ચોથા આરાના ઉત્તરવર્તીકાળમાં વિદ્યમાન આમલકપ્પા નગરીના વર્ણનથી આ આગમની શરૂઆત થઈ છે. રાજા શ્વેત અને રાણી ધારિણીની તે નગરીમાં એકવાર પ્રભુ મહાવીર સમોવસર્યા. નર-નારી સાથે નરેન્દ્રો આવ્યાં ને દેવ-દેવીઓ સાથે દેવેન્દ્રો આવ્યા. અવધિજ્ઞાનથી જંબુદ્વીપનું અવલોકન કરતાં પ્રભુ મહાવીરનું દર્શન થવાથી મહાસમૃદ્ધિ સંપન્ન સૂર્યાભદેવ પણ દેવવિમાન દ્વારા આવ્યો.

આભિયોગિક દેવો દ્વારા નિર્મિત ૫૦,૦૦૦ ભદ્રાસનોવાળા તે વિરાટ વિમાનની અભ્યંતર સંરચના અદ્ભુત હતી. વિધિવત્ પ્રભુની દેશનાનું શ્રવણ કરીને તે સૂર્યાભદેવે પ્રભુને પૂછ્યું - ભગવંત ! હું ભવી કે અભવી?, સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ ?, અનંત સંસારી કે અલ્પ સંસારી ?, સુલભબોધિ કે દુર્લભબોધિ ?, આરાધક કે વિરાધક ? ચરમશરીરી કે અચરમશરીરી ? કરુણા નિધાન પરમાત્માએ કહ્યું, હે સૂર્યાભ ! તું ભવી, સમ્યગ્દૃષ્ટિ, અલ્પ સંસારી, સુલભબોધિ, આરાધક છે. તું મનુષ્યનો અંતિમ ભવ કરી મોક્ષે જનારો છે. આ સાંભળી હર્ષાન્વિત, રોમાંચિત, આનંદિત થયેલા સૂર્યાભદેવે પ્રભુ પાસે અનુમતિ માગી કે, મારે શ્રીગૌતમસ્વામી આદિ મુનિવરો સમક્ષ સંગીત-નૃત્ય સહિતનાં નાટક કરવાં છે, આપ અનુમતિ આપો. પ્રભુ મૌન રહ્યા. મૌન સંમતિ સમજી તે સૂર્યાભદેવે સંગીત-નૃત્યની વિવિધતા સભર ૩૨ નાટકો કર્યા.

અંતિમ નાટકમાં તો પ્રભુ મહાવીરના ચ્યવનકલ્યાણકથી લઈને પાંચમા નિર્વાણ કલ્યાણ સુધીની ઘટનાઓ તાદૃશ ખડી કરી.

ગાન, સંગીત, નૃત્ય અને નાટ્ય દ્વારા પ્રભુની ભક્તિ કરીને સૂર્યાભદેવ પોતાના દેવલોકમાં ગયો. તે પછી શાસનશિરતાજ શ્રીગૌતમ મહારાજાએ તેનો પરિચય પ્રભુને પૂછ્યો. તેનાં ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે, સૌધર્મ દેવલોકના સૌધર્માવતંસક નામના મુખ્ય વિમાનની પૂર્વદિશામાં આવેલા સૂર્યાભ વિમાનમાં તે દેવ રહે છે. તે વિમાનના વનખંડો, જલાશય, ક્રીડાસ્થળો, પ્રાસાદો, પદ્મવર વેદિકા, સુધર્મા સભા, વજ્રમય અખાડા, ચૈત્યવૃક્ષ, જિનપ્રતિમા, શ્રીજિનેશ્વરની દાઢાઓ, શસ્ત્રભંડાર, સિદ્ધાયતન, ૧૦૮ જિનપ્રતિમા, યક્ષપ્રતિમા, ૧૦૮ ઘંટ, ઉપપાતસભા, અભિષેકસભા, અલંકારસભા, વ્યવસાયસભા, પુસ્તકો તથા તેનાં પાન, શાહી અને અક્ષરોનું અહીં વર્ણન કરાયેલું છે. સૂર્યાભદેવે જિનપ્રતિમાઓની પૂજા કરી, તે ઉલ્લેખ અહીં સ્પષ્ટ શબ્દોમાં છે.

સૂર્યાભદેવે આવી ઉત્તમ દેવતાઈ ઋદ્ધિ-સુખ શાથી મેળવ્યું ? શ્રીગૌતમ મહારાજાના આ પ્રશ્નના જવાબમાં પ્રભુએ તેના પૂર્વના ભવની અર્થાત્

પ્રદેશી રાજાની હકીકત સંભળાવી.

રાજા પ્રદેશી અધર્મી અને નાસ્તિક હતો. પ્રભુ પાર્શ્વનાથની શિષ્ય પરંપરામાં થયેલા શ્રીકેશી ગણધર જ્યારે તેની નગરીમાં પધાર્યા ત્યારે રાજવીને શરૂમાં તો અરુચિ થઈ. પરંતુ વાતચીતમાં આગળ વધતાં શ્રીકેશી ગણધરના જ્ઞાનથી તે અભિભૂત થયો. આજ સુધી તે નાસ્તિકતાના સંસ્કારોથી ભાવિત હતો. પરિણામે આત્મા સંબંધી પ્રશ્નો પૂછતાં દરેક પ્રશ્નના યુક્તિયુક્ત ઉત્તરો શ્રી કેશી સ્વામિ પાસેથી મળ્યા. શ્રદ્ધા પ્રગટી, ધર્મ સાંભળ્યો અને જૈન ધર્મનું શ્રાવકજીવન સ્વીકાર્યું. રાજ્યનિસ્પૃહતા, ભોગવિરક્તિ અને શરીર નિર્લેપતાપૂર્વક બાર વ્રતનું પાલન શરૂ કર્યુ. ભોગાસક્ત રાણી સૂર્યકાંતા અકળાઈ. ઝેરમિશ્રિત ભોજન કરાવી રાજા પ્રદેશીનો ઘાત કર્યો. મરતાં પૂર્વે ઝેર પ્રયોગનું રાણીનું કાવતરું જાણવા છતાં દ્વેષ ન કરતાં, સમતાભાવે સમાધિપૂર્વક અંતિમ આરાધના કરી. પરિણામે ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવભવ, દેવઋદ્ધિ પ્રાપ્ત થઈ છે.

આગળ વધીને પ્રભુએ સૂર્યાભદેવના આગામી ભવનું વર્ણન કર્યું. તે સૂર્યાભદેવ મહાવિદેહ ક્ષેત્રમાં દૃઢપ્રતિજ્ઞ રાજપુત્ર તરીકે જન્મ પામશે. તેનો ૭૨ કળાનો અભ્યાસ, ભાષા વિશારદપણું, ભોગસમર્થતા છતાં અનાસક્ત ભાવે સંસારનો ત્યાગ, કર્મક્ષય અને મોક્ષગમન વગેરે વાતો આગમના અંતમાં સ્પષ્ટ શબ્દોમાં વર્ણવાયેલી છે.

આ આગમ નાસ્તિકને આસ્તિક બનાવવાની તથા મિથ્યાગ્રહીને નિરુત્તર બનાવવાની અદ્‌ભુત ચાવી છે. ઉપદેશક મહાત્માઓ માટે પથદર્શક છે.

## રાજપ્રશ્નીયસૂત્રની વાણીના અંશો

❄ **एत्थ महेगे पोत्थयरयणे सन्निक्खित्ते चिट्ठइ । xxx रिट्ठामईओ कंबिआओ, तवणिज्झमए दोरे, नाणामणिए गंठी, रयणामयाइं पत्तगाइं, वेरुलियमए लिप्पासणे, रिट्ठामए छंदणे, तवणिज्जमई संकला रिट्ठामई मसी, वइरामई लेहणी, रिट्ठामयाई अक्खराइं, धम्मिए लेक्खे ।**

પ્રથમ દેવલોકના તે સૂર્યાભ વિમાનમાં મોટું પુસ્તક રત્ન રાખેલ છે. તેનાં પાનાં રિષ્ટરત્નનાં, દોરા સુવર્ણના, ગાંઠ મણિમય, પત્ર રત્નમય, લિપ્યાસન વૈડૂર્યરત્નનું, ઢાંકણ રિષ્ટરત્નનું, સાંકળ સોનાની, શાહી રિષ્ટરત્નની, લેખની વજ્રરત્નની, અક્ષર રિષ્ટરત્નના છે, લેખ ધાર્મિક છે.

❄ **अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे ।**

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન (જૈનશાસન) એ જ અર્થ છે, એ જ પરમાર્થ છે, બાકીનાં દર્શનો અનર્થભૂત છે.

❄ **जत्थेव धम्मायरियं पासिज्जा तत्थेव वंदेज्जा, णमंसेज्जा, सक्कारेज्जा, सम्माणेज्जा ।**

જ્યાં ધર્માચાર્યનાં દર્શન થાય, ત્યાં જ તેમને વંદન કરવું જોઈએ, નમવું જોઈએ, સત્કાર અને સન્માન કરવું જોઈએ.

# ૨૫

## જીવાજીવાભિગમસૂત્ર

જીવાજીવાભિગમસૂત્ર અથવા જીવાભિગમસૂત્ર, આગમશ્રેણિમાં ત્રીજું ઉપાંગ છે. અહીં પરમાત્મા શ્રી મહાવીરસ્વામી અને શ્રી ગૌતમ મહારાજાના પ્રશ્નોત્તર રૂપે જીવ અને અજીવના ભેદો-પ્રભેદોનું વિસ્તૃત વર્ણન છે. શ્રીનંદીસૂત્રમાં આ આગમનો અંગબાહ્ય ઉત્કાલિકસૂત્ર તરીકે ઉલ્લેખ કર્યો છે, માટે શ્રી નંદીસૂત્રની રચના પૂર્વે સ્થવિર ભગવંતે આ આગમની રચના કરેલ છે, તે વાત સુનિશ્ચિત છે.

અભિગમ એટલે વિશિષ્ટ બોધ. જીવ અને અજીવનો વિશિષ્ટ બોધ જેનાથી પ્રાપ્ત થાય, એ જીવાઽજીવાભિગમ સૂત્ર. જે વિષયથી વિશાળ અને અર્થથી ઊંડાણભર્યું છે. આ આગમમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા છે. શ્રી સ્થાનાંગસૂત્રમાં ટૂંકમાં જણાવેલા જીવાદિતત્ત્વોને અહીં વિસ્તારથી સમજાવ્યાં છે; તેથી આ ત્રીજા અંગ સૂત્રનું ઉપાંગસૂત્ર ગણાય છે.

૪૭૦૦ શ્લોક પ્રમાણ આ આગમ ઉપર ૧૫૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ અને શાસ્ત્રકાર શિરોમણિ પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજી** મહારાજાની ૧૧૯૨ શ્લોકપ્રમાણ 'પ્રદેશી' વૃત્તિ ઉપલબ્ધ છે, છતાં પ્રાય: અદ્યાપિ અપ્રગટ છે. પૂ. આ. શ્રી. **મલયગિરિજી** મહારાજાએ પણ ૧૪,૦૦૦ શ્લોક પ્રમાણ વિસ્તૃત ટીકા રચી છે.

૨૭૨ સૂત્રોમાં ગૂંથાયેલા આ આગમમાં મુખ્ય નવ વિભાગ છે, જેને 'પ્રતિપત્તિ' નામ આપેલ છે. જેમ અન્ય આગમોમાં શ્રુતસ્કંધ, અધ્યયન, ઉદ્દેશા વગેરે વિભાગસૂચક શબ્દો છે, તેમ આ આગમમાં 'પ્રતિપત્તિ' શબ્દ વપરાયેલ છે.

શ્રી જીવવિચાર આદિ પ્રાકરણિક ગ્રંથોની રચના પણ આ જ આગમ ગ્રંથના

સહારે થઈ છે, એવું સ્પષ્ટ જણાય છે. ટીકાકાર મહર્ષિ પૂ.આ.**શ્રી મલયગિરિજી** મહારાજાએ આ આગમની મહત્તા બતાવતાં એમ કહ્યું છે કે, **આ ઉપાંગ રાગરૂપી વિષને ઉતારવા માટે શ્રેષ્ઠ મંત્ર છે, દ્વેષરૂપી આગને શાંત કરવા માટે જળનું પૂર છે, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર સૂર્ય છે, સંસાર સાગર તરવા માટે સેતુ સમાન છે, વિશિષ્ટ પ્રયત્નદ્વારા જ્ઞેય છે અને મોક્ષ પ્રાપ્ત કરાવનારી ચંડ શક્તિ છે.** આ શબ્દોમાં જ આગમની મહત્તા સ્પષ્ટ થઈ જાય છે.

**જીવાજીવાભિગમ** નામની **પહેલી** પ્રતિપત્તિમાં અજીવાભિગમ માટે શ્રી પ્રજ્ઞાપના ઉપાંગનો અતિદેશ કર્યો છે, જ્યારે જીવાભિગમનું વર્ણન વિસ્તારથી કર્યું છે. જેમાં સંસારી જીવોના બે થી દશ પ્રકાર બતાવ્યા છે. સ્થાવર અને ત્રસ, એમ જીવોના બે પ્રકારનું વિસ્તારથી વર્ણન છે. પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાયને સ્થાવરજીવો ગણ્યા છે. તેજસ્કાય, વાયુકાય અને ઔદારિક ત્રસ એમ ત્રણ જીવો બતાવ્યા છે. ઔદારિકત્રસના બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિયના ભેદે ત્રણ ભેદ છે. પંચેન્દ્રિય ચાર પ્રકારના છે; નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. સાત નારકીથી સાત નારક. જલચર, સ્થલચર અને નભચરથી તિર્યંચ ત્રણ, સંમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્ય બે અને ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એમ દેવના ચાર પ્રકાર છે.

**ત્રિવિધા** નામની બીજી પ્રતિપત્તિ છે. જેમાં સ્ત્રી, પુરુષ અને નપુંસક; એમ જીવના ત્રણ ભેદ બતાવ્યા છે. વેદ નોકષાયના ભેદે જીવોના ત્રણ ભેદ કરવામાં આવ્યા છે. ભવસ્થિતિ, કાયસ્થિતિ, અંતર, અલ્પબહુત્વ વગેરે દ્વારોથી ત્રણેય ભેદોનું વિશદ વર્ણન છે.

**ચતુર્વિધા** નામની તૃતીય પ્રતિપત્તિ છે. લગભગ ૧૦૦ સૂત્રોમાં વિસ્તારાયેલું આ પ્રકરણ સૌથી મોટું છે. સંસારી જીવો ચાર ગતિમાં વિભક્ત છે, તેને આશ્રયીને અહીં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર ગતિનું ઊંડાણથી વર્ણન છે. સાત નરકનાં ક્ષેત્ર અને કાળનું બંધારણ, નારકીના અલ્પબહુત્વ આયુષ્ય, ક્ષુધાદિ વેદના આદિનું વર્ણન દૃષ્ટાંત આપીને કરવામાં આવ્યું છે. દેવગતિના વર્ણનમાં વિજય દેવનો અધિકાર આવે છે. તેમાં દેવજાતિની મહત્તમ વાતો જાણવા મળે છે. કર્મભૂમિના, અકર્મભૂમિના અને અંતર્દ્વીપના એમ ત્રણ પ્રકારના મનુષ્યોનો અધિકાર, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના તિર્યંચ ગતિના જીવોનો અધિકાર પણ અહીં વિસ્તૃત પણે દર્શાવ્યો છે.

ત્યાર પછીની **ચારથી નવ** સુધીની પ્રતિપત્તિમાં પાંચ, છ, સાત, આઠ,

નવ અને દશ એમ વિધવિધ પ્રકારે જીવોનું નિરૂપણ કર્યુ છે. છેલ્લી નવમી પ્રતિપત્તિમાં સિદ્ધ-અસિદ્ધ, સેન્દ્રિય-અનિન્દ્રિય, જ્ઞાની-અજ્ઞાની, આહારક-અનાહારક, ભાષક-અભાષક, સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ, પરિત્ત-અપરિત્ત, સૂક્ષ્મ-બાદર, સંજ્ઞી-અસંજ્ઞી, પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદો દ્વારા જીવના સ્વરૂપને બતાવ્યું છે.

આ આગમમાં પ્રસંગ પ્રાપ્ત લૌકિક, સામાજિક, ભૌગોલિક અને ખગોળ સંબંધી ભરપૂર જાણકારી પ્રાપ્ત થાય છે.

## જીવાભિગમ સૂત્રની વાણીના અંશો

❋ **एत्थ जंबूद्दीवे णं भंते ! दीवे कति चंदा पभासिंसु वा पभासेंति वा पभासिस्संति वा ? कति सूरिया तविंसु वा तवंति वा तविस्संति वा ? कति नक्खत्ता जोयं जोयंसु वा जोयंति वा जोयस्संति वा ? कति महग्गहरा चारं चरिंसु वा चरिंति वा चरिस्संति वा ? केवइयाओ तारा-गणकोडाकोडीओ सोहंसु वा सोंहति वा सोहेस्संति वा ? गोयमा ! जंबूद्दीवे णं दीवे दो चंदा XXX दो सूरिया XXX छप्पन्नं नक्खत्ता XXX छावत्तरं गह सयं XXX**

**एगं च सयसहस्सं, तेत्तीसं खलु भवे सहस्साइं ।**
**णव य सया पन्नासा, तारागणकोडकोडीणं ।।१।।**

હે ભગવંત ! આ જંબૂદ્વીપમાં કેટલા ચંદ્ર, કેટલા સૂર્ય, કેટલા નક્ષત્ર, કેટલા મહાગ્રહ અને કેટલા કોડાકોડી તારાઓ હતા, છે અને હશે ? હે ગૌતમ ! આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય, છપ્પન નક્ષત્ર, છોંત્તેર મહાગ્રહ અને એક લાખ, તેત્રીશ હજાર નવ સો પચાસ કોડાકોડી તારાઓ વિદ્યમાન હતા, છે અને રહેશે.

❋ **अकसाइणो सव्वत्थोवा, माणकसाई तहा अणंतगुणा । कोहे, माया, लोभे विसेसहिया मुणेयव्वा ।**

અકષાયી જીવ સૌથી અલ્પ છે, તેનાથી માનકષાયવાળા જીવ અનંત ગણા છે. તેનાંથી ક્રોધી, માયી અને લોભી જીવો ક્રમશ: વિશેષાધિક જાણવા.

## ૨૬

# પ્રજ્ઞાપના સૂત્ર

પ્ર-પ્રકર્ષ રીતે, જ્ઞાપના-જાણવું. જે સૂત્ર દ્વારા પદાર્થોનું સ્વરૂપ વ્યવસ્થિત સમજી શકાય તેને પ્રજ્ઞાપના આગમસૂત્ર કહેવાય છે. જે બાર ઉપાંગમાં ચોથું ઉપાંગ છે. 'લઘુ ભગવતી સૂત્ર' અને 'લઘુ વિશ્વકોશ'ની ઉપમાને વરેલું આ આગમ ૩૪૯ સૂત્રોમાં ગૂંથાયેલું છે. ૭૭૮૭ શ્લોક પ્રમાણ મૂળસૂત્ર છે.

પ્રભુ મહાવીરસ્વામી અને ગુરુ ગૌતમસ્વામીની આ પ્રશ્નોત્તરી તત્ત્વોનો ખજાનો છે. આ આગમમાં એક-એક વિષયની છણાવટ હેરત પમાડે તેવી છે. પ્રાણીવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, મનોવિજ્ઞાન, કર્મસિદ્ધાંત; જાણે કશું જ બાકી રાખ્યું નથી. આજના કહેવાતા વૈજ્ઞાનિકો આ આગમધર આગળ આંગળી પકડીને ચાલતા બાળક જેવા લાગે. આજના ભલભલા જ્ઞાનીનું જ્ઞાનાભિમાન આ આગમ વાંચતાં ઓગળી જાય તેવું છે. નવતત્ત્વ આદિ અનેક પ્રકરણ ગ્રંથો આમાંથી ઉદ્ધરાયેલા છે. અર્થાત્ તેનો આધારભૂત આ ગ્રંથ છે.

શ્રી સમવાયાંગ સૂત્રનું આ ઉપાંગ સૌથી વિસ્તૃત છે. જેમાં ૩૬ વિષયોને વર્ણવતાં ૩૬ પદો છે. દ્રવ્યાનુયોગના અતિગહન વિષયોની અહીં પ્રચૂરતા છે. દૃષ્ટિવાદના સારભૂત આ ઉપાંગની રચના શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૩૭૬ વર્ષે થઈ છે. પંચમગણધર શ્રી **સુધર્માસ્વામીજી**ની ૨૩મી પાટે થયેલા શ્રી **શ્યામાચાર્યજી** ભગવંત આ

આગમના રચયિતા છે. તત્ત્વાર્થસૂત્ર આદિ ૫૦૦ ગ્રંથના રચયિતા પૂર્વધર શ્રી **ઉમાસ્વાતિજી** વાચકના તેઓશ્રી શિષ્ય છે. આ.શ્રી.**કાલકાચાર્ય**ના અપરનામે પણ તેઓશ્રી પ્રસિદ્ધ છે. વાચકવર્ય શ્રી **ઉમાસ્વાતિજી** મહારાજાની પરંપરાનુસાર આ આગમમાં મુખ્યત્વે જીવાદિ સાત તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ પ્રજ્ઞાપનાસૂત્રના ૧-પ્રજ્ઞાપનાપદ, ૩-બહુવક્તવ્યપદ, ૫-વિશેષ (પર્યાય) પદ, ૧૦-ચરમપદ, ૧૩-પરિણામ પદ. આ પાંચ પદોમાં જીવતત્ત્વ અને અજીવતત્ત્વનું વર્ણન છે. ૧૬-પ્રયોગપદ અને ૨૨-અવગાહનાપદ, આ બે પદમાં આશ્રવતત્ત્વ. કર્મપ્રકૃતિ નામના ૨૩મા પદમાં બંધતત્ત્વ. સમુદ્ઘાત નામના ૩૬મા પદમાં સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ અને મોક્ષતત્ત્વનું પ્રકાશન છે. અન્ય પદોમાં લેશ્યા, સમાધિ, સંયમ, લોકસ્વરૂપ વગેરે વિષયો ચર્ચાયા છે.

અભ્યાસ કરનાર શ્રમણ વિશિષ્ટ તત્ત્વજ્ઞાની બને અને ઉપયોગપૂર્વક શ્રવણ કરનાર શ્રાવક બહુશ્રુત બને એવા આ આગમ ઉપર શાસ્ત્રકાર શિરોમણિ પૂ.આ.શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે 'પ્રદેશવ્યાખ્યા' નામની ૩૭૨૮ શ્લોક પ્રમાણ વૃત્તિ રચેલ છે. વિષમપદોના વિવરણ રૂપ તે લઘુટીકાના આધારે શ્રી **મલયગિરિજી** મહારાજે ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ મોટી ટીકા બનાવી છે. શ્રી **કુલમંડનગણિ**એ અવચૂર્ણિ રચી છે. તથા નવાંગી ટીકાકાર આ.શ્રી **અભયદેવસૂરિ** મહારાજે ૧૩૩ ગાથાનો 'શ્રી પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી'નામે ગ્રંથ બનાવ્યો છે. તેમાં અલ્પબહુત્વની વાતો વિસ્તારથી સમજાવી છે.

સંસ્થાન વિચયધર્મધ્યાન માટે આલંબનરૂપ અનેક વિષયો આ આગમમાં વર્ણવાયાં છે. દા.ત.

❊ નરકગતિમાં ભયસંજ્ઞાથી પીડિત જીવો, તિર્યંચગતિમાં આહાર સંજ્ઞાથી પીડિત જીવો, મનુષ્યગતિમાં મૈથુનસંજ્ઞાથી પીડિત જીવો અને દેવગતિમાં પરિગ્રહ-સંજ્ઞાથી પીડિત જીવો સૌથી વધારે હોય છે.

❄ નારકીના જીવો નિરંતર તીવ્ર શ્વાસોચ્છ્વાસ કરે છે. દેવોને મંદ એટલે જેટલા સાગરોપમનું આયુષ્ય તેટલા પખવાડીયે તેઓની શ્વાસ ક્રિયા પૂર્ણ થાય છે. મનુષ્ય અને તિર્યંચોને તીવ્ર-મંદ બંને પ્રકારની શ્વાસોચ્છ્વાસ ક્રિયા હોય છે.

❄ દેવોને છ'યે લેશ્યાઓ હોય છે, જ્યારે દેવીઓને કૃષ્ણાદિ પહેલી ચાર લેશ્યા જ હોય છે.

❄ ક્રોધ કષાયની ઉત્પત્તિના ચાર કારણ છે. ૧-જમીન, ૨-સજીવ, નિર્જીવ પદાર્થ, ૩-શરીર, ૪-ઉપધિ. માન, માયા અને લોભ કષાયના પણ આ જ ચાર કારણો હોય છે.

❄ એકેન્દ્રિયજીવ યાવત્ અનંતકાળ સુધી એકેન્દ્રિયપણામાં રહે છે. જ્યારે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જીવો સંખ્યાતકાળ સુધી સ્વસ્વરૂપે રહે છે. પંચેન્દ્રિયજીવો એક હજારથી કાંઈક અધિક સાગરોપમ સુધી પંચેન્દ્રિયપણામાં ઉત્કૃષ્ટથી રહે છે.

❄ એકેન્દ્રિય જીવો મિથ્યાદૃષ્ટિ હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયજીવો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બંને હોય છે. પંચેન્દ્રિય જીવો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્ર પરિણામવાળા પણ હોય છે. સિદ્ધના જીવો માત્ર સમ્યગ્દૃષ્ટિ જ હોય છે.

હજુ વધારે જિજ્ઞાસા હોય તો વિધિવત્ ગુરુનિશ્રામાં બેસવું રહ્યું.

## પ્રજ્ઞાપના સૂત્રની વાણીના અંશો.

❊ **गोयमा ! सागारे से णाणे भवति अणगारे से दंसणे भवति, से तेणट्ठेणं जाव णो तं समयं जाणइ । एवं जाव अहेसत्तमं ।**

હે ગૌતમ ! જે સાકાર ઉપયોગ છે તે જ્ઞાન છે. જે નિરાકાર ઉપયોગ છે તે દર્શન છે. તેથી કેવળજ્ઞાની જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી. જે સમયે દેખે છે તે સમયે જાણતા નથી.

❊ **सिद्धा णं भंते! केवतियं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगं समयं उक्कोसेणं छम्मासा ।**

હે ભગવંત ! સિદ્ધ ભગવંતોને સિદ્ધ થવામાં કેટલો કાળ વિરહ હોય છે ? હે ગૌતમ ! જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ મહિના.

❊ **कति णं भंते ! समुग्घाया पण्णत्ता ?**
**गोयमा ! सत्त समुग्घाया पण्णत्ता ।**

ભગવંત ! સમુદ્‌ઘાત કેટલા કહેવાયા છે ? ગૌતમ ! સમુદ્‌ઘાત સાત પ્રકારના છે. ૧-વેદના, ૨-કષાય, ૩-મારણાન્તિક, ૪-વૈક્રિય, ૫-તૈજસ, ૬-આહારક ૭-કેવલિસમુદ્‌ઘાત

❊ **सिद्धा णं भंते ! एगसमएणं केवतिया सिज्झंति ? गोयमा ! जहण्णेणं एक्को वा दो वा तिण्णि वा, उक्कोसेणं अट्ठसतं ।**

હે ભગવંત ! સિદ્ધો એક સમયમાં કેટલા થાય છે. ? ગૌતમ ! જઘન્યથી એક, બે, ત્રણ એમ ઉત્કૃષ્ટથી એક સો આઠ આત્મા એક સમયમાં સિદ્ધ થાય છે.

૨૭

## સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર - ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર

આ સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચંદ્રપ્રજ્ઞપ્તિ આગમ અતિ પ્રાચીન છે, કારણ કે શ્વેતાંબર અને દિગંબર બંને શાખામાં આ આગમો માન્ય રહ્યાં છે. પૂર્વકાળમાં બંને આગમ એક જ **શ્રી જ્યોતિષગણરાજ** પ્રજ્ઞપ્તિ આગમ રૂપે પ્રસિદ્ધ હતાં. વર્તમાનમાં બે સૂત્રોને અલગ અલગ ઉપાંગ રૂપે ગણવામાં આવે છે.

જેમાં મુખ્યતાએ સૂર્યની ગતિવિધિ છે તે સૂર્યપ્રજ્ઞપ્તિ. જેને ઉપાંગ શ્રેણિમાં પાંચમું સ્થાન-માન પ્રાપ્ત થયું છે. જેમાં ચંદ્રની ગતિવિધિ મુખ્યતા ધરાવે છે તે ચંદ્રપ્રજ્ઞપ્તિ. જે સાતમું ઉપાંગ છે. આ ઉપાંગસૂત્રો સૂર્ય-ચંદ્ર અને જ્યોતિષ ચક્રના સ્વરૂપને બતાવનારા એક માત્ર આગમો છે. શ્રી ભગવતીજી અને શ્રી જ્ઞાતાધર્મકથા અંગ આગમના આ ઉપાંગોમાં ગણિતાનુયોગની પ્રધાનતા છે. જેની રચનામાં ૧૦૮ ગદ્ય સૂત્ર છે, ૧૦૩ પદ્યગાથાઓ છે. એક અધ્યયન, ૨૦ પ્રાભૃત અને ૨૨૦૦ શ્લોક પ્રમાણ મૂળ કદ છે. ખગોળ સંબંધી જેટલી સૂક્ષ્મવાતો અહીં પ્રસ્તુત થઈ છે, કદાચ બીજા કોઈ આગમમાં નથી.

રાજવી જિતશત્રુની મિથિલા નગરીના માણિભદ્ર ચૈત્યમાં પ્રભુશ્રી **મહાવીર પરમાત્મા** તથા શ્રી **ગૌતમ મહારાજા** વચ્ચે થયેલી પ્રશ્નોત્તર શ્રેણી અહીં ગૂંથવામાં આવી છે. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર પર નિર્યુક્તિકાર**શ્રી ભદ્રબાહુસ્વામીની** નિર્યુક્તિ હતી. જે અનુપલબ્ધ થતાં આ.**શ્રી મલયગિરિજી** મહારાજે ૯૫૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચેલ છે. જે વર્તમાનમાં ઉપલબ્ધ છે.

આ સૂત્રોમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, અને તારા વગેરેની ગતિ, તેનાથી સર્જાતા દિવસ, રાત અને ઋતુઓનું વર્ણન છે. અહીં બતાવેલી ખગોળની વિગતો સાથે ગુરુગમ અને વિશેષ બોધ ન હોવાના કારણે આજના ખગોળની સરખામણી કરવી, તે ઉલઝનમાં પડવાની વાત છે. સર્વજ્ઞ પરમાત્મા ખગોળ વિષયક શું ફરમાવે છે, માત્ર તેના પર લક્ષ આપીને આ આગમનો અભ્યાસ કરે, તે જરૂર આત્મકલ્યાણ કરી શકે છે.

સૂર્ય કરતાં ચંદ્ર વધુ મહર્દ્ધિક છે, સૂર્યના વિમાનો કરતાં ચંદ્રના વિમાનો પણ મોટાં છે, સૂર્યના ઇન્દ્ર કરતાં ચંદ્રના ઇન્દ્રનું આયુષ્ય વિશેષાધિક છે, સૂર્ય કરતાં ચંદ્રની ભ્રમણ ક્રિયા પણ ઝડપી છે. મુખ્યતાએ આવા તફાવત સિવાય લગભગ શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ અને શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ આગમમાં એક સમાન વિષય છે, શબ્દરચના પણ સમાન છે.

એક થી વીશ પ્રાભૃતમાં મુખ્યત્વે નીચેના વિષયોની ચર્ચા કરવામાં આવી છે. જેમાં,

• અન્ય ધર્મીઓની જ્યોતિષચક્ર સંબંધી મિથ્યા માન્યતાઓ સામે પ્રભુ મહાવીરે દર્શાવેલા સત્ય તત્ત્વો. • સૂર્ય-ચંદ્રની તીર્છીગતિ • મંડલાકારે તેઓનું ગમન • તેમના દ્વારા પ્રકાશિત થતા ક્ષેત્રનું માપ • સૂર્યનાં કિરણોને અટકાવનારાં તત્ત્વો સંબંધી ૨૦ માન્યતાઓનું નિરસન • સૂર્યનાં કિરણોને રોધનારાં પુદ્‌ગલ તત્ત્વોનું સ્વરૂપ • કાળભેદે સૂર્યના પ્રકાશમાં થતો ફેરફાર • મેરુની ચારે દિશામાં દિવસ અને રાત્રિનું પ્રમાણ • નક્ષત્રોનો ચંદ્ર સાથેનો યોગ • એક યુગના નક્ષત્ર, માસ વગેરેની સંખ્યા • ૧૨ મહિનાનાં અભિચંદ્ર વગેરે નામ • સંવત્સરોનાં નામ અને તેમનાં પર્વો • જંબુદ્વીપના સૂર્ય-ચંદ્ર અને નક્ષત્રોનું પ્રમાણ • પ્રાવૃટ વગેરે ઋતુઓના દિવસ-રાતનું પ્રમાણ • તિથિની ક્ષય-વૃદ્ધિનું સ્વરૂપ • ચંદ્રના કિરણોની વૃદ્ધિ હાનિ. • મુહૂર્તોની સંખ્યા • પૂનમ-અમાસના મુહૂર્તો • પ્રકાશ અને અંધકારનું અલ્પબહુત્વ • ચંદ્ર આદિ પાંચેયની તીવ્ર-મંદગતિનાં કારણો • એક એક મંડલમાં ફરતાં સૂર્ય-ચંદ્રને લાગતો સમય • ચંદ્રાદિ અને મેરુ વચ્ચેનું અંતર • ચંદ્રનું શશી અને સૂર્યનું આદિત્ય નામ હોવાનું કારણ • તેઓના કામ-ભોગનું સ્વરૂપ અને અંતે ૮૮ ગ્રહોનાં નામ.

દર્શન મોહનીયકર્મના ક્ષયોપશમથી યુક્ત હૈયુ, જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી યુક્ત બોધ અને વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમથી સ્થિર કાયા; આ ત્રણ હશે તે જ સાધક આ આગમની આર-પાર નીકળી શકશે. અનુભવ પછીનો આ નિચોડ છે.

## સૂર્યપ્રજ્ઞપ્તિ-ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રની વાણીના અંશો

❊ **ता पंच संवच्छरा पण्णत्ता, तं जहा - १-णक्खत्तसंवच्छरे, २-जुगसंव-च्छरे, ३-पमाणसंवच्छरे, ४-लक्खणसंवच्छरे, ५-सणिच्छरसंवच्छरे, ।**

સંવત્સર(વર્ષ)નાં પાંચ પ્રકાર કહેવાયા છે. ૧-નક્ષત્ર સંવત્સર, ૨-યુગ સંવત્સર, ૩-પ્રમાણ સંવત્સર, ૪-લક્ષણ સંવત્સર અને ૫-શનૈશ્ચર સંવત્સર

❊ **ता इंदठाणेणं केवइएणं कालेणं विरहियं पण्णत्ते । ता जहण्णे एक्कं समयं, उक्कोसेणं छम्मासे ।**

ભગવંત ! ઇન્દ્રનું સિંહાસન કેટલો સમય ખાલી રહે છે ? જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી ૬ મહિના માટે ઇન્દ્રનું સિંહાસન ખાલી  રહે છે.

❊ **सो पवयण-कुल-गण-संघबाहिरो णाणविणय-परिहीणो ।**
**अरिहंत-थेरगणहरमेरं किर होइ वोलीणो ।।**

**तम्हा धिइउट्ठाणुच्छाह-कम्मबल-वीरिय-सिक्खियं नाणं । धारेयव्वं णियमा, ण य अविणएसु दायव्वं ।।**

જે શાસન, કુલ, ગણ, સંઘથી બહિષ્કૃત કરાયેલો હોય, જ્ઞાન અને વિનયથી રહિત હોય અને અરિહંત-સ્થવિર-ગણધર-આદિની ઉજ્જ્વળ મર્યાદાનો ભંગ કરનારા હોય તેવા જીવોને ધૃતિ, ઉત્થાન, ઉત્સાહ, કર્મ, બળ અને વીર્યથી શિખેલું એવું પણ જ્ઞાન ન આપવું. માત્ર પોતાની પાસે તે જ્ઞાન ધારી રાખવું. અવિનીત-જીવને ક્યારેય ન આપવું.

# ૨૮

## જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર

ખાસ કરીને ચાર અનુયોગ પૈકીના ગણિતાનુયોગને સ્પર્શતું આ આગમ છે. નામ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર છે. શ્રીજ્ઞાતાધર્મકથાંગ આગમનું આ ઉપાંગ છે. ભાષા વગેરેનું બંધારણ જોતા જણાય છે કે આ આગમના રચયિતા ચોક્કસ કોઈ પૂર્વધરજ્ઞાની મહાપુરુષ હશે. મુખ્યત્વે ભૂગોળ વિષયક આ આગમ છે.

૧૮૧ મૂળ સૂત્રો અને શ્લોક પ્રમાણ ૪૪૫૬ છે. આ આગમ બે વિભાગમાં વહેંચાયેલું છે. ૧. પૂર્વાર્ધ, ૨. ઉત્તરાર્ધ. પૂર્વાર્ધમાં ચાર વક્ષસ્કાર અને ઉત્તરાર્ધમાં ત્રણ વક્ષસ્કાર છે. વક્ષસ્કાર શબ્દ પ્રકરણ અર્થમાં વપરાયો છે. આ આગમ ઉપર વૃત્તિકાર મહર્ષિ પૂ. **આ.શ્રીમલયગિરિજી** મહારાજાની ટીકા હતી. જે વિચ્છેદ પામી છે. તે ઉપરાંત પૂ.મહો. **શ્રીશાંતિચંદ્રગણિજી** કૃત ટીકા છે. જે વર્તમાનમાં ઉપલબ્ધ છે. અને ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ વિસ્તૃત છે.

સાત વક્ષસ્કારમાંથી પહેલા વક્ષસ્કારમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રનું, બીજામાં કાલચક્ર-છ આરાનું, ત્રીજામાં પ્રથમ ચક્રી ભરતરાજાનું, ચોથામાં વર્ષધર પર્વતો-રમ્યક્ક્ષેત્રથી ઐરાવતક્ષેત્ર સુધીના વિસ્તારનું, પાંચમામાં તીર્થંકર પરમાત્માના જન્માભિષેકનું, છઠ્ઠામાં જંબૂદ્વીપના અન્ય ક્ષેત્રો, પર્વતો, તીર્થો આદિનું અને સાતમામાં જ્યોતિષ્ચક્રનું ખૂબ જ સુંદર શૈલીમાં વર્ણન છે. આ આગમના સાર રૂપે જ જંબૂદ્વીપ સંગ્રહણી ગ્રંથની રચના શાસ્ત્રકાર શિરોમણિ પૂ.આ.**શ્રી હરિભદ્રસૂરિજી** મહારાજાએ કરેલ છે.

**હવે સાતે વક્ષસ્કારના વિષયોને વિગતવાર સમજશું.**

૧. શાસન શિરતાજ પ્રથમ ગણધર શ્રીગૌતમ મહારાજાની જિજ્ઞાસા

અને પ્રભુ શ્રી મહાવીરસ્વામિએ આપેલા સમાધાનોથી આ આગમની શરૂઆત થઈ છે. જંબૂદ્વીપ ક્યાં છે ? કેટલો મોટો છે ? સંસ્થાન, આકાર અને સ્વરૂપ કેવું છે ? આ પ્રશ્નોના ઉત્તરમાં પ્રભુ કહે છે કે, તિર્ચ્છાલોકની મધ્યમાં અસંખ્ય દ્વીપ, સમુદ્રોની મધ્યમાં જંબૂદ્વીપ છે. સૌથી નાનો અને ગોળ છે. એક લાખ યોજન લાંબો અને પહોળો છે. ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોસ, એકસો અટ્ઠયાવીશ ધનુષ અને સાડા તેર અંગુલથી કાંઈક અધિક તેની પરિધિ છે. આ જંબૂદ્વીપના વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એમ ચાર દ્વાર છે.

૨. અવસર્પિણી અને ઉત્સર્પિણી, એમ ભરતક્ષેત્રમાં બે પ્રકારનો કાળ છે. બંને થઈને એક કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. શુક્લ પક્ષ અને કૃષ્ણપક્ષની જેમ બંને કાળ ક્રમશઃ ચાલતા જ રહે છે. જેના ૬-૬ આરા છે. તે સુષમ-સુષમાદિ ૬ આરાનું તથા પલ્યોપમ અને સાગરોપમનું અહીં વિસ્તારથી વર્ણન છે.

૩. ભરતક્ષેત્રનું નામ ભરતક્ષેત્ર કેમ છે ? આ પ્રશ્નથી શરૂ થતા આ વક્ષસ્કારમાં પ્રથમ ચક્રવર્તી ભરતેશ્વરનો જન્મ, ચક્રરત્નની ઉત્પત્તિ, દિગ્વિજય પ્રારંભ, સર્વત્રવિજય, નવનિધિનું પ્રાગટ્ય, રાજ્યાભિષેક, કૈવલ્યપ્રાપ્તિ સુધીના દરેક પ્રસંગો વર્ણવાયા છે. અંતે ભરતક્ષેત્રનું નામ શાશ્વત છે; એમ પણ પ્રભુએ ઉત્તર આપ્યો છે.

૪. અહીં ભરતક્ષેત્ર સિવાયના ક્ષુલ્લહિમવાન, પદ્મદ્રહ , ગંગા-સિંધુ રોહિતાંશા નદીઓ, હૈમવત વર્ષ, વર્ષધર પર્વત, મહાપદ્મદ્રહ, હરિવર્ષક્ષેત્ર, ઉત્તરકુરુ-દેવકુરુ, ઐરાવતક્ષેત્રાદિનું વર્ણન છે.

૫. તીર્થંકર પરમાત્માના જન્મ સમયે દેવો જે જન્માભિષેકનો ઉત્સવ કરે છે તેનું અહીં હૂબહૂ વર્ણન છે. કહી શકાય કે આ વર્ણનના આધારે જ સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી ભાષામાં અનેક સ્નાત્ર કાવ્યોની રચના થઈ છે.

૬. સૌથી નાના એવા આ છઠ્ઠા વક્ષસ્કારમાં જંબૂદ્વીપનું વર્ણન ખંડ, યોજન, વર્ષ, પર્વત, કૂટ, તીર્થ, શ્રેણિ, વિજય, દ્રહ અને નદી; એમ દશ દ્વારોથી કરેલ છે. માત્ર નદીઓની સંખ્યા આ જંબૂદ્વીપમાં ચોદ લાખ છપ્પન હજાર છે.

૭. અંતિમ વક્ષસ્કારમાં જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર, ૨ સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ મહાગ્રહ અને ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાઓ પરિભ્રમણ કરે છે. આ વિભાગના અભ્યાસુને સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ સમજવી બહુ સરળ બને તેમ છે.

આ જંબૂદ્વીપમાં જઘન્યથી ૪ તીર્થંકર અને ઉત્કૃષ્ટથી ૩૪ તીર્થંકર હોય છે. જંબૂદ્વીપ શાશ્વત છે. જંબૂવૃક્ષનું પ્રમાણ વિશેષ હોવાથી તથા પરમઋદ્ધિશાળી પલ્યોપમ આયુષ્યવાળો જંબૂનામનો અનાહતદેવ સ્વામિત્વ કરતો હોવાથી આ જંબૂદ્વીપ કહેવાય છે.

આ વાત કરી પ્રભુ મહાવીરે મિથિલાનગરીની આ દેશના પૂર્ણ કરી છે.

## જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રની વાણીના અંશો

❄ **एगमेगस्सणं भंते ! मुहुत्तस्स केवइया उस्सासद्धा विआहिआ ? गोयमा ! असंखिज्जाणं समयाणं समुदयसमि-इसमागमेणं सा एगा आवलिअत्ति वुच्चइ, संखिज्जाओ आवलिआओ ऊसासो, संखिज्जाओ आवलिआओ नीसासो ।**

ભગવંત ! એક મુહૂર્તમાં કેટલા ઉચ્છ્વાસ-નિઃશ્વાસ કહેવાયા છે ? ગૌતમ ! અસંખ્ય સમયો ભેગા થાય ત્યારે એક આવલિકા બને છે. એવી સંખ્યાત-સંખ્યાત આવલિકાનો એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસ થાય છે.

❄ **जंबुद्दीवेणं भंते ! दीवे भरहप्प-माणमेत्तेहिं खंडेहिं केवइअं खंड-गणिएणं पण्णत्ते गोयमा ! णउअं खंडसयं खंडगणिएणं पण्णत्ते ।**

ભગવંત ! કેટલા ભરતક્ષેત્ર પ્રમાણ જંબૂદ્વીપ છે ? ગૌતમ ! એકસો નેવું (૧૯૦) ભરત પ્રમાણ જંબૂદ્વીપ છે.

❄ **जंबुद्दीवे णं भंते ! दीवे किं सासए असासए ? गोयमा ! सिअ सासए, सिअ असासए ।**

ભગવંત ! જંબૂદ્વીપ શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! દ્રવ્યથી શાશ્વત અને પર્યાયથી અશાશ્વત છે.

## ૨૯

## નિરયાવલિકા - કલ્પાવતંસિકા - પુષ્પિકા - પુષ્પચૂલિકા - વહ્નિદશા સૂત્ર.

નિરયાવલિકા સૂત્ર નામે ઓળખાતા આઠમા ઉપાંગ આગમમાં તે પછીના કલ્પાવતંસિકા આદિ ચાર ઉપાંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અપેક્ષાએ કહી શકાય કે એક જ નિરયાવલિકાસૂત્રના પાંચ વર્ગને (વિભાગને) અલગ અલગ ઉપાંગસૂત્ર તરીકે ગણવામાં આવ્યાં છે. કુલ ૧૧૦૦ શ્લોક પ્રમાણ આ પાંચ ઉપાંગ છે. જે ક્રમશ: અંતકૃદ્દશાંગ, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ, વિપાક અને દૃષ્ટિવાદના ઉપાંગ છે. વૃત્તિકાર આ.શ્રી ચંદ્રસૂરિજી મહારાજાએ પણ આ પાંચેયની એક જ વિષમપદ બોધિકા સ્વરૂપ ટીકા રચી છે. જે માત્ર ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

પહેલા ચાર ઉપાંગના દશ-દશ અધ્યયનો અને છેલ્લા ઉપાંગના બાર અધ્યયનો છે. આ પાંચે ઉપાંગોનું અક્ષરદેહમાન નાનું છે. તેથી પાંચેયનું સ્વરૂપ આ એક જ લેખમાં જોઈએ...

૧ - **નિરયાવલિકા સૂત્ર :** પાંચેયમાં સૌથી વિસ્તૃત આ ઉપાંગ છે. શરૂમાં મહારાણી ચેલ્લણાની કૂખે રાજકુમાર કૂણિકના જન્મથી લઈને મહારાજા શ્રેણિકના બંદીખાનામાં થયેલા મૃત્યુસુધીની ઘટના આલેખાયેલી છે. ત્યારબાદ રાજા કૂણિક અને રાજા ચેડા વચ્ચે થયેલા ભીષણ યુદ્ધનું વર્ણન છે. 'રથમુશલ' અને 'મહાશિલાકંટક' નામના તે બંને યુદ્ધોમાં ઘોર જનસંહાર થયો. કૂણિકના પક્ષે રહીને યુદ્ધ કરવામાં શ્રેણિક મહારાજાના

કાલ, સુકાલ વગેરે દશ પુત્રો પણ હતા. જે નરસંહાર અને રૌદ્રધ્યાનના પરિણામે નરકમાં ગયા. તે ઉપરાંત યુદ્ધમાં જોડાઈને મૃત્યુ પામનારા ઉભય પક્ષના મોટા ભાગના સૈનિકો નરકગતિમાં જ ગયા. આ વાતની મુખ્યતા હોવાથી આગમનું નામ નિરયાવલિ, નરકની આવલી-શ્રેણિ છે.

૨. **કલ્પાવતંસિકા** નામનું નવમું ઉપાંગ. જેનાં દશ અધ્યયન છે. મહારાજા શ્રેણિકના દશ પુત્રોનું આમાં વર્ણન છે. જે દશે રાજપુત્રોએ સંસારનો ત્યાગ અને સંયમનો સ્વીકાર કર્યો હતો. પાંચ, ચાર. ત્રણ એમ અલગ અલગ વર્ષો સુધી સંયમ પાળી અંતે સૌએ અણસણ કર્યું. સાધનાના બળે ક્રમશ: સૌધર્મ દેવલોકથી દશમા અચ્યુતકલ્પ સુધીના દેવવિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિના દેવભવને પામ્યા. ત્યાંથી મહાવિદેહમાં મનુષ્યભવ પામી મોક્ષ પામશે.

૩. **પુષ્પિકા** નામનું દશમું ઉપાંગ. દશ અધ્યયનમાંથી પહેલા અધ્યયનમાં જ્યોતિષેન્દ્ર એવા ચન્દ્રદેવની વાત કરવામાં આવી છે. પૂર્વભવમાં શ્રાવસ્તી નગરીમાં અંગતિ ગાથાપતિ હતા. પુરુષાદાનીય પ્રભુ શ્રી પાર્શ્વનાથની દેશનાથી સંયમ સ્વીકાર્યું. અગ્યાર અંગના અભ્યાસ સાથે નિર્મળ સંયમ પાળ્યું. ૧૫ દિવસનું અણસણ કરી ચન્દ્રાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયા. બીજા અધ્યયનમાં સૂર્ય વિમાનના ઇંદ્રની વાત પણ યથાવત્ જણાવી છે. ત્રીજાથી દશમા અધ્યયનમાં શુક્રેન્દ્ર, બહુપુત્રિક દેવી, પૂર્ણભદ્ર, માણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદૃત નામના દેવોનું ટૂંકું વર્ણન છે.

૪. **પુષ્પચૂલિકા** નામનું અગ્યારમું ઉપાંગ. શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલા, સુરા, રસ, ગંધ; આ દશ દેવીનું વર્ણન ક્રમશ: દશ અધ્યયનમાં છે. તે દરેક દેવીએ પૂર્વ ભવમાં પુરુષાદાનીય પ્રભુ શ્રી પાર્શ્વનાથ પાસે સંયમ ગ્રહણ કર્યુ હતું. કર્મવશ તે સર્વે શરીર બકુશિકા બની. કરેલી સંયમ-વિરાધનાની આલોચના ન કરવાના કારણે દેવી તરીકે ઉત્પન્ન થઈ. હવે મહાવિદેહમાં જન્મ પામી સંયમઆરાધવાપૂર્વક સિદ્ધ થશે.

૫. **વહ્નિ(વૃષ્ણિ-વિષ્ણુ)દશા** નામનું બારમું ઉપાંગ, જેમાં દ્વારિકા નગરી, રૈવતક પર્વત, કૃષ્ણ વાસુદેવ, મહારાણી રેવતી, બાવીશમા તીર્થપતિ નેમિનાથ પ્રભુ અને રાજકુમાર નિષધકુમારની સંક્ષિપ્ત વાતો છે.

ઉપાંગના અંતમાં માતલિકુમાર વગેરે અગ્યાર રાજપુત્રોના નામનો ઉલ્લેખ કરી વિરામ લીધો છે.

સંક્ષિપ્ત એવા પાંચ ઉપાંગોની સંક્ષિપ્ત ઓળખ સાથે આપણે બારે ઉપાંગ આગમોની ઓળખ મેળવી. હવે ક્રમશ: દશ પયન્ના આગમને ઓળખશું.

## નિરયાવલિકાદિ પાંચ સૂત્રોની વાણીના અંશો.

❄ **अम्हे णं देवाणुप्पिये ! समणीओ निग्गंथीओ इरियासमियाओ (जाव) गुत्तबंभयारिणीओ ! नो खलु कप्पइ अम्हं एयमट्ठं कण्णेहि वि निसामेत्तए किमंग पुण उद्दिसित्तए वा समायरित्तए वा ?**

સુભદ્રા નારીએ પુત્રપ્રાપ્તિ સંબંધી કરેલા પ્રશ્નના ઉત્તરમાં સાધ્વીજી ભગવંતોએ કહ્યું કે. 'હે દેવાનુપ્રિયા ! અમે શ્રમણીઓ ઇર્યાસમિતિ આદિ સમિતિથી સમિત છીએ, ત્રણ ગુપ્તિથી ગુપ્ત છીએ. અમને આવી વાતો સાંભળવી પણ કલ્પતી નથી. તો પછી અમે તે સંબંધી ઉપદેશ અથવા આચરણ કેવી રીતે કરી શકીએ ?

❄ **माणिभद्दे विमाणे उववाओ, दो सागरोवमाइं ठिई, महाविदेहे वासे सिज्झिहिइ ।**

માણિભદ્ર વિમાનમાં ઉત્પન્ન થયેલા તે માણિભદ્ર દેવની બે સાગરોપમની સ્થિતિ છે. તે પછી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષમાં જશે.

❄ **तीसे णं बारवईए नयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं रेवए नामं पव्वए होत्था ।**

તે દ્વારિકા નગરીની બહાર ઉત્તરપૂર્વ-ઇશાન ખૂણામાં એક રૈવત નામનો પર્વત હતો.

અહિં નોંધવા જેવી બાબત : આજે વિદિશાઓને નોર્થ-ઇસ્ટ, સાઉથ-વેસ્ટ જેવા નામે પાશ્ચાત્યો ઓળખાવે છે, આપણા આ આગમમાં પ્રભુ સમયમાં પણ **उत्तरपुरत्थिमे** = ઉત્તરપૂર્વ (ઇશાન) એવી રીતે દિશાની ઓળખ અપાતી હતી.

૩૦

## ચતુઃશરણ પ્રકીર્ણક સૂત્ર

અગ્યાર અંગ અને બાર ઉપાંગ સૂત્રોનો પરિચય મેળવ્યાં પછી હવે પયન્ના સૂત્રોની શરૂઆત કરીએ.

પ્રાકૃતભાષામાં 'પઈન્નગ' અને સંસ્કૃતમાં 'પ્રકીર્ણક' નામે ઓળખાતા આ સૂત્રોને ગુજરાતીમાં પયન્ના કહેવામાં આવે છે. ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિવાળા મુનિવરો શ્રુતને અનુસારે જે ગ્રંથની રચના કરે તે પયન્ના સૂત્ર કહેવાય છે.

આ પ્રકીર્ણકસૂત્રોની ગણના અંગબાહ્ય આગમમાં કરી છે. જે તીર્થંકર પરમાત્માના જેટલા શિષ્યો હોય તેટલા પયન્ના શાસ્ત્રો હોય. પ્રભુશ્રી મહાવીર પરમાત્માના ૧૪૦૦૦ શિષ્યોએ રચેલા ૧૪૦૦૦ પયન્ના હતાં, એમ શ્રીનંદીસૂત્રની ટીકા આદિના આધારે કહી શકાય છે. વર્તમાનમાં મોટા ભાગના તે પયન્નાગ્રંથો વિચ્છેદ પામ્યા છે, છતાં આગમસંશોધક પૂ. મુનિ પુણ્યવિજયજી મહારાજે પઈન્નયસુત્તાઈ ભાગ-૧ અને ૨માં ઉપલબ્ધ ૩૨ પયન્નાઓ સંગૃહિત અને પ્રકાશિત કર્યાં છે.

હાલમાં ૪૫ આગમની ગણતરીમાં માત્ર ૧૦ પયન્ના જ લેવાયાં છે. તેનું કારણ એ છે કે એ દશમાં એક-એક સળંગ વિષય છે. જ્યારે બીજા પયન્ના શાસ્ત્રોમાં જુદા જુદા અનેક વિષયોનો સંગ્રહ છે. દશ પયન્નાગ્રંથોનો પરિચય ક્રમશઃ આપીશું, એમાં પ્રથમ ચતુઃશરણ પ્રકીર્ણકનો પરિચય નીચે મુજબ છે.

૧- ચતુ:શરણ પ્રકીર્ણક આગમનું મૂળ નામ 'કુશલાનુબંધી અધ્યયન' છે. દશ પયન્નામાં શિરમોર સ્થાને છે. ૬૩ ગાથા પ્રમાણ આ આગમ પ્રાકૃતભાષામાં રચાયેલ છે. તેના રચયિતા મહાપુરુષ પૂ.આચાર્ય શ્રી વીરભદ્રગણિ છે. જે પોતે શ્રી વીરવિભુના સ્વહસ્તે દીક્ષિત શિષ્ય છે. અહીં ગણિ શબ્દ આગમિક શૈલી મુજબ 'આચાર્ય' અર્થમાં વપરાયેલ છે. આ જ ગ્રંથકારશ્રીએ આતુર પ્રત્યાખ્યાન, ભક્ત પરિજ્ઞા, સંસ્તારક એમ અન્ય ત્રણ પ્રકીર્ણકોની પણ રચના કરેલ છે. તો વળી આરાધના પતાકા ગ્રંથના કર્તા તરીકે પણ એમનું નામ પ્રાપ્ત થાય છે. કાળની વિષમતાના કારણે આજે તેઓશ્રી અંગે વિશેષ કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

આ ગ્રંથ ઉપર ટીકાઓ પણ છે. મૂળગ્રંથ અને ટીકાઓનું સંશોધન-સંપાદન સન્માર્ગ પ્રકાશન હસ્તક પ્રકાશિત થયેલ છે.

ગ્રંથકારશ્રીએ આ આગમ ગ્રંથમાં સાધનાનાં અમૂલ્ય બીજોનું નિર્દેશન કરેલ છે. સાધનાની સફળતા સમાધિભાવમાં રહેલી છે. સદ્‌ગતિ અને મુક્તિરૂપી ફળની અપેક્ષા રાખનાર સાધક આત્માને પ્રત્યેક સાધનામાં સમાધિ અને જીવનના અંત સમયે પરમ સમાધિ અનિવાર્ય બને છે. આ જ વાતને ધ્યાનમાં રાખી અહીં સમાધિનો ઉચ્ચતમ માર્ગ બતાવ્યો છે.

ગ્રંથના પ્રારંભમાં છ આવશ્યકરૂપ પ્રતિક્રમણનો વિષય છે. છ આવશ્યક્ના પરિપાલનથી આત્માની કેવા પ્રકારની શુદ્ધિ થાય છે તે પણ જણાવેલ છે. ત્યારબાદ પ્રથમ અધિકારમાં ચાર ગતિનું હરણ કરનાર ચાર શરણનું સ્વરૂપ રસપ્રદ શૈલીમાં કર્યુ છે. બીજા અધિકારમાં દુષ્કૃતનિંદાનો સરળમાર્ગ બતાવ્યો છે. ત્રીજા અધિકારમાં ટૂંકમાં પણ સર્વાંશે સુકૃત અનુમોદના રજૂ કરી છે.

❋ શ્રી અરિહંત પરમાત્મા, શ્રીસિદ્ધ ભગવંતો, શ્રી સાધુ ભગવંતો અને કેવલી ભગવંતે કહેલો ધર્મ. આ ચારનું સાચા ભાવે શરણ સ્વીકારવું, તે **ચાર શરણનો સ્વીકાર.**

❋ અજ્ઞાનાદિના કારણે આજ પૂર્વે જીવે જે કાંઈ હિંસા વગેરે પાપો કર્યાં હોય તેની આત્મસાક્ષીએ ગર્હા અને ગુરુ સાક્ષીએ નિંદા કરવી તે **દુષ્કૃત ગર્હા.**

❈ અરિહંત આદિ ગુણવાન આત્માઓના સુકૃતોની અનુમોદના તથા આ પૂર્વે આપણે કરેલા શુભ કાર્યોની અનુમોદના, તે **સુકૃત અનુમોદના.**

સંકલેશ હોય ત્યારે આ ત્રણે સાધનાઓ વારંવાર કરવી. સંક્લેશ ન હોય ત્યારે દિવસમાં ત્રણ વાર તો અવશ્ય કરવી. તેનાથી કરનારના તથાભવ્યત્વનો પરિપાક થાય છે. અર્થાત્ મોક્ષે જવાની યોગ્યતા ખીલે છે.

આ આગમ પ્રતિપળ ચિત્તની પ્રસન્નતા રાખવા માટે ચાવી છે. કર્મ જન્ય વિષમ પરિસ્થિતિમાં મનને સ્વસ્થ રાખવા આનો ત્રિકાળ સ્વાધ્યાય અનિવાર્ય છે. પંચસૂત્ર જેવા મહાન સાધનાગ્રંથના મૂળ બીજો આ આગમમાં નિહિત છે.

## ચતુઃશરણ પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❈ **अरिहंता हुंतु मे सरणं ।**
અરિહંત પરમાત્મા મને શરણ થાઓ.

❈ **सिद्धा, सरणं परममुक्खा।**
પરમ મુક્તિને પામેલા સિદ્ધ ભગવંતો શરણ થાઓ.

❈ **हयमोहा साहुणो सरणं ।**
મોહને હણનારા સાધુ ભગવંતો શરણ થાઓ.

❈ **सरणं मह होइ जिणधम्मो ।**
જિનધર્મ મને શરણ થાઓ.

❈ **चउरंगो जिणधम्मो न कओ,**
**चउरंगसरणमवि न कयं ।**
**चउरंगभवच्छेओ न कओ,**
**हा ! हारिओ जम्मो ।।**

દાનાદિ ચાર પ્રકારનો જિનધર્મ ન કર્યો, અરિહંત આદિ ચારનું શરણ ન કર્યું, નરકાદિ ચાર પ્રકારના સંસારનો છેદ ન કર્યો; ખેદની વાત છે કે તે મનુષ્ય જન્મ હારી ગયો.

## ૩૧

# આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર

૪૫ આગમગ્રંથમાં જે દશ પયન્નાનો સમાવેશ થાય છે તે પૈકી પ્રથમ હતું શ્રી ચતુ:શરણ પ્રકીર્ણક. બીજા ક્રમે આવે છે, 'આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણક.' તેથી હવે આ આગમનો પરિચય રજૂ કરાય છે.

આના કર્તા છે પ્રભુ વીરના સ્વહસ્તદીક્ષિત શિષ્યોત્તમ **શ્રી વીરભદ્ર** નામના આચાર્ય મહારાજા ! આ મહાપુરુષે સંરચન કરેલું હોવાથી આ આગમગ્રંથ ૨૫૦૦ વર્ષથી વધુ પ્રાચીન છે. તે કાળથી જ આ આગમ નિશ્ચિતપણે સમાધિસાધનાના સાધનરૂપે અનેકાનેક સાધકોને પરમ આલંબનભૂત બનેલ છે.

પ્રાકૃત નામ **आउरपच्चक्खाणं पइन्नयं** છે. નંદીસૂત્રકાર મહર્ષિ આ નામની વ્યુત્પત્તિ કરતાં જણાવે છે કે, "**आतुरः चिकित्स्य-क्रियाव्यपेतस्य प्रत्याख्यानं यत्राध्ययने विधिपूर्वकमुपवर्ण्यते तदातुर-प्रत्याख्यानम् ।**"

મૃત્યુની પળો જ્યારે આંખ સામે ઉપસ્થિત થાય છે, શારીરિક ચિકિત્સા કરવાનો સાધક પાસે જ્યારે અવસર હોતો નથી, માત્ર સમભાવે એણે જ્યારે મૃત્યુને વધાવવાનું રહે છે ત્યારે 'આતુરતા' પ્રગટે છે. તે આતુર કક્ષા પામેલો સાધક અંત સમયે ચાર શરણનો સ્વીકાર, દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના કર્યા બાદ નિરપવાદપણે સર્વ સાવદ્યયોગોનો ત્યાગ કરવા સ્વરૂપ જે પ્રત્યાખ્યાન (નિયમ વિશેષ) કરે, તેને 'આતુરપ્રત્યાખ્યાન' કહેવાય છે. આ આગમમાં આ જ વિષય વર્ણવાયેલો

હોવાથી આ પ્રકીર્ણક સાન્વર્થક વિષયને અનુસરતુ નામ ધરાવે છે.

ગ્રંથની શરૂઆતમાં ગ્રંથકાર મહર્ષિએ સ્વતંત્ર નવું મંગલાચરણ ન કરતાં સ્વરચિત શ્રી ચતુ:શરણ પ્રકીર્ણક આગમમાં પોતે કરેલા મંગલાચરણને જ અન્વયી-સળંગ બનાવ્યું છે.

જે સમ્યગ્દૃષ્ટિ આત્માએ દેશવિરતિ-ધર્મનો સ્વીકાર કર્યો છે, તેવો સાધક સમાધિપૂર્વક જે મરણને પ્રાપ્ત કરે તે મરણ **'બાલ-પંડિત મરણ'** કહેવાયું છે. પહેલી ગાથામાં આ વાત કરી ગ્રંથકાર ગ્રંથનો પ્રારંભ કરે છે.

જીવવાની આશાથી જે સાધક હજુ મુક્ત બન્યો નથી, તે કારણે જેણે હજુ અંતિમ સંલેખના કરી નથી અને અણધાર્યું મૃત્યુ જેના આંગણે આવીને ઊભું છે તેવો વ્રતધારી શ્રાવક પોતાના ઘરમાં જ સંથારામાં બેસીને આ પ્રકારના મરણનો સ્વીકાર કરે છે. ટૂંકમાં બાલ-પંડિત મરણની વિધિ બતાવી એ જ મરણને વિસ્તારથી જાણવા ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણકગ્રંથનો નિર્દેશ કર્યો છે.

આ વાત કર્યા પછી **'પંડિતપંડિત મરણ'**ની વાત શરૂ થાય છે અને તે ગાથા-૭૧માં ગ્રંથ સમાપ્તિની સાથોસાથ પૂરી થાય છે. આમ પંડિતપંડિતમરણ એ જ આ ગ્રંથનો મુખ્ય વિષય છે.

પંડિતપંડિત મરણ સંબંધી અનશન માટે ઉપસ્થિત થયેલો સાધુ **अइअं निंदामि ।** - ભૂતકાળના પાપોની નિંદા કરે છે, **पडुप्पन्नं संवरेमि ।** - વર્તમાનમાં પાપનું સંવરણ કરે છે અને **अणागयं पच्चक्खामि ।** - ભવિષ્યના પાપોનું પ્રત્યાખ્યાન કરે છે. મનની અભાવિત અવસ્થામાં ઉત્પન્ન થયેલા ૬૩ દુર્ધ્યાનના કારણે વ્રતાદિ ગુણોમાં લાગેલા અતિચારાદિ દોષોની સાધક માફી માંગી પ્રતિક્રમણ કરે છે. આ વાત સૂત્રશૈલીમાં સમજાવી છે. જેમાં ૬૩ પ્રકારનાં દુર્ધ્યાનોની વાત આગવી વિશેષતા છે. આ આગમ સિવાય અન્યત્ર કોઈ આગમાદિ પ્રાચીન ગ્રંથોમાં એનો નિર્દેશ મળતો નથી. કલુષિત ચિત્તવૃત્તિને ઓળખીને દૂર કરવા માટે પ્રત્યેક સાધકને આ ૬૩ દુર્ધ્યાનનું જ્ઞાન આલંબનરૂપ બને તેવું છે.

ઉત્તમાર્થરૂપ અનશનને સ્વીકારવા કટિબદ્ધ બનેલા શ્રમણભગવંતો જે મૃત્યુને વરે છે તે પંડિતપંડિત મરણ કહેવાય છે. આ મરણને સાધનાર ક્ષપક તરીકે ઓળખાય છે. ક્ષપક કક્ષાને પામેલો સાધક તીર્થંકર પરમાત્માને નમસ્કાર કરવા દ્વારા અંતિમ આરાધનાની શરૂઆત કરે છે. ત્યારબાદ ચાર શરણ, દુષ્કૃતગર્હા, સુકૃતઅનુમોદના, પાંચ મહાવ્રતોનું પુનઃ સ્મરણ, પાપ-સ્થાનકનું પ્રત્યાખ્યાન, સર્વજીવ-મૈત્રીભાવ, બાહ્ય-અભ્યંતર ઉપધિનો ત્યાગ, મન-વચન-કાયાનો સંપૂર્ણ ત્યાગ, શુભ તત્ત્વ-ચિંતન અને ક્ષમાપના આદિ કાર્યો કરે છે.

ક્ષપકના ગુરુ પણ ક્ષપકને હિતશિક્ષા આપી ઉત્સાહિત કરે છે. આ અનશન રાધાવેધ તુલ્ય છે. તેનું ફળ મુક્તિ છે. મુક્તિ જન્મ-મરણથી રહિત છે. સંપૂર્ણ દુઃખોથી રહિત છે. આવા મહિમાવંતા ફળોને સાંભળી ક્ષપક અંતે મૃત્યુને સહજ આવકારે છે.

દ્વાદશાંગી આદિ વિશિષ્ટ શ્રુતના ચિંતન-સ્મરણ-પુનરાવર્તનનું સામર્થ્ય ન રહેતાં સાધક નમસ્કાર મહામંત્રથી આત્માને ભાવિત કરે છે. સમાધિમય બની મૃત્યુને વરે છે. આવો સાધક વધુમાં વધુ ત્રણ ભવમાં મુક્તિને વરે છે.

**મૃત્યુ સુનિશ્ચિત છે, આકસ્મિક રીતે પણ આવી શકે છે. મૃત્યુ આવીને ઊભું રહે તે પહેલા સજાગ થઈ જઈએ. આ આગમના આલંબને સમાધિ ભાવ દૃઢ બનાવીએ, મૃત્યુને મહોત્સવ બનાવી સદ્ગતિ અને મુક્તિના ભાગી બનીએ. આ આગમનો આ જ તો સંદેશ છે.**

## આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❈ एगो वच्चइ जीवे, एगो चेवुववज्जए ।
एगस्स चेव मरणं, एगो सिज्झइ नीरओ ।।

જીવ એકલો જ પરભવમાં જાય છે, એકલો જ ઉત્પન્ન થાય છે. એકલો જ મૃત્યુ અને મોક્ષને પામે છે.

❈ जिणवयणे अणुरत्ता, गुरुवयणं जे करंति भावेण ।
असबल असंकिलिट्ठा ते हुंति परित्त संसारी ।।

જિનવચનમાં રત, ગુરુવચન ભાવથી પાળનારા, શબલ દોષથી રહિત અને અસંક્લિષ્ટ પરિણામ વાળા જીવો નિકટ મોક્ષગામી થાય છે.

❈ लद्धं अलद्धपुव्वं जिणवयणं सुभासियं अमयभूयं ।
गहिओ सुग्गइमग्गो नाहं मरणस्स बीहेमि ।।

આજ સુધી પ્રાપ્ત નહિ થયેલું, અમૃતતુલ્ય જિનવચનરૂપ સુભાષિત મેં આજે મેળવ્યું છે, તેના પ્રભાવે સદ્ગતિનો માર્ગ મેં ગ્રહણ કર્યો છે; તેથી હવે હું મરણથી ડરતો નથી.

## ૩૨

# મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્ર

૧૪૨ ગાથા પ્રમાણ આ પયન્ના સૂત્રનું નામ મહાપચ્ચક્ખાણ પઈન્નયં છે. આ પૂર્વેના આતુર પ્રત્યાખ્યાન સૂત્રમાં મુખ્યત્વે દેશવિરતિધર શ્રાવકની આરાધનાને વર્ણવેલ છે. જ્યારે આ આગમમાં સર્વવિરતિધર શ્રમણોએ અંત સમયે કરવાની મહા આરાધનાનું વિસ્તૃત વર્ણન છે, માટે નામ સાન્વર્થક છે.

તીર્થંકર પરમાત્મા, સિદ્ધ ભગવંતો અને સંયમીઓને નમસ્કાર કરીને સાધક એવો સાધુ પાપનું પ્રત્યાખ્યાન કરે છે. પહેલા બે શ્લોકના આ અર્થમાં મંગલ અને વિષય ઉભયનું નિરૂપણ કરેલ છે. ત્યાર પછીના દરેક શ્લોકે સાધુની અંતસમયની આરાધના ગુંથાયેલી છે.

જેમાં મંગલભૂત અરિહંત આદિ પરમેષ્ઠીઓને નમસ્કાર, એ પ્રથમ ચરણ છે. નિરતિચાર સામાયિકનું નિરપવાદ પ્રત્યાખ્યાન એ અંતિમ ચરણ છે. આજ પૂર્વેના દુષ્કૃત્યોની નિંદા, બાહ્ય અને અભ્યંતર ઉપધિનો ત્યાગ, રાગાદિ અશુભ ભાવોનો પરિત્યાગ, એકત્વ ભાવનાનું ચિંતન, સર્વજીવ ક્ષમાપના, જ્ઞાનાદિરૂપ આત્માનું જ આલંબન, પ્રમાદવશ થયેલી વિરાધનાની આલોચના, આત્માનું અનુશાસન, પૌદ્‌ગલિક સુખોના વાસ્તવિક સ્વરૂપનું ચિંતન, પંડિત મરણની અભિલાષા, સંવરનું માહાત્મ્ય, જ્ઞાનની પ્રધાનતા, પ્રત્યાખ્યાનનું ફળ, વેદનાના આધિક્યમાં ઉપદેશ, ધીર સાધકના મરણની પ્રશંસા; અંતિમ સાધનાના આવા તો અનેક મધ્યમચરણો પણ ગ્રંથકારશ્રીએ શ્લોકમાં ગૂંથ્યાં છે.

મહાપ્રત્યાખ્યાનની વિધિ દર્શાવતાં ગ્રંથકારે અવસરોચિત માર્મિક હિતવચનો પણ ટાંક્યાં છે, જેનો ભાવાર્થ કાંઈક આવો છે.

'હું એકલો છું અને મારું કોઈ નથી' આ વચન જરા યાદ રાખજો હોં !

આત્મિક શુદ્ધિમાં સૌથી મોટી નડતર માયા છે.

સરળ હૈયું પરમાત્મદશાનું ઉત્પત્તિ સ્થળ છે.

પાપ કરવું એ દુષ્કર નથી, દુષ્કર તો પાપનો એકરાર છે.

તે એક પદ પણ જ્ઞાન છે, જેનાથી સાધક સંવેગ પામે.

તૃણકાષ્ઠથી અગ્નિ અને હજારો નદીઓથી સમુદ્રની જેમ કામભોગથી જીવ ક્યારે તૃપ્તિ પામતો નથી.

વિશ્વની દરેક જગ્યાએ આપણે અનંત જન્મ-મરણ કર્યાં છે.

જેનાથી વૈરાગ્ય પેદા થાય તે કર્તવ્ય.

લજ્જા, ગારવ કે બહુશ્રુતના મદથી જે ભૂલનો એકરાર નથી કરતો તે વિરાધક.

અંતિમ આરાધનામાં તૃણમય સંથારો કે નિર્દોષ ભૂમિ નહિ, પણ વિશુદ્ધ મનને ધરનારો આત્મા જ કારણ છે.

સંસાર સમુદ્ર તરવો છે, તો 'જીવીશ કે મરીશ' તેની ચિંતા મૂકી દે.

નજીવા દુઃખમાં શા મુંઝાવું, ભૂતકાળમાં અનંત દુઃખો ભોગવ્યાં જ છે.

બાલમરણ તો ઘણાં કર્યાં, હવે તો પંડિત મરણ જ.

કાયર અને ધીર; મરવાનું તો બંનેને. ધીર બનીને મરવું જ સારું.

મારે સર્વજીવ સાથે મૈત્રી છે, વૈર નથી. ખમું છું, સર્વજીવોને ખમાવું પણ છું.

આ આગમ સંબંધી વર્તમાનમાં, વૃત્તિ આદિ અન્ય કોઈ સાહિત્ય ઉપલબ્ધ થતું નથી. આમ છતા આ આગમની ભાષાની સરળતા, શ્લોકના મર્મ સુધી પહોંચાડે છે.

## મહાપ્રત્યાખ્યાન પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❈ आया मज्झं नाणे आया मे दंसणे चरित्ते य ।
आया पच्चक्खाणे आया मे संजमे जोगे ।।

આત્મા એ જ મારું જ્ઞાન છે. આત્મા એ જ મારું દર્શન અને ચારિત્ર છે. આત્મા એ જ પચ્ચક્ખાણ, સંયમ અને યોગ છે.

❈ एक्को करेइ कम्मं एक्को अणुहवइ दुक्कयविवागं ।
एक्को संसरइ जिओ जर-मरण-चउग्गईगुविलं ।।

જીવ એકલો જ કર્મને બાંધે છે. કરેલાં દુષ્કૃતનાં ફળને એકલો જ ભોગવે છે. ઘડપણ-મરણ અને ચારગતિરૂપ સંસારમાં એકલો જ પરિભ્રમણ કરે છે.

❈ अवियण्होऽयं जीवो अईयकालम्मि आगमिस्साए ।
सद्दाण य रूवाण य गंधाण रसाण फासाणं ।।

અનુકૂળ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શને ભોગવવાં છતાં આજ સુધી જીવ તૃપ્તિને પામ્યો નથી. ભવિષ્યમાં હંમેશા અતૃપ્ત જ રહેવાનો છે.

❈ एक्कम्मि वि जम्मि पए संवेगं कुणइ वीयरायमए ।
तं तस्स होइ नाणं जेण विरागत्तणमुवेइ ।।

જે પણ એક પદ સંવેગભાવને ઉત્પન્ન કરે તે પદ તે જીવનું સાચું જ્ઞાન છે. વીતરાગના મતમાં તેને જ જ્ઞાન કહેવાયું છે જે વૈરાગ્ય પેદા કરે છે.

❈ धम्मं जिणपन्नत्तं सम्ममिणं सद्दहामि तिविहेणं ।
तस-थावरभूयहियं पंथं नेव्वाणगमणस्स ।।

જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલો, ત્રસ અને સ્થાવર જીવોને હિતકારી, નિર્વાણને પામવાના માર્ગ સ્વરૂપ અને સમ્યગ્ એવા આ ધર્મની હું મન-વચન-કાયાથી શ્રદ્ધા કરું છું.

# ૩૩

## ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક સૂત્ર

પીસ્તાલીશ આગમમાં ૨૭મા ક્રમે છે, ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક સૂત્ર. "આહારની લાલસાના કારણે માનવભવ લગભગ ખાવા-પીવાની પલોજણમાં પૂરો થાય છે. જીવન ખાવા માટે નથી મળ્યું. સાધનામાં ઉપયોગી શરીર માટે ખાવું પડે, તે વાત અલગ,. પણ જીવન પૂરું થવા આવે ત્યારે ખાવાનું છોડી દેવાનું છે." અહીં મુખ્ય વાત આ છે.

જીવનના અંતકાળે લાયક અને સમર્થ સાધકને ગુરુભગવંત ભત્ત-ભક્ત-ભોજનનું પચ્ચક્ખાણ કરાવે છે. તેની વિધિ હોવાથી ગ્રંથનું નામ યથાર્થ છે.

પ્રારંભમાં સર્વજ્ઞ ભગવાન શ્રીમહાવીર પરમાત્માની તથા જિનશાસનની સ્તુતિ છે. શાસનની સેવાનું ફળ મુક્તિના સુખની પ્રાપ્તિ બતાવ્યું છે. પછી પંડિત મરણરૂપ અનશનના ત્રણ ભેદ બતાવ્યા છે. ૧- ભક્તપરિજ્ઞા, ૨- ઇંગિની, ૩- પાદપોપગમન.

૧. **ભક્તપરિજ્ઞા** અનશનમાં ચાર અથવા ત્રણ આહારનો ત્યાગ હોય છે. ગચ્છમાં રહીને બીજાની સેવા પૂર્વક કાયિક ક્રિયાની છૂટ સાથે કોમળ સંથારા પર અનશન કરવાનું હોય છે. સાધકને ઉત્કૃષ્ટથી ૪૮ નિર્યામક હોય છે. સાધુ અને શ્રાવક બંને આના અધિકારી છે. વર્તમાનકાળમાં આજીવન સાગારી અનશન જ કરી શકાય છે. જેમાં રોજ એક-એક ઉપવાસના પચ્ચક્ખાણ લઈ આગળ વધાય છે.

૨. **ઇંગિની મરણ**ના અનશનમાં ઠંડી-ગરમી આદિથી બચવા મર્યાદિતક્ષેત્ર સુધી જવા-આવવાદિ અમૂક કાયિક ચેષ્ટાઓની છૂટ હોય છે. ચારે આહારનો ત્યાગ અને સર્વજીવ ક્ષમાપના પૂર્વક ગૂફા આદિ નિર્જન સ્થાનમાં આ અનશન કરવાનું હોય છે. જેમાં અન્યની સેવા લેવાનો નિષેધ છે. આ અનશનનો વિચ્છેદ થઈ ગયો છે.

૩. ત્રીજા **પાદપોપગમન** અનશનમાં આંખની પાંપણ પણ હલાવ્યા વગર વૃક્ષના ઠુંઠાની જેમ એક જ શુદ્ધભૂમિમાં જીવનપર્યંત સંથારો કરવાનો હોય છે. ચારે આહારનો ત્યાગ અને સર્વજીવ ક્ષમાપનાપૂર્વક કરાતું આ અનશન પણ ૧૪ પૂર્વની સાથોસાથ વિચ્છેદ પામેલ છે.

પ્રસ્તુત ભક્તપરિજ્ઞા અનશન બે પ્રકારે છે:
૧- સવિચાર, ૨-અવિચાર.

સાધક જો સંલેખનાપૂર્વક કાયાને કૃશ કરીને ક્રમ પ્રાપ્ત અનશન સ્વીકારે તો **સવિચાર.** સંલેખના પ્રાયોગ્ય સામર્થ્યરહિત સાધક સમાધિપૂર્વક સ્વીકારે તે **અવિચાર.** અહીં અવિચાર ભક્ત પરિજ્ઞા અનશનનો અધિકાર છે. મુખ્ય ત્રણ વિષયો છે.

૧- **અનશનના અધિકારી :** વિશિષ્ટ ધૃતિ-બલથી રહિત, અકસ્માત્ મરણની સંભાવનાવાળા, નિરવદ્ય વિરતિને ધરનારા શ્રમણો. ઉપશમ સુખની અભિલાષાવાળો, જીવિતની સ્પૃહા વિનાનો, સંસારની નિર્ગુણતાનો જ્ઞાની ગૃહસ્થ. અતિચારોના પાપથી ધ્રુજેલા, પશ્ચાત્તાપપૂર્વક નિરતિચાર ધર્મની અભિલાષાવાલા પાસત્થાદિ સાધુઓ; આ અનશનને યોગ્ય છે.

૨. **અનશન વિધિ:** બહુમાનભાવે વંદનપૂર્વક સાધક ગુરુને વિનંતિ કરે કે, હે ! ભગવંત ! આપ જેવા નિર્યામકના સુકાનીપણામાં ભક્ત પરિજ્ઞારૂપ પ્રશસ્ત જહાજ પર ચડી હું ભીમ અને ગહન એવા આ સંસાર સાગરને તરી જવા ઇચ્છું છું. આ વિનંતિથી વિધિનો પ્રારંભ થાય. ગુરુ પણ પૂર્વકૃત પાપોની આલોચના, વ્રતોનું પુનઃ ઉચ્ચારણ અને સર્વજીવ સાથે ક્ષમાપના કરાવે. સમ્યગ્દૃષ્ટિ વ્રતધારી શ્રાવક તત્ક્ષણે પ્રભુ, ગુરુ, સંઘ અને

સાધર્મિકની ભક્તિભાવે પૂજા કરે. સાતક્ષેત્રમાં સ્વદ્રવ્યના વ્યયદ્વારા શાસનની પ્રભાવના કરે. સર્વવિરતિના અનુરાગવાળો વિરક્ત શ્રાવક સામાયિક સહ સંથારા પ્રવ્રજ્યાને સ્વીકારે. ગુરુ સ્વ-પર સાનુકૂળ દિવ્ય નિમિત્ત-શુકુન-મુહૂર્ત્ત આદિ જુએ. ઉત્કૃષ્ટ ખાદ્ય પદાર્થોથી વિરક્ત સાધુને એલચી, તજ, નાગકેસર, તમાલપત્ર સાથે ઉકાળીને ઠંડું કરેલું સાકરવાળું દૂધ આપે. જે મલશોધક અને તાપશામક સમાધિપાન કહેવાય. જઠરાગ્નિને શાંત કરનાર આવા પદાર્થો આપી સંઘ સમક્ષ તે મુનિના અનશનની ઘોષણા કરે. સંઘ પણ એમનું અનશન નિર્વિઘ્ન બને તે માટે ઉત્કૃષ્ટ કાયોત્સર્ગ કરે. ચૈત્યવંદનાદિ વિધિપૂર્વક ચતુર્વિધ સંઘની સાક્ષીએ ચાર અથવા ત્રણ આહારના પચ્ચક્ખાણ કરાવે. સાધક સર્વ સંઘને, સર્વજીવ રાશિને ખમાવે. શુભ ભાવથી આત્માને ભાવિત કરે.

૩. **ગુરુનો ઉપદેશ :** મિથ્યાત્વનો ત્યાગ કર. સમ્યક્ત્વમાં દૃઢચિત્ત થા. હિંસાદિ પાપો છોડી દે. ક્રોધ-માન-માયા-લોભ ફગાવી દે. પાપવૃત્તિથી વિરામ પામ. જિનશાસન પ્રત્યે આદર ધર. સ્વીકારેલી પ્રતિજ્ઞાને યાદ કર. વિરાધકભાવથી બચતો રહે. વ્રતભંગ મહાપાપ છે તે ભૂલતો નહિ. સાવધ બની જા. અણીના અવસરને સાચવી લે. યાદ કર એ મહામુનિઓને. અવંતિસુકુમાલમુનિ, સુકોશલમુનિ, અરે ! ચાણકયમંત્રીને. વિચાર તો કર, તું કેટલો ધન્ય છે. ભવસાગરથી તારનારું જૈનશાસન તને મળ્યું છે. વત્સ ! સંસાર તરી જા. નિર્યામક ગુરુનાં આ હિતવચનો. મારણાંતિક દેહવેદનામાં પણ સાધક સમાધિસ્થિત બને. પ્રાણ ત્યાગ કરી મુક્તિના, નહીંતર સ્વર્ગના સુખને તે અવશ્ય પામે.

ગ્રંથકાર આચાર્ય**શ્રીવીરભદ્રગણિ** મહારાજા કહે છે, આ પ્રકીર્ણક વાંચનાર અને સાંભળનાર ધન્યાત્મા છે.

## ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❋ **दिव्वेण निमित्तेणं पडिलेहइ इहरहा दोसा ।।**

આરાધનાના પ્રસંગે દિવ્યનિમિત્ત આદિ ભાવો જોવા. ન જોવામાં દોષ રહેલા છે.

❋ **कुग्गहपरूढमूलं मूला उच्छिंद वच्छ ! मिच्छत्तं ।**

વત્સ ! કદાગ્રહથી રૂઢ બનેલા મૂળ વાળા મિથ્યાત્વરૂપી વૃક્ષને મૂળથી ઉખેડી નાખ.

❋ **विसयाविक्खो निवडइ निरविक्खो तरइ दुत्तरभवोहं ।**

વિષયાધીન ડૂબે છે, જ્યારે વિષયેચ્છાથી રહિત જીવ દુરુત્તર સંસાર સમુદ્રને તરે છે.

❋ **जं अइतिक्खं दुक्खं जं च सुहं उत्तमं तिलोईए । तं जाण कसायाणं वुड्डिक्खयहेउअं सव्वं ।।**

આ સંસારમાં જે અતિ દારૂણ દુ:ખ છે અને ઉત્તમ જે સુખ છે તે કષાયની વૃદ્ધિ અને ક્ષયનું જ પરિણામ છે.

❋ **भावेसु अ नेगुन्नं संसारमहासमुद्दस्स ।**

સંસાર રૂપી મહાસમુદ્રની નિર્ગુણતાનો વિચાર કર.

૩૪

## તંદુલવૈચારિક પ્રકીર્ણક સૂત્ર

ગદ્ય અને પદ્ય, એમ બંને શૈલીમાં ગુંથાયેલું આ આગમ છે. મુખ્ય વિષય અશુચિ ભાવના છે. અશુચિ ભાવનાના વિસ્તૃત વર્ણન દ્વારા સાધક આત્મા વૈરાગ્ય પામે એ જ ભાવના ગ્રંથકાર ભગવંતની છે.

અહીં તંદુલ અર્થાત્ ચોખાને અનુલક્ષીને ઉપદેશ ગુંથાયેલો હોવાથી આ સૂત્રનું નામ શ્રી તંદુલ વૈચારિક છે. ગ્રંથકર્તાનું નામ કે સમય પ્રાપ્ત થતો નથી, છતાં એટલું ચોક્કસ કહી શકાય કે ગ્રંથકાર ભગવંત સમર્થજ્ઞાની મહાપુરુષ છે. આ આગમગ્રંથની પૂજ્ય **શ્રી વિજયવિમલ ગણિ** રચિત ટીકા ઉપલબ્ધ છે.

આ પયન્નાસૂત્રમાં મુખ્યત્વે મનુષ્યનો ગર્ભકાળ, ગર્ભનો વિકાસક્રમ, મનુષ્યજીવનની દશ દશા-દશ અવસ્થા, જીવનો આહાર, અશુચિભાવના, સ્ત્રી સંબંધી વૈરાગ્યજનક ઉપદેશ; વગેરે વિષયોને ગૂંથવામાં આવ્યા છે. વિસ્તારથી વર્ણવાયેલા આ વિષયો આપણે અહીં ટૂંકમાં સમજી લઈએ.

❋ **મનુષ્યનો ગર્ભકાળ** - ૨૭૦ અહોરાત્ર અને અધિક અડધો દિવસ સુધી જીવ ગર્ભમાં રહે છે. આ કાળ સામાન્યથી છે. ઉપઘાત આદિને કારણે અધિક કે અલ્પ કાળ પણ સંભવે છે. ૮૩૨૫ મુહૂર્ત્ત અને ૩,૧૪,૧૦,૨૨૫ શ્વાસોચ્છ્વાસ કાળ પ્રમાણ સામાન્યથી ગર્ભકાળ છે.

❋ **ગર્ભનો વિકાસક્રમ** - માતાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલો જીવ સૌ પ્રથમ રજ-શુક્રનો આહાર કરે છે. પહેલા સાત દિવસમાં પ્રવાહી સ્વરૂપે,

બીજા સાત દિવસમાં દહીં સમાન, પછી પેશીરૂપ થઈ ઘનતા પામે છે. મહિનાના અંતે ફૂલેલા માંસ જેવો, બીજા મહિને ઘનીભૂત માંસપિંડ, ત્રીજા મહિને માતાને દોહદ ઉત્પન્ન કરનાર, ચોથા મહિને માતાના અંગની વૃદ્ધિ કરનાર હોય છે. પાંચમા મહિને બે હાથ, બે પગ અને માથું એમ પાંચ અંગનું નિર્માણ થાય છે. છટ્ઠે મહિને લોહી અને બાકીના અંગોપાંગ અને સાતમા મહિને ૭૦૦ શિરા, ૫૦૦ પેશી, નવ મુખ્ય નસો, રોમછિદ્રો આદિનું નિર્માણ થાય છે. આઠમે મહિને અંગોપાંગ સંપૂર્ણ થાય છે.

❄ **મનુષ્યની દશ દશા** - પહેલી **બાલા**દશામાં જીવ સુખ, દુઃખ, ભૂખ આદિ વેદનાને જાણતો નથી. બીજી **ક્રીડા** દશા વિવિધ ક્રીડા, ત્રીજી **મંદા** દશા ભોગ સમર્થતા, ચોથી **બલા** શારીરિક સંપૂર્ણ બળ, પાંચમી **પ્રજ્ઞા** દશા ધન-પરિવારની ચિંતા, છટ્ઠી **હાયની** દશા કામ-ભોગની વિરક્તતા, સાતમી **પ્રપંચા** દશા શારીરિક રોગ, આઠમી **પ્રાગ્ભારા**માં સ્ત્રીઓને અપ્રિય, નવમી **મુન્મુખી** દશા વૃદ્ધાવસ્થા અને દશમી **શાયની** દશા દીનતા સાથે સંકળાયેલી વીતે છે.

❄ **જીવનો આહાર** - ૧૦૦ વર્ષ જીવતો મનુષ્ય ૨૦ યુગ, ૨૦૦અયન, ૬૦૦ ઋતુ, ૧૨૦૦ માસ, ૨૪૦૦ પક્ષ, ૩૬૦૦૦ અહોરાત્ર, ૧૦,૮૦,૦૦૦ મુહૂર્ત અને ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ શ્વાસોચ્છ્વાસ જીવે છે. આ જીવન દરમ્યાન ૨૦૦૦ ચોખાના એક કવલ (કોળીયા) રૂપ ૩૨ કોળિયા ગણતાં એક દિવસના બે ટંકના ૧,૨૮,૦૦૦ ચોખાનું ભોજન કરે છે . સંપૂર્ણ જીવનમાં ૪,૬૦,૮૦,૦૦,૦૦૦ ચોખાનું ભોજન કરે છે. આશ્ચર્ય છે કે છતાં તૃપ્તિ પામતો નથી. વાત સાચી છે કે સંસારી પદાર્થમાં તૃપ્તિ આપવાની ક્ષમતા જ નથી.

❄ **અશુચિ ભાવના** - માનવનું આ ઔદારિક શરીર અધ્રુવ, અપવિત્ર અને નાશ પામનારું છે. આ શરીરના આંતરિક લોહી, માંસ આદિ પદાર્થોને બહાર કાઢવામાં આવે તો, સ્વયં માતા પણ ઘૃણા કરે. રક્ત, માંસ, શુક્ર અને હાડ અપવિત્ર છે. માત્ર વસ્ત્ર, ગંધ, આભૂષણ અને

ફૂલમાળાથી ક્ષણિક સુંદર દેખાય છે. માતાની કુક્ષિથી જ જીવ અશુચિનું ભક્ષણ કરે છે. તેનાથી સર્જાયેલું આ શરીર નવ-નવછિદ્રોથી મળસ્રાવી છે. અશુચિમાં રાગ એ અજ્ઞજીવોનું લક્ષણ છે.

❄ **સ્ત્રી સંબંધી ઉપદેશ** - કામરાગ અને મોહથી મૂઢ એવા કવિઓએ સ્ત્રીની પ્રશંસામાં ઘણું લખ્યું છે. જેમાં વાસ્તવિકતાનો છાંટો નથી, નર્યો મોહનો અંધાપો છે. સ્વસ્થ મને વિચારીએ તો સ્ત્રીનું ચરિત્ર બહુ વિષમ છે. સ્ત્રી સ્વભાવથી કુટિલ છે, લજ્જારહિત છે, તે સંમોહનની માતા છે, દુરાચાર- અનાચારનું નિવાસસ્થાન છે, ક્રોધાંધ બને ત્યારે વાઘણ છે, કામાંધ બને ત્યારે મદોન્મત હાથણ છે. માયાંધ બને ત્યારે તે તૃણ આચ્છાદિત કૂવા સમાન છે. શીલ બાળવા આગ છે, વિશ્વાસભંગ કરતી કાળા સર્પ સમાન છે. કિંપાક ફળની જેમ આપાત્ રમ્ય - વિપાક દારૂણ છે. કહી શકાય કે સંસારની જડ હોય તો તે સાક્ષાત્ સ્ત્રી છે. આ અધિકારમાં લગભગ ૪૨ સૂત્રો દ્વારા સ્ત્રી સંબંધી વૈરાગ્યજનક ઉપદેશ છે.

તંદુલવૈચારિક અગર તંદુલવેયાલિય નામના આ પ્રકીર્ણક આગમ ગ્રંથના ઉપસંહારમાં કહે છે કે, **મૃત્યુ થતાં પુત્ર, મિત્ર કે પત્ની પણ સાથ છોડી દે છે, પણ સમુપાર્જિત ધર્મ ક્યારેય સાથ છોડતો નથી.** ઇચ્છિત ભોગથી લઈને નિર્વાણ સુધીના અલ્પકાલીન કે શાશ્વત બધાં જ સુખો ધર્મનું ફળ છે. માટે હે જીવ ! તું ધર્મ કર, જેનાથી બધાં દુ:ખો દૂર થાય.

## તંદુલવૈચારિક પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❋ **किं पुत्तेहिं ? पियाहि व ? अत्थेण व पिंडिएण बहुएणं ? ।**
**जो मरणदेसकाले, न होइ आलंबणं किं चि ।।**

પુત્ર, પિતા અને ઘણા સંગ્રહ કરેલા તે ધનથી શું લાભ ?

જે મરતી વખતે કાંઈ સહારો ન આપી શકે.

❋ **पुत्ता चयंति, मित्ता चयंति, भज्जा वि णं मयं चयइ ।**
**तं मरणदेस-काले, न चयइ समुइज्जओ धम्मो ।।**

મૃત્યુ થતાં પુત્ર, મિત્ર કે પત્ની પણ સાથ છોડી દે છે, પરંતુ સમુપાર્જિત ધર્મ મરણ સમયે પણ સાથ છોડતો નથી.

❋ **धम्मो ताणं, धम्मो सरणं, धम्मो गई पइट्ठा य ।**
**धम्मेण सुचरिएण य, गम्मइ अजरामरं ठाणं ।।**

ધર્મ રક્ષક છે, શરણ છે, ગતિ અને આધાર છે. સારી રીતે આચરેલા ધર્મથી અજરામર સ્થાન પમાય છે.

## ૩૫

# સંસ્તારક પ્રકીર્ણક સૂત્ર

૧૨૨ ગાથાનું આ સંસ્તારક પ્રકીર્ણક આગમસૂત્ર. એમાં મનુષ્યભવ, જિનેશ્વર પરમાત્માના વચનોનું શ્રવણ, પ્રભુવચન પ્રત્યેની અવિહડ શ્રદ્ધા અને જિનવચનના પાલન સ્વરૂપ ચારિત્ર જીવન; જેવી ચાર ચાર દુર્લભ વસ્તુને મેળવીને શ્રમણ બનેલા સાધકોની અંતિમ સાધનાનું વર્ણન છે. જીવનભર પ્રભુવચનના સહારે નિષ્પાપ જીવન જીવી ચૂકેલો સાધક જીવનના અંત સમયે પોતાની સાધનાને પરમસીમા એ કઈ રીતે પહોંચાડે તેની અહીં વાત છે.

આમ તો દશ પયન્ના આગમગ્રંથોમાંથી છ પયન્ના સૂત્રોમાં અંતિમ આરાધનાની જ વાત છે. છતાં આ સંસ્તારક પ્રકીર્ણક એક આગવી વિશેષતાઓથી સભર છે.

જિનેશ્વર ભગવંતોમાં વૃષભ સમાન વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને સંથારાના મહિમાને વર્ણવતો પહેલો અધિકાર શરૂ થાય છે.

મણિઓમાં વૈડુર્યરત્ન, સુગંધમાં ગોશીર્ષચંદન, રત્નોમાં વજ્ર રત્ન, વંશમાં જિનનો વંશ, સર્વકુળોમાં શ્રાવકનું કુળ, ગતિમાં સિદ્ધિગતિ, સર્વસુખોમાં મુક્તિસુખ, ધર્મોમાં અહિંસા, લોકવચનમાં સાધુવચન, શ્રુતિમાં જિનવચન, શુદ્ધિમાં સમ્યક્ત્વ જેમ શ્રેષ્ઠ છે તેમ આરાધનાઓમાં આ સંથારાની આરાધના શ્રેષ્ઠતમ છે.

દેવોને દુર્લભ અને દેવેન્દ્રોથી ધ્યાન કરાયેલો સંથારો કલ્યાણને કરનાર છે, અભ્યુદયનો હેતુ છે. શ્વેતકમળ, પૂર્ણ કળશ, સ્વસ્તિક, નંદ્યાવર્ત, ફુલની માળા જેવાં લૌકિક મંગળ સામે આ સંથારાની આરાધના લોકોત્તર મંગળ છે.

પર્વતોમાં મેરુ, સમુદ્રોમાં સ્વયંભૂરમણ અને તારાઓમાં જેમ ચંદ્ર વિશેષ છે તેમ શ્રમણ ધર્મની સઘળી આરાધનામાં સંથારાની આરાધના વિશેષોત્તમ છે.

ઉપરોક્ત મહિમાવંતો સંસ્તારક-સંથારો એટલે શું ? સંસારના ત્યાગથી શરૂ થયેલ શ્રમણ આરાધનાને જીવનના અંત સમયે પરાકાષ્ટાએ પહોંચાડવી તે સંસ્તારક. **આત્માને સંસાર સાગરથી સારી રીતે તારે તે સંસ્તારક-સંથારો.** જેમાં નિશ્ચયથી સુવિશુદ્ધ ચારિત્રમાં સ્થિર થયેલો સાધક આત્મા સ્વયં સંસ્તારક છે. તથા બહિર્જગતથી પોતાની ચેતનાને ઉઠાવી અંતર્જગતમાં સ્થિર કરવાની હોય છે. પરભાવથી સ્વભાવ તરફનું પ્રયાણ હોય છે. મન-વચન-કાયાનો નિરોધ કરી તૃણાદિની શય્યા પર અણસણ કરવું' તે વ્યવહારથી સંસ્તારક છે. જે નિશ્ચય સંસ્તારકનું પ્રબળ કારણ બને છે.

ગાથા-૩૧માં શિષ્ય પ્રશ્ન પૂછે છે, ભગવંત ! કેવો શ્રમણ આ સંથારો સ્વીકારે તો યોગ્ય છે ? કેવા ક્ષેત્રને આલંબને આ સંથારો કરવો ઘટે છે ? આ સંથારો કઈ રીતે કરેલો સુખે થાય ? તે વિષે હું જાણવા ઇચ્છુ છું.

શિષ્યની જિજ્ઞાસાને સંતોષતા ગુરુ ભગવંતે કહ્યું છે કે, જે સાધક શ્રમણનું શારીરિક બળ ક્ષીણ થયું હોય, પરિણામે સંયમના વિશિષ્ટ યોગો હવે હાનિને પામ્યા હોય. વૃદ્ધાવસ્થાદિના કારણે શૂલ-શ્લેષ્મઆદિ અનેક અચિકિત્સ્ય રોગો-ઉત્પન્ન થયા હોય. હવે આ લોક-ભવની અપેક્ષા જેની નાશ પામી છે તેવો શ્રમણ આ સંથારાને સ્વીકારે તો તે સુવિશુદ્ધ સંથારો છે.

જે શ્રમણ યોગ્યતા મેળવી, ગુરુ પાસે આલોચના કરે. જેનું સમ્યગ્દર્શન નિર્મળ છે, જેનું શ્રામણ્ય નિરતિચાર છે, તેવા સાધુનો સંથારો સુવિશુદ્ધ છે. ઉપરોક્ત ગુણોથી રહિત શ્રમણ સંથારાને યોગ્ય નથી અને તેનો કરેલો સંથારો પણ અશુદ્ધ છે.

''સંથારાગત સાધુના પહેલા દિવસના સુખની ગણના જ્ઞાની પણ ન કરી

શકે. તે પ્રત્યેક સમયે સંખ્યેય ભવસ્થિતિકસર્વ કર્મોનો ક્ષય કરે છે. સંથારાના અંતે જે મુક્તિનો અનુભવ પામે છે તે સુખ તો ચક્રવર્તીને પણ ક્યાંથી હોય ?'' આ શબ્દોમાં સંથારાના ફળને ગ્રંથકારે ઉજાગર કર્યું છે.

વર્ષાકાળમાં અનેકવિધ તપશ્ચર્યા કરી કાયિક બળ અને કાયાની મમતાને તોડી ચૂકેલ સાધક શિયાળામાં સંથારાનો સ્વીકાર કરે. સાધનાને અનુકૂળ સ્થાન અને આસનમાં સ્થિર થતો સાધક આહાર-પાણીનો સાગારપણે ત્યાગ કરે. પછી મન-વચન-કાયાથી કરેલા અપરાધોને ખમાવી, સંઘ અને જીવરાશિને ખમાવી આત્માના અનુશાસનમાં સ્વયં જોડાય. નરકાદિ ગતિમાં અનંતીવાર ભોગવેલી વેદનાઓને યાદ કરી વર્તમાન વેદનાને સમભાવે સહન કરે નિર્યામક આચાર્યની હિતશિક્ષા હૃદયસ્થ કરી સ્વભાવમાં સ્થિર બને. પરિણામે અસંખ્ય લાખ કોટિ ભવોની પરંપરા દ્વારા બંધાયેલા કર્મોને સંથારે આરૂઢ થયેલો તે સાધક એક સમયમાં ખપાવે. અપાર વેદના વચ્ચે પણ તેને આનંદ એ વાતનો હોય છે કે આ ભવે કે વધુમાં વધુ ત્રીજા ભવે તો અવશ્ય હું મોક્ષને પામનારો છું.

આવી અંતિમ અને નિર્મળ આરાધના કરી મોક્ષ અને સદ્‌ગતિ સાધનારા સાધકો અર્ણિકાપુત્ર, સ્કંધકસૂરિના શિષ્યો, સુકોશલમુનિ, અવંતિસુકુમાલ, ગજસુકુમાલમુનિ, ધર્મસિંહ મુનિ... હવે અટકવું પડશે. ગ્રંથકારે તો ઘણાને યાદ કર્યા છે.

## સંસ્તારક પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❉ **देवा वि देवलोए, भुंजंता बहुविहाइं भोगाइं ।**
**संथारं चिंतंता, आसण-सयणाइं मुंचंति ।।**

અનેક પ્રકારના ભોગોને દેવલોકમાં ભોગવતા દેવો પણ સંથારાને યાદ કરતાં જ આસન-શયનાદિનો ત્યાગ કરે છે.

❉ **तण संथार निसन्नो, वि मुणिवरो भट्ठराग-भय-मोहो ।**
**जं पावइ मुत्तिसुहं, कत्तो तं चक्कवट्टी वि ?**

રાગ, ભય, મોહથી રહિત એવા, તૃણના સંથારા પર બેસેલા મુનિવર જે મોક્ષસુખને પામે છે તે સુખ ચક્રવર્તીને પણ ક્યાંથી હોય ?

❉ **नत्थि भयं मरणसमं, जम्मणसरिसं न विज्जए दुक्खं ।**

મરણ સમાન ભય નથી, જન્મ સમાન કોઈ દુઃખ નથી.

૩૯

## ગણિવિદ્યા પ્રકીર્ણક સૂત્ર

સંસારીને દુન્યવી કાર્યસિદ્ધિ ઇષ્ટ હોય છે. તો સાધકને આત્મસાધનાસિદ્ધિ. સંસારનાં કાર્યો અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષા રાખે છે, તો આત્મ-સાધનાની સફળતામાં પણ એ દ્રવ્યાદિ ચારે મહત્તમ ભૂમિકા ધરાવે છે.

તેમાં મોક્ષનું અનન્ય અને અનંતર કારણ ભાવની નિર્મળતા છે, એમ કહેનારા મહાપુરુષો એમ પણ ફરમાવે છે કે, ભાવની ઉત્પત્તિમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ બહુ કામ કરે છે. પ્રસ્તુત શ્રી ગણિવિદ્યા પ્રકીર્ણક સૂત્ર તે દ્રવ્યાદિ ચાર અંગોમાંથી કાળ અંગનું વિગતવાર નિરૂપણ કરે છે.

ગણિવિદ્યા પ્રકીર્ણકનો સૌ પ્રથમ ઉલ્લેખ નંદીસૂત્ર ગ્રંથમાં મળે છે. નંદીસૂત્રની ચૂર્ણિ અને વૃત્તિ બંનેમાં 'ગણિવિદ્યા'નામની વ્યાખ્યા કરતા જણાવ્યું છે કે, આબાલવૃદ્ધ સાધુઓના સમૂહને 'ગણ'(ગચ્છ) કહેવાય છે. આ ગણના સ્વામી આચાર્ય 'ગણી' કહેવાય છે. તે આચાર્ય ભગવંતની વિદ્યા એટલે જ્ઞાન તે ગણિવિદ્યા. આચાર્ય ભગવંતના અધિકારક્ષેત્રમાં આવતાં અનેકવિધ કાર્યો, જેમકે, શ્રુતદાન સંબંધી ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા, સમ્યક્ત્વસામાયિક-આરોપણ, અણુવ્રત, મહાવ્રત પ્રદાન, ગણ-આરોપણ, વિહાર-પ્રવેશ, દેવગુરુમૂર્તિ પ્રતિષ્ઠા, આદિ. જેમાં કાળનું શુભાશુભપણુ નક્કી કરવા જ્યોતિષ વિદ્યા જરૂરી છે. તે જ્યોતિષ વિદ્યા સંબંધી વાતો આ આગમમાં કહેવાયેલી છે.

આગમના પ્રારંભમાં ગ્રંથકાર મહર્ષિએ મંગલાચરણ કર્યું છે. તે મંગલાચરણના શ્લોકમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'જિનેશ્વર પરમાત્માના પ્રવચનમાં જે રીતે ગ્રહ, નક્ષત્ર, મુહૂર્ત્ત વગેરે નવ બળોનું વર્ણન કર્યુ છે, તે મુજબ હું અહીં વર્ણન કરીશ.' આ શબ્દ દ્વારા ત્રણ મુદ્દા નિર્ણીત થાય છે. ૧-આ ગ્રંથ એક સ્વતંત્ર રચના છે, ૨-રચયિતા મહાપુરુષ જિનપ્રવચનના અધ્યેતા છે, ૩-જિન પ્રવચનના આધારે જ તેઓએ નવે બળોનું નિરૂપણ કરેલ છે.

ગ્રંથના પ્રારંભમાં કે અંતમાં ક્યાંય પણ ગ્રંથકારશ્રીએ પોતાના નામનો ઉલ્લેખ કે સંકેત કર્યો નથી. છતાં નંદીસૂત્રના રચયિતા મહાપુરુષના કહેવા અનુસાર તીર્થંકર પરમાત્માના શિષ્યો પ્રકીર્ણકસૂત્રની રચના કરે છે. તે જ નંદીસૂત્રમાં આ ગ્રંથને પ્રકીર્ણક ગ્રંથોની સૂચિમાં ગણાવેલ છે. તેથી પરમાત્મા મહાવીરના ૧૪૦૦૦ શિષ્યો પૈકીના એક મહાપુરુષે રચના કરી છે; એમ જરૂર કહી શકાય. આ ગ્રંથ પણ તેટલો જ પ્રાચીન છે; તેમ જરૂર માની શકાય. તદુપરાંત નંદીસૂત્રમાં ગણિવિદ્યા પ્રકીર્ણકના જે વિષયનું નિરૂપણ છે તે જ વિષય આજે ઉપલબ્ધ ગણિવિદ્યા પ્રકીર્ણકમાં છે. જેથી આ તે જ ગણિવિદ્યા ગ્રંથ છે તે વાત પણ નિ:સંદેહ છે.

જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જે ગ્રહ, નક્ષત્ર, મુહૂર્ત્ત, વાર આદિ જ્યોતિષ સંબંધી વિષયો નામ અને ભેદોથી વર્ણવાયા છે, તે જ વિષયો ને અહીં મુનિજીવનના ધર્માનુષ્ઠાનોમાં ક્યારે શુભ છે ?, ક્યારે અશુભ છે? એમ વિભાગ કરી સમજાવ્યા છે.

વળી, ગણિવિદ્યા પ્રકીર્ણક વાસ્તવિક રીતે ગણિત જ્યોતિષનો ગ્રંથ નથી. તે ફલિત જ્યોતિષનો ગ્રંથ છે. સાથોસાથ ફલિત જ્યોતિષનું આટલું વિગતવાર વર્ણન કરનાર સૌથી પ્રાચીન અને પ્રથમ આ ગ્રંથ છે, તેવું અવશ્ય કહી શકાય.

દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ, મુહૂર્ત્ત, શકુનબલ, લગ્નબળ અને નિમિત્તબળ એમ નવ વિષયો અહીં વર્ણવાયાં છે.

૧ - **દિવસદ્વાર** - પ્રબળ લગ્નાદિવાળા દિવસો શુભ છે. અન્યથા અશુભ છે. રાત્રિમાં પણ તે પ્રમાણે બળાબળ જાણવું.

૨ - **તિથિદ્વાર** - ચંદ્રની કલા સ્વરૂપ આ તિથિ શુક્લ અને કૃષ્ણ પક્ષમાં ૧૫ હોય છે. જેના નંદા, ભદ્રા, વિજયા, રિક્તા, પૂર્ણા એમ પાંચ નામ છે. આ પાંચે તિથિઓ એક મહિનામાં નિયમથી ક્રમશ: ૬વાર આવે છે. નંદા, જયા અને પૂર્ણા દીક્ષા પ્રદાન માટે, નંદા અને ભદ્રા શ્રુતાભ્યાસ માટે અને પૂર્ણા તિથિ અનશન માટે શુભ છે.

૩ - **નક્ષત્રદ્વાર** - તારાઓનો સુનિશ્ચિત સમુદાય નક્ષત્ર કહેવાય છે. મુખ્યતાએ શ્રુતાભ્યાસ આદિ માટે સંધ્યાગત, રવિગત, વિડ્વર, સગ્રહ, વિલંબિત, રાહુહત અને ગ્રહભિન્ન; આ સાત નક્ષત્રો અશુભ અને ત્યાજ્ય છે.

૪ - **કરણદ્વાર** - તિથિના અડધા ભાગને કરણ કહે છે. અહીં માત્ર ૧૧ કરણોનો ઉલ્લેખ છે. સાત કરણ ચર અને ચાર કરણ સ્થિર સંજ્ઞક છે.

૫ - **ગ્રહ દિવસ** - સાત છે. રવિ, સોમ, મંગળ, બુધ, બૃહસ્પતિ (ગુરુ), શુક્ર અને શનિ, જેમાં ગુરુ, શુક્ર અને સોમ દીક્ષા, વ્રત ઉપસ્થાપના, પદ પ્રદાન માટે શુભ છે એવી વિશેષ વાત અહીં જાણવા મળે છે.

૬ - **મુહૂર્ત્ત** - ૩૦ મુહૂર્ત્તના દિવસ-રાત થાય છે. ૪૮ મિનિટનું એક મુહૂર્ત્ત હોય છે.

૭ - **શકુનબળ** - પુંલ્લિગનામ, સ્ત્રીલિંગનામ અને નપુંસકનામ એમ ત્રણ પ્રકારના શકુનનાં નામ હોય છે. એમાં નપુંસક નામવાળાં તથા મિશ્ર નામવાળાં શકુનનો દરેક કાર્યમાં ત્યાગ કરવો.

૮ - **લગ્નબળ**. લગ્ન એટલે કાર્ય કરનારને માટે જે કાળ શુભ જણાવેલ હોય તે. વિશેષે કરીને રાહુ અને કેતુવાળા લગ્નનો સર્વ કાર્યમાં ત્યાગ બતાવ્યો છે.

૯ - **નિમિત્તબળ** - પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારનાં નિમિત્તો હોય છે. પ્રશસ્તમાં સર્વ કાર્ય કરવા યોગ્ય હોય છે, અપ્રશસ્તમાં સર્વ કાર્યનો ત્યાગ હોય છે. ઋષિના વચનની જેમ નિમિત્ત મિથ્યા થતાં નથી.

કયા નક્ષત્રમાં ગુરુમૂર્તિ ભરાવવી, પ્રતિષ્ઠા કરવી એ પણ આ આગમગ્રંથમાં વર્ણવેલ છે.

ટૂંકમાં પણ સારભૂત વાતો કરી. આ વિષયમાં અધિકૃત આત્માનો પુરુષાર્થ સફળ થાય છે. બિનઅધિકાર અને અપૂર્ણ જ્ઞાન વિપરીત ફળનું કારણ છે. તે અવશ્ય યાદ રહે.

## ગણિવિદ્યા પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❄ **दिवसाओ तिही बलिया, तिहीओ बलियं तु सुव्वईरिक्खं । x x x x x x न तं संविज्जए लोए निमित्ता जं बलं भवे ।।**

દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ, મુહૂર્ત્ત, શકુન, લગ્ન અને નિમિત્ત આ નવે ક્રમશઃ અધિક અધિક બળવાન છે. નિમિત્ત સૌથી બળવાન છે.

૩૭

# ચંદ્રવેધ્યક પ્રકીર્ણક સૂત્ર

ચંદ્ર એટલે ડાબી આંખની કીકી. વેધ્યક એટલે વીંધવું, જે રાધાવેધના નામે પ્રચલિત છે. રાધાવેધનો સાધક સાવધ રહે તો જ લક્ષ સાધે તેમ મરણ સમયે સમાધિ રાખનાર સાધક જ સદ્‌ગતિ સાધે. આમ મરણ સમયે અવશ્ય સમાધિ રાખવી આ વાત વિસ્તૃતથી સમજાવેલ હોવાથી આ સૂત્રનું નામ ચંદ્રવેધ્યક સૂત્ર છે. જેના કર્તા અજ્ઞાત મહાપુરુષ છે. ૧૭૫ ગાથાનું આ સૂત્ર છે.

''કેવલજ્ઞાન - દર્શનથી યુક્ત અને તે દ્વારા જગતમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ.'' આ શબ્દોમાં પ્રારંભિક મંગલાચરણ પછી ગ્રંથકાર ભગવંતે શ્રોતાને ઉપદેશતાં કહ્યું છે કે, ''શરીરથી મન ઉઠાવનારા તમે આ સૂત્રને સાંભળો. સાંભળીને પ્રમાદ ન કરતા. ગ્રંથની વાતોને જીવનમાં જીવવાનો અપ્રમત્તભાવે પ્રયત્ન કરજો.'' ગ્રંથકાર મહાપુરુષની હિતબુદ્ધિ આ શ્લોકમાં ધબકી રહી છે.

ત્રીજી ગાથાથી સાત દ્વારોના નામ અને વિગત ક્રમશ: બતાવી છે.

૧ - **વિનયગુણદ્વાર :** જ્ઞાનદાતા આચાર્યનો તિરસ્કાર કરનારનું જ્ઞાન નિરર્થક છે. અભિમાની અવિનીત શિષ્ય કીર્તિ અને યશ પામતો નથી. વિનય ગુણ દુર્લભ છે, તો વિનીતને જ્ઞાન સુલભ છે. ગ્રહણ અને મનન કરેલું જ્ઞાન નિશ્ચયથી સુખપ્રદ છે. વિનયથી શીખેલા એક સૂત્રથી સમસ્ત સૂત્રોનો સાર પમાય છે. સંપૂર્ણ જ્ઞાન આપનાર આચાર્ય દુર્લભ છે, તો ખેદરહિત અને સરળચિત્ત શિષ્ય પણ ક્યાં સુલભ છે !

૨-**આચાર્યગુણદ્વાર** : સહન કરવામાં પૃથ્વી જેવા, ધર્મસ્થિરતામાં પર્વત જેવા અને સૌમ્યતામાં ચંદ્ર જેવા આચાર્ય પ્રશંસાપાત્ર છે. કાલજ્ઞ, દેશજ્ઞ, સમયજ્ઞ, અત્વરિત, અસંભ્રાન્ત, અનુવર્તક અને અમાયાવી આચાર્ય પ્રશંસાપાત્ર છે. એક દીવો હજારો દીવાને પ્રગટાવે છે તેમ એક આચાર્ય અનેક જીવોને જ્ઞાનથી પ્રકાશિત કરે છે.

૩ - **શિષ્યગુણદ્વાર** : ભિક્ષાવૃત્તિથી જીવનાર, વિનીત, પ્રિય, આચાર્યની મનોભાવનાને જાણનાર, દરેક પરિસ્થિતિને સહન કરનાર, લાભ-અલાભમાં સમવૃત્તિ, સંયમનો જાણકાર, સરળચિત્ત, ઋદ્ધિગારવથી રહિત, સેવા-સ્વાધ્યાયમાં તત્પર, આચાર્યની પ્રશંસા કરનાર, ધૈર્યવાન અને બુદ્ધિશાળી શિષ્યની શિષ્ટ લોક પ્રશંસા કરે છે. ખરેખર અહંકારનો નાશ કરી ગુરુની શિક્ષાથી શિક્ષિત થાય છે તેને જ શિષ્યો થાય છે. અશિક્ષિત શિષ્યને કોઈ શિષ્ય થતો નથી.

૪ - **વિનયનિગ્રહગુણદ્વાર** : વિનય મોક્ષનું દ્વાર છે. અલ્પશ્રુત આત્મા પણ વિનયથી મોક્ષ પામે છે. તીર્થંકર પરમાત્માએ સૌ પ્રથમ વિનયગુણ પ્રતિપાદિત કર્યો છે. એ શાશ્વત ગુણ છે. લાખો-કરોડો દીવા અંધજન માટે નિરર્થક છે તેમ અવિનીતને શાસ્ત્રબોધ નિરર્થક છે.

૫ - **જ્ઞાનગુણદ્વાર** : જ્ઞાન આચરણનું કારણ છે. શસ્ત્રરહિત યોદ્ધા અને યોદ્ધા વગરનું શસ્ત્ર જેમ નિરર્થક છે તેમ જ્ઞાન વિનાની ક્રિયા અને ક્રિયા વગરનું જ્ઞાન નિરર્થક છે. દોરામાં પરોવાયેલી સોય જેમ ખોવાય નહિ, તેમ જ્ઞાનમાં પરોવાયેલો જ્ઞાની સંસારમાં ખોવાતો નથી, અર્થાત્ ભમતો નથી.

૬ - **ચારિત્રગુણ દ્વાર** : મનુષ્યજીવન દુર્લભ છે, તો બોધિ પણ સુલભ નથી. છતાં બંને મળ્યા પછી શ્રમણત્વ અત્યંત દુર્લભ છે. સમકિતીને ચારિત્ર ન પણ હોય, પણ ચારિત્રીને સમ્યક્ત્વ અવશ્ય હોય. સમ્યક્ત્વ અને ચારિત્ર બે મળી ગયું પછી મેળવવામાં બાકી શું રહ્યું !

૭ - **મરણગુણ દ્વાર** : જીવનમાં સાધના નથી કરી તે મરણવેદનામાં

દુ:ખ સહન નહિ કરી શકે. બહિર્મુખ ઇન્દ્રિયોવાળો અને છિન્ન ચારિત્રવાળો અસંસ્કારી સાધુ મરણમાં વિચલિત થઈ જાય છે. આગમજ્ઞાનથી યુક્ત હોવા છતાં ઇન્દ્રિયસુખમાં ગૃદ્ધ આત્માઓ મોટે ભાગે અસમાધિ મરણ પામે છે. ચન્દ્રવેધ (રાધાવેધ)માં સ્થિરતા અનિવાર્ય છે, તો મોક્ષ પ્રાપ્તિ માટે મરણ સમયની અપ્રમત્તતા અનિવાર્ય છે.

## ચંદ્રવેધ્યક પ્રકીર્ણકસૂત્રની વાણીના અંશો

❄ **एक्को हं नत्थि मे कोई, नत्थि वा कस्सई अहं ।**
**न तं पेक्खामि जस्साहं, न तं पेक्खामि जो महं ।।**

હું એકલો છું. મારુ કોઈ નથી. હું કોઈનો નથી. હું તેને જોતો નથી જેનો હું છું. મારું હોય તેવું પણ હું કોઈ જોતો નથી.

❄ **बहुयं पि सुयमहीय किं काही विणयविप्पहीणस्स ।**
**अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडी वि ।।**

હજારો, લાખો કે કરોડો દીવા અંધ માટે નિરર્થક છે તેમ વિનયહીન આત્માનું ઘણું શ્રુતજ્ઞાન પણ નિરર્થક છે.

❄ **जह दीवा दीवसयं पइप्पइ, तो य दिप्पए दीवो ।**
**दीवसमा आयरिया दिप्पंति, परं च दीवेंति ।।**

જેમ એક દીવો સેંકડો દીવાને પ્રગટાવે છે અને એ દીવો પોતે ય દીપતો રહે છે તેમ આચાર્યો દીવા સમાન છે, એ પોતે પણ દીપે છે અને બીજાને પણ દીપાવે છે.

❄ **छट्ठऽट्ठमदसमदुवालसेहिं, भत्तेहिं उववसंता वि ।**
**अकरेंता गुरुवयणं, ते होंति अणंतसंसारी ।।**

બે, ત્રણ, ચાર અને પાંચ ઉપવાસો કરીને ગુરુ પાસે વસવા છતાં જેઓ ગુરુઆજ્ઞાને પાળતા નથી તેઓ અનંતસંસારી બને છે.

## ૩૮

# દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણક સૂત્ર

'દેવેન્દ્રોથી વંદાયેલા વર્ધમાન સ્વામીની સ્તવના' આ પ્રકીર્ણકનો મુખ્ય વિષય છે. કર્તા શ્રીઋષિપાલિત સ્થવિર છે. વિષયવર્ણનમાં સ્તવના કરનાર શ્રાવક છે, સ્વસિદ્ધાંતનો જાણકાર છે. સ્તવનાનો સમય વહેલી પ્રભાત છે. સ્તવનાને સાંભળનાર શ્રાવકની પત્ની છે. સુખપૂર્વક બેઠેલી તે સમભાવમાં સ્થિર છે.

'જેમણે પોતાના ગુણવૈભવથી ૩૨ દેવેન્દ્રોને જીતી લીધા છે તેવા વર્ધમાન સ્વામીનાં ચરણોનું અમે ધ્યાન કરીએ છીએ.' આ પદોમાં સ્તવનાનો પ્રારંભ છે. પ્રારંભમાં જ શ્રાવકપત્ની પોતાના પતિને પૂછે છે કે, ૧-તે બત્રીશ દેવેન્દ્રો કયા ?, ૨-તેઓ ક્યાં રહે છે?, ૩-કોની સ્થિતિ કેટલી છે ?, ૪-કેટલા ભવનોનું આધિપત્ય છે?, ૫-વિમાનો, ભવનો અને નગરો કેટલા છે ?, ૬-ત્યાંની પૃથ્વીની પહોળાઈ, ઊંચાઈ કેટલી છે ?, ૭-તે વિમાનનો વર્ણ કેવો છે ?, ૮-તે દેવોનો આહાર કાળ કેટલો છે ?, ૯-શ્વાસોચ્છ્વાસ અને અવધિજ્ઞાનનું પ્રમાણ શું છે ? તે કહો .

૩૧૧ શ્લોકમાં ગૂંથાયેલા આ પ્રકીર્ણકમાં ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરો જ મુખ્યતા ધરાવે છે.

જેના ઉત્તરો જાણવા માટે તો સાદ્યંત ગ્રંથનું અધ્યયન-પરિશીલન અનિવાર્ય છે. સંક્ષેપમાં મહત્ત્વપૂર્ણ વાતો જોઈ લઈએ.

- દેવો મુખ્યતાએ ચાર વિભાગમાં વહેંચાયેલા છે. ૧-ભવનપતિ, ૨-વ્યંતર, ૩-જ્યોતિષ, ૪-વૈમાનિક.

- ભવનપતિના ૧૦, વ્યંતરના ૮, જ્યોતિષ્કના ૨ અને વૈમાનિકના ૧૨ એમ બત્રીશ ઇન્દ્રો હોય છે.

- ભવનપતિનાં ભવનો પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં ૧૦૦૦ યોજન પછી આવેલાં છે.

- વ્યંતર દેવો ઊર્ધ્વ, અધો, તિર્છા લોકમાં ઉત્પન્ન થાય અને નિવાસ કરે છે.

- જ્યોતિષ્ક દેવોની સ્થિતિ તિર્છાલોકને આશ્રયીને છે.

- વૈમાનિક દેવોની સ્થિતિ માત્ર ઊર્ધ્વ લોકમાં જ છે.

- ભવનપતિનાં ભવનો બહારથી ગોળાકાર અને અંદરથી ચતુષ્કોણ છે. જે સુંદર, નિર્મળ અને વજ્રરત્નનાં બનેલાં છે. - સંપૂર્ણ જંબૂદ્વીપને પોતાની ફણાથી ઢાંકવાની ક્ષમતા ધરણેન્દ્રમાં છે.

- એક એક ભવનપતિ ઇન્દ્રો જંબૂદ્વીપને પગની એડીથી કંપાવવાની, મેઘગર્જનાથી બહેરો કરવાની, એક વિદ્યુત્થી પ્રકાશિત કરવાની અને એક અગ્નિ જ્વાળાથી બાળવાની તાકાત ધરાવે છે.

- કોઈ પણ એક ઇન્દ્રમાં જંબૂદ્વીપને છત્ર અને મેરુ પર્વતને દંડ બનાવવાની ક્ષમતા છે.

- સમભૂતલા પૃથ્વીથી ૮૦૦ યોજને સૂર્યનાં, ૮૮૦ યોજને ચંદ્રનાં વિમાન છે.

- ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા ક્રમશ: એક એકથી તેજ ગતિએ ગતિ કરે છે.

- ઋદ્ધિ અને શક્તિ વિશેષમાં તારા, નક્ષત્ર, ગ્રહ, સૂર્ય અને ચંદ્ર, એક-એકથી વધુ ઋદ્ધિમાન અન શક્તિમાન છે.

- સમસ્ત મનુષ્યલોકને ૧૩૨ સૂર્ય, ૧૩૨ ચંદ્ર, ૧૧,૬૧૬ મહાગ્રહો, ૩૬૯૬ નક્ષત્રો અને ૮૮,૪૦,૭૦૦ કોડાકોડી તારાગણ પ્રકાશિત કરે છે.

- માનુષોત્તર પર્વતની બહારના સૂર્ય, ચંદ્ર અવસ્થિત (સ્થિર) છે. ત્યાં ચંદ્ર અભિજિત નક્ષત્રના અને સૂર્ય પુષ્ય નક્ષત્રના યોગવાળો હોય છે.

- એક ચંદ્ર પરિવારના ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો અને ૬૬,૯૭૫ કોડાકોડી તારાગણ હોય છે.

- વૈમાનિક દેવલોકના પહેલા બે દેવલોકનાં વિમાનો ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે. પછીનાં ત્રણ ઘનવાત, તે પછીનાં ત્રણ ઘનોદધિ અને ઘનવાત અને બાકીનાં ચાર આકાશાંતરમાં પ્રતિષ્ઠિત છે.

- ભવનપતિ અને વ્યંતર દેવોમાં કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા હોય છે. જ્યોતિષ્ક દેવો અને પહેલા બે વૈમાનિકદેવમાં તેજોલેશ્યા, પછીના ત્રણમાં પદ્મલેશ્યા અને તેનાથી ઉપરના દરેક દેવલોકમાં શુક્લ લેશ્યા હોય છે.

- વિમાનવાસી દેવો સૌથી અલ્પ છે. તેના કરતાં ભવનપતિ અસંખ્યાતગણા અને ભવનપતિ કરતાં વ્યંતર દેવો અસંખ્યાતગણા છે. તેનાથી સંખ્યાતગણા અધિક જ્યોતિષ્ક દેવો હોય છે.

- પાંચ અનુત્તરવાસી દેવો પોતાના અવધિજ્ઞાનથી સંપૂર્ણ લોકનાડી જુવે છે.

અમે અત્રે લખેલી આ વાતો 'દેવેન્દ્ર પ્રકીર્ણક'ના દરિયા કિનારે મળેલા છીપ મોતી જેવી છે. મધદરિયાના પેટાળમાં રહેલા મોતી મેળવવા મરજીવા બનવું અનિવાર્ય છે.

## દેવેન્દ્રસ્તવ પ્રકીર્ણકસૂત્રની વાણીના અંશો

❋ **जत्थ य एगो सिद्धो, तत्थ अणंता भवक्खयविमुक्का ।**

**अन्नोन्न समोगाढा, पुट्ठा सव्वे अलोगंते ।।**

જે આકાશ પ્રદેશે એક સિદ્ધ ભગવંત છે ત્યાં જ ભવક્ષયથી મુક્ત થયેલા અનંતા સિદ્ધો છે. જે સર્વે અન્યોન્ય અવગાહીને રહેલા લોગના અંતભાગે સ્પર્શેલા છે.

❋ **सुरगणसुहं समत्तं, सव्वद्धापिंडियं अणंतगुणं ।**

**न वि पावइ मुत्तिसुहं, णंताहिं वग्गवग्गूहिं ।।**

દેવોના સમસ્ત ગણના સમસ્ત કાળના સમસ્તસુખની રાશિને અનંતગણી કર્યા પછી અનંત-વર્ગોથી ગુણવામાં આવે તો પણ મોક્ષના સુખની તુલના કરી શકાતી નથી.

## ૩૯

# ગચ્છાચાર પ્રકીર્ણક સૂત્ર

શ્રી મહાનિશીથ, શ્રી બૃહત્કલ્પ અને શ્રી વ્યવહાર ભાષ્યરૂપ ત્રણ છેદગ્રંથોમાંથી ઉદ્ધરીને પ્રસ્તુત શ્રી ગચ્છાચાર પ્રકીર્ણક સૂત્રની રચના થયેલ છે. ગાથા-૧૩૭ છે. જેમાં કોઈ પૂર્વના મહાપુરુષ દ્વારા ગચ્છનું સ્વરૂપ અને તેના આચારોનું વિસ્તૃત વર્ણન કરેલું છે. અંતિમગાથાઓમાં ગ્રંથકારે સ્વયં આ પ્રકીર્ણકને શ્રુતસાગરના સારભૂત કહ્યું છે. આત્મકલ્યાણને ઇચ્છનારા પ્રત્યેક સાધુ-સાધ્વીજી ભગવંતને આ પ્રકીર્ણક ભણવાની ભલામણ કરી છે.

શ્રીપ્રભુ મહાવીરસ્વામીને નમસ્કાર કરીને શરૂઆત થઈ છે.

ગચ્છ એટલે સાધુ સમુદાય. ઉન્માર્ગગામી ગચ્છ તે કુગચ્છ. સન્માર્ગગામી ગચ્છ તે સુગચ્છ. જે ગચ્છમાં શ્રમણાચારો શિથિલ અને નિમ્નકક્ષાના છે તે કુગચ્છ. જ્યાં આચારો માર્ગસ્થ અને નિર્મળ છે તે સુગચ્છ. સામાન્યથી આ વ્યાખ્યા યાદ રાખનારને આ પ્રકીર્ણકની વાતો સમજવી સરળ રહેશે.

ઉન્માર્ગગામી ગચ્છમાં રહેલા સાધુ-સાધ્વીને થતાં આત્મિક નુકસાનો અને સન્માર્ગગામી ગચ્છમાં થતાં આત્મિક લાભો સૌ પ્રથમ બતાવ્યા છે. ત્યાર પછી ગચ્છના નેતા આચાર્યના ગુણો અને દોષોનું વર્ણન પણ યથાતથ કર્યું છે. ગુણવાન આચાર્યના આશ્રયે રહેલો ગચ્છ શિવપુરગામી છે જ્યારે ગુણહીન - દોષાધીન આચાર્યના આશ્રયે રહેલો ગચ્છ દુર્ગતિગામી છે. આ વર્ણન લગભગ ૩૩ ગાથામાં છે. આગળ વધીને ૬૬

ગાથા દ્વારા ગચ્છસ્થ સાધુઓનું જીવન કેવું હોવું જોઈએ, તેનું વર્ણન છે. ગ્રંથના છેલ્લા વિષય તરીકે ૨૮ ગાથાઓમાં સંયમી બનેલાં ગચ્છવાસી સાધ્વીજી ભગવંતોની આચાર મર્યાદાઓ બતાવી છે.

ઉપરોક્ત મુખ્ય ચાર વિષયમાં વહેંચાયેલો આ ગ્રંથ ગચ્છના ધુરી આચાર્ય ભગવંતો અને સંસારત્યાગી શ્રમણ-શ્રમણી ભગવંતોનું અનુશાસન કરનારો છે. સ્પષ્ટ અને કડક શબ્દોમાં કરાયેલું અનુશાસન ગ્રંથકારની મહાકરુણાનો જ એક પ્રકાર છે. કર્મવશ શિથિલ બનેલા સાધકને પ્રમાદ ત્યાગ માટે ઉત્સાહિત કરે તેવા અઢળક શ્લોકો આ પ્રકીર્ણકમાં જોવા મળે છે.

વર્તમાનકાળના પરિપ્રેક્ષ્યમાં આ પ્રકીર્ણક આગમ વધુ ઉપકારક જણાય છે. ગુર્વાજ્ઞા પ્રાપ્ત પ્રત્યેક સાધુ ભગવંતે આ આગમ માત્ર વાચવા જેવું જ નહિ, પણ જીવવા જેવું છે. આપણે પણ થોડી વાતો જોઈ જ લઈએ.

❊ સન્માર્ગ પ્રસ્થિત ગચ્છમાં સંયમમુનિએ આજન્મ રહેવું.

❊ સુગચ્છમાં અર્ધપ્રહર માત્ર રહેવાથી હતોત્સાહ સાધુનો ઉત્સાહ જાગૃત થાય છે.

❊ ગચ્છની નિશ્રા સ્વીકારતા પૂર્વે મેઢી, આલંબન, સ્તંભ, દૃષ્ટિ અને ઉત્તમયાન સમાન આચાર્યની પરીક્ષા અવશ્ય કરવી.

❊ રત્નત્રયીની સાધનામાં સ્થિર કરવા શિષ્યોની સારણાદિ કરે તે આચાર્ય ઉત્તમ છે.

❊ સૂત્ર-અર્થને ભણાવનાર આચાર્ય શિષ્યોના ચક્ષુભૂત છે.

❊ ઉન્માર્ગસ્થિત આચાર્યની નિશ્રાએ રહેલો સાધુ પોતાની જાતને ભવકૂપમાં પાડે છે.

❊ ગીતાર્થના વચનથી ઝેર પણ પી જવું પણ અગીતાર્થના વચનથી અમૃત પણ ન પીવું.

❊ જે ગચ્છમાં ગુરુ નિષ્કારણ કઠોર-કર્કશ-દુષ્ટ-નિષ્ઠુર ભાષા કરે,

છતાં શિષ્યો તહત્તિ કરે તે ગચ્છ ઉત્તમ છે.

❄ જ્યાં નાના-મોટા શ્રમણોનો તફાવત જાણી શકાય છે, એક દિવસ પણ મોટાની હીલના થતી નથી, તે ગચ્છ ઉત્તમ છે.

❄ જ્યાં વાણી માત્રથી શિથિલ એવા બહુલબ્ધિક સાધુનો પણ આચાર્ય નિગ્રહ કરે છે તે ગચ્છ ઉત્તમ છે.

❄ વૃદ્ધ, તપસ્વી, બહુશ્રુત અને પ્રમાણભૂત મુનિને પણ સાધ્વીનો સંસર્ગ પતન અને લોકનિંદાનો હેતુ છે.

❄ જે ગચ્છમાં મરણાંતે પણ સ્થાવર જીવોની હિંસા મનથી પણ ન વિચારાય તે જ ગચ્છ સુગચ્છ છે.

❄ ખજુરીપત્રની સાવરણીથી જ્યાં વસતિનો કાજો લેવાય છે, તેમને જીવોની કોઈ દયા નથી.

પોતાના અંતિમ મહિનાઓમાં આ આગમનું પુનરાવલોકન કર્યા બાદ પરમતારક પરમગુરુદેવ પૂ. આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ માંદગીમાં ય પરમ આનંદનો અનુભવ કર્યો હતો. આ આનંદ વૈદ્યરાજ હાર્ડીકરને પૂજ્યશ્રીની નાડીમાં અનુભવાયો હતો. એવો આનંદદાયી આ મહાગ્રંથ છે.

આ પ્રકીર્ણકની પ્રારંભિક ઓળખ માટે આટલી વાતો પર્યાપ્ત છે.

## ગચ્છાચાર પ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❄ **तित्थयर समो सूरी सम्मं जो जिणमयं पयासेइ ।**
**आणं अइक्कमंतो सो काउरिसो, न सप्पुरिसो ।।**

જે આચાર્ય જિનમતને સમ્યગ્ પ્રકારે પ્રકાશે છે તે આચાર્ય તીર્થંકર સમાન છે. જ્યારે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કાપુરુષ છે, સત્પુરુષ નથી.

❄ **गच्छो महाणुभावो, तत्थ वसंताण निज्जरा विउला ।**
**सारण-वारण-चोयणमाईहिं न दोसपडिवत्ती ।।**

સારણા - વારણા, ચોયણા આદિ વડે જ્યાં દોષનો ત્યાગ છે તે ગચ્છ મહાપ્રભાવી છે. તે ગચ્છમાં રહેનાર સાધુને વિપુલ નિર્જરા થાય છે.

❄ **वेयण वेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए ।।**

સાધુ છ કારણે ભિક્ષા કરે. ૧-ક્ષુધાવેદના, ૨-વેયાવચ્ચ, ૩-ઇર્યાસમિતિ, ૪-સંયમપાલન, ૫-પ્રાણધારણ અને ૬-ધર્મચિંતા.

૪૦

# મરણસમાધિ પ્રકીર્ણક સૂત્ર

પ્રકીર્ણકસૂત્રોમાં સૌથી વિસ્તૃત અને અંતિમ આરાધનાનો સર્વાંગસુંદર ગ્રંથ એટલે શ્રી મરણસમાધિપ્રકીર્ણકસૂત્ર. રચયિતા આચાર્ય શ્રી વીરભદ્રગણી મહારાજા જણાય છે. ૬૬૧ ગાથા છે. આ સૂત્ર મરણવિભક્તિ, મરણવિશોધિ, મરણસમાધિ, સંલેખનાશ્રુત, ભક્તપરિજ્ઞા, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન અને આરાધનાસૂત્ર - આ આઠ ગ્રંથોના આધારે રચાયો છે. અંતિમ આરાધના અને મરણ સમાધિને દર્શાવનારા દરેક ગ્રંથોનો સાર આ ગ્રંથમાં ગૂંથવામાં આવ્યો છે.

આરાધના ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે. દર્શનારાધના, જ્ઞાનારાધના, ચારિત્રારાધના. આજ સુધી ભૂતકાળમાં જ્ઞાન અને ચારિત્રની આરાધના અનેકવાર કરી, પણ દર્શન આરાધના વિનાની. તે કારણે અનંતભવોમાં અસમાધિયુક્ત બાલમરણથી જીવો મૃત્યુ પામ્યા છે. હવે આ ભવમાં દર્શનારાધના પૂર્વક સમાધિમરણ પૂર્વકના પંડિતમરણથી જ મરવું છે, સદ્‌ગતિ અને મુક્તિ પામવી જ છે. આ ભાવના સંપન્ન આત્માઓને ઉદ્દેશીને પંડિત મરણના સ્વરૂપને અહીં બતાવ્યું છે. ઉડતીનજરનો સાર હવે જોઈએ.

* પંડિતમરણની વિધિમાં શલ્યરહિત આરાધના કરવી જોઈએ આ વાત ઉપર ભાર મૂકતાં ગ્રંથકારે કહ્યું કે, જે ત્રણ ગારવનો ત્યાગ કરે છે, શલ્યરહિત થાય છે તે સર્વ દુ:ખનો ક્ષય કરીને મુક્તિસુખને પામે

છે. જે માયાશલ્યને કાઢી નથી શકતા તે મૂઢ છે, દુઃખથી ભરેલા સંસારમાં ચિરકાળ ભમે છે.

❄ કંદર્પ, દેવકિલ્બિષ, અભિયોગ, આસુરી અને સમ્મોહ રૂપ પાંચ સંક્લિષ્ટ ભાવનાઓના ત્યાગ કરવો અને છટ્ઠી પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અસંક્લિષ્ટ ભાવનાથી સાધુએ વિચરવું જોઈએ. જે કારણે અંત સમયે સમાધિમરણ પ્રાપ્ત થાય.

❄ લજ્જાવશ કે ગારવવશ જે સાધક ગુરુસમીપે પાપની આલોચના નથી કરતો, તે સાધક શ્રુતસમૃદ્ધ હોવા છતાં આરાધક થતો નથી. જીવનની અંતિમ ઉત્તમાર્થની સાધના સમયે પણ જે સાધક ભાવશલ્યનું ઉદ્ધરણ કરતો નથી તે આત્મા બોધિદુર્લભ અને અનંત સંસારી થાય છે.

❄ માયાના ત્યાગપૂર્વક અને બાળભાવે આલોચના માટે ઉપસ્થિત થનારો સાધક જો કોઈક પાપ ભૂલી જાય અથવા સહસાત્કારે ચૂકી જાય તો પણ તે આરાધક બને છે. માત્ર તે આત્મા મદથી રહિત અને મોક્ષમાર્ગની શ્રદ્ધાવાળો હોવો જોઈએ.

❄ ક્રોડ વર્ષમાં પણ જે નિર્જરા અજ્ઞાની નથી કરી શકતો, તે કર્મનિર્જરા જ્ઞાની માત્ર એક શ્વાસોચ્છ્વાસમાં કરે છે. જ્ઞાની જ જ્ઞાનના સહારે કર્તવ્ય-અકર્તવ્યને જાણી શકે છે. જ્ઞાનયુક્ત ચારિત્ર છે. સર્વગુણોને ઉત્પન્ન કરનાર જ્ઞાન છે. જ્ઞાન વિના ચારિત્ર હોતું નથી. આ વાતો જિનેશ્વરે કહેલી આજ્ઞા સ્વરૂપ છે.

❄ દુઃખનું કોઈ કારણ હોય તો એક માત્ર શરીરનું મમત્વ છે. આ શરીર અન્ય છે, શરીરથી અન્ય હું આત્મા છું. આ વાસ્તવિકતાને સ્વીકારી શરીરનું મમત્ત્વ છોડ. જો દુઃખથી બચવાની ભાવના છે તો સંસારના પ્રત્યેક પદાર્થોમાંથી મારાપણાની બુદ્ધિ કાઢી નાંખ.

❄ દેહના મમત્વને તોડનાર સનત્ચક્રીએ ૭૦૦ વર્ષ સુધી ૧૬ રોગ સમભાવે સહન કર્યા પરિણામે કાયમી દેહદુઃખથી મુક્ત થયા. મેતાર્યમુનિ, ચિલાતિપુત્ર, ગજસુકુમાલ, અવંતિસુકુમાલ,

અરણિકમુનિ, ખંધકમુનિના શિષ્યો, સુકોશલમુનિ આદિ અંતિમ આરાધના કરનારા પ્રસિદ્ધ મહાપુરુષોનાં દૃષ્ટાંતો બતાવ્યાં છે.

પ્રકીર્ણકગ્રંથના અંતિમ શ્લોકોમાં બહુ માર્મિક વાત કરી છે. કડવા લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલા કીડાઓ માટે ઝેરી લતાઓનું ઝેર એ જ સ્વર્ગ અને મોક્ષનું સુખ હોય છે. તેમ વિષય-કષાયથી મૂઢ બનેલા અન્યતીર્થિક જીવો જિનશાસનરૂપી કલ્પવૃક્ષને પામ્યા ન હોવાના કારણે સંસાર દુ:ખમાં જ ક્લેશ પામે છે. જેમ લીમડામાં ઉત્પન્ન થયેલો કીડો કટુરસને મધુર માને છે તેમ મોક્ષસુખને ન જાણનારા મિથ્યાદૃષ્ટિઓ સંસારના દુ:ખને જ સુખ માને છે. મરણ સમાધિ પ્રકીર્ણકની વાત ટૂંકમાં કરી.

પ્રકીર્ણક ગ્રંથોમાં અંતે વીરસ્તવ પ્રકીર્ણકનો પણ સમાવેશ થાય છે. જેમાં ચોવીશમા તીર્થપતિ શ્રી વીરપરમાત્માની સ્તવના સ્વરૂપ ૪૩ ગાથાઓ છે. બીજી અને ત્રીજી ગાથા દ્વાર ગાથા છે. જેમાં લગભગ ૨૩ વિશેષણો દ્વારા પ્રભુની સ્તવના કરીશ' એ પ્રકારે ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી છે. ગ્રંથના અંત સુધી એ પ્રતિજ્ઞાનુસાર એક એક વિશેષણ પ્રભુ મહાવીરમાં સાર્થક કરી આપેલ છે. કંઠસ્થ કરવા પ્રાયોગ્ય આ પ્રકીર્ણક છે.

આવતા લેખથી આપણે છ છેદસૂત્રોની આંશિક ઓળખ મેળવશું.

ગતાંકમાં દેવેન્દ્રસ્તવ૦ ના વર્ણનમાં ત્રીજી કોલમમાં, વિમાનવાસી કરતાં ભવનપતિ અસંખ્યાતગણા અને ભવનપતિ કરતાં વ્યંતરદેવો અસંખ્યાતગણા એમ વાક્ય સુધારીને વાચવું. એ પ્રકીર્ણકના કર્તા શ્રી ઋષિપાલ સ્થવિર છે - એમ જાણવું.

## શ્રી મરણસમાધિપ્રકીર્ણક સૂત્રની વાણીના અંશો

❈ नाणेण विणा करणं न होइ, नाणं पि करणहीणं तु ।
नाणेण य करणेण य, दोहि वि दुक्खक्खयं होई ।।

જ્ઞાન વિના કરણ (ચારિત્ર)નથી. ચારિત્રહીન જ્ઞાન નથી. જ્ઞાન અને ચારિત્ર બંને પ્રાપ્ત થાય ત્યારે જ દુઃખનો ક્ષય થાય છે.

❈ को दुक्खं पावेज्जा ? कस्स य सुक्खेहिं विम्हओ होज्जा ?
को व न लभेज्ज मुक्खं ? राग-द्दोसा जइ न होज्जा ।।

જો રાગ-દ્વેષ ન હોય તો આ સંસારમાં કોણ દુઃખી થાય, કોણ સુખથી વિમુખ થાય અને કોણ મોક્ષ ન પામે.

❈ पत्तेयं पत्तेयं नियगं कम्मफलमणुहवंताणं ।
को कस्स जए सयणो ? को कस्स व परजणो भणिओ ?।।

પ્રત્યેક આત્માઓ પોત-પોતાનાં કર્મનાં ફળ અનુભવે છે. તો પછી કોણ કોનો સ્વજન અને કોણ કોનું પરજન ?

❈ जह जह दोसोवरमो, जह जह विसएसु होइ वेरग्गं ।
तह तह विण्णायव्वं आसन्नं से पयं परमं ।।

જેમ જેમ દોષો ઉપશમ (શાંત) થાય, જેમ જેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય થાય તેમ તેમ પરમપદ (મોક્ષ) નજીક છે, તેમ જાણવું.

૪૧

## છેદસૂત્ર ભૂમિકા

'આગમની ઓળખ' એટલે ૪૫ આગમનો આછેરો પરિચય. આ વિભાગમાં આપણે ૧૧ અંગ આગમ, ૧૨ ઉપાંગ આગમ અને ૧૦ પયન્ના આગમનો પરિચય જોયો. હવે ચોથા વિભાગમાં ૬ છેદ આગમની ઓળખ મેળવીએ.

**૬ છેદસૂત્રોમાં ક્રમશ:**

૧ - નિશીથસૂત્ર, ૨ - દશાશ્રુતસ્કંધ, ૩ - બૃહત્કલ્પસૂત્ર, ૪ - વ્યવહાર સૂત્ર, ૫ - મહાનિશીથસૂત્ર અને ૬ - જીતકલ્પ નો સમાવેશ કરાયો છે.

સામાન્યતયા છેદસૂત્ર એટલે પ્રાયશ્ચિત્તસૂત્ર. સંયમજીવન સ્વીકારનારા શ્રમણ ભગવંતોના જીવનમાં પ્રમાદવશ, છદ્મસ્થતાવશ કે કર્મવશ ભૂલ થવાની શક્યતા છે. સ્વીકારેલા મૂળગુણ અને ઉત્તરગુણમાં દોષ લાગવાની પણ શક્યતા છે. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર સ્વરૂપ તે દોષોની શુદ્ધિ કરવી જરૂરી છે. દોષશુદ્ધિથી જ ચારિત્ર નિર્મળ અને અખંડ બની રહે છે. આ વાતને ધ્યાનમાં રાખીને મહાપુરુષોએ આગમોમાં દશવિધ પ્રાયશ્ચિત્ત બતાવેલ છે.

આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત એમ દશ પ્રાયશ્ચિત્ત છે. સાતમાં 'છેદ' નામક પ્રાયશ્ચિત્ત સુધીનું વિવેચન સવિસ્તૃત હોવાથી આ ગ્રંથો છેદસૂત્ર તરીકે

ઓળખાય છે. તદુપરાંત છેદ સુધીનું જ પ્રાયશ્ચિત્ત શ્રમણવેશમાં રહીને કરવાનું હોય છે. તેથી આ સૂત્રો છેદસૂત્રો છે. જોકે અંતિમ ત્રણ પ્રાયશ્ચિત્તનું વર્ણન છે, પણ તેમાં તરતમતા અને વિસ્તાર નથી.

એક એવી પણ માન્યતા છે કે, પાંચ પ્રકારના ચારિત્રમાંથી વર્તમાનમાં માત્ર બે જ ચારિત્ર છે. ૧ - સામાયિક અને ૨- છેદોપસ્થાપનીય. તેમાં પણ સામાયિક-ચારિત્ર અલ્પકાલીન છે. સંયમીઓનું સંયમજીવન છેદોપસ્થાપનીય ચારિત્રના પાલન સ્વરૂપ છે. તે છેદોપસ્થાપનીય ચારિત્રની જ શુદ્ધિને દર્શાવનારા આ આગમગ્રંથો હોવાથી છેદગ્રંથો કહેવાય છે. આ વાત પણ તર્કસંગત છે.

આચારપાલન અને આચારશુદ્ધિનો વિષય હોવાથી છેદસૂત્ર સ્વરૂપ છ' આગમગ્રંથોનો સમાવેશ ચરણકરણાનુયોગમાં થાય છે. છેદસૂત્ર રહસ્યમય સૂત્ર છે. યોનિપ્રાભૃત વગેરે ગ્રંથોની જેમ આ છેદ ગ્રંથો પણ ગોપનીય છે. આ આગમોની વાચના દરેક સાધક શિષ્યને અપાતી નથી. પંચકલ્પભાષ્ય અનુસાર છેદગ્રંથોની વાચના પરિણતકક્ષાના શિષ્યોને જ અપાય છે. અન્યથા અપરિણત અને અતિપરિણત કક્ષાના શિષ્યોને અપાયેલી છેદગ્રંથોની વાચના સ્વ-પરના આત્માનું અહિત કરે છે. જેમ માટીના કાચા ઘડા અથવા આમ્લરસ યુક્ત ઘડામાં ભરેલું દૂધ નાશ પામે છે તેમ અગીતાર્થ આદિ સાધુને અપાયેલી છેદસૂત્રોની વાચના આત્માના અહિત માટે થાય છે.

મોટે ભાગે છેદગ્રંથોની વાચના એકાંતમાં, રાત્રિમાં જ અપાય છે. નિશીથ ભાષ્ય અને ચૂર્ણિમાં તો સ્પષ્ટ ઉલ્લેખ છે કે જ્યાં મૃગકક્ષાના બાલ, અજ્ઞાની અને અગીતાર્થ સાધુ બેઠા પણ હોય, ત્યાં છેદગ્રંથોની વાચના અપાય નહિ.

વ્યવહારભાષ્યમાં આગમના સૂત્ર અને અર્થની બળવત્તામાં સૂત્ર કરતાં અર્થને વધુ બળવાન માનવામાં આવ્યો છે. અન્ય અન્ય આગમના અર્થ સંદર્ભમાં છેદસૂત્રના અર્થને વધુ બળવાન માનેલ છે. કારણ એ છે કે સ્વીકૃત ચારિત્રમાં સ્ખલના અથવા દોષ લાગે ત્યારે આ છેદગ્રંથોના

આધારે જ સાધક આત્માની શુદ્ધિ થાય છે. અર્થાત્ પૂર્વગત સૂત્ર કરતા પણ અર્થની અપેક્ષાએ આ છેદસૂત્ર વધુ મહત્ત્વ ધરાવે છે.

નિશીથસૂત્રના ભાષ્યકાર અને ચૂર્ણિકાર ભગવંત પણ કહે છે કે ચારિત્રની વિશેષ શુદ્ધિ થતી હોવાને કારણે છેદસૂત્ર ઉત્તમ છે. જૈનશાસનની સ્થાપના અને વિદ્યમાનતા શ્રમણજીવન ઉપર નિર્ભર છે. શ્રમણ જીવન તેના સુવિશુદ્ધ આચાર ઉપર નિર્ભર છે. શ્રમણ જીવનના સુવિશુદ્ધ આચારોનું પાલન આ છેદગ્રંથોના બોધ પર આધારિત છે. સંયમજીવનના પ્રારંભિક આચારોથી લઈને પ્રાસંગિક, આકસ્મિક અને અંત સમયસુધીના દરેક આચારોનું સૂક્ષ્મ દૃષ્ટિથી વિવેચન કરવું એ છેદસૂત્રોની વિશેષતા છે. તેથી જ વ્યવહારસૂત્રના ભાષ્યમાં કહ્યું છે કે બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રને નિર્યુક્તિ સહ અર્થથી જાણે તે શ્રુતવ્યવહારી મહાપુરુષ છે. છેદસૂત્રના જ્ઞાતા હોય તે જ શ્રુતવ્યવહારી છે અને તેમને જ આલોચના પ્રદાનનો અધિકાર પ્રાપ્ત છે. છ છેદસૂત્રોમાંથી દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીથ નામના ચાર છેદસૂત્રો ચૌદપૂર્વના પ્રત્યાખ્યાન-પૂર્વની ત્રીજી આચારવસ્તુમાંથી ઉદ્ધરવામાં આવ્યા છે. ઉદ્ધૃત કરીને રચના કરનારા અંતિમ ચૌદપૂર્વી શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજા છે. તેથી જ આ છેદસૂત્રો મહત્ત્વપૂર્ણ સ્થાન-માન પામ્યાં છે.

છ'યે છેદગ્રંથોની સમષ્ટિગત મહત્તા વિચારી... હવે ક્રમશઃ પ્રત્યેકના વિષયોને જોશું.

## છેદસૂત્રોની મહત્તા દર્શક અંશો

❄ **छेयसुयमुत्तमसुयं ।**

છેદ સૂત્ર એ ઉત્તમસૂત્ર છે. **( નિશીથ ભાષ્ય, ૬૧૪૮)**

❄ **छेयसुयं कम्हा उत्तमसुत्तं ? भण्णामि - जम्हा एत्थं सपायच्छित्तो विधी भण्णति, जम्हा एतेणच्चरणविसुद्धं करेति, तम्हा तं उत्तमसुत्तं ।**

**(નિશીથ ભાષ્ય, ૬૧૪૮ ચૂર્ણિ)**

છેદસૂત્ર શા માટે ઉત્તમ સૂત્ર છે ? જે કારણથી તેમાં પ્રાયશ્ચિત્ત સહિતની શ્રમણજીવનના આચારોની વિધિ કહી છે, જે વિધિના સહારે સાધક ચારિત્રને વિશુદ્ધ બનાવે છે. તે કારણે છેદસૂત્ર ઉત્તમસૂત્ર છે.

❄ **तेण भगवता आयारपकप्प - दसा-कप्प - ववहारा य नवम पुव्वनीसंद-भूता निज्जूढा ।** **(પંચકલ્પ ચૂર્ણિ)**

તે ભગવંતે [પૂ.આ.શ્રી ભદ્રબાહુસ્વામી] નવમા પૂર્વમાંથી આચાર પ્રકલ્પ (નિશીથ), દશાશ્રુત, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રની રચના કરેલ છે.

❄ **पुरिसो तिविहो परिणागमो, अपरिणागमो, अतिपरिणामगो तो एत्थ अपरिणामग, अतिपरिणामगाणं पडिसेहो ।।**

**(નિશીથચૂર્ણિ)**

પુરુષો ત્રણ પ્રકારના હોય છે. ૧- પરિણત, ૨-અપરિણત અને ૩-અતિપરિણત. તેમાંથી અપરિણત અને અતિપરિણત કક્ષાના જીવો છેદસૂત્રના અધ્યયન માટે નિષિદ્ધ કરાયેલા છે.

૪૨

## નિશીથ સૂત્ર

સૌથી પ્રથમ 'છેદસૂત્ર' શબ્દનો પ્રયોગ વર્તમાનમાં આવશ્યક નિર્યુક્તિમાં મળે છે. એ પૂર્વેના અત્યારે ઉપલબ્ધ એવા કોઈ પણ પ્રાચીન સાહિત્યમાં 'છેદસૂત્ર' આ શબ્દ ઉપલબ્ધ થતો નથી. ત્યાર પછી પૂ. આ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી મહારાજે વિશેષાવશ્યક ભાષ્યમાં તથા પૂ. શ્રીસંઘદાસગણિજી મહારાજે નિશીથભાષ્યમાં 'છેદસૂત્ર' શબ્દનો પ્રયોગ કર્યો છે.

એ વાત સુનિશ્ચિત છે કે જે આગમને વર્તમાનમાં 'છેદસૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે તે આગમ મૂળથી પ્રાયશ્ચિત્ત સૂત્ર છે. શ્રીવ્યવહારભાષ્યમાં પ્રાયશ્ચિત્ત, વ્યવહાર, આલોચના અને શોધિ, આ ચાર શબ્દોને પર્યાયવાચી માનવામાં આવ્યા છે. તેથી આ છેદસૂત્રો પણ તે ચારેય નામે ઓળખી શકાય છે. આવશ્યક નિર્યુક્તિની ટીકામાં ટીકાકાર મહર્ષિ પૂ. આ. શ્રીમલયગિરિજી મહારાજે છેદસૂત્રોને 'પદવિભાગ' અને 'સામાચારી' શબ્દથી પણ ઓળખાવ્યાં છે.

પ્રસ્તુત છેદસૂત્રોની શ્રેણિમાં નિશીથસૂત્રનું પ્રમુખસ્થાન છે. નિશીથભાષ્ય અને નિશીથ ચૂર્ણિમાં નિશીથસૂત્રને અંગ આગમોની શ્રેણિમાં ગણાવેલ છે, જ્યારે અન્ય છેદગ્રંથોને અંગબાહ્ય આગમ તરીકે ગણેલ છે. પૂર્વકાળમાં નિશીથસૂત્ર પ્રથમાંગશ્રી આચારાંગસૂત્રની ચૂલા તરીકે સંલગ્ન અંગ આગમ તરીકે માન્ય હતું. આજે પણ આચારાંગ

નિર્યુક્તિમાં આ ગ્રંથ માટે આચાર પ્રકલ્પ અને નિશીથ એમ બે નામ મળે છે. કલ્પસૂત્રના યોગોદ્વહન સમયે પણ આચારાંગ પંચમચૂલા શ્રી નિશીથ અધ્યયન... એમ બોલીને જ આ છેદ સૂત્રના જોગ કરાવાય છે. કાલાંતરે નિશીથસૂત્રને સ્વતંત્ર છેદ આગમ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તેમાં તેના પ્રાયશ્ચિત્ત સંબંધી વિષયની ગંભીરતા જ મુખ્ય કારણ છે.

નિશીથ શબ્દનો સામાન્ય અર્થ છે, અપ્રકાશ [णिसिहमप्रकाशम् नि.चू.६८] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નિશીથનો અર્થ કરતાં ચૂર્ણિકાર ભગવંતે કહ્યું છે કે મલિન પાણી દ્રવ્યથી નિશીથ છે, અંધકારમય પ્રદેશ ક્ષેત્રથી નિશીથ છે, રાત્રિનો સમય કાળથી નિશીથ છે અને અપ્રકાશ્યરૂપ નિશીથસૂત્ર ભાવથી નિશીથ છે. આ આગમ સૂત્રથી કે અર્થથી સર્વત્ર ભણી શકાતું નથી. સર્વ જીવ આગળ પ્રકાશિત કરી શકાતું નથી. દોષ અને પ્રાયશ્ચિત્ત વિષયક આ આગમ અપવાદ બહુલ છે. તેથી જ સંસાર ત્યાગી શ્રમણ ભગવંતોમાં પણ સુયોગ્ય, અધિકારપ્રાપ્ત શિષ્યોને જ ભણાવવામાં આવે છે. તે ભણવા-ભણાવવાનો કાળ પણ મધ્યરાત્રિ આદિ ગુપ્ત હોય છે.

ત્રણ વર્ષના પર્યાયવાળા અને ગાંભીર્યાદિ ગુણોથી યુક્ત સાધુ જ આ નિશીથસૂત્રને ભણવા માટે અધિકારી છે. પ્રૌઢતાની અપેક્ષાએ બગલમાં વાળ ઊગેલા હોય અને ૧૬ વર્ષની ઊંમરનો સાધુ અધિકારી છે. વીશ ઉદ્દેશા અને લગભગ ૧૫૦૦ સૂત્રો આ આગમમાં છે. દરેક ઉદ્દેશાના પ્રારંભમાં પ્રાયશ્ચિત્ત પ્રાયોગ્ય સ્ખલનાઓનું વર્ણન છે, જ્યારે ઉત્તરાર્ધમાં તદ્સંબંધી પ્રાયશ્ચિત્ત વિશેષનો ઉલ્લેખ છે. ગુરુમાસિક, લઘુમાસિક, ગુરુચાતુર્માસિક અને લઘુચાતુર્માસિક સંજ્ઞક ચાર પ્રાયશ્ચિત્ત યોગ્ય દરેક સ્ખલનાઓનો સમાવેશ પ્રસ્તુત સૂત્રમાં કરવામાં આવ્યો છે. અહીં બતાવેલ સંયમજીવનની સ્ખલનાઓ અને તદ્સંબંધી પ્રાયશ્ચિત્તનો જાણકાર સાધુ જ પ્રાયશ્ચિત્ત આપવા અધિકારી બને છે. તે જ કારણે સ્વતંત્ર વિહારનો અધિકાર પણ તેને જ પ્રાપ્ત થાય છે. ઉપાધ્યાય પદ આદિ પદ માટે નિશીથસૂત્રનો અધ્યેતા સાધુ જ અધિકારી છે. નિશીથસૂત્રના અભ્યાસ વિના સાધુ ખરેખર પોતાના પૂર્વ સંબંધીના ગૃહે ભિક્ષાર્થે પણ જઈ શકતો નથી.

નિશીથસૂત્રના ભાષ્યમાં અધ્યેતા શ્રમણો ત્રણ પ્રકારના દર્શાવ્યા છે.

**सतिविहो य पकप्पधरो, सुत्ते, अत्थे य तदुभए चे व ।**
**सुत्तधरवज्जियाणं तिग दुग , परियट्टणा गच्छे ।।**

**[निशीथ भा. ६६६७]**

૧- માત્ર સૂત્રને ધારણ કરનારા, ૨-માત્ર અર્થને ધારણ કરનારા, ૩-સૂત્ર અને અર્થ બંનેને ધારણ કરનારા. જે માત્ર સૂત્રધર છે તે પ્રાયશ્ચિત્ત આદિ માટે અધિકારી નથી. પ્રાયશ્ચિત્ત આપવા અધિકારી મુખ્યતાએ સૂત્ર અને અર્થ ઊભયને જાણનારા જ છે. માત્ર અર્થને જાણનાર મહાત્મા જઘન્યપણે પ્રાયશ્ચિત્ત આપવા અધિકારી છે.

૨૦ ઉદ્દેશામાંથી ૧ ઉદ્દેશામાં ગુરુમાસિક, ૨ થી ૫ ઉદ્દેશામાં લઘુમાસિક ૬ થી ૧૧માં ગુરુચોમાસી ૧૨થી ૧૯માં લઘુચૌમાસી પ્રાયશ્ચિત્ત બતાવ્યા પછી ૨૦મા ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્ત આપવાની અને વહન કરવાની વિધિનું નિરૂપણ કરેલ છે.

આ આગમનો અભ્યાસ કરતાં એક વાત એ જણાય છે કે, અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધીના દોષોની શુદ્ધિ આલોચના અને મિચ્છા મિ દુક્કડં આદિ દ્વારા થાય છે, જ્યારે અનાચાર દોષ લાગે ત્યારે નિશીથમાં કહેવાયેલા પ્રાયશ્ચિત્ત અપાય છે.

નિશીથસૂત્રમાં મૂળ, નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ સાહિત્ય ઉપલબ્ધ છે. જે સર્વે લગભગ ૧૩૦૦થી અધિક વર્ષ પ્રાચીન છે.

છેદગ્રંથોની અને તેમાંય નિશીથસૂત્રની ગોપનીયતા સંબંધી આજે યદ્વા તદ્વા લખાણ-ઉચ્ચાર થઈ રહ્યાં છે, જે ખરેખર અશોભનીય છે. પૂર્વકાળમાં કોઈપણ ગ્રંથના અધ્યયન વિષે પાત્ર-અપાત્રની વિચારણા કરવામાં આવી જ છે. સુયોગ્ય પાત્રને જ તે-તે જ્ઞાન આપવું, અન્યને નહિ. અયોગ્યને આપવાથી આપનાર અને લેનાર બંનેને આત્મિક નુકસાન જ છે.' આ વાતને તટસ્થ રીતે ન મૂલવતાં 'છેદસૂત્રોને પ્રગટ કરવાની કે એના અનુવાદો કરવાની વાતો કરવી તે પરિણામે આત્મહિત ઘાતક કહેવાય.

અધિકારી ગુરુભગવંતો સુયોગ્ય આત્માને શાસ્ત્રમર્યાદા મુજબ અભ્યાસ કરાવે તેમાં ક્યારેય વિરોધ હોતો જ નથી. વર્તમાનમાં જે છેદસૂત્રો માટે ગોપનીયતાની વાત છે તે આધુનિક પ્રકાશન અને અનુવાદ સંબંધી છે. સર્વત્ર ઉપલબ્ધ થતાં આ પ્રકાશનો આચાર્યાદિના અધિકારમાં રહેતાં નથી. પરિણામે 'અતિ' અને 'અ' પરિણત આત્માઓ તે પ્રકાશનો દ્વારા સ્વ-પર આત્માનું અહિત કરે છે. અપવાદરુચિ તે જીવો સ્વ-પરનું અહિત ન કરે તે માટે પણ છેદગ્રંથોનું પ્રકાશન નિષિદ્ધ મનાયેલું છે. અસ્તુ.

## નિશીથસૂત્રની વાણીના અંશો

❈ **जे भिक्खु असज्झाइए सज्झायं करेइ,**
**करेंतं वा साइज्जइ ।**
જે સાધુ અસ્વાધ્યાયમાં સ્વાધ્યાય કરે છે, અથવા કરનારને અનુમોદન કરે છે, તે પ્રાયશ્ચિત્તનો ભાગી છે.

❈ **जे भिक्खू चाउकालं उवाइणावेइ,**
**उवाइणावेंतं वा साइज्जइ।**

જે સાધુ દિવસ અને રાત્રિના પહેલા-છેલ્લા બે પ્રહોર એમ ચાર પ્રહર સ્વાધ્યાય નથી કરતા અથવા નહીં કરનારની અનુમોદના કરે છે તે પ્રાયશ્ચિત્તના ભાગી છે.

## ૪૩

# દશાશ્રુતસ્કંધ સૂત્ર

આગમગ્રંથો બે વિભાગમાં વહેંચાયેલા છે. ૧-કૃત, ૨-નિર્યૂહિત. ગણધર ભગવંતો અને ૧૪ કે ૧૦ પૂર્વધર સ્થવિરોએ જેની રચના કરી હોય તે કૃત આગમ કહેવાય. જ્યારે પૂર્વમાંથી ઉદ્ધાર કરીને જે આગમોનો આકાર અપાયો હોય તે નિર્યુહિત આગમ ગણાય છે. અંગ આગમો કૃત આગમ છે. વ્યવહારસૂત્ર, દશાશ્રુતસ્કંધ વગેરે છેદગ્રંથો નિર્યુહિત આગમ ગણાય છે. એમાંના દશાશ્રુતસ્કંધ સૂત્રને ઓળખશું. જેમાં ૨૧૬ ગદ્યસૂત્ર છે. ૫૨ પદ્યસૂત્ર છે. મૂળગાથા ૧૮૩૦ શ્લોક પ્રમાણ છે. અસમાધિના ૨૦ સ્થાન વગેરે ૧૦ અધ્યયનો છે. તે કારણે આ આગમ દશાશ્રુતસ્કંધ કે આચારદશા નામે ઓળખાય છે. વર્તમાનમાં પ્રસિદ્ધ કલ્પસૂત્ર (પર્યુષણાકલ્પ) આ આગમનું આઠમું અધ્યયન મનાય છે.

આ છેદસૂત્રમાં મુખ્યતાએ સાધુજીવનને નિર્મળ બનાવવા જરૂરી એવા આચારોનું વર્ણન કરાયેલું છે. દશે ય દશાની દરેક વાતો સાધના જીવનમાં ઉપયોગી છે, છતાં થોડી માર્મિક વાતો જ જોઈશું.

**અસમાધિસ્થાન** નામની પહેલી દશા. પીઠ પાછળ નિંદા કરવી. નવા કજીયા ઊભા કરવા. સંઘ કે ગણમાં ભેદ થાય એવાં વચનો બોલવાં. આવાં ૨૦ સ્થાનો છે કે જે સ્વ-પર અસમાધિનું સર્જન કરે છે.

બીજી **સબલા** નામની દશા. જેનાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થાય તે સબલ કહેવાય. છ મહિનામાં એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું, એક

માસમાં ત્રણવાર માયાસ્થાન સેવવાં, શય્યાતરના અશનાદિ લેવા.

૩૩ **આશાતના** નામે ત્રીજી દશા. સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ સ્વરૂપ આય. તેની શાતના એટલે ખંડના. તેનું નામ આશાતના. જ્ઞાનાદિ ગુણો જેની પાસેથી મેળવવાના છે તેવા સદ્‌ગુરુ સંબંધી ૩૩ આશાતના હોય છે. ગુરુનું વચન ન સાંભળે, પ્રત્યુત્તર ન આપે, તેઓની સામે તોછડાઈભર્યું વર્તન કરે. ગુરુની ધર્મકથામાં દુર્ભાવ, ઉપેક્ષા કરે. આ આશાતના આત્મકલ્યાણની ભૂમિકાને બાળી નાખે છે.

ચોથી **ગણિસંપદા** દશા. પૂર્વોક્ત ત્રણ દશાના દોષોનો ત્યાગ કરનાર સાધક યોગ્યતા સંપન્ન બને છે. પરિણામે આઠ પ્રકારની ગણિસંપદાને પામે છે. આચાર, સૂત્ર, શરીર, વચન, વાચના, મતિ, પ્રયોગ અને સંગ્રહપરિજ્ઞા . આ આઠ સંપદા આચાર્ય ભગવંતોને હોય છે. જેના સહારે તેઓ ગચ્છનો યોગ-ક્ષેમ કરે છે.

**ચિત્તસમાધિ** એ પાંચમી દશા. પાંચસમિતિ અને ત્રણગુપ્તિના પાલનથી, નિર્મળ બ્રહ્મચર્યથી અને શુભધ્યાનના પરિણામે આત્માર્થી શ્રમણોને સમાધિ પ્રાપ્ત થાય છે. ચિત્તની તે સમાધિ દ્વારા જાતિસ્મરણ, સ્વપ્નદર્શન, દેવદર્શન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આદિ દશ સ્થાન પ્રાપ્ત થાય છે.

**ઉપાસક પ્રતિમા** છટ્ઠી દશા. ઉપાસક એટલે શ્રાવક. પ્રતિમા એટલે વિશિષ્ટ પ્રતિજ્ઞા. સમ્યગ્દર્શન, વ્રત, સામાયિક આદિ અગ્યાર પ્રતિમા વહન કરનાર શ્રાવક સંસાર સાગર તરે છે.

સાતમી દશા **ભિક્ષુપ્રતિમા**. સંસારત્યાગી શ્રમણને બાર પ્રતિમા હોય છે. ૨૮ મહિના, ૨૨ દિવસ અને એક રાત્રિ એમ બાર પ્રતિમાનો કાળખંડ હોય છે. જેનું પાલન કરનાર સાધુ જિનાજ્ઞાનો આરાધક છે. અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષજ્ઞાનનો અધિકારી બને છે.

આઠમી **પર્યુષણા** નામની દશા. છેદસૂત્રમાં આઠમી દશાનું વિશેષ વર્ણન નથી, પરંતુ વર્તમાનમાં પ્રસિદ્ધ કલ્પસૂત્ર એ જ આઠમી

પર્યુષણાદશા છે, જે શ્વેતાંબર સંઘમાં સર્વમાન્ય છે.

નવમી દશાનું નામ **મોહનીયસ્થાન** છે. જેના ૩૦ સ્થાનો છે. જાણતાં કે અજાણતાં સેવાયેલાં આ સ્થાનો મોહનીય કર્મનો બંધ કરાવનારાં છે. સાધુ-સાધ્વી સર્વથા તેનો ત્યાગ કરે.

દશમી દશા **આયતિસ્થાન**. અહીં શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના સમવસરણમાં બનેલી ઘટનાનું વર્ણન છે. ચતુરંગી સેનાથી પરિવરેલા મહારાજા શ્રેણિક મહારાણી ચેલ્લણાને લઈને પ્રભુની દેશના સાંભળવા આવ્યા. તેઓની ઋદ્ધિ-સમૃદ્ધિ જોઈને ઘણા શ્રમણ અને શ્રમણી ભગવંતો મોહવશ નિયાણામાં ખેંચાણા. પરમાત્માએ હિતશિક્ષા આપતાં નવવિધ નિયાણાના અનર્થનું વર્ણન કર્યું. નિયાણું કરનાર ભવિષ્યમાં અવશ્ય દુ:ખી થાય છે. પ્રભુની હિતશિક્ષા સાંભળી તે શ્રમણો અને શ્રમણીઓ શુભસ્થાનમાં પાછાં ફર્યાં. શુભભાવે પ્રાયશ્ચિત્ત કરી નિર્મળ બન્યાં.

આ ઘટના સ્પષ્ટ શબ્દોમાં ધર્મના ફળ તરીકે ભૌતિક જગતની માગણીનો નિષેધ કરે છે. શાંત ચિત્તે એકવાર આ અધ્યયન વાંચનાર ને ‘‘ધર્મ મોક્ષ મેળવવા માટે જ કરવાનો, તો શું સંસારના સુખ મેળવવા માટે અધર્મ કરવાનો ?’’ આવા કુતર્કો પીડી શકતા નથી.

## શ્રી દશાશ્રુતસ્કંધની વાણીના અંશો

❄ **आयार-गुत्तीसुद्धप्पा, धम्मे सिठ्ठा अणुत्तरे ।**
**ततो वमेसए दोसे, विसमासीविसो जहा ।।**

આચાર-ગુપ્તિથી શુદ્ધાત્મા, અનુત્તર ધર્મમાં સ્થિર એવા સાધુ આસીવિષ સર્પ જેમ ઝેર છોડે તેમ દોષને છોડે છે.

❄ **सुचत्तदोसे सुद्धप्पा, धम्मट्ठी विदितायरे ।**
**इहेव लभते कित्तिं, पेच्चा य सुगति वरं ।।**

દોષોનો ત્યાગ કરનાર શુદ્ધ આત્મા, ધર્માર્થી અને આચારને જાણનાર સાધુ અહીં કીર્તિ અને પરલોકમાં સુગતિને પામે છે.

૪૪

# બૃહત્કલ્પસૂત્ર

છેદસૂત્રોના વિષયોને ચાર વિભાગમાં વહેંચી શકાય છે.

૧-ઉત્સર્ગ, ૨-અપવાદ, ૩-દોષ, ૪-પ્રાયશ્ચિત્ત.

સામાન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં પ્રભુએ જે કરવાનું કહ્યું હોય તે **ઉત્સર્ગ.** તે જ દ્રવ્યાદિના વિષમ સંયોગોમાં તત્કાલીનરૂપે પ્રભુએ જે કરવાનું કહ્યું તે **અપવાદ**. સામાન્ય સંયોગોમાં ઉત્સર્ગનું પાલન બળવાન છે તો વિશેષ સંયોગમાં અપવાદનું સેવન એટલું જ બળવાન છે. ઉત્સર્ગ માર્ગ નિર્દોષ છે, તો અપવાદ માર્ગ અપેક્ષાએ નિર્દોષ અને સદોષ એમ ઉભયાત્મક હોય છે. પ્રવચનરક્ષાદિ નિમિત્તક અપવાદ નિર્દોષ છે તો નિર્બળતાદિ કારણે સેવાયેલો અપવાદ સદોષ છે.

ઉત્સર્ગ અને અપવાદની આરાધનામાં જાણતાં કે અજાણતાં થતી સ્ખલનાઓ તે **દોષ** છે. ઉત્સર્ગ-અપવાદની યથોક્ત આરાધનામાં પુન: જોડાવા માટે કરવામાં આવતી દોષશુદ્ધિ તે **પ્રાયશ્ચિત્ત** છે.

સર્વજ્ઞનું શાસન ઉત્સર્ગ-અપવાદ ઉભયાત્મક છે, છદ્મસ્થજીવોમાં દોષ સહજ છે અને પ્રાયશ્ચિત્ત વિના દોષશુદ્ધિ અસંભવિત છે; આ ત્રણ વચનને યથાતથ જાણનાર છેદસૂત્રોના મહત્ત્વને અવશ્ય સમજી શકે છે. છેદસૂત્રોની શ્રેણિમાં બૃહત્કલ્પસૂત્રનું મહત્ત્વ અસાધારણ છે, કારણકે આમાં ઉત્સર્ગાદિ ચારેય વિષયોનું અત્યંત ઊંડાણ છે.

કલ્પ શબ્દ અનેક અર્થમાં વપરાય છે. વેદોક્ત વિધિ-વિધાનોનું વર્ણન

કરનાર વેદ અંગને કલ્પ કહેવાય છે. ૪ અજબ ૩૨ કરોડ વર્ષના સુનિશ્ચિત કાળમાનને પણ કલ્પ કહેવાય છે. જેમાં ૧૪ મન્વંતરો થાય તેવી શ્રુતિ છે. જિનકલ્પ આદિમાં જિનની સમાનતા સૂચવવા માટે ય કલ્પ શબ્દ વપરાયો છે. ઈચ્છિત ફળને આપનાર દૈવી વૃક્ષને કલ્પવૃક્ષ કહેવાય છે. રાજ્ય વગેરેની મર્યાદા પણ કલ્પ શબ્દથી ઓળખાય છે. તેથી જ કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ દેવોના બે વિભાગ પડે છે. કલ્પ શબ્દ ધર્મની મર્યાદા સૂચવે છે. સાધુભગવંતોનો આચાર માર્ગ કલ્પ છે. તેનું સૂક્ષ્મતમ વર્ણન હોવાથી ગ્રંથનું બૃહત્કલ્પ એ નામ વિષયાનુરૂપ છે. વર્તમાનમાં સુપ્રસિદ્ધ કલ્પસૂત્ર (બારસાસૂત્ર)ની અપેક્ષાએ માત્રને માત્ર સાધુ મર્યાદાનું આમાં વર્ણન હોવાથી આ છેદસૂત્ર બૃહત્કલ્પસૂત્ર કહેવાય છે. જેના ઉપર નિર્યુક્તિ, લઘુભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિ એમ અર્થ-અંગો ઉપલબ્ધ છે.

ગદ્યશૈલીમાં ગુંથાયેલું આ બૃહત્કલ્પસૂત્ર ૪૭૩ શ્લોક પ્રમાણ છે. છ ઉદ્દેશા અને ૮૧ અધિકાર છે દરેક ઉદ્દેશામાં સાધ્વાચાર સંબંધી અનેકવિધ વાતો છે. તે વાતો વાંચતાં આનંદ થાય કે કેવી અદ્‌ભુત-અનુપમ વ્યવસ્થા છે, બીજી બાજુ તળિયે જઈ બેઠેલી વર્તમાન સાધુ મર્યાદાઓ જોતાં ચિંતા થાય છે. સંયમી જીવોને ઉદ્દેશીને બે-ચાર વાતો લખું.

❋ સાધુ-સાધ્વીને અપવાદમાર્ગે જ, શસ્ત્રપરિણત વનસ્પતિ જ કલ્પ્ય બને છે.

❋ ગ્રામ, નગર આદિ ૧૬ પ્રકારના સ્થાનમાં ચાતુર્માસ સિવાય એક મહિનાથી અધિક ન રહેવું.

❋ જલાશય (તળાવ, નદી, ઝરણાં) નજીક ઉભા રહેવું, બેસવું, સ્વાધ્યાય આદિ કરવું સાધુને યોગ્ય નથી.

❋ ઉત્સર્ગ માર્ગે ચાતુર્માસમાં વિહાર કરવો સાધુ-સાધ્વીને કલ્પતું નથી. હેમંત અને ગ્રીષ્મ ઋતુમાં જ વિહાર કરવો કલ્પે છે.

❋ પૂર્વમાં અંગ-મગધદેશ સુધી, દક્ષિણમાં કોશાંબી, પશ્ચિમમાં સ્થૂણા દેશ અને ઉત્તરમાં કુણાલ દેશ સુધી જવું સાધુ-સાધ્વીને યોગ્ય છે. જ્યાં જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય ત્યાં જ વિચરણ કરવું.

❋ સાધુ અને સાધ્વીજીને અશનાદિ આહાર અર્ધયોજનની મર્યાદાથી

આગળ લઈ જવો કલ્પે નહિ.

❋ સાધુ અને સાધ્વીજી ભગવંતને ચોમાસામાં વસ્ત્રાદિ વહોરવાં કલ્પતા નથી. શેષ કાળમાં વસ્ત્રાદિ જરૂર મુજબ વહોરી શકે છે.

❋ સાધુ-સાધ્વીજીને ગામથી લઈ સન્નિવેશમાં ચારે દિશામાં સવા યોજનનો અવગ્રહ ગ્રહણ કરી રહેવું યોગ્ય છે. એક દિશામાં અઢી કોસ જવું-આવવું કલ્પે છે. સવાયોજન એટલે દસ માઈલ એટલે આશરે સોળ કિલોમિટર. એક કોસ એટલે બે માઈલ એટલે ત્રણ-સવાત્રણ કિલોમિટર

પશ્ચિમના વાયરામાં વહી રહેલા સુધારકો જ્યારે ધર્મરક્ષા અને શાસન પ્રભાવનાના નામે આચારમર્યાદાને કોરે મૂકવાની સલાહ આપે છે, ત્યારે છેદ ગ્રંથાદિના માધ્યમે પૂર્વના મહાપુરુષો આચારમાં સ્થિર અને દૃઢ બનવાની સલાહ આપે છે. કોની સલાહ માનવી એ આપણા હાથમાં છે.

## બૃહત્કલ્પસૂત્રની વાણીના અંશો

❋ **नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा सचित्तकम्मे उवस्सए वत्थए ।**

ચિત્રોવાળા ઉપાશ્રયમાં રહેવું સાધુ અને સાધ્વીને કલ્પતું નથી.

❋ **तओ नो कप्पंति वाइत्तइ, तं जहा-१ अविणीए,**
**२-विगइ-पडिबद्धे, ३-अविओसवियपाहुडे ।**

અવિનીત, વિગઈ પ્રતિબદ્ધ અને અનુપશાંત ક્રોધી આત્માઓને વાચના આપવી યોગ્ય નથી.

❋ **कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा - अहाराइणियाए किकम्मं करेत्तए ।**

ચારિત્ર પર્યાયના ક્રમ અનુસારે વડીલને સાધુ-સાધ્વી ભગવંતોએ વંદન કરવા જોઈએ.

## ૪૫

## વ્યવહાર સૂત્ર

**બૃહત્કલ્પ** અને **વ્યવહાર** એકબીજાનાં પૂરક છે. કલ્પ એટલે આચાર અને વ્યવહાર એટલે પણ આચાર. બંને એકાર્થક શબ્દ છે. જે સુવિશુદ્ધ કલ્પધર છે તે જ વ્યવહાર શુદ્ધ છે. જે વ્યવહારશુદ્ધ સંયમી છે તે જ કલ્પધર છે. શબ્દભેદે ભિન્ન આ બંને છેદસૂત્રો અર્થ-અભેદવાળાં છે, તે સમાનતા છે. પ્રાયશ્ચિત્તના ભેદો અને પ્રાયશ્ચિત્ત પ્રાયોગ્ય આત્માઓનો ઉલ્લેખ જે બૃહદ્ કલ્પમાં નથી તે વ્યવહારસૂત્રમાં છે. જે વિશેષ છે. બીજી પણ એવી અનેક વિશેષતાઓ આમાં છે.

વ્યવહાર સૂત્ર ગદ્ય છે. દશ ઉદ્દેશા છે. લગભગ ૩૦૦ સૂત્ર છે. સાધુ-સાધ્વીઓના વ્યવહારનું વર્ણન મુખ્ય વિષય છે. ચૌદ પૂર્વધર પૂ. આચાર્ય શ્રી **ભદ્રબાહુસ્વામીજી** મહારાજાએ નવમા પૂર્વના આચાર-વસ્તુના વીસમા પ્રાભૃતમાંથી ઉદ્ધૃત કરીને આ સૂત્રની રચના કરી છે. નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ આદિ સાથે આ સૂત્રનું વર્તમાન ગ્રંથાંકન ૫૦,૦૦૦ શ્લોકથી અધિક છે.

વ્યવહાર શબ્દ અનેક અર્થમાં પ્રચલિત છે. ૧-વિવાદ, ૨-આચરણ, ૩-વ્યાપાર, ૪-ન્યાય, ૫-પ્રવૃત્તિ, ૬-પ્રવૃત્તિકર્તા, ૭-જેનાથી સામાન્યનું નિરાકરણ થાય, ૮- સામાન્ય જન આચરિત, ૯-દરેક દ્રવ્યોના અર્થનો નિર્ણય.

ટીકાકાર મહર્ષિ આચાર્ય **શ્રી મલયગિરિજી** મહારાજે વ્યવહાર શબ્દનો પ્રસ્તુતમાં આચાર એવો અર્થ કર્યો છે.

પ્રાયશ્ચિત્ત સંબધી વિષય હોવાથી આ આગમનો અધિકાર ગીતાર્થ ગુરુભગવંતોને જ હોય છે. તેથી નિર્યુક્તિ, ભાષ્ય અને વૃત્તિગ્રંથના આધારે અહીં માત્ર ગ્રંથની મહત્તા ગાતી થોડી વાતો ટાંકવી એ અવસરોચિત છે.

❄ ૧-વ્યવહાર, ૨-વ્યવહારી અને ૩-વ્યવહર્તવ્ય - આ ત્રણ મુખ્ય વિષય છે. જેમાં પાંચ પ્રકારના વ્યવહાર સાધન છે. ગણ(ગચ્છ)ની શુદ્ધિ કરનાર ગીતાર્થ આચાર્યાદિ વ્યવહારી છે. ગણ સ્થિત સાધુ-સાધ્વી વ્યવહર્તવ્ય છે. અર્થાત્ ગણમાં રહેલા સંયમીના જીવનમાં લાગેલા દોષોની શુદ્ધિ કરવી તે વ્યવહાર છે. શુદ્ધિ કરનાર વ્યવહારી અને જેમના અતિચારોની શુદ્ધિ થાય છે તે વ્યવહર્તવ્ય.

❄ જાતિસંપન્નતા, કુલસંપન્નતા આદિ દશગુણોથી યુક્ત એવા આલોચકના મુખ્ય ચાર ભેદ છે. ૧-**ઉભયતર** - જે સંયમ, તપની સાથોસાથ અન્ય ગ્લાનસાધુની સેવા કરી શકે. ૨- **આત્મતર** - જે માત્ર સંયમ, તપની આરાધના કરી શકે. ૩-**પરતર** - જે માત્ર અન્ય ગ્લાનાદિ સાધુની સેવા કરી શકે. ૪- **અન્યતર** - જે એક સમયે તપ-સંયમ અથવા વેયાવચ્ચ કરી શકે.

❄ અતિચારાદિની શુદ્ધિ રૂપ વ્યવહારના પાંચ પ્રકાર છે.: ૧-**આગમ**, ૨-**શ્રુત**, ૩-**આજ્ઞા**, ૪-**ધારણા**, ૫-**જીત**. આ પાંચે વ્યવહાર ક્રમશ: ઉપયોગમાં લેવાય છે. આગમ વ્યવહારની હાજરીમાં શ્રુતાદિથી વ્યવહાર કરી શકાતો નથી. આગમની અનુપસ્થિતિમાં શ્રુત, એમ આગળ વધતાં ધારણા વ્યવહાર પછી શાસનના અંત સુધી જીતવ્યવહારથી જ દોષ શુદ્ધિ આદિ કાર્યો થાય છે.

❄ આચાર્ય, ઉપાધ્યાય સમક્ષ આલોચના દ્વારા પ્રાયશ્ચિત્ત કરવું. તેમની ગેરહાજરીમાં ક્રમશ: સમાન ગોચરી વગેરેવાળા આચાર્યાદિ, સાધર્મિક, બહુશ્રુત આદિ પાસે. તેમની પણ ગેરહાજરીમાં અન્ય સમુદાયના સમાન ગોચરી વગેરેવાળા, બહુશ્રુત પાસે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. છેલ્લે સારૂપિક, બહુશ્રુત શ્રાવક, સમ્યગ્દૃષ્ટિ આદિ પાસે પણ પ્રાયશ્ચિત્ત તો અવશ્ય કરવું જ.

❋ સ્થવિરના ત્રણ પ્રકાર છે. ૧-જે સાધુ ૬૦ વર્ષથી અધિક વયના હોય તે **જાતિસ્થવિર-વયસ્થવિર** ૨-ઠાણાંગ અને સમવાયાંગ આદિના અભ્યાસુ સાધુ **સૂત્રસ્થવિર**, ૩-જેમનો ૨૦ વર્ષનો સંયમ પર્યાય છે, તે **પ્રવ્રજ્યા સ્થવિર** કહેવાય છે.

❋ સંયમજીવનનાં ત્રણ વર્ષે **આચારાંગ**, ચાર વર્ષે **સૂત્રકૃતાંગ**, પાંચ વર્ષે **દશાશ્રુતસ્કંધ**, **બૃહત્કલ્પ** અને **વ્યવહારસૂત્ર**, આઠ વર્ષે **સ્થાનાંગ** અને **સમાવાયાંગ**, દશવર્ષે **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ**, અગ્યાર વર્ષે **લઘુવિમાન પ્રવિભક્તિ** આદિ, બાર વર્ષે **અરુણોપપાતિક** આદિ, તેર વર્ષે **ઉપધાનશ્રુત** આદિ, ચૌદ વર્ષે **સ્વપ્નભાવના**, પંદર વર્ષે **ચારણભાવના**, સોળમા વર્ષે **તેજોનિ:સર્ગ**, સત્તરવર્ષે **આશીવિષભાવના**, અઢાર વર્ષે **દૃષ્ટિવિષભાવના**, ઓગણીશ વર્ષે **દષ્ટિવાદ** અને વીશ વર્ષે સર્વ શ્રુત ભણવાનું યોગ્ય છે.

આ સૂત્રને ગુરુગમથી વિધિપૂર્વક ભણનારા મુનિવરો દ્રવ્યાદિને ઓળખીને સ્વ-પરના નિર્વાહક બની શકે છે, એ વાતમાં કોઈ શંકા નથી.

## વ્યવહારસૂત્રની વાણીના અંશો

❈ **निग्गंथस्स णं नव-डहर-तरुणस्स आयरिय-उवज्झाए वीसुंभेज्जा, नो से कप्पइ अणायरिय-उवज्झाइए होत्तए ।**

નવદીક્ષિત, બાળ અને તરુણ સાધુએ આચાર્ય અથવા ઉપાધ્યાયના કાળધર્મ પછી અન્ય આચાર્ય કે ઉપાધ્યાયની નિશ્રા વિના રહેવું યોગ્ય નથી.

❈ **आयरिय-उवज्झाए गिलायमाणे अन्नयरं वएज्जा-'अज्जो ! ममंसि णं कालगयंसि समाणंसि अयं समुक्कसियव्वे ।'**

આચાર્ય કે ઉપાધ્યાય જ્યારે ગ્લાન થાય ત્યારે મુખ્ય અન્ય સાધુને કહે, 'હે આર્ય ! મારા કાળધર્મ પછી અમુક સાધુને મારા પદ પર સ્થાપિત કરજો.'

❈ **कप्पइ णं अहाराइणियाए अण्ण-मण्णं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

સાધુ-સાધ્વીજી ભગવંતોએ કોઈ એકને આગળ કરીને-વડીલ કરીને જ વિહરવું જોઈએ.

## ૪૬

# મહાનિશીથ સૂત્ર

૪,૫૪૪ શ્લોક પ્રમાણ આ છેદસૂત્રનું નામ મહાનિશીથ સૂત્ર છે. પૂર્વે બતાવેલાં નિશીથસૂત્ર કરતાં આ સૂત્ર વિસ્તૃત હોવાથી તથા વિશેષ અંધકારમાં એટલે અતિગુપ્તપણે આદાન-પ્રદાન થતું હોવાથી આ સૂત્ર મહાનિશીથ કહેવાય છે. આ આગમને રચનાર મહાપુરુષ સંબંધી કોઈ વિગત પ્રાપ્ત થતી નથી. પૂર્વકાળમાં આઠ અધ્યયન અને કુલ ૮૩ ઉદ્દેશામાં વહેંચાયેલું આ સૂત્ર હતું. કાળના પ્રભાવમાં નાશ પામી રહેલા આ આગમના તત્કાલીન ઉપલબ્ધ અંશોનું સંકલન સમર્થશાસ્ત્રકાર શિરોમણિ પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરિ મહારાજ વગેરેએ કર્યું હતું. પરિણામે આજે છ અધ્યયન અને બે ચૂલિકા ઉપલબ્ધ થાય છે.

‘સાધનાને સફળ કરવા શલ્યનો પરિત્યાગ કરવો અનિવાર્ય છે. આ રજૂઆત પ્રથમ **શલ્યોદ્ધરણ** નામના અધ્યયનમાં કરી છે. દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનાં શલ્ય હોય છે. પગમાં કાંટો અને આંખમાં કણને દ્રવ્ય શલ્ય કહેવાય છે. જેની વેદના અસહ્ય હોય છે, છતાં છૂટકારો બહુ જલ્દી થઈ શકે છે. પાપ એ ભાવશલ્ય છે. રાગ-દ્વેષ આદિ મલિનભાવથી હિંસા, જૂઠ, ચોરી વગેરે જે પણ પાપ કર્યાં હોય તે ભાવશલ્ય છે. આ ભાવશલ્ય દૂર ન કરવાથી અનેક ભવો સુધી દારુણ વિપાકો ભોગવવા પડે છે. તેથી માયારહિત પણે નિંદા, ગર્હા અને આલોચના દ્વારા તે શલ્યનો ઉદ્ધાર કરવો જોઈએ, આ વાતના સંદર્ભમાં અહીં તેની વિધિ પણ દર્શાવી છે.

શ્રુતદેવતાની વિશિષ્ટ વિદ્યા અને તે દ્વારા રાત્રે સ્વપ્નમાં દૈવી સંકેત મેળવવાની વાત આ અધ્યયનનું એક નજરાણું છે.

**કર્મવિપાક** નામનું બીજું અધ્યયન. જે થોડું વિશેષ મોટું છે, જેમાં ચાર ગતિનાં કારણો અને દુ:ખો ટૂંકમાં બતાવીને કુંથુવા નામના સૂક્ષ્મ જીવોની વાત કરી છે. મનુષ્યો તે જીવોની હિંસા કેમ કરે છે ?, કઈ રીતે કરે છે ? અને તે હિંસાનું પરિણામ કેવું પામે છે ? તેના ઉત્તર આપેલા છે. કર્મોના આશ્રવને અટકાવવો, એ જ દુ:ખથી બચવાનો એક માત્ર માર્ગ છે. કર્મોનો આશ્રવ મુખ્યતાએ રાગથી થાય છે. રાગનું પ્રધાન ઉત્પત્તિ સ્થાન સ્ત્રી છે. તેથી સ્ત્રી પ્રત્યેના કામરાગને જીતવાની વાત કરતાં ગ્રંથકારે ઉત્તમોત્તમ આદિ છ પ્રકારના પુરુષોનું વર્ણન કર્યું છે. તેમાં ઉત્તમોત્તમ પુરુષ બનવાની પ્રેરણા કરી છે.

ત્રીજા **કુશીલલક્ષણ** અધ્યયનમાં આ છેદસૂત્રના અધ્યયન સંબંધી વિધિ-અવિધિની વાતો કરીને જ્ઞાનાદિ પાંચ આચાર સંબંધી કુશીલ આત્માઓનું વર્ણન છે. જ્ઞાનકુશીલના વર્ણનમાં પ્રસંગોપાત્ત ઉપધાન તપનું મહત્ત્વ અને વિધિ દર્શાવી છે. પાંચે આચારોમાં જાણીને કે અજાણતાં, દર્પથી કે કલ્પથી જે પ્રમાદ કરે છે, તેવા કુશીલ સાધુઓના સંસર્ગની ઘસીને 'ના' પાડી છે. જીહ્વાકુશીલના વર્ણનમાં પ્રભુ મહાવીર પરમાત્માએ કહ્યું કે "હે ગૌતમ ! સાવદ્ય-નિરવદ્ય વચનોનો તફાવત જે જાણતો નથી, તે સાધુને બોલવાનો પણ અધિકાર નથી તો ધર્મદેશના કરવાનો અધિકાર શી રીતે હોય ? " આ વાત અહીં નોંધપાત્ર છે.

કુશીલ સાધુના નજીવા સંસર્ગના પરિણામે અનંત ભવભ્રમણને પામેલા સુમતિ શ્રાવકની આશ્ચર્યકારી અને ભવભયને ઉપજાવનારી કથાથી ચોથું **કુશીલસંસર્ગ** અધ્યયન વર્ણવાયું છે. પાંચમા **નવનીતસાર** અધ્યયનમાં ગચ્છ, ગચ્છવાસી સાધુ અને ગચ્છાચાર્યના સ્વરૂપની સાથોસાથ ગચ્છમર્યાદાનું અતિક્રમણ કરનારા સાધુને મળતા દારુણ વિપાકોને બતાવતું વજ્ર નામના આચાર્યનું દૃષ્ટાંત બતાવ્યું છે. જિનવચનની અન્યથા પ્રરૂપણા દ્વારા સ્વપ્રમાદનો બચાવ કરનારા સાવદ્યાચાર્યનું દૃષ્ટાંત અધ્યયનના અંતમાં છે.

**ગીતાર્થવિહાર** નામનું છઠ્ઠુ અધ્યયન અમાયાવી નંદીષેણ મુનિ, માયાવી લક્ષ્મણા સાધ્વી વગેરે અનેક દૃષ્ટાંતોથી ભર્યું ભર્યું છે. આ અધ્યયનના શબ્દો છે.... 'જ્યાં સુધી થોડું પણ આયુષ્ય ભોગવવાનું બાકી છે, ત્યાં સુધી આત્મહિત સાધી લો!'

**પ્રથમ ચૂલિકામાં** પ્રાયશ્ચિતનાં સ્થાનો અને તેના યથાયોગ્ય પ્રાયશ્ચિતની વિચારણા છે. સુસઢસાધુના દૃષ્ટાંત દ્વારા આલોચનાની શુદ્ધિ કેટલી આવશ્યક છે તે વાત **બીજી ચૂલિકામાં** જણાવેલ છે. ગચ્છાચાર પ્રકીર્ણકસૂત્રનો આધાર આ આગમ છે, તેવું મનાય છે.

શાસનશિરતાજ ગુરુશ્રી ગૌતમ-મહારાજા તથા શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા વચ્ચે થયેલ પ્રશ્નોત્તર સ્વરૂપ આ છેદગ્રંથ અનેક અભિનવ પદાર્થોનો બોધ કરાવે છે. વર્તમાનમાં આ સૂત્રના યોગોદ્વહન આગાઢ છે. આયંબિલના તપ પૂર્વક કરાય છે. યોગવહન કરનારા મુનિવરોને દીક્ષાપ્રદાન, વ્રતોચ્ચારણ, તપોચ્ચારણ, યોગક્રિયા, ઉપધાનતપ, સંઘમાળ અને એવા જ કોઈ અવસરે આચાર્યપદપ્રદાન આદિ નાણ સમક્ષ થતી ક્રિયાઓ કરાવવાનો વિશિષ્ટ અધિકાર મળે છે. આ જ છેદસૂત્રમાં દર્શાવેલ વર્ધમાન વિદ્યાની સાધનાનો અધિકાર પણ તે શ્રમણને પ્રાપ્ત થતો હોય છે.

# શ્રી મહાનિશીથ સૂત્રની વાણીના અંશો

❈ **कुंथू-पय-फरिस-जणियंपि, दुखं नऽहियासिउं तरे ।**
**ता तं महदुक्ख-संघट्टं, कह निंत्थिरिहि सुदारुणं ।।**

કુંથુના પગના સ્પર્શથી ઉત્પન્ન ખણનું દુઃખ તું અહીં સહન કરવા સમર્થ નથી, તો પછી નરકાદિ ગતિના અતિ ભયંકર દુઃખોનો પાર કઈ રીતે પામીશ ?

❈ **पयमक्खरंपि जो एगं, सव्वन्नुहिं पवेदियं ।**
**न रोएज्जऽ न्नहा भासे, मिच्छद्दिट्ठी स निच्छियं ।।**

સર્વજ્ઞ પરમાત્માએ કહેલા એક પદ કે અક્ષરને પણ જે ન માને, તેની શ્રદ્ધા ન કરે અને તેનાથી વિપરીત પ્રરૂપણા કરે તે નક્કી મિથ્યાદૃષ્ટિ જાણવો.

❈ **सावज्ज-ऽणवज्जाणं वयणाणं जो न जाणइ विसेसं ।**
**वुत्तुंपि तस्स न खमं किमंग पुण देसणं काउं ।।**

સાવદ્ય-નિરવદ્ય વચનોનો તફાવત જે જાણતો નથી, તેને બોલવાનો પણ અધિકાર નથી, તો પછી તે સાધુને ધર્મદેશના કરવાનો અધિકાર શી રીતે હોય ?

❈ **पायालं अवि उड्ढमुहं, सग्गं होज्जा अहोमुहं ।**
**ण उणो केवलि-पन्नत्तं वयणं अन्नहा भवे ।।**
કદાચ પાતાળ ઉન્મુખ થાય, સ્વર્ગ નિમ્નમુખ થાય તો પણ કેવલજ્ઞાનીએ કહેલું વચન ક્યારે'ય અસત્ય થતું નથી.

## ૪૭

# જીતકલ્પ સૂત્ર

શ્રીજીતકલ્પસુત્રના કર્તા યુગપ્રધાન આ.શ્રી જિનભ-દ્રગણિ ક્ષમાશ્રમણ છે. પ્રાયશ્ચિત્તના અધિકારને વર્ણવતી ૧૦૩ ગાથા ઉપર તેઓશ્રીએ સ્વયં ૨૬૦૬ શ્લોક પ્રમાણ ભાષ્યની રચના પણ કરેલી છે. પૂ.આ.શ્રી સિદ્ધસેનસૂરિએ રચેલી ચૂર્ણિ પણ વિસ્તૃત છે તો આ.શ્રી. તિલકાચાર્યજીએ વૃત્તિ રચી છે. તે ઉપરાંત ટીકા, ટિપ્પણક, વિવરણ આદિ અનેક સાહિત્ય આ છેદ સૂત્ર ઉપર રચાયેલું છે. યતિજીતકલ્પ અને શ્રાદ્ધજીતકલ્પ ગ્રંથનો મૂળ આધાર આ જ છેદસૂત્ર છે.

પૂર્વકાળમાં છ છેદસૂત્રોમાં પંચકલ્પસૂત્રનો સમાવેશ થતો હતો. જેનાં ભાષ્ય અને ચૂર્ણિ ઉપલબ્ધ હોવા છતાં મૂળસૂત્રનો ઉચ્છેદ થયો. તેથી પૂર્વાચાર્યોએ તેના સ્થાને જીતકલ્પનો સમાવેશ કર્યો છે.

પ્રાયશ્ચિત્ત આપવાની વિધિને વ્યવહાર કહેવાય છે. આગમ સંબંધી વ્યવહારનો વિચ્છેદ થતાં જીત સંબંધી વ્યવહારની શરૂઆત થઈ. જે આજે પણ ચાલુ છે અને ભવિષ્યમાં પણ ચાલશે. સુવિહિત ગીતાર્થ ગુરુભગવંતે શાસ્ત્રસાપેક્ષ જે વ્યવહાર દર્શાવ્યા હોય તે જીતવ્યવહાર કહેવાય છે. તે જીતવ્યવહારનું વર્ણન હોવાથી આગમનું જીતકલ્પસૂત્ર નામ સાર્થક છે. સાધુ - સાધ્વીજી ભગવંતોનાં સંયમજીવનને લગતા દોષોનું પ્રાયશ્ચિત્ત આમાં દર્શાવ્યું છે. આ આગમમાં સંયમજીવનની નિર્મળતા બની રહે, એ જ ભાવના ગ્રંથકારમહર્ષિની મનો-ભૂમિ પર જોવા મળે છે.

કર્મના ઉદયથી સાધનામાં સ્ખલના અને પ્રમાદાદિવશ વ્રતભંગ આદિ શક્ય છે. સ્ખલિત અને ખંડિત એવી સંયમ સાધનાને ફરી એકવાર અસ્ખલિત અને અખંડિત બનાવવા માટે અહીં પ્રાયશ્ચિત્તનું સૂક્ષ્મતાથી નિરૂપણ કરેલું છે. પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર છે.

૧- આલોચના, ૨- પ્રતિક્રમણ, ૩- તદુભય, ૪- વિવેક, ૫- વ્યુત્સર્ગ, ૬- તપ, ૭- છેદ, ૮- મૂલ, ૯- અનવસ્થાપ્ય, ૧૦- પારાંચિત.

દશ પ્રાયશ્ચિત્તમાંથી કયા દોષનું કેટલું પ્રાયશ્ચિત્ત આપવું એ અધિકાર ગુરુનો છે. તેમાં આલોચક શિષ્યની બુદ્ધિના તર્ક - વિતર્કને સ્થાન નથી. ગુરુ નિષ્પક્ષભાવે વિગતવાર દોષોને જાણીને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત આપે છે. શિષ્યપણ નિષ્કપટ ભાવે તેનું પાલન કરે છે. છદ્મસ્થતાવશ પ્રાયશ્ચિત્તદાનમાં ગુરુની ભૂલ પણ થઈ હોય છતાં શિષ્ય સમર્પિતભાવે તેનું પાલન કરે તો અવશ્ય તેના આત્માની વિશુદ્ધિ થાય છે.

પ્રાયશ્ચિત્તગ્રંથનો અધિકાર માત્ર ગીતાર્થ ગુરુભગવંતનો હોવાથી તદ્ તદ્ પ્રાયશ્ચિત્ત વિશેષને ન વિચારતાં આપણે તદ્પ્રાયોગ્ય થોડાં સ્થાનોને જોઈએ.

• વસતિથી ૧૦૦ ડગલાં બહાર ગયાં • સમિતિ, ગુપ્તિમાં પ્રમાદ થયો • મુહપત્તીના ઉપયોગ વગર છીંક, બગાસું ખાધું • વિકથા કરી • સ્નેહ, ભય, શોક આદિ અશુભ ભાવો સ્પર્શ્યા • પ્રથમ પોરિસિનો આહાર ચતુર્થ પોરિસિ રાખ્યો • સ્વાધ્યાદિ માંડલીમાં કાજો ન લીધો • પૃથ્વી,પાણી આદિ જીવોનો સંઘટ્ટો થયો • ઘી, તેલથી ખરડાયેલાં વસ્ત્ર, પાત્ર રાત્રિએ રહ્યાં • દોષિત આહાર, પાણી ગ્રહણ કર્યા • ઉપધિ આદિનું પ્રતિલેખન રહી ગયું. ઉપકરણ ખોવાઈ જવું. પચ્ચક્ખાણ ન કર્યું અથવા ભાંગ્યું • ગુર્વાદિની આશાતના કરી.

આ માત્ર સામાન્ય અંદાજ છે. પ્રાયશ્ચિત્તના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવસંબંધી તફાવત અનેકવિધ છે. આત્મદ્રવ્યથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ

કરનાર ગ્લાન છે કે નીરોગી છે, ધૃતિ - સંઘયણયુક્ત છે કે નિર્બળ છે. તપશક્તિવાન છે કે નહિ ?, કલ્પસ્થિત છે કે જિનકલ્પી ? તેનો વિચાર છે. ક્ષેત્ર રુક્ષ છે, સ્નિગ્ધ છે કે સાધારણ છે ? ભાવિત છે કે અભાવિત ? તે જોવાય છે. કાળથી ઉનાળો, ચોમાસું કે શિયાળો અને ભાવથી શ્રદ્ધા સંપન્ન પરિણામી છે કે અપરિણામી, અતિપરિણામી છે, તેનો ઉપયોગ રખાય છે.

સાધુ જીવન સાર્થક પણ બને, નિરર્થક પણ બને, તો ઘણાં અનર્થકર પણ બનાવે. તમારે તમારા સંયમી જીવનને નિરર્થક કે અનર્થકર ન બનવા દેવું હોય તો પ્રાયશ્ચિત્તના આ આગમને જીવવું જરૂરી છે. ભીનાં હૈયે પ્રત્યેક શ્રમણને અંતે આટલું જ કહેવું છે.

૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના અને ૬ છેદ સૂત્ર, એમ ૩૯ આગમની ઓળખ મેળવી-હવે અંતિમ તબક્કામાં આગળવધતાં ચાર મૂળસૂત્રોની ઓળખ મેળવશું.

## જીતકલ્પસૂત્રની વાણીના અંશો

❋ **संवर - विणिज्जराओ मोक्खस्स पहो, तवो पहो तासिं ।**
**तवसो य पहाणंगं पच्छित्तं, जं च नाणस्स ।।**
**सारो चरणं, तस्स वि नेव्वाणं, चरण-सोहणत्थं च ।**
**पच्छित्तं, तेण तयं नेयं मोक्खत्थिणाऽवस्सं ।।**

સંવર અને નિર્જરા એ મોક્ષનો માર્ગ છે. તપ એ સંવર - નિર્જરાનો માર્ગ છે. પ્રાયશ્ચિત્ત એ તપનું પ્રધાન અંગ છે. કારણ કે જ્ઞાનનો સાર ચારિત્ર, તેનો સાર નિર્વાણ છે. તેવા ચારિત્રની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત અનિવાર્ય છે. તેથી મોક્ષાર્થીએ પ્રાયશ્ચિત્તને અવશ્ય જાણવું, કરવું અને આરાધવું જોઈએ.

❋ **अणवट्ठप्पो तवसा तव - पारंची य दो वि वोच्छिन्ना ।**
**चोद्दस - पुव्वधरम्मि, धरंति सेसा उ जा तित्थं ।।**

અનવસ્થાપ્ય તપ અને પારાંચિત તપ અંતિમ ચૌદપૂર્વધર પૂ.આ.શ્રી ભદ્રબાહુ સ્વામી પછી વિચ્છિન્ન થયાં છે. બાકીનાં પ્રાયશ્ચિત્ત જ્યાં સુધી તીર્થ વિદ્યમાન છે ત્યાં સુધી રહેવાનાં છે.

## ૪૮

# આવશ્યક સૂત્ર

આવશ્યક સૂત્ર, દશવૈકાલીક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને ઓઘ નિર્યુક્તિ કે પિંડનિર્યુકિત. આ ચાર સૂત્રો મૂલસૂત્રમાં ગણવામાં આવે છે. ચારિત્રજીવનના પ્રારંભથી જ અતિ ઉપયોગી હોવાથી આ સૂત્રોને મૂલસૂત્ર તરીકે ઓળખવામાં આવે છે. જેમાં પ્રથમ મૂળસૂત્ર આવશ્યક સૂત્ર છે.

પ્રત્યેક સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ પ્રતિદિન સવાર-સાંજ અવશ્ય કરવા યોગ્ય ક્રિયાને આવશ્યક ક્રિયા કહેવાય છે. તે આવશ્યક ક્રિયામાં ઉપયોગી સૂત્રો આવશ્યક સૂત્ર છે. જેની રચના શ્રી ગણધર ભગવંતોએ શાસન સ્થાપનાના શુભ દિવસે દ્વાદશાંગીની રચના પૂર્વે સૌપ્રથમ કરેલી છે.

આ સૂત્ર અતિમહત્ત્વપૂર્ણ છે. જેના ઉપર અંતિમ ચૌદપૂર્વી પૂ.શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજની નિર્યુક્તિ છે. પૂ.શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણજી મહારાજનું વિશેષાવશ્યક ભાષ્ય છે. પૂ. શ્રી જિનદાસગણિ મહત્તર રચિત ચૂર્ણિ છે. ભાષ્ય ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચવાનું કામ પૂ.શ્રી જિનભદ્રગણિ મહારાજે શરૂ કર્યુ હતું. જીવનદીપ બુઝાતા તે કામ પૂ.શ્રી કોટ્યાચાર્યજી એ પૂર્ણ કર્યુ. પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ પણ આવશ્યક નિર્યુકિત પર ટીકા રચીને આવશ્યક સૂત્રોના રહસ્યોનું અતિવિશદ ઉદ્‌ઘાટન કર્યુ છે. પૂ શ્રી મલયગિરિજી મહારાજાએ આવશ્યક વિવરણ નામની વૃત્તિ રચી છે. મલધારી પૂ. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાએ

ભાષ્ય પર ટીકા બનાવી છે. જેમાં બહુ સરળ શબ્દોમાં આવશ્યક સૂત્રના દરેક પદાર્થોનું વિશદ વિવેચન કર્યુ છે. આ સિવાય પણ આવશ્યક સૂત્ર સંબંધી અનેક વૃત્તિની રચનાઓ થતી આવી છે. જે આવશ્યક સૂત્રનો મહિમા અને અનિવાર્યતાને ધોષિત કરે છે.

આવશ્યકની વ્યાખ્યા કરતા કહયું છે કે, ગુણરહિત આત્માને ગુણાત્મક ભાવોથી વાસિત કરે તે આવાસક (આવશ્યક). વિશ્વના પ્રત્યેક ગુણોને નિવાસ કરવાનું (રહેવાનું) સ્થાન તે આવાસક. આત્મદોષની શુદ્ધિ દ્વારા આત્મશુદ્ધિ માટે અત્યંત જરૂરી અનુષ્ઠાન તે આવશ્યક. જે પ્રારંભિક કક્ષાથી પરાકાષ્ઠા સુધી પહોંચેલા સર્વ સાધકોને એક સરખુ ઉપકારક છે. આ આવશ્યક સંબંધી સૂત્રની ઓળખ આપણે બે વિભાગમાં મેળવશું. **૧-અધ્યયન પરિચય. ૨-સૂત્ર પરિચય.**

વર્તમાનમાં પ્રાપ્ત આવશ્યક સૂત્રોના રચયિતા પંચમગણધર શ્રી સૂધર્માસ્વામી ભગવંત છે. જેમાં છ અધ્યયન છે.

**૧-સામાયિક અધ્યયન.** સામાયિકથી સાધનાનો પ્રારંભ છે, તો સામાયિક એ જ સાધનાની સિદ્ધિ છે. સામાયિક સમભાવ સ્વરૂપ છે. તૃણ અને મણિ, માટી અને સોનું, શત્રુ અને મિત્ર, દુઃખ અને સુખ, અપમાન અને માન, મરણ અને જીવન, સંસાર અને મોક્ષ. દરેકમાં રાગ-દ્વેષ રહિત ચિત્તવૃત્તિ તે સામાયિક. પંચપરમેષ્ઠીને નમસ્કાર સ્વરૂપ નમસ્કાર મહામંત્ર સૂત્રથી લઈને સમ-ભાવની સાધના તથા પાપ વ્યાપારના ત્યાગની પ્રતિજ્ઞા સ્વરૂપ કરેમિભંતે સૂત્ર દ્વારા સામાયિક આવશ્યક કરવામાં આવે છે.

**૨.ચતુર્વિંશતિસ્તવ અધ્યયન.** સામાયિક ની સિદ્ધિને વરેલા અને સામાયિકની સચોટ સાધનાને દર્શાવનારા ૨૪ તીર્થંકરોની સ્તવના, આ અધ્યયનનો વિષય છે. લોગસ્સ સૂત્રના માધ્યમથી આ આવશ્યક કરાય છે. જેમાં એક-એક તીર્થંકરના નામપૂર્વક સ્તવના, વંદના કરવામાં આવે છે.

**૩. વંદન અધ્યયન.** સમભાવની સાધનામાં દોરી જનારા, સમભાવની સાધનામાં સહાય કરનારા, તત્ત્વદાતા ગુરુને વંદન કઈ રીતે કરવું તે અહીં

દર્શાવેલ છે. વંદનક(વાંદણા) સૂત્ર ગુરુ પ્રત્યેના વિનયનું દ્યોતક છે. તેમાં ગુરુસંબંધી અપરાધોની સાચા ભાવે માફી પણ માંગી છે.

**૪. પ્રતિક્રમણ અધ્યયન.** રાગ-દ્વેષાદિ દોષોને વશ થયેલા પાપથી પાછા ફરવાનુ માર્ગદર્શન આ અધ્યયનમાં જોવા મળે છે. શ્રમણ ભગવંતો પગામ સજ્ઝાયસૂત્ર અને શ્રાવકો વંદિત્તાસૂત્ર દ્વારા પાપોનું આલોચન, પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કરે છે. સૌથી વિસ્તૃત આ અધ્યયન અને સૂત્રો છે.

**૫. કાયોત્સર્ગ અધ્યયન.** પ્રતિક્રમણ આવશ્યક કરવા છતાં શેષ રહેલા પાપોની શુદ્ધિ માટે, આત્માની વિશેષ નિર્મળતા સંબંધી વાતો આ અધ્યયનમાં છે. જેમાં તસ્સ ઉત્તરી સૂત્ર, અન્નત્થસૂત્ર, અરિહંત ચેઈયાણં સૂત્ર, લોગસ્સ સૂત્ર પુક્ખરવરદીવડ્ઢે સૂત્ર, સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર આદિ દ્વારા સુનિશ્ચિત્ત શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવાનો હોય છે.

**૬. પ્રત્યાખ્યાન અધ્યયન.** કર્મબંધના કારણ ભૂત પાપવ્યાપારોના ત્યાગની પ્રતિજ્ઞા એ પ્રત્યાખ્યાન છે. જેની વિચારણા આ અધ્યયનમાં કરી છે. મુખ્યતાએ આહાર સંબંધી પચ્ચક્ખાણના સૂત્રો દ્વારા આ આવશ્યક કરવામાં આવે છે. આહાર ગ્રહણની ભૂલથી ભવની શરૂઆત કરી છે તો આહાર ત્યાગ દ્વારા ભવનો અંત લાવવાનો ભાવ સાધકને અહીં જોવા મળે છે.

પરમગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ આજથી વર્ષો પૂર્વે ‘સનાતન સત્યનો સાક્ષાત્કાર’ પૂસ્તક દ્વારા આ આવશ્યક સૂત્રો દ્વાદશાંગીના રચયિતા શ્રી ગણધર ભગવંતો દ્વારા જ રચિત છે, એ વાત પૂરવાર કરી છે.

પરિણામે સંપૂર્ણ જૈન સંઘ આવશ્યક સૂત્રોને પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારે છે.

આવશ્યક સૂત્રના કથયિતવ્યને જાણવા આવશ્યક નિર્યુકિત અને વિશેષાવશ્યક ભાષ્ય આદિ ગ્રંથોનો ગુરુનિશ્રાએ સટીક અભ્યાસ અનિવાર્ય છે.

## આવશ્યક સૂત્રની વાણીના અંશો.

❄ **ईणमेव निग्गंथं, पावयणं, सच्चं, अणुत्तरं, केवलिअं, पडिपुन्नं, नेआउअं, संसुद्धं, सल्लगत्तणं, सिद्धिमग्गं, मुत्तिमग्गं, निज्जाणमग्गं, निव्वाणमग्गं, अवितहमविसंधिं, सव्वदुक्खप्पहीणमग्गं ।**

**[पगाम सिज्झाए ]**

રાગ-દ્વેષની ગ્રંથીને જીતનારા પરમાત્મા મહાવીરનું આ પ્રવચન (આગમ) સત્ય છે. અનુત્તર છે. કેવળજ્ઞાનીએ પ્રરૂપેલુ છે. પરિપૂર્ણ છે. સુન્યાયથી યુક્ત છે. કષાદિથી શુદ્ધ છે. શલ્યને કાપનારું છે. આત્મસિદ્ધિ અને કર્મમુક્તિનો માર્ગ છે. સિદ્ધશીલા અને આત્માના સુખનો માર્ગ છે. સનાતન સત્ય છે. પૂજનીય છે. શાશ્વત છે. સર્વ દુ:ખના નાશકરવાના માર્ગ સ્વરૂપ આ શાસન છે.

## ૪૯

# દશવૈકાલિક સૂત્ર

વીર સંવત્ ૭૨માં શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની ચોથી પાટે પૂ.આ.શ્રી શય્યંભવસૂરિ મહારાજા થયા. તેઓશ્રીએ પોતાના પૂર્વાવસ્થાના (સંસારીપણાના) પુત્ર શ્રી મનકમુનિના શીઘ્ર કલ્યાણ માટે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી છે.

આવશ્યક સૂત્ર સિવાયના આગમો કાલિક અને ઉત્કાલિક એમ બે વિભાગમાં વહેંચાયેલા છે. ઉત્કાલિક સૂત્રોની શ્રેણિમાં સૌ પ્રથમ દશવૈકાલિક સૂત્ર છે. દશ અધ્યયન સ્વરૂપ આ આગમનો અભ્યાસ વિકાળ સમયે થતો હોવાથી દશવૈકાલિક સૂત્ર તરીકે ઓળખાય છે. કાળવેળા અને અસજ્ઝાયના કાળ સિવાય ના સમયને વિકાળ કહેવાય છે.

શ્રમણ ભગવંતો પહેલાં આચારાંગ સૂત્રના અભ્યાસથી પોતાના જ્ઞાનાભ્યાસની શરૂઆત કરતા હતા. જ્યારથી શ્રીદશવૈકાલિક સૂત્રની રચના થઈ ત્યાર પછી પ્રત્યેક શ્રમણ ભગવંતો દશવૈકાલિક સૂત્રનો અભ્યાસ સૌ પ્રથમ કરે છે. આચારાંગ સૂત્રના શસ્ત્રપરિજ્ઞા અધ્યયનના અભ્યાસ પછી જે ઉપસ્થાપના (વડીદીક્ષા) થતી હતી તે હવે દશવૈકાલિક સૂત્રના ચતુર્થ ષડ્જીવનિકાય અધ્યયનના અભ્યાસથી થાય છે. આચારાંગ સૂત્રના બીજા અધ્યયન લોકવિજયના આમગંધ નામના પાંચમા ઉદ્દેશાના અભ્યાસ પછી સાધુભગવંતોને ગોચરી વહોરવાનો અધિકાર પ્રાપ્ત થતો

હતો, તે અધિકાર હવે પ્રસ્તુત આગમના પાંચમા ‘પિંડૈષણા’નામના અધ્યયનના અભ્યાસથી પ્રાપ્ત થાય છે.

દશ અધ્યયન અને બે ચૂલિકારૂપે ૭૦૦ શ્લોક પ્રમાણ આ આગમ ભિન્નભિન્ન પૂર્વોમાંથી ઉદ્ધૃત થયેલું છે. નિર્યુકિતકાર શ્રી ભદ્રબાહુ સ્વામિ મહારાજે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે આત્મપ્રવાદ પૂર્વમાંથી ચોથું અધ્યયન, કર્મપ્રવાદ પૂર્વમાંથી પાંચમું અધ્યયન, સત્યપ્રવાદ પૂર્વમાંથી સાતમું અધ્યયન અને પ્રત્યાખ્યાન પૂર્વની ત્રીજી વસ્તુમાંથી બાકીના સર્વ અધ્યયનો ઉદ્ધૃત કરાયેલા છે.

દશે દશ અધ્યયન અને બે ચૂલિકામાં મુખ્યતાએ શ્રમણભગવંતોના ચરણ એટલે મૂલગુણોનું અને કરણ એટલે ઉત્તરગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેથી આ આગમ ચરણકરણાનુયોગનો મહાનગ્રંથ ગણાય છે.

પાંચમા આરાના અંત સુધી ટકનારું આ આગમ સ્વત : મહિમાવંતુ છે. તેમાં પણ નિર્યુકિત, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, અવચૂરિ આદિ અનેક સાહિત્ય રચાયેલું હોવાથી તેનો મહિમા અનેક ગણો વૃદ્ધિ પામ્યો છે. અવશ્ય કહી શકાય કે સાધ્વાચારનું વર્ણન અનેક ગ્રંથોમાં છે છતાં શ્રીદશવૈકાલિકની તુલના ક્યાંય ન થઈ શકે. નૂતન દીક્ષિત સાધુ શ્રીદશવૈકાલિક સૂત્રને કંઠસ્થ કરે, તેના શબ્દાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ સુધીનો અભ્યાસ કરે અને તેના વચનોને અનુરૂપ સંયમજીવનનું પાલન કરે તો તેને ભાવસાધુપણાની પ્રાપ્તિ અવશ્ય થાય. આ આગમ ચરિતાર્થ થયું તો સાધુજીવન સફળ છે અને બધુ જ હોવા છતાં જો આ આગમ જીવનમાં ન વણાયું તો પ્રાપ્ત સાધુપણું નિષ્ફળ છે. આ વાતમાં કોઈ અતિશયોકિત નથી.

૧- દ્રુમપુષ્પિકા, ૨- શ્રામણ્યપૂર્વક, ૩- ક્ષુલ્લાકાચાર, ૪- ષડ્જીવનિકાય, ૫- પિંડૈષણા, ૬-ધર્માર્થકામ, ૭- વાક્યશુદ્ધિ, ૮- આચારપ્રણિધિ, ૯- વિનયસમાધિ, ૧૦- સભિક્ખુ. આ પ્રમાણે ક્રમશ: દશ અધ્યયનના નામ છે. ૧- રતિવાક્યા, ૨- વિવિકતચર્યા, એ નામે બે ચૂલિકા છે.

પહેલા અધ્યયનમાં ‘જેમનું મન હંમેશા ધર્મમાં લીન છે તેઓને દેવો પણ નમસ્કાર કરે છે ’ આ શબ્દોમાં ધર્મનો મહિમા દર્શાવ્યો છે. તેમજ સાધુને ભ્રમરની જેમ ભિક્ષા લેવાનો માર્ગ અહીં બતાવ્યો છે.

બીજા અધ્યયનમાં સ્વાધીન એવી પણ ભોગસામગ્રીનો ઈચ્છાપૂર્વક ત્યાગ કરનાર જ ત્યાગી છે અને ‘ઈચ્છાઓનો ત્યાગ કર, તું દુઃખથી બચી જઈશ,’ આ હિતોપદેશ આપ્યો છે.

ત્રીજા અધ્યયનમાં બાળકને મા શીખવે તેમ સાધક શ્રમણને શ્રામણ્ય શીખવતા ગ્રંથકારે ૫૩ વસ્તુઓનો નિષેધ કર્યો છે.

ચોથા અધ્યયનમાં ષડ્જીવનિકાયનું જ્ઞાન, અહિંસાવ્રતોનું પાલન, જયણા પ્રધાન જીવન, પરિણામે મોક્ષ પ્રાપ્તિ આમ સાધનાના દરેક પાસાને ટૂંકમાં દર્શાવ્યા છે.

પાંચમા અધ્યયનમાં સાધુ ભગવંતોની આહારવિધિ ગવૈષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણા રૂપ ત્રણ વિભાગમાં સવિસ્તર વર્ણવેલ છે. નિષ્પાપ સાધુવૃત્તિ એ જિનેશ્વર પરમાત્માની અદ્ભૂત દેન છે.

છઠ્ઠા અધ્યયનમાં આચાર્ય ભગવંતે શ્રોતાઓ સમક્ષ સાધુઓનો અખંડિત આચાર વર્ણવ્યો છે. કાયર પુરુષો માટે દુર્ધર અને દુષ્કર એવો આ આચાર માર્ગ અન્ય કોઈ પણ ધર્મમાં હતો નહિ, છે નહિ અને હશે નહિ એવી ટકોરાબદ્ધ વાત કરી છે.

સાતમા અધ્યયનમાં સર્વથા અસત્યવિરમણમહાવ્રત અને ભાષા સમિતિને ઉપકારક એવી વાક્શુદ્ધિની વાતો કરી છે. અહીં સાવદ્ય અને નિરવદ્ય વચનોનો વિવેક જોવા મળે છે. આઠમા અધ્યયનમાં મન અને ઈન્દ્રિયોને આચારમાર્ગમાં સ્થિર રાખવાની વાત મુખ્યતાએ કરી છે. બાકી તો બીજું ઘણું છે.

નવમા અધ્યયનમાં સમાધિ માટે વિનયની અનિવાર્યતા દર્શાવી છે. ચાર ઉદ્દેશાઓ ક્રમશઃ ગુરુની આશાતનાના દુષ્પરિણામ, વિનીત-અવિનીતના લક્ષણ, વિનીતની લોકપૂજ્યતા અને વિનયસમાધિની પરિપૂર્ણતા બતાવે છે.

દશમા સભિક્ખુ અધ્યયનના સારને ટુંકમાં દર્શાવતા નિર્યુકિતકારે કહ્યું કે, પૂર્વોક્ત નવ અધ્યયનનું યથાર્થ પાલન કરે તે સદ્‌ભિક્ષુ છે. બાકી અસદ્‌ભિક્ષુ છે.

રતિવાક્યા અને વિવિક્તચર્યા નામની બંને ચૂલિકા વિહરમાન પરમાત્મા શ્રીસીમંધર પરમાત્માના ઉપદેશને દર્શાવનારી છે. 'શું નથી કીધું પરમાત્માએ આમાં' આજ ભાવે મસ્તક ઝૂકી જાય છે.

લેખની મર્યાદા વાચકને નહિ તો લેખકને હોય જ છે, તેથી હવે આગળ.

## દશવૈકાલિકસૂત્રના વાણીના અંશો.

❄ **दुल्लहा उ मुहादाई, मुहाजीवी वि दुल्लहा ।**

**मुहादाई मुहाजीवी दो वि गच्छंति सोग्गई ।।५-१-१००।।**

આ વિશ્વમાં નિસ્વાર્થભાવે દાન આપનાર અને નિ:સ્પૃહભાવે જીવન જીવનાર બંને દુર્લભ છે. ખરેખર, તે બે જ સુગતિને પામે છે.

❄ **जे न वंदे, न से कुप्पे, वंदिओ न समुक्कसे ।**

**एवमन्नसमाणस्स, सामण्णमुणुचिट्ठई ।।५-२-३०।।**

કોઈ વંદન ન કરે તો જે કોપ ન કરે, કોઈ વંદન કરે તો જે અભિમાન ન કરે તે જ પ્રભુની આજ્ઞાને અનુરૂપ શ્રામણ્યને પાળે છે.

❄ **जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ ।**

**जाविंदिया न हायंति, ताव धम्मं समायरे ।।८-३६।।**

જ્યાં સુધી ઘડપણ પીડા આપતું નથી, વ્યાધિ વધી નથી અને ઈંદ્રિયો સક્ષમ છે ત્યાં સુધી ધર્મને સારી રીતે આરાધી લે.

## ૫૦

# ઉત્તરાધ્યયનસૂત્ર ૧

ઉત્તરાધ્યયનનામમાં બે શબ્દ છે. ઉત્તર અને અધ્યયન. ઉત્તર એટલે પછી. અધ્યયન એટલે ભણવું. આચારાંગસૂત્રના અધ્યયન પછી આ આગમનો અભ્યાસ કરવામાં આવતો હતો, તેથી આ ૩૬ અધ્યયનોનો સમૂહ ઉત્તરાધ્યયન સૂત્ર તરીકે ઓળખાય છે. શ્રી દશવૈકાલિકસૂત્રની રચના બાદ હમણાં એના અભ્યાસ પછી અને આચારાંગસૂત્રના અભ્યાસ પૂર્વે ઉત્તરાધ્યયન ભણાવાય છે. નિર્યુક્તિકાર, ચૂર્ણિકાર અને વૃત્તિકાર મહર્ષિઓએ ઉત્તરાધ્યયન સૂત્રના નામ સંબંધી આ અર્થ કર્યો છે.

અંગબાહ્ય કાલિકસૂત્રોમાં ઉત્તરાધ્યયન-સૂત્રને પ્રથમ ગણવામાં આવ્યું છે. ૩૬ અધ્યયનોમાં વહેંચાયેલું આ આગમ ૨૦૦૦ શ્લોક પ્રમાણ છે. ચારેય અનુયોગોનો અનોખો સંગમ આ આગમમાં થયો છે. છતાં ધર્મકથાનુયોગ સંબંધી અધ્યયનો વિશેષ હોવાથી ચૂર્ણિકાર ભગવંતે આનો સમાવેશ ધર્મકથાનુયોગમાં કર્યો છે. એક એકથી ચડિયાતા વિષયોના સંકલનના કારણે વર્તમાનમાં પણ આ આગમ અત્યંત લોકપ્રિય છે.

પોતાનો નિર્વાણકાળ જાણીને પરમાત્મા શ્રીમહાવીરસ્વામીએ અપાપાનગરીમાં દેવોએ રચેલા અંતિમ સમવસરણમાં સળંગ સોળપ્રહર (૪૮ કલાક) દેશના આપી. જેમાં પુણ્યના વિપાકને દર્શાવનારાં ૫૫ અધ્યયનો, પાપના વિપાકને દર્શાવનારાં ૫૫ અધ્યયનો વર્ણવ્યાં પછી પ્રભુએ સ્વયં નહિ પુછાયેલા પ્રશ્નોના ઉત્તરરૂપે ૩૬ અધ્યયનો દર્શાવ્યાં.

એ ૩૬ અધ્યયનો એટલે જ ઉત્તરાધ્યયન સૂત્ર. એવી અત્યારની પ્રચલિત માન્યતા છે.

આ આગમ ઉપર પૂ.આ.શ્રી ભદ્રબાહુસ્વામીજી મહારાજાની ૬૦૭ ગાથા પ્રમાણ નિર્યુક્તિ છે. સ્વતંત્ર ભાષ્ય ઉપલબ્ધ નથી છતાં નિર્યુક્તિ સાથે સંલગ્ન ૪૫ જેવી ગાથાઓ ભાષ્યની જણાય છે, એમ કેટલાકો માને છે. ચૂર્ણિ પૂ.આ.શ્રી જિનદાસગણિ મહત્તર રચિત છે. જેઓશ્રીએ શ્રીદશવૈકાલિકચૂર્ણિની રચના કર્યા બાદ આ આગમની ચૂર્ણિ રચેલી છે.

નિર્યુક્તિમાં જણાવ્યા અનુસાર આ આગમનાં અધ્યયનો મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચાયેલાં છે. ૧-જિનભાષિત, ૨-અંગપ્રભવ, ૩-પ્રત્યેકબુદ્ધરચિત અને ૪-સંવાદસમુત્થિત. દ્રુમપુષ્પિકા નામનું દશમું અધ્યયન પરમાત્મા શ્રીમહાવીરે પોતાના સ્વમુખે પ્રકાશેલું છે. પરીષહ નામનું બીજું અધ્યયન દૃષ્ટિવાદ નામના બારમા અંગમાંથી લેવામાં આવ્યું છે. આ વાત વાદિવેતાલ પૂ.આ.શ્રી શાંતિસૂરિજી મહારાજાએ સ્વરચિત ટીકામાં પણ કરેલી છે. કાપિલીય નામનું આઠમું અધ્યયન પ્રત્યેકબુદ્ધ કપિલે કહેલ છે તથા કેશિગૌતમીય નામક ત્રેવીશમું અધ્યયન સંવાદ સ્વરૂપે છે. ગ્રંથ અને અધ્યયનના કર્તા અંગે અનેક માન્યતાઓ વિદ્યમાન છે. જેનો નિર્ણય વિશિષ્ટજ્ઞાની જ કરી શકે.

ટીકાગ્રંથોમાં સૌ પ્રથમ શિષ્યહિતાવૃત્તિ વાદીવેતાલ પૂ.આ.શ્રી શાંતિસૂરિજી મહારાજે રચેલ છે. મૂળસૂત્ર અને નિર્યુક્તિ એમ બંને ઉપરથી આ ટીકા વર્તમાનમાં પાઈયટીકાના નામે પ્રસિદ્ધ છે. પૂ.આ.શ્રી નેમિચંદ્રસૂરિજી મહારાજા રચિત સુખબોધાવૃત્તિ અત્યંત સરળ છે. ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ આ વૃત્તિ વિ.સં. ૧૧૨૯ માં પૂર્ણ થઈ છે. અન્ય પણ ૨૦ થી અધિક મહાપુરુષોએ અર્થસભર વૃત્તિઓ રચી છે. જેમાંથી સંવત ૧૬૮૯ માં પૂ.શ્રી ભાવવિજયજી મહારાજે રચેલ વૃત્તિ સૌથી વધુ પ્રચલિત છે. જેમાં વિષયને અનુકૂળ કથાઓનો પણ પ્રચૂર ઉપયોગ થયેલ છે. એકંદરે આ આગમ ઉપર સર્વાધિક કાર્ય થયેલું જણાય છે.

૩૬ અધ્યયનોમાંથી ૧,૩,૪,૫,૬ અને ૧૦ નંબરનાં અધ્યયનો ઉપદેશાત્મક, ૭,૮,૯,૧૨,૧૩,૧૪,૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૩,૨૫,૨૭ નંબરનાં અધ્યયનો ધર્મકથાસ્વરૂપ, ૨,૧૧,૧૫,૧૬,૧૭,૨૪,૨૬, ૩૨,૩૫ નંબરનાં આચારદર્શક તો ૨૮,૨૯,૩૦,૩૧,૩૩,૩૪ અને ૩૬ નંબરનાં અધ્યયન સૈદ્ધાન્તિક સ્વરૂપનાં છે.

આગમના આ બાહ્ય સ્વરૂપને જાણ્યા પછી પણ અંતરંગ ભાવોને સ્પર્શવું અનિવાર્ય તો છે જ. તે માટે દરેક અધ્યયનના પરિશીલન વખતે સ્પર્શેલાં વચનો અધ્યયનનાં નામ સાથે જોઈએ.

૧ - **વિનય** નામના પ્રથમ અધ્યયનની ૪૮ ગાથા છે. એમાં નામ પ્રમાણે વિનયગુણનું વર્ણન છે. વિનય એ જ આચારનું પ્રથમ પગથિયું છે. ગુરુને પ્રસન્ન રાખવાનો માર્ગ વિનય છે. પ્રસન્ન થયેલા ગુરુથી શિષ્યને અનેકવિધ લાભો પ્રાપ્ત થાય છે. ગુરુની આજ્ઞાનું પાલન એ વિનય. ગુરુની આજ્ઞાનું યથાતથ પાલન કરનાર જ સાચો વિનીત છે. વિનીત-અવિનીત શિષ્યોના ગુણ-દોષો અહીં વિગતવાર જણાવ્યા છે. ગુરુ-શિષ્ય વચ્ચેનો તાત્ત્વિક સંબંધ પણ જોવા મળે છે. વિનયની આવી વાતો અહીં અનેક દૃષ્ટિકોણથી કરી છે.

૨ - સંયમજીવનની કષ્ટદાયક ક્ષણોમાં સમતા રાખવી. માર્ગમાં ઢીલા ન થવું અને કર્મનિર્જરા સાધી લેવી તે જ સાચો પરીષહ વિજય છે. **પરીષહજય** નામના બીજા અધ્યયનની ૪૬ ગાથાઓનો આ જ સાર છે. અગ્નિના તાપથી જેમ સુવર્ણ વધુ શુદ્ધ થાય છે, તેમ આ ૨૨ પરીષહો સાધનામાં બાધક નથી, સાધનાની નિર્મળતાનું અનન્ય કારણ છે. પરમાત્માશ્રી મહાવીરે દર્શાવેલા ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ વગેરે બાવીશ પ્રકારના પરીષહોનું જ સ્વરૂપ આ અધ્યયનનો વિષય છે.

૩ - માનવતા - ૧, શાસ્ત્રશ્રવણ - ૨, શ્રદ્ધા - ૩, સંયમજીવનમાં પુરુષાર્થ - ૪ ભવચક્રમાં દુર્લભ એવાં આ ચાર અંગો જેણે સાધી લીધાં તેનું માનવજીવન સફળ, નહીં તો નિષ્ફળ. **ચતુરંગીય** નામના આ અધ્યયનમાં

ચારે'ય અંગોની દુર્લભતા, પ્રાપ્તિમાં બાધક તત્ત્વો, પ્રાપ્તિ પછીના લાભો વગેરે વાતો અહીં ૨૦ ગાથામાં કરવામાં આવી છે.

૪ - **પ્રમાદ-અપ્રમાદ** અધ્યયન ચોથું છે. જેનું બીજું નામ **અસંખયં** પણ છે. વર્ણવાયેલા વિષયને અનુરૂપ નામ પ્રમાદાપ્રમાદ છે, તો આદ્ય શબ્દને અનુસારે અસંખયં નામ છે. વ્યક્તિ જ્યારે એમ વિચારે કે હજું તો મારી યુવાવસ્થા છે, ધર્મ તો વૃદ્ધાવસ્થામાં કરીશ. પરંતુ તેને ખબર નથી કે વૃદ્ધાવસ્થા આવશે કે નહિ આવે? માટે ભગવાન કહે છે કે ધર્મ કરવામાં પ્રમાદ ન કરો. અર્થ અને કામ મેળવવા કરાયેલાં કર્મોનાં કડવાં ફળો ભવાંતરમાં મળશે જ. ત્યાં કોઈ બચાવનાર નથી, કર્મના ફળથી બચવાનો કોઈ રસ્તો પણ નથી. એકવાર તૂટેલી જીવનની દોરી ફરી સાંધી શકાતી નથી. આ વાતોને યથાર્થ જાણી ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત બનવું જરૂરી છે. ગણતરીની ૧૩ ગાથામાં આવું તો ઘણું કહ્યું છે.

# ૫૧

## ઉત્તરાધ્યયનસૂત્ર ૨

**૫. અકામમરણીય.** નામના ૩૨ ગાથાના પાંચમા અધ્યયનમાં બે પ્રકારનાં મરણની વાતો કરી છે. ૧-અકામમરણ અને ૨-સકામમરણ. વિવેકરહિત તે અકામ. વિવેકસહિત તે સકામ. અકામમાં વિષયવાસનાની પ્રબલતા અને કષાયની પ્રધાનતા હોય છે, જે સકામમાં હોતી નથી. 'આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો' આ ભાવમાં રમનારા બાલ જીવો જીવનભર પાપપ્રવૃત્તિ કરે છે. મરણ સમયે 'હવે શું થશે?' તેવો પરિતાપ કરે છે; જ્યારે પંડિત કક્ષાના જીવોની દૃષ્ટિ સ્પષ્ટ હોય છે. શરીર અને આત્મા ભિન્ન છે. આત્મા વિશુદ્ધ અને આનંદમય છે. શરીર કર્મકૃત અશાશ્વત છે. સાધના માટે અસમર્થ શરીરના બંધનથી છૂટવાનો પ્રશસ્ત પ્રયાસ, તે જ સકામ મરણ છે, જેને ઈચ્છામૃત્યુ અને પંડિતમરણ પણ કહેવાય છે. અંતમાં બાલમરણ અને પંડિતમરણનાં પારલૌકિક ફળો બતાવ્યાં પછી આનુષાંગિક રીતે અનુત્તર વિમાનનું વર્ણન કરેલ છે.

**૬. ક્ષુલ્લક નિર્ગ્રન્થીય** નામનું છઠ્ઠું અધ્યયન માત્ર ૧૮ ગાથાનું છે. જેમાં શ્રમણોને નાની-મોટી અનેક હિતશિક્ષાઓ આપી છે. જેમકે, સાધુ જીવમાત્ર પ્રત્યે મૈત્રી કરે. પૂર્વસંબંધોને યાદ ન કરે. ન અપાયેલા એવા તણખલાને પણ ગ્રહણ ન કરે. પૂર્વકર્મનો ક્ષય કરવા માટે જ દેહનું પાલન કરે. લેપ જેટલો આહાર પણ બીજા દિવસ માટે રાખે નહિ. સ્વકર્મથી પીડિતને સ્વજનો પણ બચાવી શકતાં નથી. પરિગ્રહ નરકનું અને સંયમ એ વૈમાનિકદેવભવનું કારણ છે. માત્ર જ્ઞાનથી મુક્તિ માનનારા બાલકક્ષાના જીવો છે, જે

પરલોકમાં દુ:ખી જ થાય છે.'' જે વાતો જનસામાન્યને પણ ઉપકારક બને તેવી છે.

**૭. ઉરભ્રીય** નામના ૩૦ ગાથાના સાતમા અધ્યયનમાં પાંચ દૃષ્ટાંતો આપી વૈષયિક સુખો છોડવાની વાત કરી છે. પાંચેય દૃષ્ટાંતો હૃદયગ્રાહી છે. જેમ માલિકના આંગણે મહેમાનના જમણથી વધેલા અન્નને ખાઈને પુષ્ટ બનેલો બકરો સતત મહેમાનને ઈચ્છે છે, પણ તેને ખબર નથી કે એક દિવસ આવેલા મહેમાનના ભોજન માટે તેને જ મારીને માંસ પકાવવાનું છે; તેમ ઈન્દ્રિયોના ભોગોને ઈચ્છનારો ખરેખર તેનાથી આવનારી પોતાની નરકને જ ઈચ્છે છે. જેમ રૂપિયાના એંશીમા ભાગરૂપ કાકિણી ખાતર અજ્ઞાની માણસ એક હજાર સોનામહોર હારી જાય, અપથ્ય બનનારી કેરીને ખાઈને રાજા જેમ રાજ્યને ગુમાવે, તેમ માનવીય ભોગોને ભોગવીને મૂર્ખ જીવો દેવલોકના હજારગુણા ભોગોને ગુમાવે છે. મૂલધન લઈને વેપારે નીકળેલા ત્રણ વેપારીઓનું દૃષ્ટાંત ચોથા નંબરે છે. એક મૂલઘન ગુમાવે છે, એક માત્ર મૂલધન જ બચાવે છે, જ્યારે ત્રીજો અનેકગણો નફો મેળવે છે. મનુષ્યભવ રૂપી મૂલધનને પામેલા જીવોમાં માત્ર ભોગજીવન જીવનારા બાલ જીવો નરક પામે છે. મધ્યમ જીવો મનુષ્યભવ પામે છેઅને ઉત્તમજીવો યોગ સાધના દ્વારા દેવજીવન પામે છે.

પાંચમા દૃષ્ટાંત તરીકે ઘાસના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુને સમુદ્રના જળ સાથે સરખાવવું એ જેમ મૂર્ખાઈ છે; તેમ મનુષ્યના ભોગો ખાતર દેવતાઈ ભોગોને ગુમાવવા તે પણ મૂર્ખાઈ છે. ભોગથી યોગ તરફ અગ્રેસર કરવા જીવ વિશેષ માટે આ પણ એક શૈલી છે.

**૮. કાપિલીય.** સ્વયંબુદ્ધ શ્રી કપિલકેવળીએ ગાયેલાં ધર્મવચનો આ કાપિલીયનામના આઠમા અધ્યયનમાં ગુંથાયેલાં છે. જે વચનોના શ્રવણે ૫૦૦ ચોર પ્રતિબોધ પામી સંયમી બન્યા હતા. કઈ રીતે હું દુર્ગતિગામી ન બનું? આ પ્રશ્નના જવાબરૂપે ૨૦ ગાથા દ્વારા સાધ્વાચારનું વર્ણન કરાયું છે. પરિગ્રહ અને કષાયોનો સાધુ ત્યાગ કરે. અહિંસાદિ ધર્મને વરેલા શ્રમણો જ સંસાર સાગરને તરે. સામુદ્રિકશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, અંગસ્ફૂરણ આદિ મિથ્યાશ્રુતનો પ્રયોગ કરનાર સાધુ, સુસાધુ નથી કહેવાતા, તેઓ દુર્ગતિ પામે છે. આવી અનેક વાતો અહીં સ્પષ્ટ શબ્દોમાં કહી છે.

૯. નમિપ્રવ્રજ્યા. જાતિસ્મરણથી રાજા નમિ વૈરાગ્ય પામ્યા. પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. વિલાપ અને આક્રંદ કરતી મિથિલાના મોહને જીતીને આગળ વધ્યા. નખશીખ વિરક્ત નમિરાજર્ષિને બ્રાહ્મણવેશે ઈન્દ્રમહારાજાએ અનેક પ્રશ્નો પૂછ્યા. પરીક્ષકવૃત્તિથી પુછાયેલા તે પ્રશ્નોના સચોટ અને સાત્ત્વિક ઉત્તરો નમિરાજર્ષિએ આપ્યા. સંતુષ્ટ ઈન્દ્રે પ્રત્યક્ષ થઈ ભાવભીની સ્તુતિ કરી. મુનિવર સંયમમાર્ગે વધુ દૃઢ થયા. ૬૨ શ્લોક દ્વારા વર્ણિત આ કથામાં ખાસ તો પ્રશ્નોતરી, અધિકાર મુજબ અચુક વાચવા-સાંભળવા જેવી છે. દર્શન નિર્મળ બનશે, વૈરાગ્ય દૃઢ થશે અને સંયમ નિર્મળતા પામશે, તે ચોક્કસ!

**૧૦ દ્રુમપત્રક.** જૈનશાસનમાં પ્રસિદ્ધ એવી **'સમયં ગોયમ! મા પમાયએ'** આ ધ્રુવપંક્તિ આ અધ્યયનની પ્રત્યેક ગાથાના અંતિમચરણમાં છે. શ્રી વીર પરમાત્મા સ્વયં શ્રી ગૌતમ મહારાજાને ઉદ્દેશીને કહે છે કે, **'હે ગૌતમ! એક ક્ષણનો પણ પ્રમાદ કરવા જેવો નથી.'** કારણ જણાવતાં પ્રભુએ ૩૯ ગાથામાં અનેક માર્મિક વાતો કરી છે.

૧. વૃક્ષના પાનની જેમ મનુષ્ય જીવન એક દિવસ ખરી જવાનું છે.

૨. ધર્મહીન જીવોને ફરી મનુષ્યભવ લાંબેગાળે પણ મળવો દુર્લભ છે.

૩. એકેન્દ્રિયભવમાં ગયેલા જીવને અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી બહાર આવવું મુશ્કેલ છે.

૪. નિગોદમાં ગયા પછી અનંતકાળ સૂધી ભૂલી જવાનું કે ફરીથી માનવનો ભવ મળે!

૫. માનવનો ભવ મળશે તો પણ આર્યત્વ, પંચેન્દ્રિયપરિપૂર્ણતા, તત્ત્વશ્રવણ, સુદેવાદિની પ્રાપ્તિ, તત્ત્વશ્રદ્ધા અને ધર્મનું અપ્રમત્ત આચરણ વધું ને વધું દુર્લભ છે.

પ્રમાદ છોડી અપ્રમત્ત બનવાનો શ્રી ગૌતમ મહારાજાને ઉદ્દેશીને અપાયેલો આ ઉપદેશ પ્રત્યેક સાધકોને માટે ઉપકારક છે, આ વાત ધ્યાન બહાર ન જવી જોઈએ.

# ૫૨

## ઉત્તરાધ્યયનસૂત્ર ૩

૧૧. **બહુશ્રુતપૂજા** - જ્ઞાન મેળવવા વિનીત બનવું આવશ્યક છે. ક્રોધ, પ્રમાદ, રોગ, આળસ અને સ્તબ્ધતા (માન) છોડી વિનીત બનેલો જ બહુશ્રુતતાનો પૂરો અધિકારી છે. પ્રારંભમાં આ ભૂમિકા કરીને શિક્ષાશીલના આઠ ગુણો અને અવિનીતના ચૌદ અવગુણો કહ્યા છે.

ત્યાર પછી અંતિમ ૩૨મા શ્લોક સુધી ક્રમશ: પ્રધાન અશ્વ, બળવાન હાથી, વર વૃષભ, વનરાજ સિંહ, ત્રિખંડાધીશ વાસુદેવ, ષડ્ખંડાધિપતિ ચક્રવર્તી, વજ્રાયુધ શક્રેન્દ્ર, જાજ્વલ્યમાન સૂર્ય, પૂનમનો ચંદ્ર, ધાન્યપરિપૂર્ણ કોઠાર, અમૃતફલદાયી જંબૂવૃક્ષ, સાગરને મળતી પૂર્ણ નદી, ઉત્તુંગ મેરુ, અસીમ સ્વયંભૂરમણ સમુદ્ર આ બધા જેવી મહાનતા આ બહુશ્રુત મહાપુરુષોમાં હોય છે, તે વાત વિસ્તારથી કહી છે. આ અધ્યયનના પરિશીલનથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે જ્ઞાની બનવું એ પ્રત્યેક સાધુનું પ્રથમ અને પ્રધાન ધ્યેય હોવું જોઈએ.

૧૨. **હરિકેશીય** - ચંડાલવંશમાં ઉત્પન્ન થયેલા, ઉત્કૃષ્ટ જ્ઞાનાદિગુણોને ધરનારા, જિતેન્દ્રિય એવા હરિકેશબલ નામના મુનિવરનો જીવનપ્રસંગ અહીં ૪૭ ગાથામાં વર્ણવાયો છે. એકવાર આ મુનિ બ્રાહ્મણોના યજ્ઞમંડપમાં ભિક્ષાએ ગયા. મુનિગુણોને નહિ જાણનારા અને સ્વધર્મથી ગર્વીષ્ઠ બનેલા બ્રાહ્મણોએ મુનિવરની બહુ વિડંબણા કરી. સમભાવી મુનિવર પ્રત્યેની ભક્તિથી યક્ષદેવે તેઓને શિક્ષા કરી. રાજ પુત્રી ભદ્રાએ તે મુનિના ગુણોનું વર્ણન કરી બધાને શાંત કર્યા. આશાતનાનું કટુ ફળ જણાવી માફી મંગાવી.

ભક્તિથી મુનિને પ્રતિલાભ્યા પછી 'આ યજ્ઞ પાપકર્મ છે તો પાપકર્મથી બચવા અમે શું કરીએ ?' તેવી જિજ્ઞાસા વ્યક્ત કરી. ઉત્તરરૂપે મુનિવરે ભાવયજ્ઞનું નિરૂપણ કર્યું.

જીવ એ અગ્નિસ્થાન - કુંડ છે. બાહ્ય-અભ્યંતર તપ એ અગ્નિ છે. કર્મ એ કાષ્ઠ છે. મન-વચન-કાયારૂપ યોગ કડછી છે. તેના વ્યાપારો ઘીના સ્થાને છે. શરીર સ્વયં છાણ છે. ઉચ્ચ સંયમ શાંતિપાઠના સ્થાને છે. આ ભાવયજ્ઞને જ ઋષિઓએ પ્રશસ્ત માન્યો છે.

૧૩. **ચિત્તસંભૂતીય** - ચિત્ર અને સંભૂતિ. તે બે સગાભાઈઓના છ ભવનો સંબંધ અહીં બતાવ્યો છે. દીક્ષિત થયેલા બંને મુનિવરોએ ઉત્કૃષ્ટ તપ સાધના કરી, નિમિત્તવશ સંભૂતિમુનિએ તપનું નિયાણું કર્યું. તપધર્મને વેચ્યો અને બદલામાં ચક્રવર્તી પદવી માંગી. જ્યારે ચિત્રમુનિવરે અંત સમય સુધી નિર્મળ સંયમ સાધના કરી. પરિણામે સંભૂતિમુનિ બ્રહ્મદત્તચક્રીનો ભવ કરી ૭મી નરકે ગયા. જ્યારે ચિત્રમુનિ બીજા જ ભવે મોક્ષ પામ્યા.

૩૫ ગાથાના આ અધ્યયનમાં ચાર વાત એકદમ યાદ રાખવા જેવી છે. ૧. સંસારના લોભામણા નિમિત્તોથી સાધકે હંમેશા દૂર રહેવું. ૨. સાધનાના બદલામાં ભૌતિક સામગ્રી માગવાસ્વરૂપ નિયાણું ન કરવું. ૩ - નિયાણું કરનારને કોઈ ઉપદેશ અસર કરતો નથી. ૪. નિયાણાથી પ્રાપ્ત ભોગસામગ્રી દુર્ગતિ આપ્યા વિના રહેતી નથી.

૧૪. **ઈષુકારીય** - રાજા ઈષુકાર. રાણી કમલાવતી. પુરોહિત ભૃગુ. યશા પત્ની. બે પુત્રો. એમ ૬ પુણ્યાત્માની વૈરાગ્યમય કથા અહીં આલેખાયેલી છે. પૂર્વભવમાં કરેલી આરાધના બીજા ભવમાં અવશ્ય આગળ વધારે છે. તે વાત તેઓના જીવનમાં જોવા મળે છે. પરસ્પર તેઓએ કરેલી ધર્મચર્ચા તર્કબદ્ધ, તાત્ત્વિક અને વૈરાગ્યોત્પાદક છે. એક વાત નક્કી છે કે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામનારને એકથી લાખ પ્રલોભનો સંસારમાં બાંધી શકતા નથી.

૧૫. **સભિક્ષુ** - સદ્‌ભિક્ષુ, સાચો ભિક્ષુ એટલે સભિક્ષુ. સાધુ જીવન સદ્‌ગુણોથી મંડિત હોય ત્યારે સભિક્ષુતા પ્રગટે છે. આ અધ્યયનની ૧૬ ગાથામાં સભિક્ષુના અનેક ગુણોનું શબ્દચિત્ર રજૂ કર્યું છે. મંત્ર, જડીબુટ્ટી વગેરે

ઉપચારોનો ઉપયોગ કરવો તથા વમન, વિરેચન, ધૂપ દેવો અગર ધુમાડો પીવો, અંજન બનાવવું, સ્નાન કરાવવું વગેરે ક્રિયાઓ ન કરે તે સાધુ કહેવાય છે. ક્ષત્રિય, ગણ, ઉગ્ર, રાજપુત્ર, બ્રાહ્મણ, ભોગી અને શિલ્પીઓની પૂજા-પ્રશંસા ન કરે તે સાધુ કહેવાય છે. આ તો દિશાસૂચન છે.

૧૬. **બ્રહ્મચર્ય સમાધિસ્થાન** - ગદ્ય અને પદ્ય એમ ઉભયશૈલી છે. જેમાં સાધુએ બ્રહ્મચર્યની રક્ષા માટે ૧૦ સ્થાનોનો ત્યાગ કરવાનો કહ્યો છે. ૧. સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત વસતિનું સાધુ સેવન કરે. ૨. સ્ત્રીકથાનો ત્યાગ કરે. ૩- સ્ત્રી સાથે એક આસને ન બેસે. ૪. સ્ત્રીઓનું દર્શન, સ્મરણ કે ચિંતન ન કરે. ૫. આજુ-બાજુ કે પડખે રહીને સ્ત્રીના શબ્દોનું શ્રવણ ન કરે. ૬. ભોગવેલા ભોગોનું પુનઃસ્મરણ ન કરે. ૭. ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો ન વાપરે. ૮. અતિમાત્રામાં આહાર ન કરે. ૯. શરીરની વિભૂષા ન કરે. ૧૦. સ્ત્રીના શબ્દ, રૂપ, રસ, ગંધ કે સ્પર્શમાં આસક્તિ ન કરે. આ દસ બાબતોમાં કાળજીવાળો સાધુ શુદ્ધ બ્રહ્મચર્ય પાળી શકે.

૧૭. **પાપશ્રમણીય** - આગમ ન ભણે તે પાપશ્રમણ. ખાઈ-પીને મઝેથી સૂવે તે પાપશ્રમણ. આચાર્યાદિની નિંદા કરે તે પાપશ્રમણ. ગુરુવર્ગની સેવા ન કરે તે પાપશ્રમણ. પરસ્પર કષાયોની ઉદીરણા કરે તે પાપશ્રમણ. સ્વચ્છંદ બની ગુરુ-ગચ્છ છોડે તે પાપશ્રમણ. શુભા-શુભ નિમિત્તના કથનથી ગૃહસ્થોના કામ કરે તે પાપશ્રમણ. આ અધ્યયનમાં 'પાપશ્રમણ' શબ્દ દ્વારા ચોયણા કરીને સાધુને 'નિર્જરાશ્રમણ' - 'ધર્મશ્રમણ' બનાવવાની જ પ્રભુએ ભાવ કરુણા કરી છે.

૧૮. **સંયત** - કાંપિલ્ય નગરીના રાજા સંજયને પ્રસંગોપાત્ત મુનિદર્શન થયું. શિકારશોખને વશ રાજાએ મુનિઉપદેશ સાંભળીને રાજ્યનો ત્યાગ કરી દીક્ષા લીધી. ગીતાર્થ બન્યા. વિહારમાર્ગે અન્ય ક્ષત્રિયમુનિનો ભેટો થયો. જેમણે ક્રિયાવાદી, અક્રિયાવાદી વગેરે મિથ્યા ધર્મો એકાન્તિક અને અસત્ય ભાષણ કરનારા છે. તેવું પ્રભુ મહાવીર કહે છે, તે વાત સમજાવી સંયમપ્રધાન જિનધર્મમાં વધુ સ્થિર કર્યા. આ કથાવસ્તુ અંતર્ગત અનેક ચક્રવર્તીઓ, રાજવીઓના સંસાર ત્યાગની વાતો પણ ૫૪ ગાથામાં કરી છે.

## ૫૩

# ઉત્તરાધ્યયનસૂત્ર ૪

ત્રીજા લેખમાં ૧૮ અધ્યયન સુધી વાતો કરી. હવે આગળ.

૧૯. **મૃગાપુત્રીય.** મહેલના ઝરુખે બેઠેલા મૃગાપુત્રને રાજમાર્ગ પર પસાર થતાં શાંતમૂર્તિ મુનિનાં દર્શન થયાં. જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવમાં માણેલું સંયમજીવન યાદ આવ્યું. વૈરાગ્ય પ્રગટ્યો. માતા-પિતાની સંમતિ માગી. 'સંયમજીવનનાં કષ્ટો સામે તારું શરીર તો જો, તારું કામ નહિ' આ વાતે સંમતિ ના આપતાં મા-બાપને તેમણે યુક્તિપુરસ્સર સમજાવ્યાં. અનુમતિ મળતાં સંયમ પામી મુક્તિ સાધી'. સાચું કહીએ તો ૯૯ ગાથાના આ અધ્યયનની વાતો ક્રમશઃ રાગીને વિરાગી, ત્યાગી અને પ્રવર સંયમી બનાવનાર છે.

૨૦. **મહા-નિર્ગ્રંથીય.** ૬૦ ગાથામાં અનાથીમુનિ અને શ્રેણિક મહારાજાનો અચાનક થયેલો ભેટો, વાર્તાલાપ અને અનાથીમુનિએ આપેલ ઉપદેશની વાતો છે. અનાથ અને સનાથનું વાસ્તવિક સ્વરૂપ આંખ સામે આવવાથી મહારાજા શ્રેણિકે અનાદિ મિથ્યાત્વનો ત્યાગ કર્યો, નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યુ. 'માત્ર સાધુવેશથી કલ્યાણ નથી' તેવી જે વાત દશ ગાથામાં કરી છે, તે વાત પ્રત્યેક સાધુએ આત્મમંથન કરવા પ્રાયોગ્ય છે.

૨૧. **સમુદ્રપાલીય.** અહીં ફાંસીએ લઈ જવાતા ગુનેગારને જોઈને વૈરાગ્ય પામનારા સમુદ્રપાલની કથા છે. બીજા દ્વારા થતાં પૂજા-સત્કારમાં ગર્વ ન કરે, નિંદા-ટીકામાં દીનતા ન કરે; આવી નાની-મોટી અનેક હિતશિક્ષા ૨૪ ગાથાનાં આ અધ્યયનમાં કરવામાં આવી છે.

૨૨. **રથનેમીય.** શ્રી અરિષ્ટનેમિ પરમાત્માના નાનાભાઈ રથનેમિ અને શીલવતી રાજીમતીનો સંવાદ, આ અધ્યયનની ૪૯ ગાથાનો વિષય છે. નિમિત્ત પામીને સ્ખલિત થયેલા રથનેમિને રાજીમતી સાધ્વીએ કઠોર વચનોથી અંકુશથી હાથીની જેમ ચરિત્રમાં સ્થિર કર્યા. "તું રૂપથી વૈશ્રમણ હોય, લાલિત્યથી નલકુબેર હોય કે સાક્ષાત્ ઈન્દ્ર હોય તો પણ હું તને નથી ઈચ્છતી. વમેલાને ચાટનાર તને ધિક્કાર થાઓ. આપણા ઉત્તમ કુળનો તો વિચાર કર! અગંધનકુળના સાપ પણ વમેલા ઝેરનું પુન: પાન નથી કરતા. તું એનાથી પણ ગયો. મહામહિમ શ્રામણ્યનું ફળ તું ગુમાવીશ, વિચાર!" આ વચનો અધૃતિમાં અટવાતા સંયમીઓને માટે રામબાણ ઈલાજ જેવા છે.

૨૩. **કેશિગૌતમીય.** ભગવાન શ્રી પાર્શ્વનાથની પરંપરાના આચાર્ય કેશી ગણધર અને ભગવાન શ્રી મહાવીરસ્વામીના પટ્ટશિષ્ય ગૌતમસ્વામી ગણધર. બંને વચ્ચે થયેલો ધર્મસંવાદ આ અધ્યયનની ૮૯ ગાથામાં વર્ણવાયો છે. તેઓની પરસ્પરની નમ્રતા અને સરળતા અહીં જોવા મળે છે. વિનયપૂર્વકની તત્ત્વજિજ્ઞાસા અને આશ્રિતોના હિતખાતર સત્યનો સ્વીકાર, આ બે પાસાથી શ્રીકેશીકુમાર શ્રમણની મહાનતા હૈયાસ્પર્શી બની છે, એકવાત અહીં સ્પષ્ટ થાય છે કે, કાળની વિષમતાથી જીવોની પ્રજ્ઞા જેમ જેમ ઘટે અને દોષો વધે; તેમ તેમ ધર્મમર્યાદાઓ વધુને વધુ સ્પષ્ટ અને સખ્ત કરવી.

૨૪. **પ્રવચનમાતા.** પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ ૨૭ ગાથામાં છે. દ્વાદશાંગીરૂપ સંપૂર્ણ પ્રવચનનો સમાવેશ આ આઠ માતામાં થાય છે. આલંબન, કાળ, માર્ગ અને યતના એમ ચાર કારણે સાધુ વિહાર કરે. વિહારમાં ચાલતાં ચાલતાં વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પંચવિધ સ્વાધ્યાયનો ત્યાગ કરે. આ આઠ માતાનું સારી રીતે પાલન, કરે તે પંડિતમુનિ સંસારથી જલ્દી મુક્ત થાય છે.

૨૫. **યજ્ઞીય.** બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રી જયઘોષમુનિ અને વિજયઘોષ બ્રાહ્મણની વચ્ચે યજ્ઞની વાસ્તવિકતા અને યથાર્થયજ્ઞ સંબંધી સંવાદ ૪૪ ગાથામાં છે. મસ્તક મુંડાવાથી કોય શ્રમણ નથી બનતુ , ૐકારના જાપથી કોઈ બ્રાહ્મણ નથી બનતું, અરણ્યના વાસથી કોઈ મુનિ નથી બનતું અને વલ્કલ ધરવાથી કોઈ તપસ્વી નથી બનતું. સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી

બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી બનાય છે. જીવ કર્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર બને છે. આ વાતો અત્યંત માર્મિક રીતે કહેવાઈ છે.

૨૬. **સામાચારી.** જે સામાચારીને પાળીને અનેક શ્રમણો મોક્ષે ગયા છે, જાય છે અને જશે, તે સામાચારી હું કહીશ. 'આ પ્રતિજ્ઞાનુસાર આ અધ્યયનની ૫૩ ગાથા દ્વારા દશવિધ સામાચારી અને દૈનિક-રાત્રિક સામાચારી એટલે જ સાધુ-સાધ્વીની દિનચર્યાનું વર્ણન કર્યું છે. સાથોસાથ પડિલેહણના દોષ, ગોચરીના ૬ કારણ, ભિક્ષાત્યાગનાં ૬ કારણ વગેરે ઉપયોગી વિષયો પણ વણી લીધાં છે.

૨૭. **ખલુંકીય.** મારકણો દુષ્ટ બળદ. ગાડામાં જોડાયેલા -સરળ બળદનું દૃષ્ટાંત આપી ૧૭ ગાથામાં ગચ્છવાસી શિષ્યોનો પરિચય આપ્યો છે. અલ્લડ અને અક્કડ બળદ, ગાડાના ધૂંસરાને તેમજ માલિકને નુકશાન પહોંચાડે, જ્યારે સરળ બળદ માલિકની ઈચ્છાનુસાર પરગામ પહોંચે છે. સુયોગ્ય આચાર્ય ભગવંત પાસે પણ શિષ્ય બે પ્રકારના હોય છે. ૧-અવિનીત શિષ્યોને ગુરુ કાંઈ કહી શકે નહિ, કહે તો તે સાંભળે નહિ અને આચાર્યથી લઈ શાસનને નુકશાન કરે. ૨- વિનીત શિષ્યો કહ્યું કરીને ગુરુને સંતોષ આપે. અવસરે ગુરુના હિતમાં પણ કારણ બને. આ વાતે શ્રીગર્ગાચાર્યનું દૃષ્ટાંત આપી, શિષ્યને વિનીત બનવાની સલાહ આપી છે.

૨૮. **મોક્ષમાર્ગગતિ.** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ દર્શાવતા આ અધ્યયનમાં શ્રુત વગેરે પાંચ જ્ઞાન, ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યો, જીવના જ્ઞાનાદિ છ લક્ષણો, દશવિધ સમ્યક્ત્વ, સામાયિક આદિ પાંચ ચારિત્ર, બાર પ્રકારનો તપ; આ રીતે અનેક રીતે મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવ્યું છે. માત્ર ૩૬ ગાથામાં એક રીતે પૂરા ધર્મશાસનને સમાવ્યું છે.

# ૫૪

## ઉત્તરાધ્યયનસૂત્ર ૫

**૨૯. સમ્યક્ત્વપરાક્રમ.** ગદ્યશૈલીમાં ગુંથાયેલા આ અધ્યયનમાં ૭૩ સ્થાનોનું વર્ણન છે. ટૂંકો પ્રશ્ન અને તુરંત ઉત્તર. આ શૈલી અધ્યયનની આગવી વિશેષતા છે. આ અધ્યયન એક ગ્રંથ છે. જેનાં ૭૩ સ્થાનો સાધનાનો માર્ગ દેખાડે છે. સાધનાની ઈચ્છા જન્માવે છે. સાધનાનું ફળ દર્શાવી સાધકને ફળપ્રાપ્તિની અપેક્ષા જન્માવે છે. તે દ્વારા જ ફળસિદ્ધિ સુધી આનાં વચનો ચાલકબળ બની રહે તેવાં છે.

**૩૦. તપોમાર્ગગતિ.** છ બાહ્ય અને છ અભ્યંતર તપનું સ્વરૂપ અને પેટાપ્રકારો બતાવનારું આ અધ્યયન છે. જેની ૩૭ ગાથા છે. આ અધ્યયનની વાતો અનુકૂળતામાં ધર્મ શોધનારા અને ધર્મમાં અનુકૂળતા શોધનારા ભવાભિનંદી આત્માઓના ગાલે જોરદાર તમાચા રૂપ છે, તપ એ પ્રતિકૂળતા છે, ચોક્કસ! પણ પ્રતિકૂળતામાં જ ધર્મ છે, એ ભુલાવું ન જોઈએ.

**૩૧. ચરણવિધિ.** 'હું ચરણવિધિ કહીશ, જે જીવને સુખ કરનારી છે.' એમ કહીને આ અધ્યયનની શરૂઆત થઈ છે. પછી તો અસંયમથી બચવા અને સંયમમાં અપ્રમત્ત બનવા માટે કરવાયોગ્ય દરેક વાતો લખી છે. એકથી લઈને તેત્રીશ સ્થાનો જે પગામ સિજ્ઝાસૂત્રમાં છે તે જ અહીં ૨૧ ગાથામાં નામોલ્લેખપૂર્વક દર્શાવ્યાં છે.

**૩૨. પ્રમાદસ્થાનીય.** આ અધ્યયન ૧૧૧ ગાથાનું છે. શબ્દાદિ વિષયોનો ત્યાગ, એ જ અનાદિકાલીન સર્વદુ:ખોથી છુટકારો મેળવવા માટેનો ઉપાય

છે. સંસાર કર્મથી સર્જાય છે. કર્મ રાગ-દ્વેષથી બંધાય છે અને ઈન્દ્રિયોના શબ્દાદિ પાંચ વિષયો રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. પરિણામે શબ્દાદિ એ જ સંસારનું મૂળ છે. તેથી અહીં વિષયોનું સ્વરૂપ, પ્રકારો અને વિપાક બતાવી, તેનો ત્યાગ કઈ રીતે કરવો, તેનું ખાસ માર્ગદર્શન આપેલું છે.

**૩૩. કર્મપ્રકૃતિ.** ૨૫ ગાથામાં કર્મની આઠ પ્રકૃતિ અને અનેક પેટા પ્રકૃતિના મૂળસ્વરૂપનો પરિચય આપ્યો છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એમ ચારેય ભેદોથી કર્મોના બંધની વિચારણાના અંતે નહિ ગ્રહણ કરેલા કર્મોના નિરોધરૂપ સંવરમાં અને પૂર્વે ગ્રહણ કરેલા કર્મોની નિર્જરારૂપ ક્ષયમાં પ્રયત્ન કરવો જોઈએ, તે ઉપદેશ આપ્યો છે.

**૩૪. લેશ્યા.** કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે. તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યા પ્રશસ્ત છે. આ અધ્યયનની ૬૧ ગાથામાં નામ, વર્ણ આદિ અગ્યાર દ્વારોથી છ લેશ્યાઓ સમજાવી છે. જેમાં લક્ષણ દ્વાર અતિમાર્મિક છે. જેના દ્વારા સાધક પોતાની લેશ્યા, પોતાની વર્તમાન ભૂમિકા અને પોતાનું ભવિષ્ય કલ્પી શકે છે. અહીં પદાર્થનું નિરૂપણ એવી રીતે કરાયું છે કે, જેનું અધ્યયન કરીને જીવો પોતે જ સ્વ હિતાહિત સમજી શકે છે.

**૩૫. અણગાર.** અણગાર બનેલા સાધુના ગુણોનું ૨૧ ગાથામાં વર્ણન છે. હિંસાદિ છોડે, ક્રોધાદિ છોડે, વિષયોથી ભરપૂર વસતિ છોડે, પોતાના માટે બનાવેલા આહારાદિ છોડે, ખરીદી-વેચાણનો ધંધો છોડે, ભોજનમાં લાલસા છોડે, સન્માનની ઈચ્છા છોડે, શરીરના સંસ્કાર છોડે, ધર્મનું નિયાણું છોડે, દ્રવ્યાદિનો પ્રતિબંધ છોડે, વધું તો શું કહીએ, અણગાર સાધુ સંલેખનાદિ દ્વારા શરીર છોડે અને અભ્યંતર પુરુષાર્થથી કર્મ છોડે. પરિણામે દુઃખથી બચે, શાશ્વત સુખ પામે, આ રીતે આખો ત્યાગમાર્ગ અદ્‌ભુત રીતે વર્ણવાયો છે.

**૩૬. જીવાજીવવિભક્તિ.** સૌથી વિસ્તૃત ૨૬૯ ગાથાનું અંતિમ આ અધ્યયન. જીવતત્ત્વ અને અજીવતત્ત્વની અહીં વિસ્તૃત સમજ આપવામાં આવી છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ દરેક વિચારણા થઈ છે. દ્રવ્યાનુયોગના આ પદાર્થો સમ્યક્ત્વનું કારણ બને છે.

ઉત્તરાધ્યયન સૂત્રનાં ૩૬ અધ્યયનોના જૂજ ભાવો કહ્યા. વાચક યાદ રાખે

કે, આ આગમમાં ક્યાંક શબ્દોમાં કડકાઈ ભરી છે. છતાં એમાં ભારોભાર મહાકરુણાનાં દર્શન થાય છે. આવી હિતકર પ્રવૃત્તિને જ ચિંતકો સૂંઠ અને ગોળનો સમન્વય કહે છે, જે હિતકારી જ બને.

## ઉત્તરાધ્યયનસૂત્રની વાણીના અંશો

❄ **जहा पउमं जले जायं नोवलिप्पई वारिणा ।**
**एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ।।२५-२६।।**
પાણીમાં ઉત્પન્ન થયેલું કમળ જેમ પાણીમાં લેપાતું નથી તેમ કામ-ભોગની વચ્ચે જન્મ પામ્યા પછી જે સાધુ તેમાં લેપાતા નથી તેને જ અમે સાચા બ્રાહ્મણ કહીએ છીએ.

❄ **समयाए समणो होई, बंभचेरेण बंभणो ।**
**नाणेण य मुणी होई, तवेणं होइ तावसो ।।२५-३१।।**
સમતાથી શ્રમણ થાય. બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થાય, જ્ઞાનથી મુનિ થાય અને તપથી જ સાધક તાપસ થાય છે.
**जहा सूई ससुत्ता पडिआवि न विणस्सइ ।**
**तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ ।।२९-३१।।**
જેમ દોરાથી બંધાયેલી સોય ખોવાતી નથી, તેમ સૂત્ર-શ્રુતથી સહિત જીવ સંસારમાં ભૂલો પડતો નથી.

❄ **वेयावच्येणं भंते! जीवे किं जणयई ?**
**वेय़ावच्चेणं तित्थयरनामगोअं कम्मं निबंधई ।।२९-४५।।**
હે ભગવંત! વેયાવચ્ચ વડે જીવ શું મેળવે છે? વેયાવચ્ચવડે જીવ તીર્થંકરનામ કર્મ બાંધે છે.

❄ **जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई ।।८-१७।।**
જેમ જેમ લાભ તેમ લોભ. લાભથી લોભ વધતો જ જાય છે.

❄ **धोरा मुहुत्ता अबलं शरीरं, भारंडपक्खी व चरेऽप्पमत्ते ।।४-६।।**
સમય ભયંકર છે. શરીર નિર્બળ બનતું જાય છે. સમયસર ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત બની જા.

૫૫

# ઓઘનિર્યુક્તિ સૂત્ર

ચાર મૂળસૂત્રોમાં અંતિમ મૂળસૂત્ર ઓઘનિર્યુક્તિસૂત્ર અને પિંડનિર્યુક્તિસૂત્ર ગણાય છે. તે બંને સ્વતંત્ર ગ્રંથ છે. તેથી સ્વતંત્ર લેખ દ્વારા ઓળખીશું.

ઓઘથી એટલે સંક્ષેપથી. જેમાં સાધુજીવનને લગતી વાતો સંક્ષેપમાં કરી છે તે ઓઘનિર્યુક્તિ સૂત્ર. ૮૧૧ ગાથા આ સૂત્રમાં છે. ચૌદપૂર્વધર પૂ.આ.શ્રી. ભદ્રબાહુસ્વામીજી ભગવંત રચયિતા છે. પ્રત્યાખ્યાનપ્રવાદ નામના નવમા પૂર્વના વીશમા ઓઘપ્રાભૃતમાં રહેલી ઓઘ, પદવિભાગ અને ચક્રવાલ નામની ત્રણ સામાચારીમાંથી ઓઘ સામાચારીનું અહીં સંકલન કરાયેલું છે. આ આગમ ઉપર પૂ.આ.શ્રી. દ્રોણાચાર્યશ્રીજીએ ટીકા રચેલ છે.

સંયમજીવનના પ્રથમ દિવસથી જ આ આગમનું જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી અધ્યયન શરૂ થાય છે. અહીં શું ખાસ છે, વિશેષ છે તે તારવવું સરળ નથી. છતાં સાધુજીવનનું આબેહૂબ ચિત્રણ કરનાર આ આગમ અજોડ છે... બેનમૂન છે.

૧- પ્રતિલેખના દ્વાર, ૨-પિંડ દ્વાર, ૩-ઉપધિ દ્વાર, ૪-અનાયતન વર્જન દ્વાર, ૫-પ્રતિસેવના દ્વાર, ૬-આલોચના દ્વાર, ૭-વિશુદ્ધિદ્વાર. ઓઘનિર્યુક્તિ ગ્રંથ આ સાત દ્વારમાં ગુંથાયેલો છે, તેથી હાલપૂરતી ફક્ત એ દ્વારો અંગે વાત કરીએ.

**૧. પ્રતિલેખના દ્વાર:** ગાથા ૪થી ગાથા ૩૩૦ સુધી પ્રથમ દ્વાર છે. જેમાં પ્રતિલેખક સાધુ, બે પ્રકારની પડિલેહણા અને પાંચ પ્રકારની પડિલેહણ યોગ્ય વસ્તુ, એમ ત્રણની સમજ આપી છે. પ્રતિલેખક સાધુની વિચારણા કરતાં સાધુને એકાકી થવાનાં કારણો, વિહારની વિધિ, વસતિના ગુણો, શય્યાતર સંબંધિ વિવેક, શુકનપૂર્વક વિહાર અને સંકેત વગેરે ૬ દ્વારો કહ્યા છે. કેવળીની અને છદ્મસ્થની એમ બે પ્રકારની પડિલેહણા છે. તે બંનેમાં દ્રવ્ય અને ભાવ એમ બે-બે પ્રકાર હોય છે. પડિલેહણ યોગ્ય પાંચ પ્રકારમાં ક્રમશઃ સ્થાન, ઉપકરણ, સ્થંડિલ, અવષ્ટંભ, માર્ગ એમ બતાવ્યા છે.

**૨. પિંડદ્વાર:** ૩૩૧ થી ૬૬૫ સુધીની ગાથા દ્વારા ત્રણ પ્રકારના પિંડ અને ત્રણ પ્રકારે તેની એષણા બતાવી છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર પિંડના પેટા ભેદ તરીકે પૃથ્વીકાયાદિ પાંચ, બેઈન્દ્રિયાદિ ચાર, લેપપિંડ એમ દશ ભેદ પણ કહ્યા છે. લેપપિંડ અંતર્ગત પાત્રલેપ ક્યારે, કઈ રીતે કરવો તેનું વર્ણન છે. દ્રવ્યપિંડની વાત કર્યા પછી પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારના ભાવપિંડની વાત કરી છે. ગવેષણા, ગ્રહણ એષણા અને ગ્રાસ એષણારૂપ ત્રણ એષણાનું સ્વરૂપ પિંડનિર્યુક્તિમાં વિસ્તારથી કહેવાયું છે.

**૩. ઉપધિદ્વાર:** ૬૬૬ થી ૭૬૨ સુધીની ગાથામાં ઉપધિની વાતો છે. દ્રવ્યથી શરીરને અને ભાવથી સંયમને ઉપકાર કરે તે ઉપધિ. અહિં ૧- ઓઘઉપધિ અને ૨- ઉપગ્રહ ઉપધિ જણાવી છે. નિત્યધારણ કરાય તે ઓઘ. કારણે ધારણ કરાય તે ઉપગ્રહ. સંખ્યાથી સાધુ માટે ૧૪ અને સાધ્વી માટે ૨૫ પ્રકારની ઉપધિ હોય છે. ઉપધિ અને ઉપકરણ એક જ છે.

**૪. અનાયતન-વર્જન દ્વાર**: ૭૬૩ થી ૭૮૬ સુધીમાં આ દ્વાર છે. સાધુએ અનાયતનનાં સ્થાન છોડીને આયતનનાં સ્થાન સેવવાં જોઈએ. અનાયતન દ્રવ્ય અને ભાવ એમ બે છે. રૂદ્ર લોકોનાં ઘર વગેરે દ્રવ્ય અનાયતન. ભાવ અનાયતનમાં વેશ્યા, દાસી, તિર્યંચો, ચારણો આદિ રહેલા હોય, સ્મશાન, શિકારી, સિપાઈઓ આદિ હોય અને લોકમાં નિંદનીય સ્થાન હોય તે લૌકિક ભાવ અનાયતન છે. જ્યાં રત્નત્રયીની હાનિ થાય તેવા કુશીલ સાધુ આદિ હોય તે લોકોત્તર ભાવ અનાયતન છે, તે દૂરથી જ છોડવાનાં છે.

**૫. પ્રતિસેવના દ્વાર:** ૭૮૭,૭૮૮,૭૮૯ એમ ત્રણ જ ગાથામાં આ દ્વાર બતાવ્યું છે. મલિન, ભંગ, વિરાધના, સ્ખલના, ઉપઘાત, અશુદ્ધિ અને સબલીકરણ શબ્દો પ્રતિસેવના અર્થને સૂચવે છે. ચારિત્રનું પાલન કરતાં જે જે વિરુદ્ધ-દોષિત આચરણ થાય તે પ્રતિસેવના કહેવાય. જેમાં હિંસાદિ, શબ્દાદિ, ક્રોધાદિ, મન-વચન-કાયાનો દંડ વગેરે કારણો હોય છે. શરીર પ્રત્યે નિર્મમ અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી અપ્રતિબદ્ધ જીવો પ્રતિસેવનાથી બચી શકે છે. નિર્મણ સંયમ જીવી શકે છે.

૬. **આલોચના દ્વાર:** ૭૯૦ થી ૭૯૨ ની ત્રણ ગાથામાં પ્રતિસેવનાની આલોચના સંબંધી વિધિ બનાવી છે. મૂળગુણ સંબંધી અને ઉત્તરગુણ સંબંધી આલોચના માત્ર ચાર કાનવાળી હોય છે. આલોચક સાધુના બે અને પ્રાયશ્ચિત્તદાતા આચાર્યના બે એમ ચાર કાન કહેવાય છે. આલોચના દ્વારા આત્મશુદ્ધિ કરવી જ જોઈએ, ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત યથાતથ પૂરું કરવું જ જોઈએ, ક્ષણભર શલ્ય સહિત ન રહેવું, શલ્યોદ્ધારનો ઉપાય રત્નત્રયીની આરાધના છે, મદનાં સ્થાનો છોડી બાળભાવ કેળવવો, વગેરે વાતોના અંતે આલોચના કરતાં-કરતાં જીવો કેવી રીતે કેવળજ્ઞાન પામ્યા તેના ૪૩ પ્રકાર બતાવ્યા છે.

**૭.વિશુદ્ધિદ્વાર:** શુદ્ધિ બે પ્રકારે છે. ૧-દ્રવ્યશુદ્ધિ, ૨-ભાવશુદ્ધિ. મૂળગુણ અને ઉત્તરગુણમાં જે દોષો લાગ્યા હોય, તેની આલોચના-પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરવી તે ભાવશુદ્ધિ. તેનો અહીં અધિકાર છે. સાધકના જીવનમાં આઠ પ્રકારે દોષની સંભાવના છે. ૧-સહસાત્કારે, ૨-અજ્ઞાનતાથી, ૩-ભયથી, ૪-બીજાની પ્રેરણાથી, ૫- આપત્તિથી, ૬-રોગની પીડાથી, ૭-મૂઢતાથી, ૮-રાગ-દ્વેષથી. દોષ કોઈ પણ કારણે થયો હોય, તેની આલોચના તો કરવી જ પડે, જો આત્મશુદ્ધિ મેળવવી હોય તો! શસ્ત્ર, ઝેર કે શત્રુ જે નુકશાન નથી કરતા તે નુકશાન દોષરૂપ શલ્ય કરે છે, તે યાદ રાખવું ઘટે.

ઓઘથી બતાવેલી આ સામાચારીની આરાધનાથી અનંતા આત્માઓ મોક્ષે ગયા છે, જાય છે અને જશે

# ઓઘનિર્યુક્તિ સૂત્રની વાણીના અંશો

❋ **किं कयं किं वा सेसं, किं करणिज्जं तवं च न करेमि।**
**पुव्वावरत्तकाले, जागरओ भावपडिलेहा ।।२६३।।**

મધ્યરાત્રિ પછી જાગી ગયેલો સાધુ 'મેં શું કર્યું?, મારે શું કરવાનું બાકી છે?, કરવા યોગ્ય કયો તપ હું કરતો?' આવી વિચારણા કરે, તે જ સાચું ભાવ પડિલેહણ છે.

❋ **ठाणनिसीयतुयट्टणउवगरणाईण गहणनिक्खेवे।**
**पुव्वं पडिलेहे चक्खुणा उ पच्छा पमज्जिज्जा ।।१५१।। भाष्य**

૧. ઊભા રહેવું, ૨-બેસવું, ૩-સુવું, ૪-ઉપકરણને લેવું-મૂકવું: એમાં પહેલાં ચક્ષુથી જોવું અને ત્યારબાદ ર જોહરણવડે પ્રમાર્જવું, પછી આ ક્રિયાઓ કરવી .

❋ **भरहेरवयविदेहे, पन्नरसवि कम्मभूमिजा साहू।**
**एक्कंमि पूइयंमि, सव्वे ते पूइया होंति ।।५२९।।**

ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહની પંદર કર્મભૂમિમાં રહેલા એક સાધુની પૂજાથી સર્વે સાધુભગવંતોની પૂજા થાય છે. (પૂજાનો લાભ મળે છે.)

❋ **आया चेव अहिंसा, आया हिंसत्ति निच्छओ एसो।**
**जो होइ अप्पमत्तो, अहिंसओ हिंसओ इयरो ।।७५५।।**

નિશ્ચયથી આત્મા એ જ હિંસા છે અને આત્મા એ જ અહિંસા છે. જે અપ્રમત્ત છે તે અહિંસા છે અને જે પ્રમત્ત છે તે હિંસા છે.

❋ **सुंदरजणसंसग्गी, सीलदरिद्दंपि कुणइ सीलड्ढं।**
**जह मेरुगिरिजायं, तणंपि कणगत्तणमुवेइ ।।७८५।।**

સારા માણસનો સંગ શીલગુણથી રહિત એવા આત્માને પણ શીલસંપન્ન બનાવે છે. જેમ મેરુપર્વત ઉપર ઉગેલું ઘાસ પણ સુવર્ણભાવને પામે છે.

## ૫૯

# પિંડનિર્યુક્તિ સૂત્ર.

શાસનશિરતાજ શ્રી ગૌતમ મહારાજા આદિ ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી છે. તેમાં બારમું અંગ દૃષ્ટિવાદ. તે દૃષ્ટિવાદનાં પાંચ અંગો છે. ૧- **પરિકર્મ** સાત પ્રકારે, ૨- **સૂત્ર** બાવીશ પ્રકારે,

૩- **પૂર્વગત** ચૌદ પ્રકારે, ૪- **અનુયોગ** બે પ્રકારે અને ૫- **ચૂલિકા** ચોત્રીશ પ્રકારે છે. ત્રીજું જે પૂર્વગત અંગ તેના ચૌદ પ્રકારો છે. તે જ 'ચૌદ પૂર્વ' તરીકે પ્રખ્યાત છે. તેમાંના નવમા પ્રત્યાખ્યાન પ્રવાદ નામના પૂર્વમાંથી ચૌદપૂર્વને ધારણ કરનાર શ્રુતકેવળી પૂ.આ. **શ્રી શય્યંભવસૂરિજી** મહારાજે પોતાના પુત્ર **શ્રી મનકમુનિના** કલ્યાણ અર્થે સાધુભગવંતોના આચારને જણાવનાર શ્રી દશવૈકાલિક સૂત્રની સુંદર રચના કરેલી છે. તેના ૧૫૦ શ્લોક પ્રમાણ પાંચમા પિંડેષણા નામના અધ્યયનને અનુલક્ષીને ચૌદપૂર્વધર શ્રુતકેવળી ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી દશવૈકાલિક નિર્યુક્તિ અંતર્ગત ૬૭૧ પ્રાકૃત ગાથાબદ્ધ **શ્રી પિંડનિર્યુક્તિ** ગ્રંથની રચના કરેલી છે. જે અત્યંત ગંભીરાર્થ અને સાધુતાની શુદ્ધિ માટે પ્રાણરૂપ છે. પાંચમા આરાના અંત સુધી સાધુધર્મને ઉપકારક આ આગમ પોતાનું અસ્તિત્વ ધરાવનાર છે.

આ પવિત્ર આગમ ઉપર પ્રાપ્ત ભાષ્યની ૩૭ ગાથાઓ છે. તેમજ પૂ.આ.**શ્રી મલયગિરિજી** મહારાજે ૭૦૦૦ શ્લોક પ્રમાણ ટીકાની રચના કરેલી છે. પૂ.**શ્રી જિનવલ્લભગણિએ** આ આગમના દોહનરૂપ શ્રી

'પિંડવિશુદ્ધિ' નામના પ્રાકૃત ૧૦૩ ગાથા પ્રમાણ ગ્રંથની રચના કરી છે. જેના ઉપર પણ ટીકાઓ રચાયેલી મળી આવે છે.

પિંડ એટલે સાધુભિક્ષા. સાધુ માટે કલ્પ્ય અને અકલ્પ્ય ભિક્ષા-પિંડના ભેદો અને ભિક્ષાચર્યામાં સંભવતા દોષોને સમજાવતો આગમ ગ્રંથ એટલે પિંડનિર્યુક્તિ.

ગ્રંથકાર મહર્ષિએ શરૂઆતમાં જ દ્રવ્ય અને ભાવ એમ પિંડના બે પ્રકાર પાડ્યા છે. દ્રવ્યપિંડ સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારનો છે. તેમાં સાધુને અચિત્ત દ્રવ્યપિંડનો અધિકાર છે, એમ જણાવી સચિત્ત અને મિશ્રનો નિષેધ કર્યો છે.

તે જ પ્રમાણે આહાર, ઉપધિ અને શય્યા એમ ત્રણ ભાવપિંડ બતાવીને અહીં માત્ર 'આહાર-ભાવપિંડ'નો જ અધિકાર છે તેમ જણાવ્યું છે. અહીં માત્ર આહાર-ભાવપિંડનો જ અધિકાર કેમ છે? તેવા પ્રશ્નકારને જવાબ આપતાં ગ્રંથકારે બહુ સરસ વાત કરી છે. મુમુક્ષુ આત્માને મોક્ષપ્રાપ્તિ એ જ કાર્ય છે. જ્ઞાનાદિ ત્રણ તેનાં કારણ છે. તે જ્ઞાનાદિ ત્રણ કારણની શુદ્ધિનું જો કોઈ પણ કારણ હોય તો શુદ્ધ આહાર છે.

આત્મકલ્યાણના લક્ષને વરેલા ગ્રંથકારે આત્માનું અહિત ન થાય તે માટે જે દોષોની વાત કરી છે તે દોષોથી રહિત ભિક્ષા મેળવવી ૧) તે જૈન શ્રમણો માટેની શુદ્ધભિક્ષા છે.

શુદ્ધભિક્ષાની વાતો મુખ્યતાએ ત્રણ અર્થાધિકારમાં વહેંચાયેલી છે.

૧-ગવેષણા, ૨-ગ્રહણૈષણા અને ૩-ગ્રાસૈષણા.

દોષ રહિત ભિક્ષા-પિંડને શોધવો તે **ગવેષણા.** જેમાં ઉદ્‌ગમના અને ઉત્પાદનાના સોળ-સોળ દોષ જાણવાના, જોવાના અને છોડવાના હોય છે. બત્રીશ દોષ રહિત ભિક્ષાપિંડ ગવેષણાશુદ્ધ પિંડ કહેવાય છે.

૨. પ્રાપ્ત ભિક્ષાપિંડને દોષ રહિતપણે ગ્રહણ કરવો તે **ગ્રહણૈષણા**. જેમાં એષણા સંબંધી દશ દોષોનો ત્યાગ કરવાનો હોય છે. જે ભિક્ષાને

ગ્રહણૈષણાશુદ્ધ પિંડ કહેવાય છે.

૩. ગવેષણા અને ગ્રહણૈષણાથી શુદ્ધ એવા તે ભિક્ષાપિંડને પણ માંડલીના પાંચ દોષ ટાળીને વાપરવો તે **ગ્રાસૈષણા.**

અહીં થોડું વિષયાંતર કરીને પણ યાદ અપાવવાનું કે, શ્રાવકને જેમ ધનપ્રાપ્તિમાં ન્યાયસંપન્નતા અનિવાર્ય છે, તેમ સાધુને ભિક્ષાની પ્રાપ્તિમાં નિર્દોષતા એથીય વધુ અનિવાર્ય છે. અનીતિનું ધન કદાચ શ્રાવકનો આ ભવ કે પરભવ બગાડશે, જ્યારે દોષિત ભિક્ષા સાધુના સંખ્યાતા, અસંખ્યાતા કે અનંતા ભવો પણ બગાડે. દોષિત ભિક્ષા માટે એક જગ્યાએ તો ત્યાં સુધી લખ્યું છે કે, " સંયમબલઘાતિની ભિક્ષા". ભિક્ષા દોષિત તો સંયમ અવશ્ય શિથિલ. સંયમ શિથિલ તો પછી રહ્યું શું? પ્રાણ વગરનું હાડપિંજર જ ને!

ઉપરોક્ત ૪૭ દોષોમાંથી **ઉદ્ગમના આધાકર્માદિ** સોળ દોષો ગૃહસ્થની ભૂલમાંથી સર્જાય છે. **ઉત્પાદનાના ધાત્રી** વગેરે સોળ દોષો સાધુની ભૂલમાંથી અને **એષણાના શંકિત** આદિ દશ દોષો સાધુ અને ગૃહસ્થની સંયુક્ત ભૂલમાંથી લાગે છે. જ્યારે **સંયોજના, પ્રમાણ, ઈંગાલ, ધૂમ અને કારણ** નામે માંડલીના પાંચ દોષો સાધુને ગોચરી વાપરતાં લાગે છે.

હાલ પૂરતી આંશિક વાત કરી. વિસ્તારથી જાણવા અભ્યાસ કરવો. સાધુ-સાધ્વીજી ભગવંત જેમ આ આગમનું સૂત્રથી અને અર્થથી જ્ઞાન મેળવી શકે છે તેમ સંયમના અભિલાષી શ્રાવક-શ્રાવિકા સંઘ પણ આ આગમનું અર્થથી જ્ઞાન મેળવી શકે છે. કહેવાયું છે કે, શ્રાવક જઘન્યથી અષ્ટપ્રવચનમાતાને શીખે અને ઉત્કૃષ્ટથી શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયન છ જીવનિકાય સૂધી સૂત્ર અને અર્થથી ભણે. પાંચમું પિંડેષણા નામનું અધ્યયન માત્ર અર્થથી જાણે, પણ સૂત્રથી ન ભણે.

આટલું વાચીને ૪૭ દોષ જાણવાનો અને ટાળવાનો ચોકસાઈભર્યો પુરુષાર્થ ભવભીરુ સાધકો અવશ્ય કરવો જોઈએ

## પિંડનિર્યુક્તિ સૂત્રની વાણીના અંશો

❈ **बज्झइ य जेण कम्मं, सो सव्वो होइ अप्पसत्थो उ।**
**मुच्चइ य जेण सो उण, पसत्थओ नवरि विन्नेओ ।।६४।।**

જેનાથી કર્મ બંધાય છે, તે સર્વ પિંડાદિ અપ્રશસ્ત છે, વળી જેનાથી કર્મથી છુટાય છે તે પિંડાદિ પ્રશસ્ત જાણવો.

❈ **निव्वाणं खलु कज्जं, नाणाइतिगं च कारणं तस्स।**
**निव्वाणकारणाणं च, कारणं होइ आहारो ।।६९।।**

સાધકને મોક્ષ એ જ કાર્ય છે. તેનું કારણ જ્ઞાનાદિ ત્રણ છે. મોક્ષના કારણ એવા જ્ઞાનાદિત્રણનું પણ કારણ (શુદ્ધ) આહાર છે.

❈ **निच्छयनयस्स चरणा-यविघाए नाणदंसणवहोऽवि।।**
**ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ।।१०५।।**

નિશ્ચયનયના મતે ચારિત્રનો નાશ થવાથી જ્ઞાન અને દર્શનનો નાશ થાય છે. પરંતુ વ્યવહારના મતે ચારિત્રનો નાશ થતાં બાકીની ભજના છે. અર્થાત્ જ્ઞાનાદિ નાશ પામે અને ન પણ પામે.

❈ **हियाहारा मियाहारा, अप्पाहारा य जे नरा।**
**न ते विज्जा तिगिच्छंति, अप्पाणं ते तिगिच्छगा ।।६४८।।**

હિતકારી, પ્રમાણસર અને અલ્પઆહારને ગ્રહણ કરનારા મનુષ્યોની ચિકિત્સા વૈદ્યો કરતા નથી, પરંતુ તેઓ સ્વયં પોતાના ચિકિત્સક છે.

❈ **जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स।**
**सा होइ निज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स ।।६७१।।**

સૂત્રોક્ત વિધિથી યુક્ત, અધ્યાત્મની વિશુદ્ધિવાળા અને યતના પૂર્વક પ્રવર્તનારને જે કાંઈ વિરાધના થાય તે તેના માટે નિર્જરારૂપ ફળને આપનારી છે.

## ૫૭

# નંદીસૂત્ર

હવે આ લેખમાળાના અંતિમ તબક્કામાં ૧-નંદીસૂત્ર અને ૨-અનુયોગદ્વારસૂત્ર રૂપ બે ચૂલિકા સૂત્રોની વાત કરવાની છે.

ચૂલિકા એટલે પરિશિષ્ટ. વર્તમાનમાં જે ભૂમિકા પરિશિષ્ટ વિભાગની છે તે ભૂમિકા ભૂતકાળમાં આ ચૂલિકાગ્રંથની હતી. પૂર્વોક્ત આગમગ્રંથોમાં નહિ વર્ણવાયેલા અનેક પદાર્થો આ ઉભય સૂત્રોમાં છે. કહ્યું છે કે, અવશેષ રહેલા પદાર્થોનું નિરૂપણ એ જ પરિશિષ્ટનું સ્વરૂપ છે.

અર્ધમાગધી-પ્રાકૃતભાષામાં રચાયેલું નંદીસૂત્ર પરમ માંગલિક સૂત્ર છે. ગદ્ય અને પદ્ય એમ ઉભયાત્મક શૈલીએ રચાયેલું છે. સૂત્ર ૭૦૦ શ્લોક પ્રમાણ છે. મૂળગ્રંથ પૂ.**શ્રી દેવવાચક ગણિ** ભગવંતે રચેલ છે.

ગ્રંથકારે ચૌદપૂર્વ અંતર્ગત પાંચમા શ્રીજ્ઞાનપ્રવાદપૂર્વમાંથી જ્ઞાનસંબંધી વિભાગનો ઉદ્ધાર કરીને આ રચના કરી હોય, તેવું જણાય છે. આની ઉપર નિર્યુક્તિ કે ભાષ્ય નથી. પૂ.**શ્રી. જિનદાસગણિ** મહત્તર રચિત ૧૫૦૦ શ્લોકની ચૂર્ણિ છે. પૂ.આ.**શ્રી હરિભદ્રસૂરિજી** મહારાજાએ ૨૩૩૬ શ્લોકની લઘુવૃત્તિ તથા પૂ.આ.**શ્રી. મલયગિરિજી** મહારાજાએ ૭૭૩૨ શ્લોક પ્રમાણ બૃહદ્‌વૃત્તિ પણ રચેલ છે.

નંદી એટલે લક્ષણવંતો વૃષભ, નંદી એટલે મંગલ વાજીંત્ર. નંદી એટલે મોટું પાત્ર. નંદી એટલે આનંદ. નંદી એટલે સમ્યગ્જ્ઞાન. અહીં આનંદ અને

સમ્યગ્જ્ઞાન, એ બે અર્થમાં નંદી શબ્દ વપરાયો છે.

શ્રી નંદીસૂત્ર પરમંગલભૂત છે. તેમાં કારણ બે છે. પહેલું, તેનો વિષય સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન આત્માનો ગુણ છે. આત્મિકગુણોથી અધિક કોઈ મંગલ નથી. બીજું, યોગોદ્વહન દ્વારા પ્રત્યેક આગમના અધ્યયન-અધ્યાપનનો અધિકાર પ્રાપ્ત થાય તે જ્ઞાનપિપાસુ સાધુ માટે પરમાનંદની અનુભૂતિનો અવસર છે. તે અવસરે આ નંદીસૂત્રના શ્રવણ માત્રથી અધ્યયન-અધ્યાપનની ક્ષણો નિર્વિઘ્ન બને છે.

ટૂંકમાં આ આગમનું નામ મંગલકારી, વિષય મંગલકારી અને શ્રવણ પણ મંગલકારી છે.

હવે અલ્પાક્ષરી સાદ્યંત પરિચય. ૧૮ ગાથા દ્વારા **'जयइ जगजीवजोणी'** જેવા મધુર શબ્દોમાં શ્રી મહાવીર પરમાત્માની સ્તવના, નગર, ચક્ર, રથ, કમળ, ચંદ્ર, સૂર્ય, સમુદ્ર અને પર્વત જેવી વિશિષ્ટ ઉપમા દ્વારા શ્રી સંઘની સ્તવના અને નામોચ્ચારણપૂર્વક ચોવીશે તીર્થંકરોની સ્તવના કરી છે. પછી તો અનુક્રમે શાસનશિરતાજ શ્રી ગૌતમસ્વામીજી આદિ ૧૧ ગણધર ભગવંતો અને ચરમ કેવળી શ્રી જંબૂસ્વામીથી શરૂ કરીને પોતાના અંતિમ ઉપકારી પૂ.**શ્રી.દૂષ્યગણિ** ગુરુભગવંત સુધીના મહાપુરુષોને નમસ્કાર કર્યો છે.

આગળ વધતાં શ્રોતાથી સર્જાતી સભાના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ૧- **જ્ઞાયિકા** - જેમ હંસ પાણી છોડી દૂધ પી જાય તે રીતે ગુણસંપન્ન આત્માઓ દોષો છોડી ગુણો ગ્રહણ કરે. તેવા ગુણસંપન્ન શ્રોતાની સભાને જ્ઞાયિકા કહેવાય. ૨- **અજ્ઞાયિકા** - જેમ મૃગબચ્ચાં પ્રકૃતિથી સરળ હોય છે.

એને કોઈ પણ માર્ગે દોરી શકાય છે. તેમ હૈયાના સરળ જીવોને વક્તા પોતાની ઈચ્છા મુજબ વાળી શકે છે. તેવા શ્રોતાની સભાને અજ્ઞાયિકા કહેવાય છે. ૩- **દુર્વિદગ્ધા** - ગામડીયો પંડિત જેમ અજ્ઞાની હોવા છતાં પોતાની જાતને પંડિત માનીને ફરે છે તેમ 'મારા જેટલું કોઈ જાણતું જ નથી' એવા ગર્વને ધરનારા શ્રોતાની સભા દુર્વિદગ્ધા કહેવાય છે. નીતિશાસ્ત્રનો **'सुखमाराध्यते विज्ञःXX'** શ્લોક આ જ ભાવને જણાવે છે.

મૂળવિષયભૂત જ્ઞાનની વાત કરતાં પાંચ પ્રકાર બતાવ્યા છે. ૧-મતિજ્ઞાન, ૨-શ્રુતજ્ઞાન, ૩-અવધિજ્ઞાન, ૪-મન:પર્યવજ્ઞાન અને ૫-કેવલજ્ઞાન,

આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન) અને શ્રુતજ્ઞાનની વાત કરતાં જણાવ્યું છે, કે સમ્યગ્દૃષ્ટિને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે, જ્યારે મિથ્યાદૃષ્ટિને મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન હોય છે.

ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પરિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ તે મતિજ્ઞાન છે.

તાત્ત્વિક છતાં અતિરસાળ એવી આ ચાર બુદ્ધિની વાતો આ આગમની એક ચમત્કૃતિ છે.

શ્રુતજ્ઞાનની વાત કરતાં તેના અક્ષરશ્રુત આદિ ચૌદ ભેદો બતાવ્યા છે. તેમાં અનંતજ્ઞાન-દર્શનને ધરનારા અરિહંત ભગવતોએ પ્રરૂપેલી દ્વાદશાંગી સમ્યગ્શ્રુત છે, દશપૂર્વથી લઈને ચૌદપૂર્વ સુધીનું નિશ્ચયે સમ્યગ્શ્રુત છે. જ્યારે ૯ પૂર્વ સુધીનું સમ્યગ્શ્રુત મિથ્યાદૃષ્ટિ આત્મા પણ પામી શકતો હોવાથી તેને માટે તે સમ્યગ્ શ્રુત મિથ્યાશ્રુતની ભૂમિકા પણ પામે છે.

પેટા ભેદો સહિતના જ્ઞાનના પાંચેય ભેદોનું વિવિધ દૃષ્ટિકોણથી વર્ણન કરીને ગ્રંથકારે તુરંત આ આગમ પૂર્ણ કર્યું છે.

## નંદીસૂત્રની વાણીના અંશો

❄ **एयाइं मिच्छद्दिट्ठिस्स मिच्छत्तपरिग्गहियाइं मिच्छसुयं, एयाणि चेव सम्मद्दिट्ठिस्स सम्मत्तपरिग्गहियाइं सम्मसुयं ।।७२।।**

મિથ્યારૂપે ગ્રહણ કરાયેલી આ દ્વાદશાંગી મિથ્યાદૃષ્ટિને મિથ્યાશ્રુતરૂપે છે. તે જ દ્વાદશાંગી સમ્યગ્રૂપે ગ્રહણ કરાયેલી સમ્યગ્દૃષ્ટિ માટે સમ્યગ્શ્રુત છે.

❄ **सव्वजीवाणं पि य णं अक्खरस्स अणंतभागो णिच्चुग्घाडियओ, जइ पुण सो वि आवरिज्जा तेण जीवो अजीवत्तं पावेज्जा।।७७।।**

સર્વજીવોને અક્ષરનો અનંતમો ભાગ હંમેશા ઉઘાડો હોય જ છે. જો તે ભાગ પણ અવરાઈ જાય તો જીવ અજીવપણાને પામી જાય.

❄ **इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीए काले अणंता जीवा आणाए विराहेत्ता चाउरंतं संसारकंतारं अणुपरियट्टिंसु। XXX अणुपरियट्टंति। XXX अणुपरियट्टिस्संति ।।११६।।**

ભૂતકાળમાં આ દ્વાદશાંગીરૂપ ગણિપીટકને આજ્ઞાવડે વિરાધીને અનંતા જીવો આ અનંત સંસારવનમાં ભમ્યા છે. XXX ભમે છે. XXX ભમશે.

## ૫૮

# અનુયોગદ્વાર

આપણે જોયું તેમ આગમસાહિત્ય વિરાટ ફલક પર પથરાયેલું છે. કાળક્રમે તેનાં અનેક વર્ગીકરણ થતાં આવ્યાં છે. દ્વાદશાંગીનું પ્રથમ વર્ગીકરણ 'અંગ' અને 'પૂર્વ' એ બે વિભાગમાં થયું. અગ્યાર અંગ ગણાયાં. બારમું અંગ મુખ્યત્વે ચૌદ પૂર્વ તરીકે ઓળખાયું. બીજું વર્ગીકરણ 'અંગપ્રવિષ્ટ' અને 'અંગબાહ્ય' એ રૂપમાં થયું. આચારાંગાદિ અંગપ્રવિષ્ટ કહેવાયાં. ઉત્તરાધ્યયનાદિ અંગ બાહ્ય કહેવાયાં.

ત્રીજું વર્ગીકરણ અનુયોગના આધારે કરવામાં આવ્યું. જે વર્ગીકરણ પૂ.આ.શ્રી. આર્યરક્ષિતસૂરિજી મહારાજાએ દશપુરનગરમાં વીરસંવત ૫૯૨ અને વિ.સં.૧૨૨ની આસપાસ કર્યું. આ જ મહાપુરુષ પ્રસ્તુત અનુયોગદ્વાર આગમના રચયિતા છે.

પૂ.શ્રી આર્યવજ્રસ્વામીજી ભગવંત સુધી દ્વાદશાંગીનું અનુયોગાત્મક દૃષ્ટિએ વિભાગીકરણ થયેલું ન હતું. જરૂર ન હતી. બુદ્ધિની તેજસ્વિતા અને ક્ષયોપશમની પ્રબલતા હોવાથી પ્રત્યેક આગમસૂત્રોની વ્યાખ્યા દરેક અનુયોગોથી કરાતી હતી. અભ્યાસુ શિષ્યો પણ તે પદાર્થોને આર-પાર જોઈ-સમજી શકતા હતા.

કાળની અસરે ક્ષયોપશમાદિથી મંદ થયેલા જીવો માટે પરાપૂર્વથી ચાલી આવતી તે વ્યાખ્યા પદ્ધતિ કઠિન પૂરવાર થઈ. અનેક કારણોસર

અનુયોગના વિભાગે આગમોનું વિભાગીકરણ કરવું અનિવાર્ય થયું. જે કામ પૂ.આ.શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજાએ કર્યું. આ ત્રીજું વર્ગીકરણ સર્વમાન્ય-સર્વગ્રાહ્ય બન્યું.

અનુયોગદ્વાર એક વ્યાખ્યા પદ્ધતિ છે. મૂળસૂત્રોના અર્થને જાણવા - જણાવવા જરૂરી વ્યાખ્યાઓ કઈ પદ્ધતિથી કરવી તે દર્શાવનારું આગમ એટલે અનુયોગદ્વારસૂત્ર. આ આગમની રચના પછી થયેલ દરેક વ્યાખ્યાઓમાં આ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે. તેથી જ તો દરેક આગમોની વ્યાખ્યાને ખોલી તે - તે આગમોના આશયને સમજવા માટે આ ચાવી કહેવાય છે.

અનુયોગ શબ્દ 'અનુ' અને 'યોગ'ના સંયોગથી બન્યો છે. 'અનુ' ઉપસર્ગ છે. અનુકૂલવાચક છે. સૂત્રની સાથે અનુકૂળ, અનુરૂપ અને સુસંગત અર્થનો સંયોગ કરવો તે અનુયોગ. અનુયોગનો અર્થ વ્યાખ્યા છે. નિયોગ, ભાષા, વિભાષા અને વાર્તિક જેવા પર્યાયવાચી શબ્દોથી પણ ઓળખાય છે. વ્યાખ્યેય વસ્તુના આધારે અનુયોગના મુખ્ય ચાર વિભાગ કરવામાં આવ્યાં છે.

૧ - શ્રમણાચાર અને શ્રાવકાચાર સંબંધી વિગતો જેમાં હોય તે **ચરણકરણાનુયોગ**.

૨ - ધર્મનું કથન જેમાં હોય અથવા ધર્મ-ધર્માત્માઓ સંબંધી કથાઓ જેમાં હોય તે **ધર્મકથાનુયોગ.**

૩ - ગણિતના માધ્યમથી જ્યાં પદાર્થ સમજાવ્યો હોય તે **ગણિતાનુયોગ**.

૪ - જીવ-અજીવ, લોક-અલોક, પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ જેવા તત્ત્વોના બોધ કરાવ્યો હોય તે **દ્રવ્યાનુયોગ.** આચારાંગાદિ ચરણકરણાનુયોગમાં, ઉત્તરાધ્યયનાદિ ધર્મકથાનુયોગમાં, સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે ગણિતાનુયોગમાં અને દૃષ્ટિવાદ વગેરે દ્રવ્યાનુયોગમાં ગણાયાં. **ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ એ સાધનરૂપ છે જ્યારે એનાથી સાધ્યરૂપ ચરણકરણાનુયોગ છે; જે સીધું મોક્ષનું કારણ છે.**

દ્રવ્યાનુયોગની પ્રધાનતાસભર આ અનુયોગદ્વાર આગમ લગભગ ૧૮૯૯ શ્લોક પ્રમાણ છે. જેમાં ૧૫૨ ગદ્યસૂત્ર છે. ૧૪૩ પદ્યસૂત્ર છે. એના ઉપર પૂ.આ.શ્રી જિનદાસ મહત્તર રચિત ૨૨૬૫ શ્લોક પ્રમાણ ચૂર્ણિ છે. પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરિજી મહારાજાની સંક્ષિપ્તવૃત્તિ છે. મલધારી પૂ.આ.શ્રી.હેમચંદ્રસૂરિજી મહારાજાની ૫૯૦૦ શ્લોક પ્રમાણ બૃહદ્વૃત્તિ છે.

સૌ પ્રથમ પાંચજ્ઞાનની વાત દ્વારા મંગલાચરણ કર્યું છે. તેમાં શ્રુતજ્ઞાનનો સવિશેષ પરિચય આપ્યો છે. કારણકે શ્રુતજ્ઞાન માટે જ ભણવાની આજ્ઞારૂપ ઉદ્દેશ, સ્થિરીકરણ રૂપ સમુદ્દેશ, અન્યને ભણાવવાના અધિકાર સ્વરૂપ અનુજ્ઞા અને વિસ્તારથી વ્યાખ્યા થતી હોય છે. બાકીના ચાર જ્ઞાનમાં ઉદ્દેશાદિ ન હોવાથી તેવી વ્યાખ્યા કરવાની રહેતી નથી.

આગળ વધતાં આવશ્યકના અનુયોગનો પ્રારંભ એ રીતે કર્યો છે કે પહેલી નજરે ભણનારને એવું જ લાગે કે, હવે આવશ્યકસૂત્રની વ્યાખ્યા થશે. પરંતુ તેવું નથી. વ્યાખ્યા કરવા જરૂરી એવા ચાર દ્વારોની વિચારણા ગ્રંથકારે કરવી છે. માટે આવશ્યક સૂત્રને માત્ર દૃષ્ટાંતરૂપે પ્રસ્તુત કર્યું છે.

'આવશ્યકશ્રુતસ્કંધાધ્યયન' નામની વ્યાખ્યા ૧ - ઉપક્રમ, ૨ - નિક્ષેપ, ૩ - અનુગમ અને ૪ - નય એમ ચાર દ્વારોથી કરી છે.

૧. **ઉપક્રમ** - પ્રસ્તુત આગમનો મહત્તર વિભાગ આ ઉપક્રમની સમજ આપવામાં ફાળવ્યો છે. ગ્રંથની રચના જ એવી રીતે કરી છે કે બાકીના નિક્ષેપ, અનુગમ અને નય માટે જરૂરી વાતો પણ ઉપક્રમમાં જ સમાવી લીધી છે. જેની વાતો કરવાની હોય તે ગ્રંથની સારભૂત વાતોને પહેલાં ટૂંકમાં કહેવી તે ઉપક્રમ. જેનાથી પદાર્થો નિક્ષેપ યોગ્ય બને છે. તેના ભેદો - પ્રભેદોનાં લક્ષણો અને દૃષ્ટાંતો પૂરેપૂરી સ્પષ્ટતાપૂર્વક્નાં છે. જેના કારણે આ દ્વાર એક ખાસ પ્રકરણ બની ગયું છે.

૨. **નિક્ષેપ** - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ નિક્ષેપાના જઘન્યથી

ચાર પ્રકાર છે. પ્રાય: પદાર્થો ચાર નિક્ષેપથી સમજી શકાય છે. જેમાં ભાવ નિક્ષેપાની મુખ્યતા હોય છે. તેની સાથે જોડાયેલા બાકીના નામાદિ નિક્ષેપા પણ તેટલા જ ઉપયોગી બને છે.

૩. **અનુગમ** - સૂત્રના શબ્દોને તેના યથાર્થભાવો સાથે જોડવા તે અનુગમ. શબ્દાર્થ, વાકયાર્થથી આગળ વધી ભાવાર્થ સુધી લઈ જવાની પ્રક્રિયા અહીં બતાવી છે. સૂત્રના બત્રીશ દોષો અને આઠ ગુણો આ દ્વારની વિશેષતા છે.

૪. **નય** - પદાર્થને જોવાની એક દૃષ્ટિ નય ગણાય છે. તેના સાત પ્રકાર છે. ૧ - નૈગમનય, ૨ - સંગ્રહનય, ૩ - વ્યવહારનય, ૪ - ઋજુસૂત્રનય, ૫ - શબ્દનય, ૬. સમભિરૂઢનય, ૭ - એવંભૂતનય.

નયના સ્વરૂપને સમજાવવા અને સમજવા એક સ્વતંત્ર ગ્રંથ જોઈએ. જાણે તેથી જ અહીં ગ્રંથકારે સ્વયં સંક્ષેપમાં વાત કરી છે.

ચાર દ્વારથી વ્યાખ્યા પદ્ધતિનો બોધ કરાવી ગ્રંથ અને ગ્રંથકાર સાર્થકતા અનુભવે છે.

**क्षाम्यन्तु पूज्याः मत्स्खलनम् ।**

બસ, બે જ મિનિટ વધુ.

આ લેખમાળાના કાળખંડમાં ચારેકોરનું સાહિત્ય જોવાનું થયું છે. ઓછું-વત્તું ઉપયોગી પણ થયું છે. બાકી સાદ્યંતતામાં તો પૂજ્યોની કૃપાએ જ કામ કર્યું છે.

અચિંત્યચિંતામણિ **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ**, પરમોપકારી શ્રમણ ભગવાન **શ્રી મહાવીર પરમાત્મા**, દ્વાદશાંગીના રચયિતા પૂ.**શ્રી ગૌતમસ્વામી**, **શ્રી સુધર્માસ્વામી** આદિ ગણધર ભગવંતો, જૈન શાસનશિરતાજ પૂજ્યપાદ આ.શ્રી.વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા તથા ભવોદધિતારક ગુરુદેવ પૂજ્યપાદ આ.શ્રી.વિજય **ગુણયશસૂરીશ્વરજી** મહારાજાના મંગલઆશિષ આ કાર્યમાં સતત ચાલકબળ બન્યું છે.

કલ્પના જ નથી કરવી. છતાં જો તે આશિષનો સથવાર ન હોત તો કદાચ આ કાર્ય પ્રારંભાયું જ ન હોત. અથવા અધવચ્ચે જ ખોરંભાયું હોત. જ્યારે આજે અનુભવની આંખે આપણે જોઈ શકીએ છીએ કે, પૂર્ણતાનું લક્ષ્યબિંદુ હાથમાં છે. લેખમાળાના આલંબને થયેલી સાક્ષાત્ પ્રભુવચનોની આ મુલાકાત જીવનનું સંભારણું બની ગઈ. મારા ઉજ્જ્વળ ભાવિની આનાથી વધારે શું નિશાની !

## અનુયોગદ્વાર સૂત્રની વાણીના અંશો.

❊ **तत्थ चत्तारि णाणाइं ठप्पाइं ठवणिज्जाइं, णो उद्दिस्संति णो समुद्दिस्संति णो अणुण्णविज्जंति, सुयणाणस्स उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ ।। २।।**

પાંચ પ્રકારના જ્ઞાનમાંથી ચાર જ્ઞાન વ્યવહાર યોગ્ય નથી. તેથી તેની વિચારણા ન કરતાં માત્ર શ્રુતજ્ઞાનની વિચારણા કરવી છે. ચાર જ્ઞાનનો ઉદ્દેસો, સમુદ્દેશ અને અનુજ્ઞા નથી, જ્યારે શ્રુતજ્ઞાનનો જ ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા હોય છે.

❊ **लोगोत्तरियं भावावस्सयं जण्णं इमं समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे तल्लेसे तयज्झवसिते तत्तिव्वज्झवसाणे तयट्ठोवउत्ते तयप्पियकरणे तब्भावणाभाविते अण्णत्थ कत्थइ मणं अकरेमाणे उभओ कालं आवस्सयं करेंति, से तं लोगोत्तरियं भावावस्सयं ।। २८ ।।**

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા સંઘ વડે તચ્ચિત્ત, તન્મન, તદ્લેશ્યા, તદ્ અધ્યવસાય, તેનું તીવ્ર ધ્યાન અને તદર્થના ઉપયોગ પૂર્વક, શરીર આદિ કરણોને જોડીને, તેની ભાવનાથી ભાવિત થઈને જ્યારે એકાગ્રમનથી ઉભય કાલ જે આવશ્યક કરાય તે લોકોત્તર ભાવાવશ્યક કહેવાય.

| આગમ નામ | પ્રાપ્તપંચાંગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| આચારાંગ સૂત્ર ૧ | મૂલ | સુધર્માસ્વામીજી | વી સં પૂર્વ ત્રીશવર્ષ |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુસ્વામી | વીર સદી બીજી |
| | ચૂર્ણિ | જિનદાસ ગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | શીલાંકાચાર્ય | વિ. ૯૨૫ |
| | ટીકા-૨ | (પ્રદીપિકા ટીકા) | વિ. ૧૫૭૩ |
| | ટીકા-૩ | અજિતદેવ સૂરિ (દીપિકા ટીકા) | વિ. ૧૬૨૯ |
| સૂત્રકૃતાંગ સૂત્ર ૨ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશવર્ષ |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુસ્વામી | વીર સદી બીજી |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | શીલાંકાચાર્ય | વિ. ૯૨૫ |
| | ટીકા-૨ | હર્ષકુલ ગણિ (સમ્યકત્વ દીપિકા) | વિ. ૧૫૮૩ |
| | ટીકા-૩ | ઉપા. સાધુરંગગણિ (દીપિકા) | વિ. ૧૫૯૯ (કારતક) |
| સ્થાનાંગસૂત્ર ૩ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| | ટીકા-૧ | અભયદેવસૂરિ સંશો. દ્રોણાચાર્ય | વીર સદી બીજી વિ. ૧૧૨૦ |
| | ટીકા-૨ | નગર્ષિગણિ.(દીપિકા) સંશો. ઉપા. વિમલહર્ષ | વિ. ૧૬૫૭ વિ. ૧૭૦૫ |
| | ટીકા-૩ | સુમતિકલ્લોલગણિ. હર્ષનંદનગણિ. | |
| સમવાયાંગસૂત્ર ૪ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| | ટીકા | અભયદેવસૂરિ | વિ. ૧૧૨૦ |
| ભગવતી સૂત્ર ૫ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | અભયદેવ સૂરિ સંશો. દ્રોણાચાર્ય | વિ. ૧૧૨૮ |
| | ટીકા-૨ | હર્ષકુલ ગણિ (બીજક) | વિ. ૧૫૮૩ |
| | ટીકા-૩ | દાનશેખરસૂરિ (વિષમપદ વ્યાખ્યા) | વિ. ૧૫૯૭ |
| | અવચૂરિ | અજ્ઞાત | |
| જ્ઞાતાધર્મકથા સૂત્ર ૬ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| | ટીકા | અભયદેવસૂરિ સંશો. દ્રોણાચાર્ય | વિ. ૧૧૨૦ |

| આગમ નામ | પ્રાપ્તપંચાગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| ઉપાસકદશાંગ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| સૂત્ર ૭ | ટીકા | અભયદેવસૂરિ | વિ. ૧૧૨૦ |
| અન્તકૃદ્દશાંગ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશવર્ષ |
| સૂત્ર ૮ | ટીકા | અભયદેવસૂરિ | વિ. ૧૧૨૦ |
| અનુત્તરોપપાતિક | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| સૂત્ર ૯ | ટીકા | અભયદેવસૂરિ | વિ. ૧૧૨૦ |
| પ્રશ્નવ્યાકરણ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| સૂત્ર ૧૦ | ટીકા-૧ | અભયદેવસૂરિ<br>સંશો. દ્રોણાચાર્ય | વિ. ૧૧૨૦ |
| | ટીકા-૨ | જ્ઞાનવિમલસૂરિ | વિ. ૧૭૨૮ |
| વિપાક સૂત્ર | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશ વર્ષ |
| ૧૧ | ટીકા | અભયદેવસૂરિ | વિ. ૧૧૨૦ |
| ઔપપાતિક | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી પહેલી |
| સૂત્ર ૧૨ | ટીકા | અભયદેવસૂરિ<br>સંશો. દ્રોણાચાર્ય | વિ. ૧૧૨૦ |
| રાજપ્રશ્નીયસૂત્ર | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી પહેલી |
| સૂત્ર ૧૩ | ટીકા | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| જીવાજીવાભીગમ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી પહેલી |
| સૂત્ર ૧૪ | ટીકા | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| પ્રજ્ઞાપનાસૂત્ર | મૂલ | શ્યામાચાર્ય | વીરસદી પહેલી |
| સૂત્ર ૧૫ | ટીકા-૧ | હરિભદ્રસૂરિ<br>(પ્રદેશવ્યાખ્યા) | વિ. ૮૩૩ |
| | ટીકા-૨ | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| સૂર્યપ્રજ્ઞપ્તિ | મૂલ | પૂર્વાચાર્ય | ઈ.પૂર્વ |
| સૂત્ર ૧૬ | ટીકા | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ | મૂલ | પૂર્વાચાર્ય | |
| સૂત્ર ૧૭ | ટીકા-૧ | ઉપા. ધર્મસાગરજી મ.<br>સંશો - ઉપા.કલ્યાણ વિ. | વિ. ૧૬૩૯ |
| | ટીકા-૨ | ઉપા. શાંતિચંદ્રજી | વિ. ૧૬૬૦ |

| આગમ નામ | પ્રાપ્તપંચાંગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર ૧૮ | મૂલ | પૂર્વાચાર્ય | ઈ. પૂર્વ |
| | ટીકા | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| નિરયાવલિકા સૂત્ર ૧૯ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી બીજી |
| | ટીકા | શ્રીચંદ્રસૂરિ | વિ. ૧૨૨૮ |
| કલ્પાવતંસિકા સૂત્ર ૨૦ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી બીજી |
| | ટીકા | શ્રીચંદ્રસૂરિ | વિ. ૧૨૨૮ |
| પુષ્પિકા સૂત્ર ૨૧ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી બીજી |
| | ટીકા | શ્રીચંદ્રસૂરિ | વિ. ૧૨૨૮ |
| પુષ્પચુલિકા સૂત્ર ૨૨ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી બીજી |
| | ટીકા | શ્રીચંદ્રસૂરિ | વિ. ૧૨૨૮ |
| વિષ્ણુદશા સૂત્ર ૨૩ | મૂલ | પૂર્વાચાર્ય | વીરસદી બીજી |
| | ટીકા | શ્રીચંદ્રસૂરિ | વિ. ૧૨૨૮ |
| નિશીથ સૂત્ર ૨૪ | મૂલ | પૂર્વધર મહર્ષિ | વીરસદી બીજી |
| | ભાષ્ય | સંઘદાસગણિ શ્રમા શ્રમણ | સદી-૫મી, ૬ઠી |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા | શ્રી ચંદ્રસૂરિ (સુબોધા વ્યાખ્યા) | વિ. ૧૧૭૪ |
| મહાનિશીથ સૂત્ર ૨૫ | મૂલ | શ્રીસુધર્માસ્વામી | વી.સ. પૂર્વ ત્રીશવર્ષ |
| | ઉદ્ધારક | શ્રીહરિભદ્રસૂરિ | વિ. છઠી સદી |
| વ્યવહાર સૂત્ર ૨૬ | મૂલ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | ભાષ્ય | પૂર્વાચાર્ય (નિર્યુક્તિ મિશ્રિત) | ઈ.પૂર્વ |
| | ટીકા | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| દશાશ્રુતસ્કંધ સૂત્ર ૨૭ | મૂલ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| બૃહત્કલ્પસૂત્ર ૨૮ | મૂલ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | ભાષ્ય | સંઘદાસગણિ ક્ષમાશ્રમણ | સદી ૫મી, ૬ઠી |
| | ચૂર્ણિ | અજ્ઞાત | |
| | ટીકા-૧ | મલયગિરિસૂરિ<br>ક્ષેમકીર્તિસૂરિ | વિ. ૧૨મી સદી<br>વિ. ૧૩૩૨ |
| | ટીકા-૨ | અજ્ઞાત | વિ. ૧૪મી સદી પછી |

| આગમ નામ | પ્રાપ્તપંચાંગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| જીતકલ્પ સૂત્ર ૨૯ | મૂલ | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | શક ૫૩૧ |
| | ભાષ્ય | જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | શક ૫૩૧ |
| | ચૂર્ણિ | સિદ્ધસેનગણિ (બૃહત્ચૂર્ણિ) | સદી ૬ઠી |
| | ટિપ્પણ | શ્રીચંદ્રસૂરિ (બૃહત્ચૂર્ણિ વિષમપદ વ્યાખ્યા ) | વિ.૧૨૨૭ |
| ઉત્તરાધ્યયન સૂત્ર ૩૦ | મૂલ | સ્થવિરો | વીર સદી ૧-૨ |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુ સ્વામી | વીરસદી બીજી |
| | ભાષ્ય | અજ્ઞાત | |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | શાંતિસૂરિ (શિષ્યહિતા ટીકા) | સદી ૧૧મી |
| | ટીકા-૨ | નેમિચંદ્રસૂરિ (પ્રથમ) (સુખબોધા) | વિ. ૧૧૨૯ |
| | ટીકા-૩ | જયકીર્તિસૂરિ (દીપિકા) | સદી ૧૫મી |
| | ટીકા-૪ | કમલસંયમ ઉવા. (સર્વાર્થસિદ્ધિ) | વિ. ૧૫૪૪ |
| | ટીકા-૫ | ભાવવિજયજી ઉપા. | વિ. ૧૬૮૯ |
| | ટીકા-૬ | લક્ષ્મીવલ્લભ ઉપા. (અર્થદીપિકા ટીકા) | વિ. ૧૭૨૫ |
| | ટીકા-૭ | નયવિજયજી(સ્તબક) | વિ. ૧૭૪૫ |
| | અવચૂરિ-૧ | પૂર્વાચાર્ય | |
| | અવચૂરિ-૨ | અજ્ઞાત | વિ. ૧૪૪૧ |
| દશવૈકાલિક સૂત્ર ૩૧ | મૂલ | શય્યંભવસૂરિ | વીર સદી પહેલી |
| | નિર્યુક્તિ-૧ | ભદ્રબાહુસ્વામી | વીર સદી બીજી |
| | નિર્યુક્તિ-૨ | અજ્ઞાત | વિ. ૧૪૪૨ |
| | ભાષ્ય | અજ્ઞાત | |
| | ચૂર્ણિ-૧ | અગસ્ત્યસિંહ - સ્થવિરાચાર્ય | વિ. ૩૦૦ |
| | ચૂર્ણિ-૨ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી |
| | ટીકા-૧ | હરિભદ્રસૂરિ | વિ. ૮૩૩ |
| | ટીકા-૨ | તિલકસૂરિ સંશો. શ્રીપાલચંદ્ર | વિ. ૧૩૦૪ |
| | ટીકા-૩ | સુમતિસાધુસૂરિ | વિ. ૧૫૫૦ |
| | ટીકા-૪ | સમયસુંદર ઉપા. | વિ. ૧૬૯૧ |
| | અવચૂરિ-૧ | અજ્ઞાત | |
| | અવચૂરિ-૨ | હરિભદ્રસૂરિ | વિ. છઠી સદી |

| આગમ નામ | પ્રાપ્તપંચાંગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| આવશ્યકસૂત્ર ૩૨ | મૂલ | સુધર્માસ્વામીજી | વી.સં.પૂર્વ ત્રીશવર્ષ |
| | નિર્યુક્તિ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | ભાષ્ય-૧ | અજ્ઞાત(મૂલભાષ્ય) | |
| | ભાષ્ય-૨ | જિનભદ્રગણિ શ્રમાશ્રમણ (વિશેષાવશ્યકભાષ્ય) | શક-૫૩૧ |
| | ચૂર્ણિ | જિનદાસગણિમહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | જિનભદ્રગણિ શ્રમાશ્રમણ | શક ૫૩૧ |
| | ટીકા-૨ | કોટ્યાચાર્ય | સદી ૮ મી |
| | ટીકા-૩ | હરિભદ્રસૂરિ (શિષ્યહિતા) | વિ. છઠી સદી |
| | ટીકા-૪ | મલધારી હેમચંદ્રસૂરિ | વિ. ૧૧૭૫ |
| | ટીકા-૫ | મલયગિરિ સૂરિ | વિ. ૧૧૫૦ |
| | ટીકા-૬ | તિલક સૂરિ | વિ. ૧૨૯૬ |
| | ટીકા-૭ | માણિક્યશેખર સૂરિ (આ.નિ. દીપિકા) | વિ. ૧૪૭૧ |
| | અવચૂરી | જ્ઞાનસાગરસૂરિ ભટ્ટારક | વિ. ૧૪૪૦ |
| પિંડનિર્યુક્તિ સૂત્ર ૩૩ | મૂલ | ભદ્રબાહુસ્વામી | વીરસદી બીજી |
| | ભાષ્ય | પૂર્વાચાર્ય | |
| | ટીકા-૧ | હરિભદ્રસૂરિ, વીરાચાર્ય | વિ. છઠી સદી |
| | ટીકા-૨ | વીરગણી, સંશો. નેમિચંદ્રસૂરિ પ્રથમ, જિનદત્ત સૂરિ | વિ. ૧૧૬૦ |
| | ટીકા-૩ | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| | ટીકા-૪ | માણિકયશેખર સૂરિ (દીપિકા) | વિ. ૧૪૭૧ |
| | અવચૂરી | ક્ષમારત્નમુનિ | વિ. ૧૪૫૦ |
| ચતુઃશરણ પ્રકીર્ણક સૂત્ર ૩૪ | મૂલ | વીરભદ્રગણિ | વી.સં.પૂર્વ ત્રીસ વર્ષ |
| | ટીકા-૧ | પૂર્વાચાર્ય (બૃહિદ્વવિવરણ) | |
| | ટીકા-૨ | ગુણરત્નસૂરિ | વિ. ૧૪૮૪ |
| | અવચૂરી-૧ | અજ્ઞાત | |
| | અવચૂરી-૨ | સોમસુંદરસૂરિ | વિ. ૧૪૫૦ |
| આતુરપ્રત્યાખ્યાન સૂત્ર ૩૫ | મૂલ | વીરભદ્રગણિ | વી.સં. પૂર્વ ત્રીસ વર્ષ |
| | ટીકા | ભુવનતુંગ સૂરિ | વિ. ૧૩૮૦ |
| | અવચૂરી-૧ | સોમસુંદર સૂરિ | વિ. ૧૪૫૦ |
| | અવચૂરી-૨ | ગુણરત્નસૂરિ | વિ. ૧૪૮૪ |

| આગમ નામ | પ્રાપ્તપંચાંગી | કર્તા | સંવત |
|---|---|---|---|
| ભક્તપરિજ્ઞા સૂત્ર ૩૬ | મૂલ | વીરભદ્રગણિ | વી.સં. પૂર્વ ૨૦ વર્ષ |
| | અવચૂરી | અજ્ઞાત | |
| સંસ્તારક સૂત્ર ૩૭ | મૂલ | પૂર્વાચાર્ય | |
| | ટીકા | ગુણરત્નસૂરિ | વિ. ૧૪૮૪ |
| તંદુલવેયાલિય સૂત્ર ૩૮ | મૂલ | પૂર્વાચાર્ય | |
| | ટીકા | ગુણરત્નસૂરિ | વિ. ૧૪૮૪ |
| ચંદ્રાવેધ્યક સૂત્ર ૩૯ | મૂલ | પૂર્વાચાર્ય | |
| દેવેન્દ્રસ્તવ સૂત્ર ૪૦ | મૂલ | ઋષિપાલિત સ્થવિર | |
| ગણિવિદ્યા સૂત્ર ૪૧ | મૂલ | પૂર્વાચાર્ય | |
| મહાપરિજ્ઞા સૂત્ર ૪૨ | મૂલ | પૂર્વાચાર્ય | |
| વીરસ્તવ સૂત્ર ૪૩ | મૂલ | પૂર્વાચાર્ય | |
| નંદી સૂત્ર ૪૪ | મૂલ | દેવર્દ્ધિગણિ શ્રમાશ્રમણ | વી.સદી. ૧૦ મી |
| | મૂલ | દેવર્દ્ધિગણિ (લઘુનંદીસૂત્ર) | વી.સદી. ૧૦ મી |
| | મૂલ | દેવર્દ્ધિગણિ (યોગનંદી સૂત્ર) | વી.સદી. ૧૦ મી |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | હરિભદ્રસૂરિ | વિ. છઠી સદી |
| | ટીકા-૨ | મલયગિરિસૂરિ | વિ. ૧૧૫૦ |
| | અવચૂરિ | અજ્ઞાત | |
| અનુયોગદ્વાર સૂત્ર ૪૫ | મૂલ | આર્યરક્ષિતસૂરિ | વિ.૧૧૪-૧૨૭ |
| | ચૂર્ણિ | જિનદાસગણિ મહત્તર | વિ. પાંચમી સદી |
| | ટીકા-૧ | હરિભદ્રસૂરિ | વિ. છઠી સદી |
| | ટીકા-૨ | હેમચંદ્રસૂરિ (મલધારી) | વિ. ૧૧૬૪ |

# આધારસ્થંભ

**સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યમાં આત્મીયભાવે અત્યંત મહત્ત્વનો ફાળો આપી આધારસ્થંભ બનનારા પુણ્યવાનોનો શુભ નામાવલિ**

| | | |
|---|---|---|
| ૧. | ભોરોલતીર્થ નિવાસી મહેતા શાંતિલાલ હરીલાલ | મુંબઈ |
| ૨. | હસમુખલાલ ચુનિલાલ મોદી | મુંબઈ |
| ૩. | રમીલાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ | મુંબઈ |
| ૪. | માણેકલાલ મોહોલાલ ઝવેરી | મુંબઈ |
| ૫. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી સ્વરૂપચંદ મગનલાલ હ. વાડીલાલ | સુરત |
| ૬. | ભોરોલતીર્થ નિવાસી વોહેરા જેવતલાલ સ્વરૂપચંદ | અમદાવાદ |
| ૭. | શાહ પ્રેમચંદ ઈશ્વરલાલ | મુંબઈ |
| ૮. | શ્રીમતી કંચનબેન સારાભાઈ શાહ હ. વિરેન્દ્રભાઈ (સાઈન્ટીફીક લેબ) | અમદાવાદ |
| ૯. | ઝવેરી કુમારપાળ બાલુભાઈ | મુંબઈ |
| ૧૦. | શાહ જોઈતાલાલ ટોકરદાસ હ. શાહ દિનેશભાઈ જે. | મુંબઈ |
| ૧૧. | શાહ છબીલદાસ સાકળચંદ પરિવાર | મુંબઈ |
| ૧૨. | શાહ ભાઈલાલ વર્ધીલાલ (રાધનપુર) હ. શાહ રાજુભાઈ બી. | નવસારી |
| ૧૩. | ભોરોલતીર્થ નિવાસી સંઘવી મણીબહેન મનજીભાઈ હ. ચંપકભાઈ | સુરત |
| ૧૪. | શાહ દલપતભાઈ કકલભાઈ (પીલુચાવાળા) | સુરત |
| ૧૫. | સંઘવી શાંતિલાલ વાડીલાલ | ભાભર |
| ૧૬. | શાહ બાબુલાલ મંગળજી પરિવાર | ઉંબરી |
| ૧૭. | શ્રીમતી કંચનબેન કાંતિલાલ મણીલાલ ઝવેરી હસ્તગિરિ પ્રતિષ્ઠા સ્મૃતિ | પાટણ |
| ૧૮. | પાલનપુર નિવાસી શાહ શશીકાંત પૂનમચંદ | મુંબઈ |
| ૧૯. | શાહ ચમનલાલ ચુનીલાલ ધાનેરાવાળા | મુંબઈ |
| ૨૦. | શાહ મંગળદાસ માનચંદ લિંબોદ્રાવાળા | મુંબઈ |
| ૨૧. | ઝવેરી જીતુભાઈ ઝવેરચંદ | મુંબઈ |
| ૨૨. | શાહ લાલચંદ છગનલાલ પરિવાર પિંડવાડાવાળા | મુંબઈ |
| ૨૩. | ધાનેરા નિવાસી શાહ ચંદનબેન કનૈયાલાલ હ. નરેશભાઈ | નવસારી |
| ૨૪. | સુશીલાબેન પ્રતાપભાઈ દલાલ | પાટણ |
| ૨૫. | સાલેચ્છા ઉકચંદજી જુગરાજજી | અમદાવાદ |
| ૨૬. | શાહ જયંતિલાલ આત્મારામ | અમદાવાદ |
| ૨૭. | શ્રીમતી પ્રવિણાબેન ચંપકલાલ ગાંધી | મુંબઈ |
| ૨૮. | શ્રીમતી સવિતાબેન મફતલાલ વારીયા હ. કીર્તિભાઈ મફતલાલ વારીયા | મુંબઈ |
| ૨૯. | છોટાલાલ નાથાલાલ શાહ | મુંબઈ |
| ૩૦. | સીતાદેવી પોદાર | મુંબઈ |

# સહયોગી

**સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યને પોતાનું માની આગવો ફાળો આપી સહયોગી બનનારા પુણ્યાત્માઓની શુભ નામાવલિ.**

| | | |
|---|---|---|
| ૧. | હેમચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી | મુંબઈ |
| ૨. | અમુલખભાઈ પૂનમચંદભાઈ મહેતા હ. કુમારભાઈ આર. શાહ | સુરત |
| ૩. | રમણિકભાઈ રેવચંદભાઈ શાહ ધાનેરાવાળા હ. અરવિંદભાઈ આર. શાહ | સુરત |
| ૪. | સંઘવી સોહનરાજજી રૂપાજી | મુંબઈ |
| ૫. | શ્રી કેશવલાલ દલપતલાલ ઝવેરી શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી | મુંબઈ |
| ૬. | શ્રી મણીલાલ નીહાલચંદ શાહ હ. રતિલાલ મણીલાલ શાહ | મુંબઈ |
| ૭. | સ્વ. શાહ મૂળચંદ ધર્માજી તથા પારૂલબહેન મૂળચંદજી પરિવાર | ભાંડોતરા |
| ૮. | સ્વ. ભીખમચંદજી સાકળચંદજી શાહ રતનચંદ ફુલચંદ | મુંબઈ |
| ૯. | શાહ પારૂબહેન મયાચંદ વરઘાજી | જેતાવાડા |
| ૧૦. | શાહ મણીલાલ હરગોવનદાસ નેસડાવાળા હ. પ્રવિણભાઈ | સુરત |
| ૧૧. | શ્રીમતી જયાબહેન પાનાચંદ ઝવેરી હ. પાનાચંદ નાનુભાઈ ઝવેરી | મુંબઈ |
| ૧૨. | શ્રી દીપચંદ લલ્લુભાઈ તાસવાળા | સુરત |
| ૧૩. | શાહ બાબુલાલ નાગરદાસ પટોસણ (ઉ.ગુ.)વાળા | મુંબઈ |
| ૧૪. | શાહ અમીચંદ ખીમચંદ પરિવાર હ. યોગેશભાઈ તથા નિકુંજભાઈ | મુંબઈ |
| ૧૫. | શાહ માણેકલાલ નાનચંદ | મુંબઈ |
| ૧૬. | શાહ બબાભાઈ ડાહ્યાલાલ રોકાણી (જૂના ડીસાવાળા) | મુંબઈ |
| ૧૭. | શ્રી ચુનીલાલ માણેકલાલ દડીયા | મુંબઈ |
| ૧૮. | વીરચંદ પુનમચંદજી દલાજી (બાપલા) હ. તુલસીબેન, કસુંબીબેન, સમુબેન | મુંબઈ |
| ૧૯. | અ.સૌ. પુષ્પાબેન મફતલાલ દલીચંદજી શાહ | આલવાડા |
| ૨૦. | મેઘજી સાંગણ ચરલા હ. માલશી - ખેતશી મેઘજી ચરલા | આઘોઈ-કચ્છ |
| ૨૧. | સ્વ. રસીકલાલ ચિમનલાલ ઝવેરી હ: અભયભાઈ | મુંબઈ |
| ૨૨. | શાહ મફતલાલ જેશીંગભાઈ હ: ભરતભાઈ | નવસારી |
| ૨૩. | વીણાબેન ધીરજલાલ કપાસી | મુંબઈ |
| ૨૪. | શ્રીમતી આશાબેન કીરીટ ભાઈ શાહ | મુંબઈ |
| ૨૫. | વોહેરા રામચંદ હકમચંદ પૂ.સા.શ્રીજયપ્રજ્ઞા-વિજયપ્રજ્ઞાશ્રીજી સંયમસ્મૃતિ | રામપુરા |
| ૨૬. | કલાબેન કાંતિલાલ પનાજી | જેતાવાડા-મુંબઈ |
| ૨૭. | માતુશ્રી કુસુમબેન ચિનુભાઈ પાનાચંદ શાહ | નાસિક |

પ્રવચન પ્રભાવક
ગ્રંથમાળા

૬૩

દીક્ષા અર્ધશતાબ્દી વર્ષ

ગુણ-કીર્તિ યશ-મૂર્તિ
ગ્રંથ-૨૬

સાહિત્ય સેવા ₹ ૧૦૦/-

સન્માર્ગ પ્રકાશન

ISBN-978-93-84300-33-3

TITLE BY
ARYA DESIGNS
9925801910